# વૈરાગ્ય મૂર્તિ

# પૂજ્ય શાન્તાબેનનું જીવન દર્શન



Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# વૈરાગ્ય મૂર્તિ

# પૂજ્ય શાન્તાબેનનું

# જીવન–દર્શન

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પ્રકાશકીય નિવેદન

હે સીમંધર ભગવાન, મહાવીર ભગવાન, કુંદકુંદ સ્વામી આદિ પંચપરમેષ્ઠી ભગવંતો! આપનો પરમ ઉપકાર છે, આપનું મંગલ જીવન અમારે માટે આદર્શ છે ને આપનું વીતરાગી શાસન કલ્યાણકારી છે તથા મહાન ઉપકારી છે.

—મંગલકારી ગુરુકહાનનો કે જેમણે તીર્થંકર ભગવંતો તથા વીતરાગ નગ્ન દિગંબર સંતોની પરમ મહિમાને જાણીને શુદ્ધ વીતરાગ દિગંબર જૈનધર્મ સ્વીકાર કર્યો, તથા તેમના ઉપદિષ્ટ શુદ્ધાત્મ તત્ત્વની નિરંતર આરાધના કરીને શુદ્ધાત્માનુભૂતિપૂર્વક સમ્યગ્દર્શન જેવી મહાન નિધિને પોતે પ્રાપ્ત કરી તથા ૪૫ વર્ષ સુધી તે શુદ્ધાત્મ તત્ત્વનું ચિંતન અને આરાધનાનો ઉપદેશ દઈને લાખો ભવ્ય પુરુષોને આચાર્ય કુંદકુંદના શુદ્ધ દિગંબર જૈનધર્મમાં પરિવર્તીત કર્યા તથા આ દુ:ખમ પંચમકાળમાં ચતુર્થકાળની જેમ નિષ્કામ—વ્યવહાર મોક્ષમાર્ગનું વાસ્તવિક સ્વરૂપ પોતાની અમૃત વરસતી વાણી દ્વારા પ્રકાશિત કર્યું.

આ યુગમાં આત્માર્થી જીવોને પૂ. કહાનગુરુદેવની મંગલવાણી દ્વારા દિગંબર પરિવર્તીત બે અણમોલ ધર્મરત્ન માતાઓ મળ્યા. જેઓએ પૂ. ગુરુદેવના આ શાસન પ્રભાવનાને દિવ્યપણે દીપાવ્યું. તે બે માતાઓ એટલે પૂ. બેનશ્રી ચંપાબેન તથા પૂ. બેન શાંતાબેન.

સોનગઢ (સૌરાષ્ટ્ર)માં બિરાજમાન પૂ. બેનશ્રી—ચંપાબેન તથા પૂ. બેન શાંતાબેન તેઓ ભગવતી આત્માનુભૂતિ સમ્પન્ન મહિલા રત્ન છે જ.

અહીં સ્વર્ગીય મહિલા રત્ન પૂ. બહેનશ્રી શાન્તાબેનના થોડા સંસ્મરણોનો ઉલ્લેખ કરી રહ્યા છીએ.

જીવનમાં અનેક અટપટ્ટા પ્રસંગોમાં બોધરૂપ ચર્ચા સમજાવતા હતા.

મૂંઝવણ થાય ત્યારે શ્રી તીર્થંકર ભગવંતોના જીવનને યાદ કરજે, ને તેમને જીવનના સાથીદાર બનાવજે. તે અરિહંત અને સિદ્ધભગવંતોએ મોક્ષ માટે શું કર્યું? તેમણે આત્મામાં શું રાખ્યું ને છોડ્યું? તેનો વિચાર કરીને, તું

પણ તે જ પ્રમાણે કરજે. એટલે તારી ક્યાંય ભૂલ નહિ પડે. મૂંઝવણ મટી જશે. તારું ચિત્ત શાંત થશે ને તને સુગમતાથી મોક્ષની સાધના થશે. તને બહુમાન આવશે કે—વાહ, ધન્ય તે મહાત્માઓનું જ્ઞાનમય વીતરાગી જીવન!!

પૂજ્ય શાંતાબેને વિ.સં. ૨૦૪૪ (ઈ.સ. ૧૯૮૮) ના જેઠ સુદ દશમને શુક્રવારે રાજકોટ ગામે આ નશ્વર દેહને છોડીને ગુરુદેવની સમીપ જવા અહીંથી પ્રયાણ કર્યું. આ પવિત્ર આત્માના જીવનમાં બનેલ અત્યંત યાદગાર પ્રસંગો, પૂ. ગુરુદેવનો ઉપકાર—મહિમા ગાતા કેટલાક વચનો પૂ. બેનશ્રી ઉપર લખાયેલા પત્રો, પૂ. ગુરુદેવે પૂછેલ પાંચ પ્રશ્નો અને તે સમયે વિશેષ શાસ્ત્રાભ્યાસ વિના અંતરંગથી ઉદ્ભવેલ ઉત્તરોનું વ્યવસ્થિત સંકલન, તથા પૂ. બેન શાંતાબેનને પૂ. ગુરુદેવનો સમાગમ જયારથી થયો અને અંત સુધી સાન્નિધ્ય રહ્યું તે અજાણ લોકોને જણાવવાના હેતુથી આ સંકલન કરવામાં આવ્યું છે.

“વૈરાગ્યમૂર્તિ પૂજ્ય બેન શાંતાબેનનું જીવન—દર્શન” પ્રસિદ્ધ કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે કે આ પુસ્તક આત્માર્થી જીવોને સત્માર્ગે તીવ્રતાથી આગળ વધવાનું કારણ બને અને પૂ. શાંતાબેને લઘુવયે પ્રાપ્ત કરેલ સમ્યગ્દર્શનનો માર્ગ જે સરળતાથી પ્રાપ્ત કર્યો અને સરળતાથી મુમુક્ષુ જીવોને પ્રાપ્ત થવામાં નિમિત્ત બનો તેવી શુભ ભાવના.

આપના બાળકો

**પ્રથમ આવૃત્તિ : પ્રત ૨૦૦૦**


**પોષ સુદ બીજ—વિક્રમ સંવત૨૦૪૬**

**તા. ૨૯.૧૨.૮૯**

✻ પ્રકાશક ✻

પૂજ્ય શ્રી કાનજી સ્વામી સ્મારક ટ્રસ્ટ

દેવલાલી—મહારાષ્ટ્ર




ॐ

## પંચ પરમેષ્ઠી ભગવંતો પ્રત્યે પૂજ્ય બેનના હૃદયની ઊર્મિ

અહો, પંચ પરમેષ્ઠી ભગવંતો! શુદ્ધ ચૈતન્યભાવરૂપ થયેલા અનંત સિદ્ધ ભગવંતો! કેવળ જ્ઞાન—પરમ આનંદ—આદિ સર્વ ગુણ સમ્પન્ન અહો, અરિહંત ભગવંતો! અહો, શુદ્ધરત્નત્રયને સાધનારા કુંદકુંદ ભગવાન વગેરે આચાર્ય ભગવંતો—ઉપાધ્યાય ભગવંતો—સર્વ આ સાધુ ભગવંતો!

આપે શુદ્ધરત્નત્રયનો સ્વાશ્રિત માર્ગ અમને બતાવ્યો છે કે અહો, આપે દર્શાવેલો પરમ શુદ્ધ ચૈતન્યભાવ, અનંત આનંદાદિ વૈભવથી ભરેલો અમારો આત્મસ્વભાવ એની આરાધના કરવારૂપ અમને પ્રાપ્ત થયો. આપના પરમ પ્રસાદથી અમારા આત્માનું મહાન અપૂર્વ કલ્યાણ થાય એવો પરમ પવિત્ર માર્ગ અમને પ્રાપ્ત થાઓ. તે અર્થે હે પંચ પરમેષ્ઠી ભગવંતો! આપને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર કરું છું. અહો પંચ પરમેષ્ઠી ભગવંતો! આપનું ખરું સ્વરૂપ ઓળખાવનારા સંતો, અહીં અમારા ગુરુ અમને મળ્યા તેમનો પણ અમારા ઉપર ઘણો મહાન પરમ ઉપકાર છે તે અર્થે અમારા ગુરુઓને નમસ્કાર હો.

અહો પ્રભો! આપે બતાવેલો આત્મા, અનંત ચૈતન્ય સ્વભાવથી ભરેલો આત્મસ્વભાવ, કેટલો મહાન છે! કેટલો સુંદર છે! કેટલો ગંભીર છે! કેટલો શાંત છે!! અહો, જ્યારે એનું ચિંતવન કરીએ છીએ, એને યાદ કરીએ છીએ ત્યારે પણ એમ થાય છે કે વાહ પ્રભો! આવો

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

અદ્ભુત અચિંત્ય સુખથી ભરેલો આત્મા, આપે અમને બતાવ્યો.......આપનો મહિમા કેટલો કરું? આત્માનો પરમ અદ્ભુત મહિમા કરતાં દુનિયાનાં સમસ્ત સંકલ્પ–વિકલ્પ દૂર થઈ જાય. —એવો અદ્ભુત મહિમાવંત આત્મા, હે ભગવંતો! આપના પ્રતાપે, આપના આત્માને ઓળખતાં, અમને ઓળખાણો; એ રીતે અમને આપનો સમ્યક્માર્ગ પ્રાપ્ત થયો.....અહો પ્રભો! અમે પણ આપના જેવા શૂરવીર થયા અને આપના માર્ગમાં આવી રહ્યા છીએ.

હે ભગવંતો! આપે બતાવલો શુદ્ધાત્મા–તે માત્ર જ્ઞાન સ્વરૂપ જ છે, રાગનો અંશ પણ સમાતો નથી—એવો આત્મા અદ્ભૂત સુંદર, જગતમાં સૌથી સુંદર વૈભવસમ્પન્ન આત્મા, તે આપે આત્માના પોતાના નિજવૈભવથી અમને બતાવ્યો; જે દેખતાં મહાન આનંદ થાય, જે દેખતાં મહાન પ્રસન્નતા થાય. જે દેખતાં અનાદિ સંસારના ભયંકર દુઃખો ભૂલી જવાય ને પરમ શાંતિનું વેદન થાય—એવો આત્મા આપે અમને બતાવ્યો અને આપે જ અમને કહ્યું કે હે જીવ! હે ભવ્ય! તારા સુખને માટે તું સદાય આવા આત્મામાં પ્રીતી કર. —

આમો સદા પ્રીતીવંત બન, આમા સદા સંતુષ્ટ ને; આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.

અહો, વીતરાગી સંતો! અહો ગુરુઓ! અહો જિનવાણી માતા! આપના સૌના પ્રતાપે આવી તૃપ્તિ દેનારો આત્મા, આવી શાંતિ દેનારો આત્મા, આવો સરસ મજાનો સુખ દેનારો આત્મા, અમોને પ્રાપ્ત થયો તે આપનો કોઈ અચિંત્ય પરમ મહાન ઉપકાર છે. તે ઉપકાર અર્થે હું પરમ ભક્તિથી નમસ્કાર કરું છું........નમસ્કાર કરું છું.

શ્રી સર્વજ્ઞદેવ
શ્રી પરમ કૃપાળુ ગુરુદેવ
શ્રી પરમાગમ શાસ્ત્રજીનો
અત્યંત ભક્તિપૂર્વ નમસ્કાર હો

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુવર ગુણભંડાર
ગુરુ વસે જો અંતરમાં તો પામે ભવનો પાર

❀

ગુરુ વસે જો અંતરમાં એમ કહ્યું તે
સમ્યક્ દર્શન સમ્યક્ જ્ઞાન હોય તેને ગુરુ
કહેવાય. તે ગુરુનો જે અભિપ્રાય તેનો
સમ્યક્ દર્શનનો અભિપ્રાય સાચો તો પોતાનો
સમ્યક્ દર્શન સમ્યક્ જ્ઞાન થાય તેમ તો
પોતે ભવનો પાર પામે

# શ્રી કહાનગુરુદેવ પ્રત્યે
# પૂજ્ય બેન શાંતાબેનના હસ્તાક્ષરો

શ્રી સદ્‌ગુરુદેવને પરમ ભક્તિએ નમસ્કાર
શ્રી કહાન ગુરુદેવના પરમ ઉપકારની
અત્યંત ભક્તિએ નમસ્કાર હો

શ્રી કહાન ગુરુદેવે આત્માનું ખરું સ્વરૂપ સમજાવ્યું
છે તે સ્વરૂપ ચૈતન્ય આત્માનું છે. આત્મા
પોતે જ્ઞાનની ખાણ છે, જ્ઞાનસાગર છે.
તેને જ લક્ષમાં-જ્ઞાનમાં લેતા સાચું અલૌકિક
સુખ પ્રગટે છે તે આત્માનું સ્વાભાવિક સુખ
પ્રગટાવતા જન્મ-મરણનો નાશ થાય છે.
આત્મા પોતે પ્રત્યક્ષ પોતાની પાસે જ છે
પોતે જ્ઞાનાનંદ હાજરાહજુર છે. તેને જ
ઓળખવો તેની જ રૂચિ વધારવા જેવી છે.
આત્માની ઝંખના લગની વધારવા જેવી છે.
પોતાનું સ્વરૂપ જ છે પોતાની પાસે જ છે
અરે! પોતે જ છે અરે તે જ્ઞાયક જાણનારો
લક્ષ લેવાનો પ્રયત્ન કર્તવ્ય છે તેજ
કલ્યાણરૂપ છે સુખરૂપ છે



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

## પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતિ નિમિત્તે
## પૂજ્ય બેન શાન્તાબેનની હૃદય ઉર્મિઓ સ્વહસ્તમાં

અહો! ઉપકાર જિનવરનો

અહો! અપૂર્વ આપણા પરમ ઉપકારેશ્વર શ્રી કહાન ગુરુદેવનો મહા મંગલમય અવતાર દિવસ છે. વૈશાખ સુદ બીજના પૂ. ગુરુદેવનો જન્મ થયો તે દિવસે ત્યારે, સૂર્યે ઘણાં જ ઝગમગતો ઝગઝગાટ કરતો ઉદય હશે. આપણા સર્વે ભક્તોનાં મહા ભાગ્ય વડે આપણને સર્વને આવા મહા પુરુષનો યોગ થયો.

મહાપુરુષનો યોગ થયો તે મહાભાગ્ય, તેમના તત્ત્વથી ભરપુર ભરેલી વાત સાંભળવા મળતી પરંતુ મહા મહાભાગ્ય, અને આપણે તેમની વાણીમાં કહેલ તત્ત્વને ગ્રહણ કર્યું તે મહદ મહદ ભાગ્ય. અહો ગુરુદેવે તો આપણા ઉપર પરમ પરમ ઉપકાર કર્યો છે. શ્રી જિનેશ્વર દેવનું અદ્‌ભુત સ્વરૂપ સમજાવ્યું, તેટલું જ નહીં પરંતુ સાક્ષાત શ્રી જિનેશ્વરના ભેટા કરાવ્યા. બનારસીદાસજી કહે છે કે કહત બનારસી, અલપ ભવ સ્થીતી જાકી સોઈ જિન પ્રતિમા પ્રમાણે જિનસારખી. એવા સાક્ષાત જિનેશ્વરના દર્શન કરાવ્યા, આપણને એમજ લાગે છે કે અમે સાક્ષાત જિનેશ્વરના ચરણોમાં બેઠા. દિવ્યધ્વનિમાં આવેલા ભાવો શ્રી શાસ્ત્રો બંધાણા તો ચારે અનુયોગના સૂક્ષ્મ ભાવો → P.T.O.

અમોને બધી રીતે અપૂર્વ રીતે સમજાવ્યા. જૈનધર્મ
દિગંબર ગુરુદેવશ્રીનું સ્વરૂપ સંભળાવ્યું. આ રીતે
[illegible] દેવ સ્વરૂપ-ગુરુદેવનું સ્વરૂપ
પૂજ્ય ગુરુદેવશ્રી [illegible] કરેલ કરી ગુરુદેવના
[illegible] બતાવ્યા. શ્રી ગુરુદેવના
[illegible] ઉપકાર [illegible]
પૂ. ગુરુદેવશ્રી [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] ગુરુદેવશ્રી [illegible]
[illegible] ગુરુદેવશ્રી [illegible]
[illegible]
[illegible] પૂ. ગુરુદેવના
[illegible]
[illegible] ગુરુદેવના [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
સદ્‌ગુરુદેવને [illegible]. [illegible]
[illegible].




**જન્મ : વિક્રમ સંવત ૧૯૬૬, ફાગણ સુદ ૧૧**

**સમાધિ દિન : જેઠ સુદ ૧૦. ૨૪-૬-૮૮**

શ્રી સર્વજ્ઞદેવ
શ્રી પરમ કૃપાળુ ગુરુદેવ
શ્રી પરમાગમ શાસ્ત્રજીને
અત્યંત ભક્તિએ નમસ્કાર હો

પિતાશ્રી



મણીલાલ જેચંદભાજી ખારા

માતુશ્રી



દિવાળીબેન મણીલાલભાઈ ખારા

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

પ્રશાંત સ્વરૂપી

# પૂ. શાંતાબેનનું જીવન ઝરમર

મોંઘેરા તુજ જીવન ઝરમર
ઝૂકી રહ્યા અમ શીર,
માત મીઠી તુજ ચરણ નમીને
મુક્તિરમા વરવાને કાજ.

## જન્મ અને બાલ્યાવસ્થા


પૂજ્ય શાન્તાબેનનો જન્મ મોસાળમાં ઢસા ઢોલરવા (અમરેલીની બાજુમાં) ગામે વિક્રમ સંવત ૧૯૬૬ (ઈ.સ. ૧૯૧૦) ફાગણ સુદ ૧૧ના શુભ દિને પિતાશ્રી મણીલાલભાઈ તથા માતુશ્રી દિવાળીબાને ત્યાં પરોઢિયે થયો હતો. ખારા પરિવારમાં આ દીપક પ્રકાશતા કુળ ધન્ય બન્યું. કુટુંબમાં સૌથી મોટા પૂજ્ય બેન હતા. તેમને ચાર બહેનો તથા એક ભાઈ મુકુંદભાઈ હતા. નાનપણથી તેમનું જીવન વૈરાગ્યમય અને આદર્શ હતું.

પૂ. શાંતાબેન જીવન ઝરમર

જેને ચૈતન્યનો સ્વાદ ચાખ્યો તેને
સંસાર અસાર લાગે છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



પૂ. બેન શાન્તાબેન તથા તેમના ભાઈ–બહેનો
ભાઈ મુકુંદરાય મણીલાલ ખારા–ભાભી વસુમતી
ઊભેલા : કાન્તાબેન–લાભુબેન–મંજુલાબેન તથા સવિતાબેન

જાણનાર જાણનાર તત્ત્વનું રટણ
હંમેશ રાખવું

પૂજ્ય બેન દેખાવમાં એકદમ રૂપવાન, તેજસ્વી, વીર્યવાન, સૌમ્ય મુદ્રા અને વાત્સલ્યયુક્ત હતા. બાળપણથી જ તેઓશ્રી વિચારશીલ અને જે કાર્ય કરે તે વ્યવસ્થિત જ કરતા. પોતે જે કામ કરવા ધારે તે કામ પૂર્ણ કરે ત્યારે જ જંપે, તેવી તેમની તીવ્ર લગની હતી. બાળપણથી જ વૈરાગી હતા અને તીક્ષ્ણબુદ્ધિ હોવાથી પૂ. બેન પ્રત્યે કુટુંબીજનોને ખૂબ જ માન હતું. નાની વય હોવા છતાં બધા તેમની સલાહ લઈને જ કાર્ય કરતા અને તેઓના પિતાશ્રીને તો પૂજ્ય બેન પ્રત્યે અથાગ પ્રેમ હતો જેથી વહાલથી 'બેન' એવું સંબોધન કરીને જ બોલાવતા.

પૂ. બેને કલકત્તામાં થોડો અભ્યાસ કર્યો અને ત્યારપછી મૂળ ગામ અમરેલીમાં થોડો સમય રહ્યા. તેઓને નાનપણથી જ ધાર્મિક રુચિ વિશેષ હતી, તેથી નિયમિત ઉપાશ્રયમાં જતા હતા અને સામાયિક, પ્રતિક્રમણ કરાવતા અને શાસ્ત્રનો અભ્યાસ કરતા. તીક્ષ્ણબુદ્ધિ હોવાને કારણે હજારો શ્લોકો કંઠસ્થ હતા. ફક્ત એક વખત વાંચે ત્યાં જ કંઠસ્થ થઈ જતા હતા. પોતે ભક્તિના તથા વૈરાગ્યના ભજનો બનાવી—બનાવીને ગાતા હતા. કંઠ એકદમ મીઠો અને મધુર હોવાથી બધા તેમની પાસે ગવરાવતા હતા. ભરત—ગૂંથણ મોતીના તોરણો બનાવવામાં પણ તેઓ નિપુણ હતા.

વ્રત—તપ—નિયમમાં સંયમી હતા. ઉપવાસ, એકાસણા પોતે કરતા અને કરાવવામાં અનુમોદના પણ વાત્સલ્યપૂર્વક આપતા, ઉપવાસને કારણે આરંભ પરિગ્રહનો ત્યાગ કરી ઉપાશ્રયમાં વીતાવતા. સાધર્મીઓ સાથે વાંચન—મનન—ભક્તિ સહિત સમય ગાળતા. બીજે દિવસે સાધર્મીઓને પારણા કરાવવાનો ઘણો જ પ્રેમ ધરાવતા. તેમ જ બધાને પોતાના ઘરે બોલાવીને ઉત્સાહપૂર્વક પારણા કરાવતા. આવા વાત્સલ્યમૂર્તિ પૂજ્ય બેન નાનપણથી નિપુણ જ હતા.

## પૂજ્ય શ્રી કહાન ગુરુદેવના પ્રથમ દર્શન

પૂ. બેનને માત્ર ૧૬ વર્ષની વયે જ તેમને સંસાર પ્રત્યેથી ઉદાસીનતા આવી ગઈ. તેથી સંસારનો મોહ છોડી દીક્ષા ગ્રહણ કરવાના ભાવ જાગ્યા અને દીક્ષા ગ્રહણ કરવાનો હેતુ એક જ હતો કે મારે મારા આત્માનું કલ્યાણ કરવું છે. જેથી પૂ. ગુરુદેવના દર્શન કરવાની ઝંખના ઘણી જ હતી. તેઓના પિતાશ્રીએ સંપ્રદાયમાં ગુરુ તરીકે કહાનગુરુને જ સ્વીકારેલા હતા. પિતાશ્રીને વિચાર આવ્યો કે 'બેન' સાથે આપણે બધા પૂ. ગુરુદેવના દર્શન કરવા જઈએ. સંવત ૧૯૮૧ ની સાલમાં (ઈ.સ. ૧૯૨૫) પૂ. ગુરુદેવનું ચાતુર્માસ ગઢડા ગામે હતું ત્યારે કુટુંબના ૧૦૦ જેટલા માણસો સહિત પૂ. ગુરુદેવના દર્શન કરવા ગયા.

આત્માના કલ્યાણ તરફ ધ્યેય હંમેશ રાખવું





પૂ. ગુરુદેવને પહેલી જ વખત દેખીને ખૂબ જ ભાવપૂર્વક વંદન કર્યા અને મનમાં થયું કે ''આ સંત કોઈ મહાન પુરુષ છે, આ ગુરુથી જ જરૂર મારું કલ્યાણ થશે.''

આવી ભાવનાથી જીવનમાં શાંતિ થઈ અને જીવન પલટો થઈ ગયો. જ્યાં જ્યાં પૂ. ગુરુદેવનું ચાતુર્માસ હોય ત્યાં ત્યાં જવું એવો નિર્ણય દર્શન કરતા જ કરી લીધો.

ગઢડામાં પૂ. ગુરુદેવને તેમના પિતાશ્રીએ કહ્યું કે હે ગુરુદેવ! બેનને દીક્ષા લેવી છે તો આપ સમજાવો. દીક્ષા લેવાની ઘણી જ તૈયારીમાં છે, તેમની બા રડે છે, ઘરમાં પાત્રા પણ આવી ગયા છે અને તેમનાથી નાની બહેન કાન્તાબેનને પાત્રામાં વહોરાવવાનું દરરોજ શીખડાવે છે.

પૂ. ગુરુદેવે ઘણી જ કરૂણાથી દીક્ષાનું સ્વરૂપ સમજાવ્યું અને કહ્યું કે ''આત્માના અનુભવ સિવાય જીવનની ધન્યતા થતી નથી.'' **અનુભવ સિવાય દીક્ષાર્થી જીવન સાર્થક થતું નથી વગેરે ઘણું ઘણું કહ્યું. તે સાંભળીને મનનો એકદમ પલટો થયો અને બે હાથ જોડીને કહ્યું કે પ્રભુ! હવે મારે દીક્ષા નથી લેવી પણ આપે જે ભેદજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું તેવું ભેદજ્ઞાન શીઘ્ર પ્રાપ્ત કરવું છે.** પૂ. ગુરુદેવની વાણી સાંભળીને આવ્યા પછી તેઓશ્રીએ પોતાના પિતાજીને કહ્યું કે હવેથી હું બીજા કોઈ સાધુનું પ્રવચન સાંભળવા જઈશ નહીં. પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી ભેદજ્ઞાનની વાત જ ગ્રહણ કરતા, કારણ કે આત્માની રુચિ હોવાથી અને ભેદજ્ઞાનની તીવ્ર લગની હોવાથી તે જ વાત રૂચતી હતી.

આત્મા-તત્ત્વની જિજ્ઞાસા ખૂબ વૃદ્ધિ થાય
તો આત્મા પામેલાને નજીક મોક્ષ થાય છે.

પૂ. ગુરુદેવનું ચાતુર્માસ ૧૯૮૨ માં (ઈ.સ. ૧૯૨૬) વઢવાણ શહેરમાં હોવાથી ત્યાં જવાની તેઓશ્રીની ઘણી જ ભાવના હતા. પણ જઈ ન શકાયું તેથી મનમાં ક્ષોભ રહ્યા કરતો હતો.

## પૂ. ગુરુદેવના ચાતુર્માસમાં લીધેલ લાભ

વિક્રમ સં. ૧૯૮૩ (ઈ.સ. ૧૯૨૭) માં પૂ. ગુરુદેવનું ચાતુર્માસ દામનગરમાં હતું. ત્યાં જવાની ભાવના ઘણી જ હતી તેથી તેઓના પિતાશ્રી દામનગર મૂકી ગયા. પૂ. બેનને બ્રહ્મચર્યનો ઘણો જ રંગ હતો, તે મન—વચન—કાયાથી અખંડ જળવાઈ રહે તેની નિરંતર ચિંતા રહ્યા કરતી. જેમ આત્મપ્રાપ્તિનું વેદન રહેતું તેવું જ બ્રહ્મચર્ય અખંડ રહે તેવું વેદન રહેતું.

દામનગર ત્રણ મહિના પૂ. ગુરુદેવની વાણીનો લાભ મળ્યો. પહેલવહેલો વાણી સાંભળવાના લાભથી ઘણો જ પોતાને પણ લાભ થયો. જ્યારે જ્યારે પૂ. ગુરુદેવ ભેદજ્ઞાનનું સ્પષ્ટ સ્વરૂપ સમજાવે અને કહે કે આત્મા એવો પરથી જુદો પડી જાય કે "જેમ ડુંગરમાં વીજળી પડતાં બે ફાડ પડી તે ડુંગર ફરીથી સંધાતો નથી." તેમ આત્મામાં ભેદજ્ઞાન—પ્રજ્ઞારૂપી વીજળી પડી અને પરથી જુદો પડ્યો તે હવે ફરીથી પર સાથે એકત્વબુદ્ધિથી એકમેક થઈ જતો નથી. અને બીજી વાત પૂ. ગુરુદેવ એ કહેતા હતા કે "આત્મા મન-વચન-કાયાથી પહેલે પાર છે." મન-વચન-કાયાથી આત્માનું સ્વરૂપ જાણી શકાતું નથી. આવી વાત સાંભળીને અંતરમાં ઘણો જ ઉલ્લાસ આવતો અને હૃદય ઊછળી જતું કે આવો આત્મા ક્યાં હશે? તે શોધવાની દિન—રાત ધૂન રહેતી અને આવું સ્વરૂપ શીઘ્ર પ્રાપ્ત કરું એવી જિજ્ઞાસા અને પુરુષાર્થ ચાલુ થઈ ગયા.

પૂ. ગુરુદેવ પ્રત્યે બહુમાન આવતું અને આ પુરુષ જાણે કોઈ પૂર્વના પરિચિત હોય!! એમ હૃદયમાં થયા કરતું અને સ્વપ્નામાં પણ ઘણીવાર આવતા.

વિ.સં. ૧૯૮૪ (ઈ.સ. ૧૯૨૮) માં એક માસ પોતાના ગામે (અમરેલી) પૂ. ગુરુદેવ પધાર્યા તેથી હૃદયમાં આનંદ સમાતો ન હતો. ત્યાં લાયબ્રેરીમાં દિગંબર શાસ્ત્રો ઘણા હોવાથી વારંવાર પૂ. ગુરુદેવ પધારતા. તેઓશ્રીને દિગંબર શાસ્ત્રો વાંચવાની ઘણી ધૂન હતી અને તેમાંથી વ્યાખ્યાન પણ આત્માના ભેદજ્ઞાન વિષે જ આપતા ત્યારે પૂ. બેનને તો ભેદજ્ઞાનની વાત સાંભળતા ચૈતન્ય આખો ઊછળી જતો. —અનંત ગુણો ઊછળી જતાં, એવો ઉલ્લાસ આવતો. અમરેલીથી પૂ. ગુરુદેવ ચાતુર્માસ કરવા માટે રાણપુર પધાર્યા. ત્યાં પૂ. બેન પણ ગયા અને ચાર મહિના રહ્યા. (ચોમાસામાં) પૂ. ગુરુદેવ છ દ્રવ્ય અને નવ તત્ત્વની ચર્ચા સરસ કરતા હતા. ક્યા ગુણસ્થાને ક્યા ક્યા પાંચભાવમાંથી ભાવ હોય......સામાયિકમાં છ દ્રવ્યમાંથી ક્યું દ્રવ્ય હોય, ને નવ તત્ત્વમાંથી ક્યું તત્ત્વ હોય આવા પ્રશ્નો પૂ. ગુરુદેવશ્રી બધાને પૂછતાં તેમાં પૂ. બેન જ મુખ્ય જવાબ આપતા હતા અને ઘરે આવીને તરત લખી લેતા.

આ ભવમાં આત્મા તત્ત્વના સંસ્કાર
ખૂબ ગાઢા થાય તે જ પ્રયત્ન કરવો.

પૂ. ગુરુદેવનું સંવત ૧૯૮૪ (ઈ.સ. ૧૯૨૯) માં લાઠીમાં ચાતુર્માસ થયું ત્યાં પણ પૂ. બેને લાભ લીધો અને પુરુષાર્થમાં વૃદ્ધિ થઈ અને મનમાં નિર્ણય કરતા કે પૂ. ગુરુદેવની સાથે–સાથે જ આત્મસાધના સાધવી છે અને ભવિષ્યમાં આત્મકલ્યાણ કરીને સાથે સિદ્ધપદ પ્રાપ્ત કરવું છે. આવા મહાન સંત પ્રત્યે તેઓશ્રીને ઘણું જ બહુમાન આવતું અને આ જ સાચા સંત છે એવો દૃઢ નિશ્ચય કર્યો હતો.

પૂ. ગુરુદેવનું વિ.સં. ૧૯૮૬ (ઈ.સ. ૧૯૩૦) માં ફરી ચાતુર્માસ અમરેલીમાં પોતાના ગામે થયું. સાથે નારણભાઈ હોવાથી તત્ત્વની રેલમછેલ ચાલતી હતી. બહારગામથી ઘણા માણસો આવ્યા હતા. તેથી પૂ. ગુરુદેવનો ઉલ્લાસ ઘણો હતો. તત્ત્વની ચર્ચા નારણભાઈ સાથે થતી હોવાથી આનંદમય દિવસો પૂ. બેનના ધર્મમય જતા હતા.



ત્યાંથી પૂ. ગુરુદેવ વીંછીયા પધાર્યા ત્યાં પણ પૂ. બેન દર્શન કરવા ગયા હતા. ત્યારે પૂ. બેનશ્રી ચંપાબેન પણ દર્શન કરવા આવ્યા હતા ત્યાં બંને બેનોનું પ્રથમ મિલન થયું, ત્યારે પૂ. બેનને ચંપાબેનને જોતાં જ તેમનું હૃદય તેમના પ્રત્યે આકર્ષાયું અને જાણે પૂર્વના સંબંધી હોઈએ એવું તેઓશ્રી પ્રત્યે હૃદય એકતાની માફક ખેંચાયું. એકબીજા સામસામે ટગટગ જોઈ રહ્યા. પછી વિશેષ પરિચય ન થયો. આ રીતે વીંછીયામાં પૂ. ગુરુદેવ તથા પૂ. બંને બેનોનો સંગમ થયો અને મહાવિદેહની વિખૂટી પડેલી ત્રિપૂટી અહીં ફરી ભેગી થઈ ગઈ. પૂ. બેનને ભેદજ્ઞાનની તીવ્ર ઝંખના હોવાથી જ્યાં જ્યાં પૂ. ગુરુદેવ પધારે ત્યાં ત્યાં પોતે પણ જતા હતા.

પૂ. ગુરુદેવનું વિ.સં. ૧૯૮૭ (ઈ.સ. ૧૯૩૧) માં પોરબંદરમાં ચાતુર્માસ થયું હતું ત્યાં પણ પોતે ગયા. પૂ. ગુરુદેવની વાણીમાં આવ્યું કે ભેદજ્ઞાન–સમ્યગ્દર્શન વગર બધું જ નકામું છે આવી પહેલેથી જ પુરુષાર્થપ્રેરક પૂ. ગુરુદેવની વાણી હતી.

પૂ. ગુરુદેવનું વિ.સં. ૧૯૮૮ (ઈ.સ. ૧૯૩૨) માં જામનગરમાં ચાતુર્માસ થયું ત્યાં પણ પૂ. બેન ગયા. પૂ. ગુરુદેવના પ્રવચનો પણ અપૂર્વ આવતા હતા. પોતાને તીવ્ર આત્મપ્રાપ્તિની ઝંખના હોવાથી નીંદર પણ ન આવે, ખાવા–પીવામાંથી પણ રસ ઊડી ગયો અને એક જ લગની કે ક્યારે હું આત્માનું અસલ સ્વરૂપ પામું. ત્યાં પૂ. ગુરુદેવનું સ્વાસ્થ્ય બરાબર ન રહેવાથી તેઓશ્રીને એમ થયું કે પૂ. ગુરુદેવની હાજરીમાં જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લેવું છે. ત્યાંથી આવીને માતા–પિતાને

પૂજ્ય ગુરુદેવશ્રીના મૂળ સૂત્રોનું
મનન કરવું તે જ હિતરૂપ છે.

વાત કરી કે ''મારે તો આ ભવમાં જ એવું કાર્ય કરવું છે કે સ્ત્રીપર્યાયનો છેદ થઈ જાય. આવા ''ગુરુ'' મળ્યા છે તેનાથી મારા આત્માનું હિત થશે એજ એમ નિઃશંકતા હતી.



### પૂજ્ય ચંપાબેનનો પરિચય તથા તેમનાથી થયેલો લાભ

પૂ. ગુરુદેવનું વિ.સં. ૧૯૮૯ (ઇ.સ. ૧૯૩૩) માં રાજકોટ શહેરમાં ચાતુર્માસ હતું. ત્યારે એક આશ્ચર્યકારી બનાવ બન્યો કે પૂ. ચંપાબેન સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પધાર્યા. ત્યારે તેમને દેખીને પૂ. બેનને એમ થયું કે પૂ. ગુરુદેવના ટૂંકા પરિચયમાં પણ પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું. અહો ધન્ય દશા!!

તે વખતે પૂ. ગુરુદેવે પૂ. બેન શાન્તાબેનને બોલાવીને કૃપાદૃષ્ટિથી કહ્યું કે તમારે આ ચંપાબેનનો પરિચય કરવા જેવો છે. આવા આદેશથી, પૂ.બેનને પૂર્વભવની પ્રીતિ અને પોતાના આત્માની તૈયારી....... પછી શું ખામી રહે!! અને હર્ષ–ઉમંગથી પરિચય શરૂ કર્યો. બંને સખી જાણે મળી હોય તેમ અંતરની વાતો એકબીજાએ શરૂ કરી. પૂ. ચંપાબેન કહેતા કે મને પણ એમ વિચાર આવતો હતો કે હું પૂ. ગુરુદેવના ચોમાસામાં રહીને ત્યાં શાન્તાબેનનો સહવાસ કરીશ. આ રીતે પૂ. ચંપાબેનને પણ પૂ. બેન પ્રત્યે ઘણી કૃપા હતી. આમ સહવાસ કર્યા પછી પૂ. ચંપાબેનને થતું કે ''પૂ. બેનને જેમ કહીએ છીએ તેમ તેમનું દ્રવ્ય પ્રણમે છે તેટલી તેમનામાં નરમાશ અને પાત્રતા છે''........તેથી તેઓ અનુભવનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ રહસ્ય આપતા, સ્વસન્મુખ વિચારધારામાં પ્રોત્સાહન આપતા અને માર્ગ સુગમ કરી દેતા. પૂ. ચંપાબેનના સાન્નિધ્યમાં પૂ. બેનનો પુરુષાર્થ, આત્મા પ્રત્યેની લગની, જોરદર વૃદ્ધિ પામી કે ક્યાંય ચેન પડતું નહિ. ખાવા–પીવામાં ઉદાસીનતા વર્તતી. ઊંઘ આવે નહિ અને એકાંતમાં બેસી ત્રણ–ત્રણ કલાક સુધી આત્માની શોધખોળ કર્યા કરે. કોઈ વખત તેઓશ્રીના માતુશ્રી આવતા તો પણ સામુ ન જુએ. ''ત્યારે તેમના માતુશ્રી કહેતા કે બેન! તમને શું થઈ ગયું છે કે અમારી સામે પણ જોતા નથી એમ કહીને તેઓ રડી પડતા.'' પૂ. બેન એટલો જ જવાબ આપતા કે 'મને મારું કરવા દ્યો.'

એકવાર શ્રીમદ્ રાજચંદ્રજીનું પુસ્તક વાંચતા–વાંચતા એવો વિચાર આવ્યો કે શાસ્ત્રમાં કહ્યું છે તે રૂપે મારી પરિણતિ ક્યારે પરિણમે! ત્યારે શોધખોળ અંતરંગમાં કરતા અને વાંચન ત્યાં જ અટકી જાય. પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાં જ્યાં ક્ષમાનું સ્વરૂપ આવે કે સમતાનું સ્વરૂપ આવે કે સાચી ક્ષમા અને સમતા તો આત્માનો સ્વભાવ છે તે વાત તો એવી મીઠી લાગી કે આવા સ્વભાવરૂપે મારી પરિણતિ ક્યારે થાય! મારે તો એવો ક્ષમા સ્વભાવ જોઈએ છે. આ ઉપર–ઉપરથી ક્ષમા કે શુભભાવરૂપી ક્ષમાના ભાવથી મને સંતોષ નથી થતો. એ સ્વભાવભાવ પ્રગટ

જેમ મ્યાનથી તલવવાર જુદી છે તેમ
આ શરીરરૂપી મ્યાનથી ચૈતન્ય જ્યોતિ
બિલકુલ જુદી જ છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



કરવા માટે તો એટલું બધું વેદન થતું કે જેનું વર્ણન થઈ શકે નહિ. ''એ તો વેદનાર પોતે જ જાણે.'' આત્માના વેદન આગળ કાંઈ જ ગમતું નહિ.

પૂ. ગુરુદેવનું વિ.સં. ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪) માં ચાતુર્માસ રાજકોટ સદરમાં હતું ત્યાં પૂ. બેનશ્રી તથા પૂ. બેન ગયેલા. તે સમયે પૂ. ગુરુદેવ એક વખત જ પ્રવચન કરતા હોવાથી નિવૃત્તિ ઘણી મળતી તેથી સવારના એકાંતમાં વાંચન કરતા હતા અને પૂ. બેનશ્રીના સમાગમથી પણ પુરુષાર્થ વધે તેવી સરસ ચર્ચા થતી હતી. એક વખત બંને બહેનો ફરવા જતા હતા ત્યારે પૂ. બેનશ્રીએ રાગ વખતે પણ આત્માને કઈ રીતે દેખવો તેનું દૃષ્ટાંત આપ્યું કે જેમ સ્ફટિકમણિ સ્વભાવથી તો સફેદ જ છે પરંતુ તેની સામે જાસુદ ફૂલ રાખવાથી તેની લાલાશ દેખાય છે છતાં પણ તે લાલાશ વખતે સ્ફટિક તો સફેદ જ છે. તેમ શુદ્ધાત્માને સ્વભાવથી જોઈએ તો શુદ્ધ જ છે પણ તેમાં થતી રાગ–દ્વેષની પરિણતિને લઈને વર્તમાનમાં અશુદ્ધ દેખાય છે. પરંતુ તેની અશુદ્ધ પરિણતિ વખતે તેની સામે ન જોતા શુદ્ધ ચૈતન્ય તરફ દૃષ્ટિ દેતા શુદ્ધાત્મા શુદ્ધ જ દેખાય છે.

# પૂ. બેન શાન્તાબેનના હસ્તાક્ષર

## ૧૯૯૦ રાજકોટ સદર

## પૂ. બેનને નિર્વિકલ્પદશામાં શુદ્ધાત્મા કેવો જણાયો તે તેમના જ હસ્તાક્ષરમાં વાંચો....

૧૯૯૦ના [illegible] આસો વદ ૪ ને શુક્રવાર
ના રાત્રે ૧૦ વાગ્યાના લગભગ
"ઉપયોગ પરરૂપ છૂટીને જ્ઞાયક
આત્મામાં લીન થયો ને અદ્‌ભુત
આત્માનો નિર્વિકલ્પ અનુભવ
થયો" "એકાંત આનંદ અનુભવાયો"
"ચૈતન્યનું અનુપમ સ્વરૂપ અનુભવાયું:"
આત્માનું ખરેખરું સ્વરૂપ અનુભવાયું.

ખરો આનંદ અનુભવાયો. સાક્ષાત
ચૈતન્યસ્વરૂપ અનુભવાયું. સાક્ષાત સિદ્ધ
સ્વરૂપ અનુભવાયું. "અનંત અનંત ગુણો
ઉછળતા અનુભવ્યાં; અનંતગુણો સ્વરૂપ
ચૈતન્ય અનુભવાયો!" ખરેખરો આનંદ
અનુભવાયો, ખરેખર સમભાવ સ્વરૂપ
સમાધિ સ્વરૂપ જ્ઞાયક આત્મા અનુભવાયો.
"[illegible] ચૈતન્ય જ્યોતિ અદ્‌ભુતરૂપે
દેદીપ્યમાન કરતો અનુભવમાં આવ્યો."
સાક્ષાત જ્ઞાયક જ્ઞાયકરૂપે અનુપમ પરિણમન
કરતો અનુભવાયો.

વાહ! ચૈતન્ય વાહ! તારું સ્વરૂપ
તો ખરેખર અદ્‌ભુત છે.
આ રાતે સાક્ષાત ચૈતન્યનો અનુભવ
થતાં જ્ઞાયકધારા દેખાણી પરિણમતા
લાગી, ઉપયોગ બહાર આવતાં એમ
થયું કે જોવા માટે [illegible] થતું હતું
જોવા માટે પ્રયત્ન હતો તે સ્વરૂપ
પ્રાપ્ત થયું. આ સ્વરૂપ પામવા [illegible]
આત્મા પોતાના ગુરુદેવશ્રી [illegible]
કરે ગુરુદેવશ્રીનો [illegible] રહ્યો છે.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

પૂર્ણ આનંદ પ્રાપ્ત કરે છે
ભવભ્રમણનો અંત પામી રહ્યો છે.

ત્યારથી નિર્ણય દ્વારા વારંવાર અભ્યાસ ભાવના. જ્ઞાનધારા મુખ્ય રહેવા લાગ્યા ને ઉદય ધારા ગૌણ પણે રહેવા લાગ્યા બંને ધારા એક સાથે ચાલી રહી છે. ત્યાર બાદ આત્માનું ધ્યાન કરવા જે સાચ છે ત્યારે ધ્યાનમાં લીનતા પણ સારી થાય છે. થોડા થોડા દિવસનો અંતરે નિર્વિકલ્પ દશા પણ આવવા માંડી છે - આત્મસ્વાનુભવ કોઈકોઈ વાર પ્રગટ થયા જ કરે છે સવિકલ્પ દશામાં પણ સ્થિરતા સારી રહે છે. જ્ઞાતા જ્ઞાતાપણે રહીને જે વિકલ્પ આવે તેનો જ્ઞેય તરીકે જાણે છે - સાધક ગુણો જ્ઞાતા રહીને વિકલ્પનો ભિન્નપણે જાણે છે વિકલ્પ આવે છે ત્યારે પણ તે દુઃખરૂપ ને ઉપાધિરૂપ લાગે છે જ્ઞાયકમાં લીન થવાની ભાવના રહે છે વિકલ્પ ને હેય બુદ્ધિએ જણાય છે.


જે પુરુષાર્થથી સમ્યગ્દર્શન પ્રગટ્યું તે એક વિશેષતા પૂર્વક પ્રાપ્ત થયું છે જે સમ્યગ્દર્શનના કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થશે એવા અપ્રતિહત ધારાએ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

## વિ.સં. ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪)નું ચાતર્માસ પુરું કરીને થોડા ગામ ફરીને પૂ. ગુરુદેવ વિ. સં. ૧૯૯૧ (ઈ.સ. ૧૯૩૫)માં સોનગઢ પધાર્યા.



૧૯૯૧ના ફાગણ વદ ત્રીજે પૂ.
ગુરુદેવ અહીં સોનગઢ પધાર્યા
પૂ. ગુરુદેવે અંતરજ્ઞાનવડે ને
દિગંબર શાસ્ત્ર દ્વારા નક્કી કરેલું કે
દિગંબરધર્મ જ સાચો ધર્મ છે
અનાદિનો તે જ ધર્મ ચાલ્યો આવે
છે અનંત તીર્થંકરો આ માર્ગે
ચાલીને મોક્ષ પામ્યા છે ને
અનંત તીર્થંકરોએ આ દિગંબર માર્ગને
જ સ્થાપ્યો છે. એથી પૂ. ગુરુદેવનો
દૃઢ નિશ્ચય હોવાથી તેમનો સ્વાનુ-
ભવનું આનંદ જે મુહપત્તિ તેમણે
ત્યાગ અહીં સોનગઢમાં ચૈત્ર સુદ
૧૩ના મહા મંગળ મહાવીર જિનેશ્વર
ના જન્મકલ્યાણક દિને મુહપત્તિને



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

ત્યાગ કર્યો. જો કે હું "બ્રહ્મચારી છું" તેવું પોતાનું પદ "દિગંબર ધર્મ" અનુસાર જાહેર કર્યું. આ પછી સંપ્રદાયનો મોટો ફેરફાર તો પુરુષાર્થી સંત પૂજ્ય ગુરુદેવ જ કરી શકે.

પૂ. શ્રીના પ્રતાપે સતધર્મનો ફેલાવ કોઈ અદ્‌ભુત થયો છે. નાના બાળકોથી માંડીને વૃદ્ધ સુધીના ભાઈઓ બહેનો સત ધર્મનો આદર કરતાં અને સતધર્મની રુચિ કરતાં થઈ ગયાં છે. આ પંચમકાળમાં આ વીતરાગી સતધર્મનો ફેલાવ આ અદ્વિતીય પુરુષ દ્વારા જ થાય. સામાન્ય મનુષ્યોનું એ કામ નથી.

આ પરમ પુરુષ પૂજ્ય ગુરુદેવના પ્રતાપે આ આત્માએ અનંતકાળમાં જે આત્માને જાણ્યો નહોતો તે આત્માને આત્માની અનુભૂતિ થઈને જાણ્યો અનુભવ્યો જેથી ભવભ્રમણનો નાશ થયો *અને મુક્તિ નજીક થઈ જવાયું. જો સાક્ષાત તીર્થંકરના યોગમાં પણ આત્મપ્રાપ્તિ ન થઈ તો આ સદ્‌ગુરુ (કહાનગુરુદેવના) પરમ પ્રતાપે થઈ તે ગુરુદેવને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર હો. નમસ્કાર હો.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

## પૂજ્ય ગુરુદેવશ્રીએ બંને બેનોને પૂછેલા પાંચ પ્રશ્નો તેઓશ્રીના હસ્તાક્ષરોમાં

ૐ

સહજ ચિદાનંદ

અગુરૂ લઘુની વ્યાખ્યા શી રીતે કરી
શકો છો?

જ્ઞાન સવિકલ્પ છે તો અનુભવ વખતે
સવીકલ્પ કઈ રીતે છે તેની ઘટના કઈ રીતે છે

સર્વજ્ઞની વ્યાખ્યા તમારી ભાષાથી
કેવી રીતે થઈ શકાય છે,

બાહ્ય વેદાંતાદિ કરતાં જૈનનુ જુદાપણુ
મુખ્ય મુદ્દા સહીત શું માન્યતામાં છે,

આત્મ આનંદ અને નિર્વીકલ્પતામાં
ભેદ અથવા કાળનું આંતરૂં શું છે,

તે પ્રશ્ન પાંચે તરત જવાબ આપે
તો લખવો

સર્વજ્ઞપણું પણ તમારી ભાષાથી કઈ
રીતે કરો છો,

બન્ને એ જુદુ જુદુ લખવું.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પૂ. ગુરુદેવે પણ અમારા બંનો બેનોબેનના ઘણા પ્રશ્નો પુછાને પતાવ્યા કર્યા. પરમ કૃપાળુ ગુરુદેવના પરમ ઉપકારને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર હો.

ઉ:૧

પેલો ૧ પ્રશ્ન. અગુરુલઘુનો છે: તેનો ઉત્તર

૧. દ્રવ્યના જે જ્ઞાનપૂર્ણ સ્વરૂપે પરિણમે છે. છતાં પણ તે મુખ સ્વરૂપે જ્ઞાનપૂર્ણરૂપે નહિ થવાં તેમાંની એકાકાર પણું ઉભુ છે તે અગુરુલઘુ સ્વભાવ.

બાકી અગુરુલઘુ સ્વભાવના વિશેષ સ્પષ્ટ ખોલવા હવા તરફ લક્ષ પહોંચતુ નથી. અનુભવમાં જ્ઞાનસિદ્ધિ કૃપા પ્રકારે છે તેના જે ખોલવા સાધન છે. તેમાં અગુરુલઘુ સ્વભાવના ખોલવા સમાય છે પણ તેમાંથી અગુરુલઘુ સ્વભાવના ખોલવા વિશેષ સ્પષ્ટ જુદા પાડવા તરફ લક્ષ પહોંચતુ નથી

પરમ પુરૂષ શ્રી સદ્‌ગુરૂના જ્ઞાનનું લક્ષ જ્યાં જ્યાં પ્રણમે છે તે
સર્વ ક્રિયાઓમાં અત્યંત ઉપકારક હોય છે.
પરમ પુરૂષ શ્રી સદ્‌ગુરૂદેવને અને તેમના પરમ ઉપકારને
વારંવાર નમસ્કાર હો.

ઉ:૨ અનુભવ વખતે જ્ઞાન સવિકલ્પ કેવા રીતે છે. તેનો ઉત્તર

આત્માના નિર્વિકલ્પ અનુભવ વખતે જ્ઞાયક જ્ઞાયક સ્વરૂપે પ્રકાર ઉપયોગપણે સહજ પરિણમે છે. તે વખતે જ્ઞાના હૃદયમાં પ્રગટપણે કોઇ "અનંતાનંત અદ્‌ભુતતાઓ" જુદા જુદા જાતના સ્વભાવ સ્વરૂપે જુદાજુદા અવસ્થાના જુદાજુદા તરંગો કે જુદાજુદા રમત સ્વરૂપે કોઇ "અદ્‌ભુતતાઓ" આત્મ હૃદય પ્રગટમાં રહ્યું છે તે બધા સ્વભાવો અવસ્થા ને તરંગોને જ્ઞાન જાણે છે તે જ્ઞાનના સવિકલ્પતા છે.
અંતરમુહૂર્તના અનુભવ સમયમાં જ્ઞાયક હૃદયમાં ઉપર બતાવ્યા મુજબ જુદાજુદા જાતના અવસ્થાઓ તરંગો જાણે જાણે પ્રગમે છે તે બધા અવસ્થાને જાણવા સ્વરૂપે જ્ઞાનમાં જ્ઞાનની જે બધાબધા અવસ્થા સહજ પ્રગમે છે તે
જ્ઞાનના સવિકલ્પતા. જ્ઞાનના અવસ્થાને બીજા બધા ગુણોના અવસ્થા એક સાથેજ પ્રગમે છે.
અનુભવમાં કર્તા ક્રિયા ને કર્મ જે પોતાના છે તેમાં જ્ઞાન ગુણનું પરિણમન થઇને જે જ્ઞાનના બધા અવસ્થા રૂપે કાર્ય આવે છે તે પણ જ્ઞાનના સવિકલ્પતા છે.
પોતાના જ્ઞાનની બધા અવસ્થા ને બાજુ ગુણોના બધા અવસ્થા જાણવા રૂપે જે જ્ઞાનનું કાર્ય આવે છે તે જ્ઞાનના સવિકલ્પતા.

## સર્વજ્ઞતા વ્યાખ્યા

ઉ:૩ જ્ઞાનઉપયોગનું પરલક્ષે પરિણમન સર્વથા સર્વથા પ્રકારે છુટીને જ્ઞાનઉપયોગનું જ્ઞાનઉપયોગપણે અખંડ સહજ પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપે પરિણમવું તે સર્વજ્ઞપણું અથવા જાજ્વલ્યમાન જ્યોત સ્વરૂપે અખંડ જ્ઞાતા દ્રવ્યને તેના સર્વ ભાવોને પ્રત્યક્ષપણે એક સાથે પ્રગટપણે જાણવા અનુભવવારૂપ સહજ જ્ઞાનઉપયોગનું પરિણમવું તે સર્વજ્ઞતા.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

૩:૪ ચોથો પ્રશ્ન આ લખાય છે.

જૈન છ દ્રવ્યને માન્ય રાખે છે ને તેમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધરૂપ ભાવને પણ માન્ય રાખે છે. ત્યારે વેદાંત એકજ દ્રવ્યને માને છે ને એકજ દ્રવ્યને માનતા નિમિત્ત નૈમિત્તિક સંબંધરૂપ ભાવનો નિષેધ થઈ જ જાય છે તેનો નિષેધ થતાં નૈમિત્તિકરૂપ જે દ્રવ્યનો સ્વભાવ તેનો નિષેધ થાય છે. તે સ્વભાવનો નિષેધ થતાં દ્રવ્ય વસ્તુનો નિષેધ થાય છે. એટલે જૈનના અભિપ્રાયમાં વસ્તુ દ્રવ્યનું અખંડ અસ્તિત્વ રહે છે. ત્યારે વેદાંતના અભિપ્રાય પ્રમાણે દ્રવ્યના સ્વાધીનતાના વિષયે ઘણું ઉડી જાય છે


એટલે વસ્તુ સ્વભાવના કંઈ પણ વ્યવસ્થા કે મર્યાદા રહેતા નથી તેમ પરદ્રવ્યનું નિમિત્તપણાને આત્મ દ્રવ્યના પર્યાય વિકારપણે પ્રણમે છે. તેને પણ વેદાંત માનતા નથી ને વિકારને અવિકારપણે માને છે એટલે અવિકાર પર્યાયપણે પ્રણમવાનો તેનો પુરુષાર્થ ઉપડી શકતો નથી એટલે તેના અભિપ્રાય પ્રમાણે તેને સંપૂર્ણ કાર્ય સિદ્ધ થઈ શકતા નથી ને તે સંપૂર્ણ સુખને અનુભવ પણ શકતા નથી



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

અને જૈન પરદ્રવ્યના નિમિત્તે આત્મદ્રવ્યના જેમને જેટલાં અંશે વિકાર પર્યાય થાય છે તે પ્રમાણે તેને માન્ય રાખે છે એટલે અવિકાર પર્યાયે પ્રણમવાનો તેનો પુરુષાર્થી ઉપડ શકે છે એટલે તે સર્વ કાર્ય સિદ્ધતાને પહોંચી પણ શકે છે ને તે સંપૂર્ણ સુખને અનુભવી પણ શકે છે માટે જૈનનો અભિપ્રાય સત્ય છે ને વેદાંતનો અભિપ્રાય તે સત્ય નથી. આ રીતે વેદાંતને જૈન જુદા પડે છે. વેદાંત આત્માને સર્વથા શુદ્ધ માને છે ને જૈન પણ દ્રવ્ય દ્રષ્ટિએ સર્વથા શુદ્ધ માને છે એટલે તે અપેક્ષાએ સાધારણ રીતે બેઈ એક છે તેમ કહી શકાય. પણ વેદાંત શુદ્ધ માને છે તે શુદ્ધનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર શુદ્ધ માને છે. જ્યારે જૈન છે તે શુદ્ધ, યથાર્થ સ્વરૂપ સમજીને શુદ્ધ માને છે માટે તે રીતે પણ જૈન અને વેદાંત જુદા પડે છે

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org


આ પ્રશ્ન વાંચીને તરત લખાયેલો છે.

ઉ: ૫

૧૯૯૩ - માગશર માસ

સૌ પ્રથમ વાર સવારે
પાંચ પ્રશ્ન લખવાની શરૂઆત
કરી તેમાં સર્વથી પહેલા
આ પ્રશ્ન લખાણો છે.

જે વખતે આત્મઉપયોગ પરલક્ષથી છૂટી પોતાના જ્ઞાયકમાં
એકાકાર નિર્વિકલ્પ ઉપયોગે પ્રણમે છે તે વખતેજ ખરો
આનંદ અનુભવાય છે.

ઉપયોગનું નિર્વિકલ્પપણે પ્રણમવું ને આનંદનું અનુભવવું
તે બેઈ એક સાથેજ થાય છે તેમાં કાળનું અંતર કંઈ
જણાતુ નથી.

આત્મઉપયોગ જ્યારે નિર્વિકલ્પપણે હોય છે. ત્યારેજ ખરો
આનંદ ને ખરું સુખ વેદાય છે જે ખા ખરો આનંદ ને ખરું
સુખ ત્યારે કે જ્યારે આત્મ ઉપયોગ નિર્વિકલ્પપણે હોય ત્યારે
હવે તેમાં ભેદ તો શું કહેવો. પણ તેના સ્વભાવ ભેદ
અપેક્ષાએ ભેદ લઈએ તો લઈ શકાય.

બાકી તો આનંદ એકાકાર પ્રણમે તેમાં ભેદ તો શું
કહેવો.

આ પાંચે પ્રશ્નોના ઉત્તર: શ્રી સદ્ગુરુ પ્રતાપે યથાશક્તિ
પ્રમાણે લખ્યા છે.

## વિક્રમ સંવત ૧૯૯૪ ની સાલમાં પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનમાંથી પૂજ્ય શાન્તાબેને કરેલી નોંધ

## દિગંબરપણું તે જ સત્ય છે ને વસ્ત્ર રહિત દિગંબર દશા આવ્યા વગર કેવળ જ્ઞાન ન થાય તે પણ યથાર્થ જ છે.

સમ્યક્દર્શન થયા પછી જ્યાં સુધી દેહની સાથે વસ્ત્રનો સંબંધ ઉભો છે તે વસ્ત્ર રાગની વૃત્તિને અવલંબીને ઉભા છે અને જ્યાં સુધી રાગ ન છૂટે ત્યાં સુધી કેવળજ્ઞાન થાય જ નહીં તે અખંડ સિદ્ધાંત છે અને વસ્તુ સ્વભાવ પણ એમ જ છે. એટલે જ્યાં રાગ છૂટે એટલે વસ્ત્ર છૂટી જ જાય, રાગ છૂટે ને વસ્ત્ર રહે તેમ ન બને. કારણ કે ભાવ અને દ્રવ્યને સંબંધ છે માટે રાગ છૂટે એટલે વસ્ત્ર છૂટી જાય અને તે દિગંબર અવસ્થા થાય અને દિગંબર અવસ્થા થયા પછી જ કેવળજ્ઞાન માટે શ્રેણી ઉપડે. વસ્ત્ર રહિતપણાની જે દશા દ્રવ્યથી અને ભાવથી તે જ મુનિપણું છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# સુવર્ણપુરીમાં સ્વાધ્યાય મંદિર, જિનમંદિરની સ્થાપના



વિ.સં. ૧૯૯૪ (ઈ.સ. ૧૯૩૮) ની સાલમાં સ્વાધ્યાય મંદિરની સ્થાપના થઈ ત્યારથી પૂ. ગુરુદેવનું મન ઠરી ગયું અને જાણે મૂળ સ્થાને આવ્યા હોય એવું લાગ્યું અને સ્વાધ્યાય મંદિરમાં જિનવાણીની સ્થાપના થઈ ત્યારથી પૂ. ગુરુદેવના શ્રીમુખે દિગંબર સનાતન જૈનધર્મનો પ્રચાર શરૂ થયો.

વિ.સં. ૧૯૯૫ (ઈ.સ. ૧૯૩૯) માં પૂ. ગુરુદેવે સંઘ સહિત શત્રુંજય તીર્થની યાત્રાએ પધાર્યા ત્યાં પાલીતાણામાં જિન મંદિરમાં ભગવાનના દર્શન કર્યા અને દર્શન કરતાં બંને બેનોએ એવી ભાવના ભાવી કે આપણને સાક્ષાત્ ભગવાનના તો વિરહ પડ્યા. પણ આપણે રહીએ છીએ ત્યાં પ્રતિમાજીના દર્શન પણ નથી તે બંનેની ભાવના પૂ. ગુરુદેવ પાસે પહોંચી ગઈ. જેથી પૂ. ગુરુદેવે કહ્યું કે વાત તો સાચી છે, ભાવના ભાવો.

વિ.સં. ૧૯૯૫ (ઈ.સ. ૧૯૩૯) માં રાજકોટમાં પૂ. ગુરુદેવ પધાર્યા ત્યાં નાનાલાલભાઈ જસાણી તથા જડાવબેનને બંને બેનોએ શ્રી જિનમંદિરની ભાવના વ્યક્ત કરી. તે વાત નાનાલાલભાઈએ સ્વીકારી અને સોનગઢમાં દિગંબર જિનમંદિર બંધાવવું તેમ ઉલ્લસિતભાવે નિર્ણય કર્યો.

વિ.સં. ૧૯૯૬ (ઈ.. ૧૯૪૦) માં રાજકોટથી પૂ. ગુરુદેવે સોનગઢ પધારતા પહેલાં શ્રી ગીરનારગિરી તીર્થધામની યાત્રાનો પ્રોગ્રામ કરેલો હતો. સંઘ સહિત પૂ. ગુરુદેવ અને પૂ. બંને માતાઓએ ઘણી જ ભક્તિભાવ પૂર્વક યાત્રા કરી હતી. શ્રી બાળબ્રહ્મચારી તીર્થંકરદેવ નેમનાથ ભગવાનના ત્રણ કલ્યાણિક થયેલી મહા પવિત્રભૂમિની યાત્રા કરતાં પૂ. ગુરુદેવને અપૂર્વ ભાવો જાગ્યા હતા. સહેસાવનમાં પૂ. ગુરુદેવને અપૂર્વભાવ આવવાથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતા. યાત્રા કરતા પૂ. બેનોના રોમરોમ ઊછળી પડ્યા હતા. આવી અપૂર્વ ગીરનારજીની યાત્રા કરીને પૂ. ગુરુદેવ સોનગઢ પધાર્યા. સોનગઢ પધાર્યા ત્યારે જ તે સાલમાં શ્રાવણ સુદ ૧૩ ના શ્રી નાનાલાલભાઈ દ્વારા શ્રી જિનમંદિરના પાયાનું ખાતમુહૂર્ત થયું અને ભગવાનનો ભેટો થાય એવા હર્ષભાવથી ખાતમુહૂર્તનું કાર્ય પૂરું થયું અને ટૂંક સમયમાં જ મંદિર તૈયાર થઈ ગયું.

આત્માના ગુણો પ્રગટાવી પૂર્ણતાને પામો.

## પૂજ્ય ગુરુદેવનો આદેશ

## બંને બેનો – જયપુરથી પ્રતિમાજી લઈ આવે.

શ્રી મંદિરજીમાં પ્રતિમાજી બિરાજમાન કરવાના હતા તો પ્રતિમાજી લેવા માટે પૂ. ગુરુદેવે અમને બંને બેનોને (ચંપાબેન-શાન્તાબેનને) આજ્ઞા કરી કે તમે જયપુર જઈને વીતરાગ ભાવવાળા પ્રતિમાજી લઈ આવો તેથી અમે જયપુર પ્રતિમાજી લેવા બંને બેનો ગયા ત્યાં પ્રતિમાજીવાળાને ત્યાં આ ત્રણ પ્રતિમા તૈયાર જ હતા અત્યારે સોનગઢ મંદિરમાં બિરાજમાન છે તે શ્રી સીમંધરનાથ - શાંતિનાથ ને ઋષભપ્રભુ તે ત્રણે પ્રતિમાજી ત્યાં તૈયાર હતા. તે પ્રતિમાજી લઈને અમે સોનગઢ આવ્યા, પ્રતિમાજીને સાથે આવતાં અમારા દિલમાં એટલો આનંદ થતો કે અમે ભગવાનની સાથે આવ્યા ને ભગવાનને ઘેરે પધાર્યા તેથી અંતર ઘણું પ્રફુલ્લિત થયું.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# સૌરાષ્ટ્ર દેશમાં સૌ પ્રથમ પંચકલ્યાણક મહોત્સવ




સાક્ષાત તીર્થંકર દેવ- ભગવાન દેવને
તો ભરત પધારો છો પણ ભગવાન આ-
ના પુણ્યનું નિમિત્ત ભગવાન પ્રતિમાજી
ની દીપતી પણ અંતરમાં શાંતિ થઈ
પ્રફુલ્લતના આનંદ સંતોષ થયો.
પૂ. ગુરુદેવ પણ પ્રતિમાજીનો
જોઈને ચોધાર આંસુ ગયા ને તેમને
ભાવ આવ્યા કે વાહ! ભગવાન તારા
રૂપ વાહ! પૂ. ગુરુદેવના ઉદ્‌ગારો
નીકળ્યા કે હે નાથ! તારા સાક્ષાત
દર્શનના તો ભરોસા પડ્યા! પણ
તારા પ્રતિમાના દર્શનથી સંતોષ
માનશું. અને આરાધના કરીને
તારા સાક્ષાત દર્શન પામશું.
ત્યાર બાદ સીમંધર આદિ ભગવંતોના
પંચકલ્યાણક થયા અને ફાગણ સુદ
૨ મહામંગલ જાણે દાદરો સીમંધર
ભગવાન આદિ શાંતનાથ પદ્મપ્રભુ
નેમનાથ ભગવંતોના મંદિરમાં બિરાજમાન
થયા. ૧૯૯૭ ના સાલને ફાગણ સુદ બીજના દિન

સૌરાષ્ટ્ર દેશમાં સૌ પ્રથમ પંચકલ્યાણક મહોત્સવ



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ભગવાનના પંચ કલ્યાણક થતા
ત્યારે આમની બંને બહેનોને અને
પૂ. ગુરુદેવશ્રીને અપૂર્વ ભાવ આવતો


હતો કે જાણે સાક્ષાત ભગવાનના
કલ્યાણક થતા હોય ને ભાવ ઉલસતો
તેવા ભાવ ઉલસતા હતા.

જ્યારે શ્રી મંદિરજીમાં ભગવાન પધા-
રતા હતા ત્યારે બધા ભાઈ/બેનો બોલતા
હતાં કે પધારશે ભગવાન પધારશે!
ત્યારે પૂ. ગુરુદેવશ્રીને એવા ભાવ આવતા
કે શ્રી મંદિરજીના ગભારમાં શ્રી સીમંધર
ભગવાન પધારતા હતા તેમના સાક્ષી
[illegible] ગાંધર્વ દેવો કરી
અને આકાશમાંથી [illegible] આવ્યા જાય
ને પાંચ [illegible] તો [illegible] રહ્યા
આ રીતે શ્રી સીમંધર ભગવાનના પ્રતિ-
ષ્ઠાના પધરામણી વખતે પૂ. ગુરુદેવ
ને ભગવાન પ્રત્યે ભાવ આવ્યા હતા



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# સીમંધરનાથના દર્શન



**સુવર્ણધામ—સોનગઢમાં પૂ. શ્રી કહાનગુરુ દરરોજ ભાવભીના ચિત્તે વહાલા વિદેહીનાથ સીમંધરપ્રભુજીના દર્શન કરતા, દરરોજ બપોરે બંને બેનો બેનશ્રી—બેન ભાવભીની ભક્તિ કરાવતા ત્યારે પણ ગુરુદેવ ઉપસ્થિત રહેતા. સીમંધરનાથ સાથે જેમનું જીવન સંકળાયેલું છે.**



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

સૌરાષ્ટ્રમાં પ્રથમ સીમંધર ભગવાન અને "સંત ત્રિપૂટીના વિરહ ભૂલાવતા ભગવાન." પૂ. ગુરુદેવ ભાવવિભોર થઈને ગાતા કે—

"અમીયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાન્ત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય.
સીમંધર જિન! દીઠા લોયણ આજ........
મારા સિધ્યા વાંછિત કાજ......સીમંધર જિન....."

પૂ. બેન કહેતા કે આ વીતરાગી ભગવાનનો ઘણો આદર થાય છે ને પોતાના વીતરાગ ભાવને નજીક થવાય છે તેવા ભાવો સ્ફુરતા શ્રી સીમંધર જિનાલયમાં પૂ. ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં બંને બેનો નિત્યક્રમ મુજબ ભક્તિ કરાવતા, બંને બેનો ભક્તિથી ઉછળી જતા એવા કે જાણે સાક્ષાત્ ભગવાન ભેટ્યા હોય તેવા પ્રભુમાં તલ્લીન થતા અને બેનોને દેવ–શાસ્ત્ર–ગુરુનો એટલો અપાર મહિમા કે દેવ–શાસ્ત્ર–ગુરુની પૂજા રચીને સમૂહ પૂજા કરાવતા. "સન્માર્ગદર્શી બોધિદાતા......કૃપા અતિ વરસાવતા." પ્રતિષ્ઠાના સમયે જુવારા એવા ફાલી–ફુલ્યા કે તે સૂચકથી ઠેર ઠેર જિનમંદિરો થયા. બંને બેનો ગામે ગામના મુમુક્ષુઓને સૂચના આપતા કે એક નાનો હોલ ભાડે રાખીને, નાની વેદી કરીને એક ભગવાન બિરાજમાન કરો અને સ્વાધ્યાય નિયમિત કરો પછી ક્રમે મોટું મંદિર થઈ જશે. આવા માર્ગ દર્શન દેવાવાળા અને ભક્તિનો માર્ગ સ્થાપનારા બંને બેનો મંદિરનું કામકાજ કોઈ ગામે કોઈ કારણસર ઢીલું પડે તો ત્યાં મંદિર કેવી રીતે પૂરેપૂરું થાય તેની વ્યવસ્થા વગેરે બેનો કરતા.

## પૂજ્ય ગુરુદેવનો પરમ હિતકારી ઉપદેશ

પૂ. ગુરુદેવ નિત્યક્રમ મુજબ વ્યાખ્યાનમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, અષ્ટપાહુડ, પંચાસ્તિકાય, પંચાધ્યાય, દ્રવ્યસંગ્રહ, મોક્ષમાર્ગપ્રકાશક, સ્વામી કાર્તિકેય અનુપ્રેક્ષા, પદ્મનંદી પંચવિશતિ, ભક્તામરસ્તોત્ર, પરમાત્મપ્રકાશ, છ ઢાળા યોગસાર વગેરે

દસ ધર્મની પૂર્ણતા, બારહ ભાવનાની
પૂર્ણતા તે મોક્ષ છે.

દિગંબર આચાર્યોના શાસ્ત્ર ઉપર પ્રવચન આપતા. આચાર્યોના હૃદયના ઊંડા રહસ્ય ખોલી બતાવતા હતા અને સાચી રૂચી થાય ત્યારે એમ થાય કે આચાર્ય ભગવંતોએ કેવો સરસ ચોખ્ખો મોક્ષમાર્ગ બતાવ્યો છે. એકદમ જડ—ચૈતન્ય જુદા અને એકદમ ભેદજ્ઞાનની વાત ચોખ્ખી દીવા જેવી સ્પષ્ટ બતાવી છે. અત્યારે આ કાળે તો પૂ. ગુરુદેવે તીર્થંકરનો માર્ગ એકદમ ચોખ્ખો દીવા જેવો પ્રકાશ્યો છે. આવી ચોખ્ખી દીવા જેવી વાત જેને સાંભળવા મળી તેના તો સદ્‌ભાગ્ય! પણ તે વાણીને જેણે સાંભળી અને તે રૂપે પરિણમન—અનુભવ કર્યો તેના તો ભવના અંત થઈ ગયા અને અલ્પભવમાં તો સાક્ષાત્ મોક્ષસુખને—સિદ્ધપદને પ્રાપ્ત કરી લેશે.

પૂ. શ્રી ગુરુદેવ સાક્ષાત્ પ્રવચનો સાંભળતા પૂ. બંને માતાઓએ સમયસારમાંથી જીવ—અજીવ, કર્તા—કર્મ અધિકાર ઊપર પૂ. ગુરુદેવના પ્રવચનોની નોટ કરેલ હતી. આ પ્રવચનો શરૂઆતમાં જ છપાઈને બહાર પડી ગયા છે.



પૂ. ગુરુદેવના વ્યાખ્યાનમાંથી ચૈતન્ય આનંદનું ઘોલન સાંભળીને સવારે દરરોજ મંદિરે બંને માતાઓ બેસતા ત્યારે ધ્યાનમાં એકદમ લીન થઈ જતા. શ્રી જિનેન્દ્રદેવની ધ્યાનસ્થ મુદ્રાની છત્રછાયામાં ચૈતન્ય સ્વરૂપમાં લીન થઈ જતા. ઘરે આવીને પૂ. બેન કહેતા કે જ્ઞાયક આત્મામાં જ લીન રહેવાથી સુખ અને શાંતિ લાગે છે, જ્ઞાયક સિવાય બીજા વિકલ્પોમાં જરા પણ સુખ ભાસતું નથી, દુઃખ જ લાગે છે. તેમાં સુખ ક્યાંથી ભાસે! જેમ જેમ જ્ઞાયકની લીનતા વધે છે, તેમ તેમ જ્ઞાયકની તીવ્રતા થતી જાય છે. જ્ઞાયકની તીવ્રતા જ રૂચિકર લાગે છે. અમારો જ્ઞાયક ગાઢો થતો જાય છે.

ક્ષણે ક્ષણે આરાધના કરવી તે અંતર
આત્માની સામગ્રી છે.




## બ્રહ્મચર્ય આશ્રમ

વિ.સં. ૨૦૦૭ (ઈ.સ. ૧૯૫૧) માં કલકત્તાના શેઠશ્રી વછરાજજી ગંગવાલ સોનગઢ પહેલીવાર આવ્યા. પૂ. ગુરુદેવના ૪ દિવસના પરિચયથી અને પૂ. બેનશ્રી–બેનનું જીવન દેખીને તેઓ એવા પ્રભાવિત થયા કે તરત જ જિનમંદિર પાસે વિશાળ જગ્યા ખરીદીને લગભગ ૧। લાખ રૂપિયાના ખર્ચે ભવ્ય આશ્રમનું નિર્માણ કર્યું અને **'શ્રી દિગંબર જૈન ગોગીદેવી શ્રાવિકા બ્રહ્મચર્ય આશ્રમ'નું ઉદ્ઘાટન શેઠજીના હસ્તે વિ.સં. ૨૦૦૮ (ઇ.સ. ૧૯૫૨) ના માહ સુદ ૫મે થયું.** અહા, પૂ. ગુરુદેવના મંગલ આશીષપૂર્વક થયેલ એ ઉદ્ઘાટનનો મહોત્સવ અતિ આનંદકારી હતો, એ દિવસે મહાવીર પ્રભુજીના પ્રતિમાજીને આખો દિવસ આશ્રમમાં પધરાવ્યા હતા. પૂ. ગુરુદેવનું પ્રવચન પણ આશ્રમમાં થયું હતું. આજે આખો દિવસ ને રાત ભક્તિ–ઉલ્લાસ ને હર્ષનું વાતાવરણ વ્યાપી ગયું હતું, અને પૂ. ચંપાબેન-પૂ. શાંતાબેન (બેનશ્રી–બેન)ની હિતકર છાયામાં ૧૬ જેટલા બ્રહ્મચારી બહેનોએ આશ્રમમાં વાસ કર્યો હતો. પછી તો અનુક્રમે વધતા–વધતા બેનોની સંખ્યા ૪૦ થઈ છે. એ રીતે મંદિરની નજીક અને ભગવાનના પાડોશી થયા અને આશ્રમમાં આવ્યા પછી બન્નેનું દિલ એકદમ ઠરી ગયું અને થયું કે આપણે હવે સ્થાને આવ્યા.

સંસારનો અભાવ કરે તે નિર્ગ્રંથપણું છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પૂ. બંને બેનોને બ્રહ્મચર્યની એટલી દ્રઢતા હતી કે દરેક બ્રહ્મચારી બહેનોને જીવન પર્યંત કેમ અખંડ બ્રહ્મચર્ય જળવાઈ રહે એવી વારંવાર શિખામણ આપતા હતા અને ખાસ કરીને તો વિહાર પ્રસંગે દ્રવ્ય-ક્ષેત્ર-કાળને અનુસરીને વર્તન કરવું અને વાત્સલ્યપૂર્વક બધા બહેનોએ હળીમળીને રહેવું તેમ વારંવાર આદેશ આપતા હતા અને દીકરીઓ પ્રત્યે તેમને આવો પ્રેમ હતો.

વિ.સં. ૨૦૦૯ (ઇ.સ. ૧૯૫૩)માં માનસ્તંભજીના પંચકલ્યાણક થયા. તેમાં વિધિનાયક બ્રહ્મચારી ભગવાન નેમનાથ હતા. તે બાલ બ્રહ્મચારી નેમનાથ મુનિરાજનો આહારદાન પ્રસંગ પણ બ્રહ્મચારી ગોગીદેવી આશ્રમમાં થયો અને પૂ. બંને બેનોને આંગણે પછી શું ખામી હોય!!! આહારદાન પત્યા પછી પૂ. બેનશ્રી–બેને ભક્તિની રમઝટ બોલાવી હતી. આ માનસ્તંભની ઊંચાઈ ૬૩ ફુટ છે અને ત્યારે પૂ. ગુરુદેવે પણ ૬૩ મું વર્ષ ચાલતું હતું અને તે ૬૩ શલાકા પુરુષ થયા તેનું સૂચન પણ બતાવે છે.

## પૂજ્ય ભગવતી માતાઓની શાશ્વત સિદ્ધિધામની પ્રથમ યાત્રા




પૂ. કૃપાળુ ગુરુદેવના પરમ પ્રતાપે શાશ્વતધામ શ્રી સમ્મેદ શિખરજીની પ્રથમ યાત્રા કરતાં બંને બેનોના રોમરોય ઉલ્લસી જતા હતા, જાણે કે સિદ્ધ ભગવાનના પવિત્ર ધામમાં આવ્યા હોઈએ અને સાક્ષાત્ સિદ્ધ ભગવાનના ભેટા થયા હોય એવો ઉલ્લાસ આવતો અને ખૂબ જ આનંદ થતો. સિદ્ધિ ધામના દર્શન કરતાં–કરતાં એવું લાગતું કે મારી ચારે તરફ સિદ્ધ ભગવાન જ બિરાજે છે. અને પહાડ ઉપર ચડતાં જાણે મુનિવરોની યાદ આવતી કે ધન્યદશા! ધન્ય દશા મુનિવરની!! ક્યારે એ દશા આપણને પ્રાપ્ત થાય? આમ બંને બેનો ભાવના ભાવતાં–ભાવતાં પરસ્પર ચર્ચા કરતા કે અરે બેન! આપણે અત્યારે જ અહીં અર્જિકા બનીએ અને ત્યાગી થઈ આત્માની ચારિત્ર આરાધના આરાધીએ અને વનમાંથી પાછું ફરવું એ તો કાયરતા છે. આપણે સર્વે ઉપાધિથી મુક્ત થઈને આત્મસમાધિમાં લીન થઈ, સંયમભાવ પ્રાપ્ત કરીને આત્મસાધના સાધીએ એવી વારંવાર ભાવના ભાવતા કે અહો! આવો સુઅવસર ક્યારે આવશે!! આવી દશા નજીકમાં જ પ્રાપ્ત થવાની છે. તેથી આવું મંથન બંને બેનો કરતા.

કોઈની સમાધિ જોઈને તારે સંતુષ્ટ ન થાવું.



## પૂ. ગુરુદેવના હસ્તાક્ષર તથા હ્રદયોદ્‌ગાર




પૂજ્ય ગુરુદેવ ઘણા જ પ્રમોદથી કહેતા.

બહેનોને જ્ઞાનનું આરાધન ઘણું છે.

બંને ધર્મ પામેલા છે. છતાં જ્ઞાનની આરાધનાનો કેટલો રસ છે!! થોડા વખતમાં બન્નેનું જ્ઞાન વધી જશે, ચારિત્ર પણ વધી જાશે, ને અલ્પ કાળમાં આત્માસાધના પૂરી કરીને મોક્ષ પામી જાશે.

વૈશાખ સુદ–૧૩
વિ.સં. ૨૦૨૭

તારે પણ એવી શાશ્વત આરાધના કરવી

# પૂજ્ય ગુરુદેવ સાથે દ્વિતીય સિદ્ધિધામની તથા અનેક તીર્થોની યાત્રા

પૂ. ગુરુદેવે હજારો યાત્રિકો સાથે ભારતના મહાન તીર્થોની ઉલ્લાસ અને ભક્તિપૂર્વક યાત્રા કરીને જૈનશાસનમાં એક સોનેરી ઈતિહાસ રચ્યો છે. એ સમ્મેદશિખર, પાવાપુરી, રાજગૃહી, ચંપાપુરી, ગીરનારગિરિ, સિદ્ધવરકૂટ, ઊંચા ઊંચા અડોલ જોગી એ બાહુબલી અને પાવનધામ પોન્નુર વગેરે......અહા કેવા કેવા એ તીર્થો!!! અને કેવી ભાવભીની એ યાત્રા!! એનાં સ્મરણો પણ સાધક સંત પ્રત્યે ને સાધનાભૂમિ પ્રત્યે કેવી આનંદની ઊર્મિઓ જગાડે છે. વાહ રે વાહ સંતો, તમારી આત્મસાધના! વાહ તમારી તીર્થભૂમિ? અને ધન્ય એની યાત્રા! અને ધન્ય એ ગુરુદેવના ભાવો!



ભક્તિના
ભાવભીના
દ્રશ્યો

યાત્રામાં પૂ. ગુરુદેવનું સ્વાસ્થ્ય બરાબર રહે તેનું બધું ચીવટપૂર્વક બંને બેનો ધ્યાન રાખતા અને કહે કે પૂ. ગુરુદેવની વાણી ઉપર આખા શાસનની શોભા છે અને રસોઈ કરનાર દરેક બ્રહ્મચારી બેનોને સ્વચ્છતાપૂર્વક અને ચીવટપૂર્વક રસોઈ કરવાની શિખામણ આપતા.

બંને બેનો વારંવાર ગાતા હતા કે......

સમયસાર આદિમાંથી કાઢેલ માવો
કે ખવડાવ્યો ખંતથી રે લોલ......
શ્રી સદ્‌ગુરુજી મહિમા અપાર કે
હું શું કથી શકું રે લોલ........

પૂ. ગુરુદેવ યાત્રા કરીને પધાર્યા પછી દેશ–પરદેશમાં ઠેરઠેર જિનમંદિરોની પ્રતિષ્ઠા, પંચકલ્યાણક અને વેદી પ્રતિષ્ઠા પણ કરાવી હતી.

અંદરમાં અનંતી શક્તિ પડી છે,
પુરુષાર્થ કરે તો પ્રગટે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com


# પૂ. ગુરુદેવના આહારદાનનો પ્રસંગ



પર તરફની રુચિ છોડી દે અને સ્વ
તરફની રુચિ કર તો સમ્યગ્દર્શન છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com






Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# આબુનો પ્રસંગ

**પૂ. બેન શાંતાબેનની આબુતીર્થયાત્રામાં બનેલ વૈરાગ્ય અને તેની પ્રાસંગિક ચર્ચા**
**અમદાવાદથી સોનગઢ પધાર્યા ત્યારે પ્રશ્નો**
**પૂછેલા તેના ઉત્તરો પૂ. બેનનાં મુખારવિંદથી**
**જ તે સમયે જે ભાવો આવ્યા હતા અને**
**કહ્યા હતા તેની ગૂંથણી કરેલ છે.**
**સંવત ૨૦૩૨**

પૂજ્ય વિજ્ઞાનઘન સ્વભાવમાં રમણતા કરાવવાળા બેન જ્યારે આબુમાં તા. ૨-૬-૭૬ના રોજ સવારે ૧૧ વાગે પડી ગયા તે સમયે તથા ત્યારબાદ ચાલતી અભૂતપૂર્વ વિચારધારા તેઓશ્રીના શ્રીમુખથી :—

પ્રશ્ન :—આપ જ્યારે આબુમાં પડી ગયા ત્યારે શું વિચાર આવતો હતો?

ઉત્તર :—ત્યારે બીજો તો કંઈ નહિ પણ એ વિચાર આવ્યો કે સોનગઢ જવાનું છે અને પડી જવાયું. જો પગ મંડાય તો જવાય. ત્યારે હજી ખબર નહોતી કે પગમાં શું થયું છે? અમદાવાદ આવી અને ફોટો પડાવ્યો ત્યારે ખ્યાલ આવ્યો. આપણે તો જોયા કરવાનું કે કેમ થાય છે? શું થાય છે? ત્યારે તો બધો વિકલ્પ છોડી દીધો કે જે થવું હશે તે થાશે. પછી તમે બધા (બાળકો) આવ્યા એટલે મેં કીધું કે મારાથી તો પગ મંડાશે નહિ. તેડીને મોટરમાં મૂકી દ્યો. "આ શરીરમાં પીડા થતી હતી તેને જોઈ, જાણ્યું" અને પીડા ઉપરથી જ ત્યારે ખ્યાલ આવી ગયો હતો કે હાડકું ભાંગ્યું છે. મેં તો ભાભીને પણ એમ જ કહ્યું હતું પછી મોટરમાં બેઠા અને અમદાવાદ પહોંચી ગયા. તે વખતે કાંઈ હર્ષ શોક ન હતો. તેનો વિચાર કે વિકલ્પ ન હતો, આ કેમ આમ થયું? શું કામ થયું? હવે શું થાશે? તેવું કાંઈ નહિ. "જ્ઞાતાપણે રહ્યા—ખરેખર તો જ્ઞાયકસ્વભાવમાં જ જ્ઞાતાપણે રહ્યા. કારણ કે વાસ્તવિક રીતે તો જ્ઞાયક જ વેદનમાં આવી રહ્યો હતો. વ્યવહારે એમ કહેવાય કે આ પીડાની વેદનાને જાણતા હતા."

પ્રશ્ન :—આબુમાં જ્યારે બધા આપના પડી જવાથી મુંઝાઈ ગયા ત્યારે શું વિચાર આવતો હતો?

ઉત્તર :—બધાને મૂંઝાઈ ગયેલા જોઈને થયું કે કેમ જવાશે? કોઈ જમવા પણ નહોતું બેસતું. એટલે મેં કહ્યું કે બધા જમી લ્યો. એમાં કાંઈ થવાનું નથી. જે થવાનું હશે તે થશે. તેઓ લીલીબેનને ફોન કરવા જતા હતા. તો કહ્યું કે જાવ નહિ કારણ કે વેકેશન છે કોઈ હશે નહિ. બધા આવતા હતા તે બધાને જવાબ આપ્યા અને કીધું કે સવારે બધા છોકરાવે પૂછ્યું હતું કે ક્યારે આવીએ? તો કહ્યું હતું કે ત્રણ વાગે આવજો. એટલે એ પહેલાં તો કોઈ ન આવે. પંકજ, પ્રદીપ વગેરે તમારી બહુ રાહ જોતા હતા પણ ટાઈમ પહેલાં ક્યાંથી આવે. ચેતન સાથે છે અને પ્રવીણા

વીતરાગી વાણી આરાધનાનું કારણ છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

અમદાવાદ છે એટલે વાંધો નહિ આવે અને ત્યાં અમદાવાદ ગયા એટલે તરત જ સીધે સીધા હોસ્પિટલમાં જ તેઓ લઈ ગયા. આપણે તો જોયા જ કર્યું. સ્વ–પર પ્રકાશક જ્ઞાને કામ કરી લીધું.

પ્રશ્ન :—બેન! ઓપરેશનના દિવસે તો આપનું સવારથી જ ઘૂંટણ દેખાતું હતું તો ત્યારે શું ભાવ ચાલી રહ્યા હતા?

ઉત્તર :—ઓપરેશનના દિવસે તો સવારથી બે–ત્રણ વખત તે ગાથા યાદ આવતી હતી કે :—

"છેદાવ વા ભેદાવ–કોઈ લઈ જાવ નષ્ટ બનો ભલે,
યા કોઈ અન્ય રીતે જાવ આ શરીર માત્ર મારું નથી."

આ રીતે તો ગૌણપણે આ વિચાર ચાલતો હતો, મુખ્યપણે તો જ્ઞાયક જ વેદનમાં આવતો હતો. સવારના થયું કે આજે આ શરીરનું ઓપરેશન છે નબળાઈ ઘણી છે. દેહાંત પણ કદાચ થઈ જાય. નબળાઈને કારણે તો એનું જે થવું હોય તે થાવ. આપણે આપણું કાર્ય કરી લેવું. જ્ઞાતાનો તીવ્ર પુરુષાર્થ ઉપાડી લીધો જ હતો. એટલે આપણે જ્ઞાતાની તીવ્રતામાં જ રહીએ છીએ. એટલે પછી શરીરનું જે થવું હોય તે થાય કારણ કે એમ થતું હતું કે દેહ છૂટી પણ જાય. પણ તેનો હર્ષ કે શોક ન હતો. આપણે આપણા પુરુષાર્થની ખામી ન રાખવી. કોઈના ઉપર ધ્યાન જ નથી આપ્યું. આપણે વિકલ્પ બીજે ક્યાંય જવા જ નથી દેવો તેવી દૃઢતા હતી. પહેલેથી જ તૈયારી પૂરેપૂરી હતી. એકદમ આપણે આપણી સ્થિરતા રાખી. ઉપયોગને સ્વભાવમાં સ્થિર રાખીએ અને ઠેઠ સુધી ખૂબ સ્થિરતા રાખી. કોઈના ઉપર દૃષ્ટિ જ નથી કરી. કોણ ક્યાં ઊભું છે તેની કાંઈ ખબર જ ન હતી. આ શરીરનું ઓપરેશન થવાનું હતું તો તેનો કાંઈ ત્રાસ પણ ન હતો, ભય પણ ન હતો, ચિંતા પણ ન હતી. તેનો કાંઈ સંકલ્પ કે વિકલ્પ પણ નહોતો.

આવી પૂ. બેનની આત્માની મસ્તી જોઈને શ્રી બાબુભાઈ ગોપાલદાસભાઈએ તેમના દીકરા રોમેસભાઈને કહ્યું કે ખરેખરી સમ્યગ્દ્રષ્ટિની દશા જોવી હોય તો તું અત્યારે જ પૂ. બેન પાસે જા. પૂ. બેન કહે છે કે જેને એક વખત સ્વભાવ સાથે એકાકારપણું થયું હોય તેને શરીર સાથે એકાકારપણું કેમ થાય? શરીર ટકે કે ન ટકે પરંતુ આપણે તો જ્ઞાન અને જ્ઞાયકની પરિણતિને એકાકાર કરી એમાં લીન થઈ ગયા. જિંદગી આખી જે પુરુષાર્થ કરીને આરાધના કરી હતી તે મરણને સમયે કામ ન આવે તો શું કામની? એટલે આપણે તો તેમ જ સમજીને સમાધિની પૂરેપૂરી તૈયારી કરી રાખી હતી. તે સમયે એવી શાંતિ અને સમાધિ હતી કે બિલકુલ આકુળતા કે પીડાનું વેદન ન હતું.

ત્યારે ઓપરેશન વખતે પરિણતિને પૂછ્યું હતું કે આજે આ શરીરનું ઓપરેશન છે તો તેનો તને ત્રાસ છે? ભય છે? ચિંતા છે? તો પરિણતિએ જવાબ આપ્યો કે મને ત્રાસ નથી, ચિંતા નથી, ભય નથી અને શેનીય પરવાહ નથી. કાંઈ પણ નથી. શરીરથી ભિન્ન મને મારો સ્વભાવ જુદો જ વેદનમાં આવી રહ્યો છે. અનંત વખત આવા શરીર ધારણ કરીને છોડ્યા હવે જે એકાદ–બે ભવ છે તેમાં અમારી આરાધના પૂરી કરી અશરીરી દશાને પામશું. એટલે શરીર તરફ જોયા જ કર્યું કે

જ્યાં જેને જેવી પ્રીતિ હોય ત્યાં મન જોડાય.

વેદન થાય છે ઠીક છે એનો સ્વભાવ છે તો થાય એમાં શું?

અંશે સિદ્ધ જેવો જ અનુભવ હતો એટલે કિંચિત્ સિદ્ધ જેવી જ દશા હતી. તેમાં આ શરીર છે એવું લાગતું જ ન હતું. હવે તો તેની જાતમાં ભળી ગયા છીએ. આત્મા તો એટલો સરસ મજાનો વેદનમાં આવતો હતો આનંદ હતો.

મુનિદશાની પૂરેપૂરી ભાવના ભાવતા હતા અને થતું હતું કે મુનિ જ્યારે પાદોગમન સંથારો કરે ત્યારે ઇચ્છાપૂર્વક સૂઈ જાય અને હાથ–પગ હલાવે નહીં. તેવી રીતે આપણે પણ મુનિ થવું છે એટલે તેવી જ તૈયારી હતી. એટલે તેવા વિચાર આવતા હતા.

પ્રશ્ન :—ઓપરેશનને દિવસે રાતના જ્યારે ગળામાં શોષ પડતો હતો ત્યારે કેવા વિચાર આવતા હતા?

ઉત્તર :—ઓપરેશનના બે દિવસ પહેલાં પણ પાણી ઓછું પીવાયું હતું તેથી વધારે શોષ પડતો હતો. એટલે પૂછ્યું કે કેટલા વાગ્યા છે? તમે કહ્યું કે ત્રણ વાગ્યા છે મારે ત્રણ વાગે પાણી નથી પીવું, છ વાગે એટલે પીશ. આટલા દિવસ નીકળી ગયા એમ ત્રણ કલાક હમણાં નીકળી જશે. ત્યારે અમે આપને કહ્યું કે બેન! આજે ઓપરેશન થયું છે તેથી ગળામાં વધારે શોષ પડે છે તો કૃપા કરીને આજનો દિવસ પાણી પી લ્યો.

પૂ. બેને જવાબ આપ્યો કે—મેં તો દેવ–શાસ્ત્ર–ગુરુ સમીપે પ્રતિજ્ઞા કરી છે અને પ્રતિજ્ઞા પ્રાણ જતાં પણ અખંડ પાળવી છે. હું તો રાત્રે બિલકુલ પાણી પીવાની નથી. મેં પ્રતિજ્ઞા ભગવાનની સામે કરી છે. દિવસ ઊગ્યા પહેલાં પાણી લેવું જ નથી. પ્રાણ છૂટે તો પણ પ્રતિજ્ઞા અખંડ જ રહેવાની છે અને રાખવી છે......પ્રતિજ્ઞા હોય તે તો અખંડપણે રાખવી જ જોઈએ. વળી એમાં શું? શરીરમાં શોષ પડે તો એમાં શું થઈ જવાનું છે અને શોષ પડે તો ભલે પડે.

જ્ઞાનસ્વભાવમાં—આત્મામાં પાણીની તરસ ક્યાં દેખાય છે? આત્માના અમૃતરસના વેદનમાં પાણીની તરસ આકરી નથી લાગતી અને આમેય ત્રણ દિવસથી નથી પીધું. તેમાં ત્રણ કલાક વહી જાય તેમાં શું વાંધો છે? આત્માના જ્ઞાન અમૃત સામે નજર કરીને પડ્યા છીએ. એમાં ત્રણ કલાક શું ત્રણ દિવસ વહ્યા જાય તો પણ કાંઈ વાંધો ન હતો જે થવાનું હતું તે ભલે થાય, પણ આપણે જે પ્રતિજ્ઞા લીધી છે તેને પાળવી જ છે.

જીભ કોરી પડી ગઈ હતી ને? આત્મા તો કાંઈ કોરો પડતો નથી ને? આત્મા તો જ્ઞાનથી ભરપૂર ભરેલો હતો. તેનાથી તૃપ્ત તૃપ્ત હતો. આત્માને કાંઈ તરસ હોતી નથી. આત્માની સમીપ જોતા કાંઈ તૃષા દેખાતી જ નથી. પોતાના સ્વરૂપ સમક્ષ નજર કરે તો દ્રઢતા છે જ ને!

અમદાવાદથી તા. ૧૬-૬-૭૬ ના હોસ્પિટલમાંથી વિદાય લેતી વખતે, અમદાવાદ મુમુક્ષુ

સામ્યભાવ, સમતાભાવ રાખવાનો
અભ્યાસ કરવો જોઈએ.

મંડળ તરફથી આગ્રહભરી વિનંતી કરવામાં આવતા કે આપની તબિયત હવે સારી છે અને આપ અહીંથી જાવ છો તો કાંઈક બે શબ્દો કહો ત્યારે સૂતા સૂતા પૂ. બેને કહેલા અમૃત વચનો.

સર્વોત્કૃષ્ટ પદ અરિહંત અને સિદ્ધપદ છે. અરિહંતનું અને સિદ્ધનું સ્વરૂપ પરમ કૃપાળુ શ્રી સદ્ગુરુદેવે બતાવ્યું છે. અરિહંતનું સ્વરૂપ કેવું હોય, અરિહંત ભગવાનનું શરીર કે જેઓ ચોત્રીસ અતિશય હોય. સમવસરણની રચના હોય તે કાંઈ અરિહંતનું સ્વરૂપ નથી. પરંતુ અરિહંત પરમાત્માનો ચૈતન્ય આત્મા પૂર્ણતાને પામેલ છે તેમાં અરિહંતનું સ્વરૂપ આવે છે. સિદ્ધનું સ્વરૂપ તો અશરીરી દશા છે. પૂર્ણ આનંદ સિદ્ધ ભગવાને પ્રાપ્ત કરેલ છે. એવા અરિહંત અને સિદ્ધના સ્વરૂપને જ જાણે છે તે પોતાના આત્માને જાણે છે.

પ્રવચનસારની ૮૦ મી ગાથામાં કહ્યું છે કે—

**जो जाणदि अरहंतं दव्वतगुणपज्ञयतेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु आदि तस्स लयं।।८०।।**

જે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે પોતાના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે. ''નમો અરિહંતાણં'' એમ બધા દરરોજ શ્રાવક જૈન નામધારી બોલે, પણ અરિહંતનું સ્વરૂપ સમજે તો તેનો બેડો પાર થઈ જાય. અરિહંતનું સ્વરૂપ સમજે તે પોતાના આત્માનું સ્વરૂપ સમજે. સદ્ગુરુદેવે, —અરિહંતનું, સિદ્ધનું, પંચ પરમેષ્ઠીનું તથા શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવ્યું છે. આ ભારતભૂમિ ઉપર જો આત્માનું સ્વરૂપ બતાવનાર હોય તો તે મહાપુરુષ શ્રી સદ્ગુરુદેવ જ છે. સદ્ગુરુદેવનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. આત્માનું કલ્યાણ, જન્મ—મરણનો અંત તે આત્માનું સ્વરૂપ સમજ્યા વિના આવતો નથી, એવું અદ્ભુત સ્વરૂપ બતાવનાર હોય તો તે સદ્ગરૂદેવ શ્રી કાનજીસ્વામી છે. એમનો પરમ પરમ પ્રતાપ વર્તે છે. આ ભારતભૂમિમાં એમનો મહાન ઉપકાર વર્તી રહ્યો છે.

ભગવાન આચાર્ય કુંદકુંદદેવ પણ કહે છે કે—

અબદ્ધ સ્પૃષ્ટ, અનન્યને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪

અબદ્ધ એટલે કે આત્મા બંધાણો નથી. કોઈ દ્રવ્ય—ભાવનો કર્મથી બંધાયેલો નથી. આત્મા અબદ્ધ છે. બંધાયેલો લોકોને લાગે છે, બંધ ઉપર જેની દષ્ટિ છે તેને બંધાયેલો લાગે છે. પણ આત્મા છૂટો છે તેની ઉપર જેની દષ્ટિ છે તેને આત્મા છૂટો લાગે છે. ભગવાન કુંદકુંદ આચાર્યદેવ બહુ સરસ સ્પષ્ટ કરીને સમજાવ્યું છે કે આત્મા કોઈ પદાર્થથી બંધાણો નથી. અબદ્ધ છે, અસ્પૃષ્ટ છે. આત્મા તો ચૈતન્ય પોતે પોતાના જ સ્વરૂપથી સ્પર્શાયેલો છે. આત્મા પર પદાર્થથી સ્પર્શાયેલો હોય તો કોઈ

સમ્યક્દર્શન પ્રાપ્ત થતાં ચૈતન્યનો કોઈ
જાદુ જ આનંદ આવે છે.

દિવસ તેનાથી છૂટો પડી શકે જ નહિ. માટે આત્મા સદાને માટે છૂટે છૂટો જ છે. જ્ઞાની સમકિત પરમાત્માઓ પોતાને અબદ્ધસ્પૃષ્ટપણે જ અનુભવે છે અને અનુભવીને સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. અનન્ય એટલે અન્યરૂપે આત્મા થયો નથી. ચાર ગતિમાં બધા ભવ જીવે કર્યા પણ કોઈ આત્મા એક પરમાણુરૂપે પણ થયો નથી. આત્મા નિત્યરૂપ છે કારણ કે આત્મા કોઈ 'દિ અનિત્ય થયો નથી. પર્યાય બદલે છે, આત્મા બદલાતો નથી. આત્મા ત્રણે કાળ શાશ્વત જ છે એવો ધ્રુવ પોતે પોતાની સામે સાક્ષાત્ મૌજુદ છે. આત્મા સામે નજર કરતા આત્મા સુખરૂપ જણાય છે. જેમ કામધેનુ ગાયમાંથી જ્યારે લોકો દૂધ જોઈએ ત્યારે કાઢે છે તેમ આત્મામાં સુખ ભરેલાં છે તેમાં જ્યારે ઉપયોગ લગાવે ત્યારે પોતાને સુખ મળે છે. ગમે તેવો શરીરમાં વ્યાધિ હોય, ઉપાધિ હોય કે બહારમાં પ્રતિકૂળ સંયોગ હોય તો પણ આ ચૈતન્ય આત્માના આનંદને રોકવા કોઈ સમર્થ નથી. આત્માનું સુખ—આનંદ અને શાંતિ પોતામાં નજર કરતાં મળી રહે છે. એવો અદ્ભૂત સ્વરૂપ ચૈતન્ય પદાર્થ છે. એવા સ્વરૂપને દેખાડનાર શ્રી સદ્ગુરુદેવ જ છે. ગુરુદેવનો પરમ પરમ ઉપકાર વર્તી રહ્યો છે. અસંયુક્ત એટલે આત્મા સર્વ સંયોગથી રહિત જ છે. સંયોગદષ્ટિવાળાને સંયોગ દેખાય છે અને અસંયોગદષ્ટિવાળાને અસંયોગી દેખાય છે. આત્મા સદાને માટે સાક્ષાત્ અસંયોગી, આનંદસ્વરૂપ પૂર્ણસુખથી ભરેલો ચૈતન્ય પદાર્થ પોતે પોતાની સમક્ષ બિરાજી રહ્યો છે.

'નિજ નયનની આળસે રે, ન નીરખ્યા હરિને'

પણ આળસ છોડી દે તો એમાં કોઈ એવો પ્રયત્ન નથી કે ન થઈ શકે. પોતે ચૈતન્યસ્વરૂપ જ છે. હાજરાહજૂર, ચૈતન્ય જ્યોતિ, ચૈતન્યસત્તારૂપ સાક્ષાત્ બિરાજી જ્યારે તેને સમજવા માગે ત્યારે હાજરાહજૂર દેવ પોતે બિરાજમાન છે. આ દેહમંદિરમાં, દેહાલયમાં આ ચૈતન્યદેવ પોતે હાજરાહજૂર બિરાજી રહ્યો છે, તે દેવમાં અનંતસુખ અને અનંતઆનંદ ભર્યા છે. તે સર્વે પ્રગટ કરવા યોગ્ય છે. એવો શ્રી ગુરુદેવનો પરમ પરમ આદેશ છે.

આ શાંતિ અને સમતાધારી પૂ. બેનને ગામના લોકો હોસ્પિટલમાં જોવા આવતા હતા. એકવાર સ્થાનકવાસી સંપ્રદાયના છોટેલાલજી સાધુ તો પૂ. બેનને મળવા આવ્યા અને બે હાથ જોડી ત્રણ વખત મસ્તક નમાવીને દર્શન કર્યા. આ દૃશ્ય જોઈને બધા સ્તબ્ધ થઈ ગયા. જ્યારે આવીને કોઈ પૂછે કે બેન! પીડા કેવી છે? ત્યારે કહેતા મને તો મારો જ્ઞાયકસ્વભાવ જ વેદનમાં આવી રહ્યો છે. શરીર કે તેની પીડા વેદનમાં આવતી જ નથી. તેઓ કહેતા કે સમતા તો અમારી કુળદેવી છે. અમારું કુળ મંદિર જ સમતા છે. આ તે કંઈ પ્રકારની સમતા છે તેને જોવા સ્થાનકવાસી અને શ્વેતાંબરના આગેવાનો આવતા અને શરીરથી ભિન્ન પડેલો આત્મા કેવો છે તે નજરે જોઈ આશ્ચર્ય પામતા.

સમ્યકદર્શન પ્રાપ્ત થતાં અરિહંતાદિનો
લઘુનંદન બને છે.

આ સમયે અમદાવાદનું મુમુક્ષુ મંડળ ખડેપગે ઊભું હતું અને પૂ. બેનની તન–મન–ધનતી સેવા કરી હતી. આ ગામમાં કોઈ કુટુંબીજનો ન હતા પણ સાચું રે 'સગપણ સાધર્મી તણું'

ખરેખર જોઈએ તો આવા જ્ઞાનીની સેવાનો લાભ કોણ ચૂકે? આવો લાભ મળવો તે પણ મહાનભાગ્યથી મળે છે અને જેને આ સંસારના જન્મ–મરણ શરમજનક લાગ્યા છે તેઓ તેમની સમીપમાં રહીને નિજ હિત સાધી લે છે. આ તો અનંત સુખને પ્રાપ્ત કરવાના અને અનંત દુઃખને ટાળવાનાં ટાણાં આવ્યા છે. તેના માટે ધ્યેય નિશ્ચિત કરી તે દિશા તરફ હળીમળીને સૌએ તે પાવન પથ પર ગમન કરવાનું છે. જ્ઞાનીઓની બલિહારી છે આ ભરતભૂમિ ઉપર.

આમ અમદાવદમાં છેલ્લે દિવસે ૭ મિનિટ અમૃતના ધોધ વહાવીને સોનગઢ તરફ આવવા નીકળ્યા ત્યાં રસ્તામાં ખાડિયામાં બિરાજમાન આદિનાથ ભગવાનના દર્શન કર્યા અને ટ્રેનમાં ઓખામાં નીકળીને ૧૭-૬-૭૬ના સવારે ૫-૪૫એ ભગવંતોના ધામમાં પધાર્યા.

પૂ. બેન સોનગઢ પધારતા, પૂ. શ્રી ગુરુદેવ, પૂ. શ્રી બેનશ્રીના દર્શન થતાં તેમ જ વાણી સાંભળતા તેઓશ્રીના મુખારવિંદથી નીકળેલા ઉદ્‌ગાર.

પ્રશ્ન :—જ્યારે આપ સોનગઢ પધાર્યા અને પૂ. શ્રી ગુરુદેવના દર્શન થયા ત્યારે શું ભાવ આવ્યા હતા?

ઉત્તર :—પૂ. શ્રી ગુરુદેવને જોઈને તો આનંદ આવતો હતો અને દર્શન કરતી વખતે તો દર્શન જ કરતા હોઈએ ને!

પ્રશ્ન :—એ આનંદ કેવો હતો?

ઉત્તર :—તે આનંદ પ્રશસ્ત જ હોય ને! કાંઈ સ્વાભાવિક આનંદ ન હોય. પણ એમ થાય કે હે નાથ! આપના પ્રતાપે અહીં સોનગઢ પહોંચાણું ગુરુદેવના દર્શનથી હરખ આવે, આનંદ આવે, હર્ષના આંસુ આવી જતા હતા. નહિ તો એમ થતું હતું કે આપણે ગુરુદેવના, બેનના વિરહમાં છીએ. હવે એ ધામમાં પહોંચી ગયા. શરીરનું જે થવું હોય તે થાવ અમદાવાદ ક્યાં ને ક્યાં દૂર પડ્યા હતા. તે ૨૫–૨૬ દિવસે તેઓશ્રીના દર્શન થયા અને તે સમયે તો આનંદ.......આનંદ હતો. પગની વેદના જેવું કાંઈ લાગતું જ ન હતું.

પ્રશ્ન :—અહીં આવ્યા બાદ પહેલા એકાદ–બે દિવસ આપ બધાને શું કહેતા હતા?

ઉત્તર :—શરીર છે ત્યાં સુધી આ બધું આવે છે જેણે શરીર ધાર્યું જ નથી તેને શું? અને આપણે પણ અશરીરી દશા ધારણ કરવી છે. શરીર છે ત્યાં સુધી આ બધી ઉપાધિ આવે છે. અશરીરી દશામાં ક્યાં કાંઈ ઉપાધિ છે! આપણે અશરીરી દશા માટેની આરાધના કરી રહ્યા છીએ.

આત્માના સ્વરૂપમાં પ્રવૃત્તિ કરવી તે સમિતિ,
પરભાવોથી ગુપ્ત થાવું તે ગુપ્તિ છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

તો હવે આ શરીરમાં ભલે જે કાંઈ આધિવ્યાધિ થવું હોય તે થાય આપણે જોઈએ તેને!

પ્રશ્ન :—બેન! આપ ત્યારે નાડી શું કામ તપાસતા હતા?

ઉત્તર :—નાડી તો જાણવા માટે કે આ શરીરની શું સ્થિતિ છે. નાડી સરખી ચાલે છે કે ધીમી ચાલે છે. નબળાઈ બહુ લાગતી હતી એટલે હાલ શરીરની શું સ્થિતિ છે તે જાણી લઈએ તેટલા માટે તે સમયે સાવચેતી તો હતી જ કારણ કે આત્માની નાડી તો જ્ઞાનમાં પકડાય. જ્ઞાનમાં પોતાને પોતાની નાડી જણાય, વેદનમાં આવે.

પ્રશ્ન :—પહેલું પ્રવચન જ્યારે સાંભળવા મળ્યું ત્યારે બેન શું થતું હતું?

ઉત્તર :—ત્યારે આનંદ આવતો હતો કે આ સારું થયું ગુરુદેવના પ્રવચન અહીં ઘેર બેઠા બેઠા સાંભળવા મળશે. નહીં તો આમ નિરંતર વિરહ જેવું લાગ્યા કરે.

પૂ. બેનને પ્રવચન સંભળાય છે તે સાંભળી પૂ. ગુરુદેવના હૃદયોદ્ગાર

પૂ. ગુરુદેવ ઘેર પધાર્યા

આ ઘણું સરસ થઈ ગયું. વળી ત્યાં તો પડઘા પણ પડે છે. પાછી બે–બે મહિનાની પથારી રહી. અહીં આવી શકાય નહીં. આ ત્યાં બેઠા બેઠા સાંભળી શકાય ત્યાં વિજળીનું દોરડું ખેચ્યું હશે. એટલે રામજી બાપુજીએ કહ્યું કે સાહેબ! આચાર્યોએ વીજળીની કાંઈ શોધખોળ નથી કરી.

એટલે પૂ. ગુરુદેવ કહે છે કે આચાર્યો જેવી તો કોઈએ શોધ નથી કરી કે વગર સાંભળ્યે, વગર વાંચે પોતાને પોતાની ત્રિકાળ વસ્તુ અનુભવમાં આવે એવી શોધ કરી છે. આમ પૂ. ધર્મપિતા પણ ઘણો જ પ્રમોદ વ્યક્ત કરતા હતા.

પૂ. ગુરુદેવે પૂ. બેનને પૂછ્યું કે—કેમ છે? પૂ. બેન કહે—ઠીક છે. પછી કહે કે પ્રવચનમાં ગુરુદેવ બહુ સરસ આવે છે.

પૂ. ગુરુદેવ કહે—સંભળાય છે બરાબર? બેને કહ્યું—હા જી, બરાબર અક્ષરે અક્ષર સંભળાય છે. આપ તો એટલા આત્મરસમાં તરબોળ થઈને ગુરુદેવ વાંચો છો. ત્યારે ગુરુદેવને પ્રમોદ આવી ગયો કે વાહ રે વાહ! બેન કહે કે બહુ રસ પડે છે. બહુ જ સરસ આવે છે જાણે કૃતાર્થ થઈ જવાય એવું લાગે છે. ગુરુદેવે ફરી પૂછ્યું સંભળાય છે બરાબર? ત્યાં તો પડઘો પણ પડે અહીં તો ઓછો પડે. હાજી, એકદમ સરસ સંભળાય છે. પૂ. ગુરુદેવે કહ્યું કે કાલે આવવાના હતા પણ છાંટા આવ્યા અને છોકરાંવ આવ્યા એટલે ભૂલી ગયા. પૂ. બેન કહે છે કે બહુ સરસ પ્રવચન આવે છે એટલો રસ પડે છે એટલા સરસ રીતે વાંચો છો આત્મામાંથી ગુરુદેવ કહે—આ સગવડતા સારી ગઈ છે. બેન કહે—એટલો આનંદ આવે છે.

ભગવાનની વાણીનો એક એક અક્ષર
મહા–કિંમતી છે.

પધારજો—નાથ—પધારજો

(પછી ૧૦ દિવસ પછી પધાર્યા ત્યારે)

પૂજ્ય ગુરુદેવ પધાર્યા ત્યારે

પધારો નાથ પધારો કરૂણાસાગર પધારો.

પૂ. ગુરુદેવે પૂછ્યું કે—કેમ છો? ઓછું થયું કાંઈ? ૧૯ મી તારીખે પ્લાસ્ટર ખોલવાના છે.

પૂ. બેન કહે : કર્તાકર્મમાં તો નાથ હૃદયના રંગ રેડો છો. બહુ જ સરસ વ્યાખ્યાન ચાલે છે.

પધારજો નાથ પધારજો.

કરૂણાસાગર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

આનંદદાતા શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

પ્રશ્ન :—આજથી ચાર–પાંચ દિવસ પહેલાં પૂ. ગુરુદેવના પ્રવચનમાં આત્મા હેય છે તે કહ્યું હતું તો તે કહેવાનું તાત્પર્ય શું હતું?

ઉત્તર :—અભેદસ્વરૂપ આત્મા છે તેની ઉપર જેની દૃષ્ટિ છે અને વીતરાગ પરમરસ સમાધિમાં લીન છે તેને આત્મા ઉપાદેય છે અને જેની પર્યાય ઉપર દૃષ્ટિ છે તેને આત્મા હેય છે. જેની દૃષ્ટિમાં આત્મા જ સન્મુખપણે બિરાજી રહ્યો છે તેને આત્મા ઉપાદેય છે. અને જેની દૃષ્ટિમાં પર્યાય ને શરીર સન્મુખ છે તેને આત્મા હેય છે.

મોહ અરિ પર વિજય પાયકર

આતમ જ્યોતિ જગાઉ મેં

આ વાત જ્યારે ભક્તિમાં આવે છે ત્યારે મને બહુ રંગ ચડે છે. બહુ મજા આવે છે કે મોહરૂપી શત્રુ ઉપર આતમ જ્યોતિ–જ્ઞાન જ્યોતિ વડે વિજય મેળવું અને વિજય ધ્વજ ફરકાવું. બધાએ કાયમ એ જ પુરુષાર્થ કરવાનો છે કે શરીરમાં ગમે તેવી પીડા આવે પણ આપણે આપણા આત્માની જાગૃતિ ચૂકવી નહીં અને ગમે ત્યારે થાય એવું છે. નારકમાં નારકીને એટલા દુઃખોની પીડા વચ્ચે સમ્યગ્દર્શન થઈ જાય છે. છેલ્લે સમયે પણ પુરુષાર્થ જાગૃત થાય તો પોતાને અનુભવી લે એવું છે. કાંઈ વસ્તુ પોતાથી ભિન્ન નથી.

પ્રશ્ન :—વ્યવહાર એમ કહે છે કે શરીર અને આત્મા એક છે અને નિશ્ચય કહે છે કે શરીર અને આત્મા ભિન્ન છે. તો આવો વ્યવહાર તે નિશ્ચયનો પ્રતિપાદક કેવી રીતે?

જીવે આ અનિત્ય શરીર ધારણ કર્યું છે.
તેનો ત્યાગ તો થવાનો જ છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ઉત્તર :—આવો વ્યવહાર ત્રણ કાળમાં નિશ્ચયનો પ્રતિપાદક છે જ નહીં. આત્મા જ્ઞાયકશરીરી અભેદ વસ્તુ છે જ્ઞાનસ્વરૂપ–દર્શનસ્વરૂપ–ચારિત્રસ્વરૂપ આત્મા છે એમ ભેદ પાડવા તેનું નામ જ વ્યવહાર છે અને આ વ્યવહાર તે નિશ્ચયનો પ્રતિપાદક છે જે વ્યવહાર નિશ્ચયને અનુકુળ હોય તે વ્યવહાર છે જે પ્રતિકૂળ હોય તે નહીં.

પ્રશ્ન :—પર્યાય આત્માને જાહેર કેવી રીતે કરે છે?

ઉત્તર :—પર્યાયનું પણ મહાન સામર્થ્ય છે. જેવી રીતે અનંત આકાશમાં એક નક્ષત્ર તેવી રીતે કેવળજ્ઞાનની પર્યાયમાં આખું લોકાલોક એક નક્ષત્ર સમાન છે. આટલી તો શક્તિ આ પર્યાયમાં છે. તે પોતાનો જેવો સ્વભાવ છે તેવો અનુભવે છે. ભલે દ્રવ્ય આખું પર્યાયમાં આવી ન જાય પરંતુ તેનો અનુભવ યથાર્થ જ થાય છે. જેવો સિદ્ધ ભગવાન અનુભવ કરે છે તેવો એક અંશ અનુભવ સમકિતીને થાય છે.

પ્રશ્ન :—દુઃખનું કારણ આત્મા નથી, દુઃખનું કાર્ય પણ આત્મા નથી તો પછી સમકિતનું કાર્ય–કારણ પણ આત્મા નહિ ને?

ઉત્તર :—‘જ્ઞાનીના ગમ્મા, જે કહે તે સમ્મા.’

જ્ઞાનીઓ જે કહે છે કે સમ્યક્ જ કહે છે. તેની અપેક્ષા સમજવી જોઈએ. દ્રવ્ય અને પર્યાય બંને સત્ છે. સત્ અહેતુક છે. માટે તે સત્ પર્યાયનું કારણ પણ આત્મા નથી અને બીજી અપેક્ષાએ કહીએ તો કારણ આત્મા જ છે. કારણ કે આનંદ આવે છે તે પોતાનો જ છે. આત્મા જ તેનું શરણ અને કાર્ય છે.

પ્રશ્ન :—ઘડીકમાં આમ કહે અને ઘડીકમાં આમ કહે તેનું શું કારણ?

ઉત્તર :—વસ્તુનું સ્વરૂપ જ અનેકાન્ત છે. એટલે જે સમયે જેમ કહે તેમ સમજવું જોઈએ. જ્ઞાનીઓની જ સર્વ અપેક્ષાઓ યથાર્થ હોય છે.

પ્રશ્ન :—કથંચિત્ વ્યવહાર સત્ અને કથંચિત્ સત્ આમ અનેકાન્ત થયું ને?

ઉત્તર :—ના. આમ અનેકાન્ત છે જ નહીં. નિશ્ચય સર્વથા સત્ છે, સત્ય છે અને વ્યવહાર કોઈક અપેક્ષાએ તેની હયાતિ હોવાથી સત્ છે.

આ પ્રમાણે શરીરમાં ઘણી ઘણી આકરી વ્યાધિઓ આવી હતી છતાં પણ ચેતનદેવના પ્રતાપે ઘણી જ શાંતિથી પસાર કરતા.

એક પોતાનો આત્મા જ સમાધાન–
સ્વરૂપ છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પૂજ્ય બેન સાથે થયેલા પ્રશ્ન–ચર્ચા

પ્રશ્ન :—સમ્યકદર્શન પામતા પહેલાં બહુ પુરુષાર્થ કર્યો હતો, તો તે કેવા પ્રકારનો પુરુષાર્થ કર્યો?

ઉત્તર :—પુરુષાર્થ તો ઘણો કર્યો સખે નીંદ પણ કરી નથી. નીંદ આવે જ નહીં. નીંદ આવતા બેઠુ થઈ જાવય 'મારો જ્ઞાયક' મારો જ્ઞાયક એમ થતું પણ એ દશા જયારે થઈ ત્યારે એકદમ બધું જાુદુ ને જાુદુ થઈ ગયું. અરિહંત ભગવાનનું સ્વરૂપ ત્યારે બોલતા હતા પણ તે સ્વરૂપ આજે જાણ્યું. નમો સિદ્ધાણંમ બોલતા હતા પણ સિદ્ધ ભગવાનનું સ્વરૂપ આજે જાણ્યું. માત્ર પહેલાં બોલવાનું હતું. આજે તેમનું સ્વરૂપ જાણ્યું. મોક્ષમાર્ગના બારણાં બંધ હતા તે આજે ખુલી ગયા અને રસ્તો સિદ્ધ થઈ ગયો. આખી દિશા પલટી ગઈ. અંધારામાંથી અજવાળા થયા. લાઈટ જતી રહે ને પછી આવે તો કેવું થાય, આ તો કંઈ દેખાય નહીં પણ અંદરમાં જાજ્વલ્યમાન જ્યોતિ પ્રકાશે.

ઘણાં પ્રશ્ન પૂછે છે કે ચૈતન્યનું સ્વરૂપ ખબર પડે કે નહીં? ભાઈ ખબર ન પડે!! આ જાગતી જ્યોત આખી દશા જ પલટી જાય તે ન ખબર પડે એમ કેમ બને. ખરી વાત તો એ છે કે પોતાનો આત્મા જણાતા બધાનો આત્મા કેમ પરિણમે છે તે જણાય. એકને જાણતા બધુ જણાય.

પૂજ્ય ગુરુદેવનો આત્મા પણ કેવી રીતે પરિણમે છે, કેવી રીતે ભેદજ્ઞાનથી ઉભા છે તે આજે જણાય છે.

જેમ કોઈ રસ્તે જતો હોય ને સડક ન મળે તો કેવી મુંઝવણ થાય—એમાંથી સડક દેખાય તો કેટલો આનંદ થાય.

આ મોક્ષમાર્ગની સડક મળી ગઈ, હાથમાં દોરી આવી ગઈ પછી ફીકર નથી.

પ્રશ્ન :—પુરુષાર્થ ઉપાડવા શું કરવું?

ઉત્તર :—લગની લગાડવાની, ભગવાનના દર્શનનો ટાઈમ લ્યો છો! વાંચનનો ટાઈમ લ્યો છો તેમ મનનનો ટાઈમ પણ લેવો જોઈએ.

પંચ પરમેષ્ઠી ભગવાનને નમસ્કાર.

આત્મ જ્ઞાનનો અવતાર છે, જ્ઞાનપિંડ છે, સમતા સ્વરૂપે છે, આત્મા આનંદ સ્વરૂપ આદિ અનંત ગુણ સ્વરૂપ છે, આત્મા પોતે પરથી નિરપેક્ષ સ્વરૂપે છે, પરની અપેક્ષા આત્માને કલંકરૂપ છે. પોતે પોતાના ગુણથી ભરપૂર છે પછી પરની અપેક્ષા એમાં ક્યાં છે? એવા નિરપેક્ષ સ્વરૂપને નિહાળતા શાંતિ સમતા આનંદ ઉછળે છે.

આત્મા ચેતન—સ્વભાવી, જડ
સ્વભાવરૂપ શરીરનું કાંઈ કરી ન શકે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પૂ. બેનને પૂછેલા પ્રશ્નો અને તેના ઉત્તરો

પ્રશ્ન :—ઉપયોગને સ્થિર કરવા માટે શું કરવું?

ઉત્તર :—ઉપયોગને સ્થિર રાખવા માટે વારંવાર તેનો અભ્યાસ કરવો કે આ હું જાણનાર તત્ત્વ છું. આ બધું જણાય તે હું નથી, ઉપયોગ વાંદરા જેવો ચંચળ છે. પરંતુ વારંવાર અભ્યાસ કરવાથી ટેવ પડી જશે, વારંવાર તેને ઠપકો આપવો કે તું શા માટે બહાર ભટકે છે, પછી સહજ થશે અને પછી ધીરે ધીરે જ્ઞાયક તરફ પહોંચશે. સવિકલ્પદશામાં રાગથી જુદો આત્મા જણાય છે. ''આજથી મોક્ષના દરવાજા ખુલ્લી ગયા.''

પ્રવચનસારની ૮૦મી ગાથામાં આજ આવે છે. તેમજ સમયસારમાં આચાર્યદેવ કહે છે. ઉપર ઉપર તરે એ તેવો જ તરી રહ્યો છે શ્રી અરિહંતદેવ શ્રી સિદ્ધ ભગવાનના જેવો આત્મા છે તેવો અંશે પ્રગટ્યો. તેઓ પૂર્ણદશાને પ્રાપ્ત થયા છે તેવો અંશે પ્રગટ થયો. પોતાના આત્માને જાણ્યો ત્યારે જ ભગવાનના આત્માને ઓળખાય છે.

પ્રશ્ન :—સવિકલ્પદશા અને નિર્વિકલ્પદશા આનંદનો શું ફેર?

ઉત્તર :—ઘણો જ ફેર, નિર્વિકલ્પદશામાં આનંદની ઘણી જ વૃદ્ધિ થાય છે. નિર્વિકલ્પદશામાં ઘણું જ સ્પષ્ટ અને અભેદ દષ્ટિથી વૃદ્ધિ થાય છે, જાતમાં કાંઈ ફેર નથી. અભેદ પરિણતિની ઘણી જ વૃદ્ધિ થાય છે.

સવિકલ્પદશામાં આનંદ ઓછો પણ નિર્ણય પાક્કો થયો. મોક્ષમાર્ગ જોયો, પોતાનું સુખ અને શાંતિનું ઘર જોયું.

નિર્વિકલ્પદશામાં ઘણો જ આનંદ થયો અને પોતાના સ્વરૂપમાં ઘરમાં પ્રવેશી ગયા. અભેદ એક ચૈતન્યરસનો જ આનંદ આવે છે.

સવિકલ્પદશામાં શરૂમાં નિર્વિકલ્પદશા માટે ઘણો પુરુષાર્થ કરવો પડે પછી સહજ થઈ જાય હવે તો ગાઢ થઈ ગયું છે. આવા સુંદર આત્મા પાસે વિકલ્પ આવે છે તે બાઘડા જેવા લાગે છે.

શાસ્ત્રોના અભ્યાસથી ગહન અને કઠીન શાસ્ત્રો પણ સરળ અને સુગમ લાગે છે. તેવી રીતે ધ્યાનના સતત અભ્યાસ વડે ધ્યાન પ્રથમ થોડું અસ્થિર હોય પરંતુ તુરત સ્થિર થાય તેના ચમત્કારો પ્રગટ થાય છે માટે શિથિલ કે હતોત્સાહ ન થતા શ્રદ્ધા સહિત વૃદ્ધિ કરવી.

જેમ સિદ્ધ ભગવાન બધાને જાણે દેખે છે છતાં રાગ—દ્વેષ થતા નથી તેમ આત્મા પણ સિદ્ધ સ્વરૂપે જ છે. જાણવું તારો સ્વભાવ છે, સ્વભાવમાં રાગ—દ્વેષનો અભાવ જ છે.

સમયે સમયે આત્મા—સન્મુખ થવા તરફ પરિણામ
વાળે તો ક્રોધ-માન-માયા-લોભ મંદ થશે.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# પ્રતિકૂળ સંયોગમાં અકંપ જ્ઞાની

સંસારમાં જીવોને સદા અનુકૂળ પ્રસંગોની પ્રાપ્તિ હોતી નથી. ઉત્તમ મનુષ્યભવમાં પણ અનેક જાતના દુઃખો ભરેલા છે. પૂર્વ કર્મના ઉદય અનુસાર ક્યારેક જીવને શાતાનો ઉદય મુખ્યપણે હોય છે, ક્યારેક અશાતાનો ઉદય મુખ્યપણે હોય છે. સદાય એકરૂપ સ્થિતિ હોતી નથી. ધર્મી જીવને પણ અનેક પ્રકારના પ્રતિકૂળ સંયોગો આવી પડે છે. —દા.ત. સતી સીતાજી, સતી અંજના જેવા ધર્માત્માઓ ઉપર કંપાવનાર આકરો અશાતાનો ઉદય આવી પડવા છતાં પણ ધર્માત્માની પરિણતિ અકંપપણે જ રહે છે.

ગમે તેવા આકરા અશાતાના સંયોગકાળે પણ ધર્માત્મા એમ વિચારે છે કે આ પ્રસંગમાં તો ખરેખર સત્તામાં રહેલું અશાતા કર્મ ખરી જાય છે, અને પોતાના સ્વભાવ સન્મુખ વૃદ્ધિને પામે છે, ઉદાસીન વૃત્તિમાં રહે છે. તેથી બહારમાં પ્રતિકૂળતા આવવા છતાં ખરેખર તો પ્રતિકૂળતા ટળી જાય છે અને જેટલું અશાતા કર્મ ખર્યું તેટલા ઋણમાંથી મુક્ત થઈ ગયા. તો આ પ્રસંગે મારું ઈષ્ટ—અનિષ્ટ શું થયું છે? —'કાંઈપણ નહીં.'

આ પ્રસંગમાં ધર્મી જીવ કર્મ—નિર્જરાના વિચાર કરી, પોતાની પરિણતિથી ધૈર્ય અને શાંતિ સમાધાન રાખી રહ્યા છે.

વળી પ્રતિકૂળતાના પ્રસંગમાં અજ્ઞાની શું ન કરે? અજ્ઞાનીની દૃષ્ટિ જ અજ્ઞાન છે માટે અજ્ઞાનપણે કષાયવશ થઈ જાય છે અને કષાયથી લાળ વધારે છે.

## અહો ધન્ય છે તુજ અકંપ દશાને !!

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થાય ત્યારે સમ્યગ્જ્ઞાન હોય?

ઉત્તર :—હા. સમ્યગ્દર્શન થાય ત્યારે સમ્યગ્જ્ઞાન હોય જ. બંને સાથે જ હોય.

પ્રશ્ન :—અનુભવ કરવા માટે શું કરવું?

ઉત્તર :—અનુભવ કરવા માટે તીવ્ર ઝંખના, પુરુષાર્થ, ધીરજપૂર્વક પુરુષાર્થ કરી આગળ વધતો જાય. વધતાં—વધતાં પહેલાં જ્ઞાનમાં પ્રથમ ભૂમિકાને પકડે, જ્ઞાયક સત્તાભૂમિમાંથી ઊપડેલો નિર્ણય જ્ઞાન તે હું એવો સમ્યકજ્ઞાનનો નિર્ણય ઉપડે છે. એ જાતનો નિર્ણય પામ્યા પહેલાં હોય છે, પછી વારંવાર અંદર જવા માટે પ્રયત્ન કરે ખૂબ જિજ્ઞાસા—તાલાવેલીપૂર્વક તેની પાછળ લાગે. લૌકિકમાં કહે છે કે જેની પાછળ પડે તેનું મૂળ ઊખેડી કાઢે. તેમ આ નિર્ણય સત્તાભૂમિ—જ્ઞાયકને પકડવા જાય છે ત્યાં મિથ્યાત્વના મૂળને ઊખેડી નાખે છે.

આત્માની સન્મુખ જાય ત્યારે
વારી જવાય છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પ્રશ્ન :—સમ્યગ્જ્ઞાન થયા પહેલાં શું દેખાય?

ઉત્તર :—અજ્ઞાનમાં તો પહેલા અંધાધૂંધી દેખાતી હતી. તેમાં અનંતગુણ—સ્વરૂપ જ્ઞાન પ્રકાશમાં આવ્યું, ખાત્રી થઈ, પોતાનું સ્વરૂપ જોયું. સિદ્ધ ભગવાને પૂર્ણ પ્રગટ કર્યું તેવું મને અંશે પ્રગટ થયું, એટલે મોક્ષ થયો.

પ્રશ્ન :—જ્ઞાન પ્રકાશનો પૂંજ કેવો દેખાયો?

ઉત્તર :—એકલું જ્ઞાન જ નહિ પણ અનંતગુણો ઊછળ્યા, તે સર્વ પોતાને જણાય, જ્યારે અનુભવ કરે ત્યારે તો વેદન જ હોય—વેદન જ કરે છે, વિકલ્પ આવ્યા પછી ખ્યાલમાં આવે છે અહા...... આવું મારુ સ્વરૂપ!! આવો હું એકલો આનંદસ્વરૂપ! ખાતાં—પીતા બધું કરતો દેખાવા છતાં અંદરમાં જ પરિણતિ કામ કરે છે.

પ્રશ્ન :—પરિણતિમાં ગુણો જણાય?

ઉત્તર :—હા. અનુભવ વખતે બધા ગુણો વેદનમાં આવે છે, એટલે પરિણતિમાં બધા ગુણો જણાય એમ કહેવાય.

પ્રશ્ન :—બીજો કોઈ માર્ગ હોય?

ઉત્તર :—ના. એક જ માર્ગથી પૂર્ણ થવાય છે. સ્વરૂપમાં સ્થિરતા વધતાં—વધતાં પૂર્ણ થાય. કારણ સમયસારરૂપી દોર હાથમાં વ્યવહારે આવી જાય છે, આ વ્યવહાર નિશ્ચય લાવે જ. કારણમાં પાકો ખ્યાલમાં આવી જ જાય, કે આ હું જ છું. પોતાનો અનુભવ પોતાને જ છે પછી પૂછવા કોને જવું! પરની અપેક્ષા વિનાનો પોતાથી ઊપડેલો છે. તેને બીજાને પૂછવાનું રહ્યું જ ક્યાં? કારણ સમ્યગ્દર્શન જેને કહે છે—સવિકલ્પ કહે છે, આવું કોઈને પહેલાં થાય. કોઈને બધું સાથે થઈ જાય. જેવી જીવોની યોગ્યતા આ કારણ સમ્યગ્દર્શન એવું કે કાર્ય લાવે જ—નિર્વિકલ્પતા આવે જ. ખરો જીવ ઊપડેલો છે તે સવિકલ્પમાં સંતોષાઈને અટકી ન જાય એ નિર્વિકલ્તાએ પહોંચ્યે જ છૂટકો.

છદ્મસ્થને આત્મા હૃદયમાં બિરાજે છે. ઉપયોગ અંદરમાં જાય ત્યારે મનનો સહારો ગૌણપણે રહે છે અને નિર્વિકલ્પમાં મનનો સંબંધ જે બુદ્ધિપૂર્વકનો છે તે છૂટી જાય છે. અનુભવ પછી પોતાની પરિણતિ દ્રઢતાપૂર્વક કામ કરે છે અને નિઃશંક થઈ જાય છે, સમયે—સમયે આરાધના કરતો જાય છે.

પ્રશ્ન :—ચોથા—ગુણસ્થાને પરિણતિમાં એકદમ સ્થિરતા વધે?

ઉત્તર :—ચોથા ગુણસ્થાને એવું બને કે જો ઉપયોગમાં લીન થાય તો એકદમ અપ્રમત્ત—પ્રમત્ત થઈ જાય અને ગુરુ પાસે પણ ન જઈ શકે, એકદમ ઉપયોગમાં જ લીન થઈ જાય. જુઓ

ચૈતન્ય સન્મુખ થાય ત્યારે ચૈતન્ય-
ગુણોની આરતી ઉતારે છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

બાહુબલીજીને એકદમ વૈરાગ્ય આવ્યો અને ચોથા ગુણસ્થાનથી સીધા સાતમે આવ્યા, ભરતજીને એકદમ ઘરમાં જ વૈરાગ્ય આવ્યો અને બહાર પણ ન જઈ શક્યા. ત્યાં બગીચામાં જ મુનિપણું, કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા.

બાહુબલીજી ૧૨ મહિના સુધી એક આસને રહ્યા, પરિણતિમાં જેટલી ગાઢપતા હોય એટલો ઉપયોગ જોરદાર થાય અને મંદતા હોય તો તેવું કામ થાય.

જો પરિણતિમાં ગાઢપતા વધારે તેમ ઉપયોગ જલ્દી–જલ્દી અંદર આવી જાય અને જો પરિણતિમાં મંદતા હોય તો ઉપયોગ લાંબા ટાઈમે અંદર આવે. એમ ચોથા ગુણસ્થાનવાળામાં ઘણા પ્રકાર છે અને પાંચમામાં પણ અનેક પ્રકાર છે. આ બધું કેવળી ગમ્ય છે.

પ્રશ્ન :–પરિણતિ જોરદાર કામ કરે કે ઉપયોગ?

ઉત્તર :–ઉપયોગ જોરદાર કામ કરે છે મારે ઉપયોગ જ જોરદાર કામ કરે છે. શુદ્ધ પરિણતિને લાવવાનું કામ ઉપયોગ જ કરે છે.

પ્રશ્ન :–એક સમયની પર્યાય કોની?

ઉત્તર :–ઉપયોગની જ પર્યાય છે તે જ ચૈતન્યનું મશીન ચલાવે છે–જ્ઞાન જ મશીન ચલાવે છે.

પ્રશ્ન :–સમ્યગ્જ્ઞાન પહેલાં કેવા પરિણામ હોય

ઉત્તર :—સમ્યગ્જ્ઞાન થયા પહેલાંના પરિણામમાં બહારમાં ઉદાસીનતા હોય, સરળતા હોય, સ્વરૂપ તરફની રૂચિ જોરદાર હોય, આત્માની પ્રાપ્તિ તરફનો રસ વધુ હોય અને બહારનો રસ ઓછો થઈ જાય.

પ્રશ્ન :—સમ્યક્ત્વ થયા પહેલા મૂંઝવણ થાય?

ઉત્તર :—મૂંઝવણ થાય તો મૂંઝવણ ટાળવાનો રસ્તો કરી લ્યે, મૂંઝાય નહિ પણ મૂંઝવણ ટાળે. વિવેક કરીને રસ્તો કરી લ્યે, કોઈને અનિત્યતા દેખાય તો બહારથી વૈરાગ્ય તરફ વાળે.

પ્રશ્ન :—બીજો કોઈ રાજમાર્ગ હશે?

ઉત્તર :—કોઈ જીવને દેવ–શાસ્ત્ર–ગુરુનું બહુમાન અને મહિમા આવતા પામી જાય. કોઈ વૈરાગ્યમાંથી પામે. અનેક જીવોના અનેક પ્રકાર છે એક જ નિયમ નથી અને છતાં મુખ્યણે જ્ઞાનના સ્વરૂપનું ચિંતવન વધારે રહેતું હોય તે નજીકનું કારણ છે આ જ રાજમાર્ગ છે, પોતાના સ્વરૂપનું ચિંતવન કરવું તે જ રાજમાર્ગ છે.

આત્માથી આત્માની સંધી મેળવો.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પૂજ્ય બેનની શત્રુંજયગિરીની યાત્રા

પૂ. બેનને પગે ફેક્ચર થયું હતું તે પગ સારો થયા પછી પહેલવહેલા મંદિરે પધાર્યા ત્યાર પછી શત્રુંજયગિરી નજીક હોવાથી પૂજ્ય બેનને યાત્રાની ભાવના હતી જેથી ત્યાં ઘણા મુમુક્ષુઓ સાથે પધાર્યા અને તળેટીમાં ખૂબ જ પાંડવ મુનિરાજોને યાદ કરી કરીને અને ક્યારે આવું મુનિપદ પ્રાપ્ત થાય એવી ભાવના સહિત ભક્તિ પૂજન કર્યા અને શત્રુંજય તીર્થ ઉપર બેઠા બેઠા લખેલા પૂ. બેનના હસ્તાક્ષર.

પૂ. બેને પોતાના જીવનમાં ઘણા ચડ–ઉતર પ્રસંગો જોયા હતા, છતાં કોઈ પણ પ્રસંગમાં લેપાતા ન હતા અને ગમે તેવા આકરા પ્રસંગમાં પણ આનંદ માલતા અને કુદરત પર વિશ્વાસ રાખતા. ઘણી વાર કહેતા કે ચોથાકાળમાં મહામુનિઓને, સતીઓને પણ ઉપસર્ગના આકરા પ્રસંગો આવતા તો આપણને આ કાળે આવે તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

---



આત્મબળ કેળવતા શીખો.

આજની દેરાના દર્શનો

અનંત અનંત ભક્તિ પૂર્વક
શાંતિનાથ ભગવાનને
નમસ્કાર હો નમસ્કાર હો

શ્રી શત્રુંજય તીર્થ પર
પાંડવ આદિ મહામુનિરાજ
ઉપસર્ગો પરીસહો જીતી
પ્રાપ્ત કરી પૂર્ણજ્ઞાન આનંદ
પ્રાપ્ત કરીને આત્માના
પૂર્ણ સિદ્ધિનો આ શત્રુંજય
તીર્થ પર સિદ્ધિ પ્રાપ્ત કરી
તે આઠ ક્રોડ મહામુનિરાજને
અનંત અનંત ભક્તિ
પૂર્વક નમસ્કાર હો
વારંવાર નમસ્કાર હો!

પૂ. બેન કહેતા કે પૂ. ગુરુદેવના પ્રતાપથી જે આત્મદર્શન પ્રાપ્ત થયું છે તે અપ્રતીહત ધારાએ થયું છે અને ભવિષ્યમાં પણ તે ધારા વૃદ્ધિને પામીને પૂર્ણતાને પ્રાપ્ત થશે, પ્રસંગોપાત પૂ. બેને પોતામાં શાંતિ અને સમતા ઘણી જ રાખી હતી. તેથી તેમને ઘણું લાભનું કારણ થયું હતું અને જ્ઞાયકદેવ વૃદ્ધિને પામ્યા હતા.

સમ્યગ્દર્શન થતાં જળહળતી
જાજ્વલ્યમાન જ્યોત પ્રગટે છે.

# પૂજ્ય ગુરુદેવના અંતિમ સમયે અગાઉથી હાજર રહેલ પૂ. બેન (વિ.સં. ૨૦૩૭–ઈ.સ. ૧૯૮૦)

પૂ. બેન શાન્તાબેન પૂ. ગુરુદેવના અનન્ય અને અંતેવાસી ભક્ત હતા. પૂ. શ્રી ગુરુદેવ સોનગઢ પધાર્યા ત્યારથી સાથે ને સાથે જ હતા. પણ પૂ. શ્રી ગુરુદેવની અંતિમ સ્થિતિ વખતે પણ ત્યાં હાજર હતા. તે વખતની પરિસ્થિતિનું વર્ણન પૂ. બેનના હૃદયોદ્‌ગાર ટેપ ઉપરથી ઉતારેલ છે તે નીચે પ્રમાણે છે :

(એક મુમુક્ષુએ પૂ. ગુરુદેવની પરિસ્થિતિ વિષે પૂછતાં તેનો પૂ. બેને આપેલ ઉત્તર)

મેં તો જ્યાં સાંભળ્યું કે ઓપરેશન બુધવારનું છે એટલે હું તો રવિવારે રાતના મુંબઈ જવા રવાના થઈ ગઈ. ગુરુદેવના દર્શન મંગળવારે સવારે ૧૦ વાગે કરવા ગયા. કોઈએ ગુરુદેવને કહ્યું કે બેન આવ્યા–શાન્તાબેન આવ્યા છે એમ! અહીં આવ્યા છે શાન્તાબેન? અહીં તો આવ્યા છે પણ હોસ્પિટલમાં હમણાં આવશે. એમ! પૂ. ગુરુદેવ આશ્ચર્યથી બોલ્યા, ખૂબ પ્રીતિથી અને પ્રેમથી બોલ્યા હતા. પછી તરત જ અમે અંદર ગયા, દર્શન કર્યા અને મેં પૂછ્‌યું ગુરુદેવ, આપની તબિયત કેમ છે? તો એકદમ હસ્યા ત્યારે સારૂં હતું એટલે હસતા–હસતા ડોક્ટર ચંદુભાઈ ઊભા હતા તેની સામે જોઈને આ ડોક્ટરના હાથમાં આવી પડ્યા છીએ. અત્યારે તો ડોક્ટરના હાથમાં છીએ. પછી અમને પૂછ્‌યું કે શેમાં આવ્યા તમે? અમે કહ્યું રેલમાં આવ્યા સાહેબ. પછી કહે બેનને (બેનશ્રીને) કેમ છે? તો મેં કહ્યું કે જે છે તેમ છે. પછી મેં કહ્યું સાહેબ આપના ઓપરેશનનું સાંભળ્યું એટલે મારાથી રહી શકાયું નહિ, એટલે હું આવી છું. તો કહે ભલે આવ્યા....ભલે આવ્યા, એકદમ સંતોષ થયો અને ત્રણ–ચારવાર બોલ્યા, ખૂબ પ્રમોદ બતાવ્યો. હું હોસ્પિટલમાં એક વખત જતી હતી. બીજાને જવા નહોતા દેતા. પણ હું એક વખત જાઉં તબિયતના ખબર પૂછું. બીજે દિવસે તો ઓપરેશન હતું, બુધવારે ઓપરેશન નવ વાગે થયું. અમે ૯।। વાગે ગયા તો ઓપરેશન થઈ ગયું હતું. ઠીક થયું કે મારે તો ઓપરેશન પછી જ ગુરુદેવને જોવા હતા. પછી જ તબિયત કેમ રહે છે તે જ મારે જોવી હતી. શાંતિથી સૂતા પછી હું ગઈ ત્યારે ચંદુભાઈ ડોક્ટરે કહ્યું કે પૂ. બેન આવ્યા છે અને આપની ખબર પૂછે છે. પૂ. ગુરુદેવને નબળાઈ તો હતી તેથી સૂતા હતા પણ મારી સામે જોયુ અને હાથના ઈશારાથી કહ્યું કે ઠીક છે. પછી તો રોજ જાતી હતી. ક્યારેક સૂતા હોય તો ક્યારેક બેઠા હોય. થોડા દિવસ બાદ એટલે કે શુક્રવારના ચાર દિવસ પહેલાં પૂ. ગુરુદેવને નબળાઈ ઘણી લાગતી હતી. હું ગઈ ત્યારે છાશ પીતા હતા. મારી સામે જોઈને કહે કે મારે આ છાશ નથી પીવી, મારે કાંઈ પીવું નથી. મારે તો સંથારો કરવો છે બેન! મારે સંથારો કરવો છે ગ્લાસ નીચે મૂકીને કહે મારે કાંઈ પીવું નથી. મને ભૂખ લાગતી નથી અને શરીરમાં કાંઈ શક્તિ નથી. હવે મારે સંથારો કરવો છે એમ સન્યાસ ધારણ કરી નાખ્યું. આ વાતની હા તો કોણ પાડે? મેં કીધું કે ગુરુદેવ!

આત્મ ઉપયોગ જ્યારે નિર્વિકલ્પપણે હોય છે ત્યારે જ ખરો આનંદ અને ખરું સુખ વેદાય છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

આપની તબિયત ઠીક થઈ જશે, થોડું અનાજ પેટમાં જશે તો સારું થઈ જશે. પછી ચંદુભાઈ ડોક્ટર હતા તેણે ખોળામાં માથું મૂકી દીધું અને કહે કે ગુરુદેવ છાશ પી લ્યો આપ એમ નહિ કરો તો આપને સારું થઈ જશે. બધા કહેવા મંડ્યા એટલે કાંઈ બોલ્યા નહિ અને છાશ પી લીધી.

છેલ્લા ગુરુવારે સાંજે ૪ વાગે પૂ. ગુરુદેવ પાસે હોસ્પિટલમાં ગઈ ત્યાં તો જોઈને જ થયું કે ગુરુદેવના મુખ ઉપર તાવનો ઊભરો ઘણો જ હતો. તે જ જોઈને ધ્રાસકો પડ્યો કે હવે આ ગુરુની અંતિમ દશા છે. જ્યાં નજીક જઈને જોયું તો શ્વાસ નાભીથી શરૂ થઈ ગયો હતો. પછી પૂછ્યું કે કેટલો તાવ છે? ઘણો હતો. સાંજે ઘરે ગયા પરંતુ ક્યાંય ચેન ન પડે. વારંવાર ટેલિફોનથી સમાચાર પૂછવા ભાઈને કહેતી હતી. ત્યાં રાતના બે વાગે ફોન આવ્યો કે સારું નથી જેથી મુકુંદભાઈ તો રાતના જ ગયા પરંતુ મને ખબર ન આપ્યા. શુક્રવારે સવારે જઈને જોયું તો સ્થિતિ ગઈકાલે હતી તેમ જ હતી, પાંચ–પાંચ મિનિટે રૂમમાં જાઉં પણ શું કરું? જેવી તબિયત દેખાતી હતી તે જોઈ તેનું જ્ઞાન કર્યું. બધાની સાથે સાથે કાનમાં નમસ્કારમંત્ર સંભળાવ્યા. છેલ્લા શ્વાસોશ્વાસ હતા ત્યાં સુધી ત્યાં ને ત્યાં ઊભી રહી. બસ, ૭-૫ કલાકે તો ગુરુદેવ ચાલ્યા ગયા. આપણા સર્વના નાથ, રક્ષણહાર, ભક્તના ભગવાન દેવલોકમાં ચાલ્યા ગયા. તેઓશ્રી તો એકદમ ભગવાનના ધામમાં પહોંચી ગયા, ત્યાં એમને બધું સારું મળી ગયું. પણ આપણને વિરહ પડી ગયો. એ વિરહ તો ધીરે ધીરે ભૂલાશે, આટલો બધો સદ્‌ગુરુ ઉપર પ્રેમ એ કેમ ભૂલાય.

પ્રશ્ન :—પૂ. ગુરુદેવનો દેહ છૂટ્યો ત્યારે આપને એકદમ શાંતિ રહી?


ઉત્તર :—શાંતિ રાખી, રોવાઈ પણ ગયું અને આંખમાંથી અશ્રુની ધારા પણ થઈ, રહી શકાયું નહીં. એકદમ ઉદાસીનતા અને વૈરાગ્ય થઈ ગયો કે જગતનું આવું અનિત્ય સ્વરૂપ છે તેથી જગતથી ઉદાસીન થઈ જવાય છે અને અનિત્યતાનો પ્રસંગ આપણા આ સદ્‌ગુરુ ઉપર જ નિમિત્તરૂપે આવ્યો તે જોઈને વૈરાગ્ય આવી જાય. આ પ્રસંગ તો ભારતભરમાં ઘણો જ વૈરાગ્યમય અને દુઃખદાયી છે માટે બધાએ હવે વૈરાગ્યપૂર્વક આત્માનું કાર્ય કરી લેવા જેવું છે. આ ગુરુનો વિરહ કેમ સહ્યો જશે? જેના શરણે આખું જીવન હતું. આ ગુરુદેવનો ઉપકાર ભવોભવ સુધી નહિ ભૂલાય. આત્માની આરાધના કરીને જલ્દી તેમના ચરણમાં જઈએ એ જ ભાવના.

પ્રશ્ન :—અમને આવો આઘાત સહન કરવા માટે મંત્ર અને શક્તિ આપો.

ઉત્તર :—પૂ. બેને કહ્યું કે આ મનુષ્ય જીવન થોડું છે, તો જેટલું જીવન બાકી છે તેમાં આત્માની ખૂબ આરાધના કરવી તો ભગવાનના ધામ પહોંચી જઈએ એટલે ગુરુદેવ મળી જાય.

હર એક શ્વાસે ચૈતન્યદેવનો પુરુષાર્થ કરવો.

# પૂજ્ય ગુરુદેવને આપેલી શ્રદ્ધાંજલિ તે
# પૂ. શાન્તાબેનના હસ્તાક્ષરમાં


અહો! ઉપકાર ગુરુદેવનો
આજ પૂ. ગુરુદેવના સમાધિનો દિવસ છે. ગુરુદેવની
[illegible]
આ દાયકામાં આપણે કાયમ રહેવું જો ગુરુદેવના [illegible]
આપણી સમાધિ કરવી પરંતુ [illegible] કાંઈ પણ વખત
પૂજ્ય ગુરુદેવ આપણા સૌ આત્મજ્ઞાનીઓને મુકીને ચાલ્યા
ગયા તો આપણે સૌ તેમના ઉપકારમાં રહ્યા.
આપણે ભાવના ભાવવાની કે પૂ. ગુરુદેવે જે ચૈતન્ય
ચમત્કાર આત્માનો આપણને બતાવી ગયા છે તે
ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ આત્માના પૂર્ણ આરાધન
કરીને આપણે ગુરુદેવના ચરણો જ મુક્તિમાં પહોંચી
શાશ્વત આનંદમાં રહીએ. ગુરુદેવનો તો ઉપકાર
અપાર છે તેમના ઉપકારને તો મોક્ષ પામતા સુધી
ભુલાય તેમ નથી. પૂ. ગુરુદેવે તત્ત્વજ્ઞાનનો પ્રચાર
કર્યો સારા ભારતભરમાં ગુરુદેવનો પ્રભાવ
વર્તી રહ્યો છે. આપણે [illegible] સુધી
ના મુમુક્ષુઓ [illegible] ઉલ્લાસ [illegible]
છે તો બધો પ્રતાપ પૂ. ગુરુદેવનો છે.
ગુરુદેવ તો ચૈતન્ય આત્માના આરાધના કરીને
રહ્યા છે આપણે પણ ચૈતન્ય આત્માની
પૂર્ણ આરાધના કરીને તેની સાથે શાશ્વતધામમાં
રહીએ એજ ભાવના છે

# પૂજ્ય ગુરુદેવના અનુપમ ઉપકાર પ્રત્યે પૂ. બેને વ્યક્ત કરેલો ભાવ

પૂ. ગુરુદેવે તો એટલો ઉપકાર કર્યો છે, એટલું અધ્યાત્મજ્ઞાન આપ્યું છે કે ગુરુદેવ તો આપણી જિંદગીભર—આપણા છેલ્લા શ્વાસ સુધી આપણે ભૂલી શકીએ તેમ નથી, એટલો એમનો પરમ પરમ ઉપકાર છે. આવા મહાન પુરુષ આ પૃથ્વી ઉપર બધા ભક્તોના પુણ્યને લઈને વિચર્યા. આખા હિન્દુસ્તાનમાં ફર્યા. એટલો વાત્સલ્ય પ્રેમ, એટલા ધર્મ પ્રત્યે અધ્યાત્મથી ઓતપ્રોત થયેલા—એકદમ અધ્યાત્મના રંગમાં રંગાયેલ. જગતની ઉપેક્ષા, એક આત્માની જ અપેક્ષા—કોઈની અપેક્ષા નહિ એવા નિસ્પૃહ પુરુષ હતા. એકદમ નિખાલસતા, સરળતા, મૃદુ—કોમળ હૃદય, જ્ઞાનની એટલી તીક્ષ્ણતા, એવા પુરુષનો એટલો પ્રભાવ કે માણસ એની વાણીમાં મુગ્ધ થઈ જાય વાણી સાંભળ્યા જ કરીએ, તૃપ્તિ જ ન થાય, એવી વાણીમાં મધુરતા તે પણ તત્ત્વજ્ઞાન સહિતની મધુરતા. તેથી તેમના પ્રતાપે લાખો જીવો તત્ત્વના અંતર પ્રેમી થઈ ગયા. બાળકથી માંડીને વૃદ્ધ બધા ગુરુદેવ.......ગુરુદેવ કરે બધાના હૃદયમાં પેસી ગયા છે. બધાના અંતર આત્મામાં ઊતરી ગયા છે. પૂ. ગુરુદેવે ૯૧ વરસ સુધી અમૃત જ રેડ્યું છે બધાના હૃદયમાં, એ અમૃત વાણીને યાદ કરી કરીને પોતાના આત્માને પણ એવો ઉજ્જ્વળ બનાવીને પોતાના આત્માનું કલ્યાણ કરીને જીવનની સફળતા કરવી તે તેમના ઉપદેશનું ફળ છે. એમના ઉપદેશનું નિમિત્ત લઈને જીવનની આરાધના સૌએ કરવી. એમના ઉપદેશમાં ચોખ્ખે ચોખ્ખો દિગંબર સનાતન માર્ગ આવ્યો છે. કુંદકુંદ આચાર્ય દેવના હૃદયમાં વસી ગયા છે, ત્યાં અત્યારે મળી આવ્યા હશે. તેઓને તો અત્યારે સારો યોગ મળ્યો છે સારા દેવ થયા છે અને તીર્થંકરની વાણી સાંભળે છે અને આનંદમંગળ કરે છે, તે તો આપણા જ્ઞાનથી આપણે જાણી લઈએ છીએ તેઓ તો આનંદમંગળ કરે છે, પણ આપણને અહીં એમનો વિરહ પડી ગયો. વિરહમાં પણ આપણે ઉદાસીનભાવે આત્માનું કલ્યાણ કરીને કષાયની મંદતા કરીને આત્માનું સેવન કરવું તે આપણને આપી ગયા છે, તેવા આત્માની આરાધના કરી. ગુરુદેવને તો જેટલા—જેટલા શબ્દોમાં યાદ કરીએ તો પણ તૃપ્તિ થાય તેમ નથી, એટલો એમનો ઉપકાર છે—ઉપકારનો કોઈ પાર નથી. પોતે પોતાના આત્માની શુદ્ધિ કરતા ગયા છેલ્લે છેલ્લે કહેતાં કે મારા તરફથી કોઈને દુઃખ થયું હોય તો ક્ષમા માંગુ છું. મારે બધા મિત્ર છે, મારા કોઈ વિરોધી નથી. બધા આત્મા છે મારો ચૈતન્યપ્રભુ છે એવા બધા પ્રભુ છે. પ્રભુ કહીને જ બોલાવતા—'બધા ભગવાન છે' એમ કહીને આપણા ઉપર ઘણો ઘણો ઉપકાર કર્યો છે. એમના તો જેટલા ગુણગાન અને વર્ણન કરીએ તેટલા ઓછા છે. એમનું વર્ણન કરવાની પણ વાણીમાં શક્તિ નથી, એટલી જ્ઞાનની તીક્ષ્ણતા, એટલી જ્ઞાનની વિચિક્ષણતા કે સમયસારાદિ શાસ્ત્રમાં આચાર્યે શું કીધું છે તે જ્ઞાનની તીક્ષ્ણતાથી કાઢ્યું છે, પોતાની જાતે, તેમને માથે કોઈ ગુરુ નહોતા, કોઈ માર્ગ બતાવનાર ન હતું, નથી કોઈ શ્રુતકેવળી મળ્યા કે નથી મળ્યા કોઈ અધ્યાત્મપ્રેમી—શ્રીમદ્ રાજચંદ્રજી પણ નથી મળ્યા. આત્માની

ચૈતન્યનો જન્મ થતાં સમ્યકદર્શનરૂપી ઈન્દ્ર
ચૈતન્યને અનંતા ગુણોથી નિહાળે છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

સાચી રૂચિ અને સાચો માર્ગ પામવાની ધગશ એના વડે કરીને પોતે સાચો માર્ગ શોધી કાઢ્યો. શાસ્ત્રોમાં સાચું શું છે તેવી શોધવાની લગની આવી સાચી લગની હતી એટલે સાચું મળી ગયું. સાચું પણ પોતાના સમ્યક જ્ઞાનની જિજ્ઞાસા અને તીક્ષ્ણતા વડે આચાર્યોના હૃદય જાણી લીધા, આપણને બધાને તો તૈયાર કરીને માલ આપ્યો કે દિગંબર ધર્મ સાચો છે. અનાદિનો છે અને આત્માનો ધર્મ છે. આવો પોકાર કરીને ભક્તોને એટલા દ્રઢ કર્યા અને પોતાની આવી દ્રઢતાની લાખો ભક્ત ઉપર આવી છાપ પડી ગઈ. વાહ.......વાહ ગુરુદેવ! આપ કહો છો તે વાત સત્ય છે. આવા ભક્તો પણ અડગ થઈ ગયા તે અડગતાનું મૂળ કારણ ગુરુદેવ છે. એવી તેમનામાં એક અદ્ભૂત શક્તિ હતી. પ્રભાવનાની કે તીર્થંકર તુલ્ય તો અત્યારે ન હતા પણ તીર્થંકરનો એક અંશ તેમનામાં અત્યારે હતો–તીર્થંકર જેવો એક અતિશય તેમનામાં હતો કે જે આવે તે તેમના પ્રભાવમાં એકદમ લીન થઈ જતા હતા અને સાચું જ ગ્રહણ કરતા હતા અને સાચું જ કહેતા હતા. તેમના હૃદયમાં કાંઈક અને બહાર કાંઈક એવું તેમને કોઈ 'દિ આવડ્યું જ નથી સીધી સરળ વાત જ હૃદયમાં હોય તે બહાર. એવું સ્ફટિક જેવું હૃદય તેમના આત્માની જોરદાર અસર ભક્તો ઉપર થઈ છે. આવું ગુરુદેવનું નિમિત્તમાં પ્રબળપણું હતું. આવા મહાપુરુષ આ પૃથ્વી ઉપર તો હવે જોયા નથી અને કેટલા કાળે થાય તે તો ભગવાન કેવળજ્ઞાની જાણે. આપણે તો વર્તમાનમાં ગુરુદેવ થયા. એમનું જીવનથી માંડીને અત્યાર સુધી બધું જોયા કરીએ છીએ અને જાણ્યા કરીએ છીએ અને આપણા આત્મામાં મહાન લાભ થયો–આપણા આત્માનો ઉદ્ધાર કર્યો, આપણા આત્માના ભવનો અંત લાવ્યા અને આવી જ્ઞાનજ્યોતિ ગુરુદેવના પ્રતાપે પ્રગટી તેથી તેમનો મહાન મહાન ઉપકાર છે. એ ઉપકાર કોઈ દિવસ ભૂલી શકાય તેમ નથી. આપણા જિંદગીના છેલ્લા શ્વાસ સુધી ગુરુદેવ ભૂલાય તેમ નથી. વારંવાર યાદ આવ્યા કરે છે. આવા ગુરુદેવના અત્યારે તો ગુણગાન કરવા જ ગમે છે, આવા મહાપુરુષ હતા. આવા ગુરુદેવ આ પૃથ્વી પરથી ચાલ્યા ગયા અહીં અંધકાર થઈ ગયો ત્યાં દેવલોકમાં પ્રકાશ થયો. પણ તેમની દિવ્ય વાણી મુકતા ગયા છે તેમની વાણીને લઈને જાણે પ્રકાશ જાગતો જ કેમ હોય તેમ દેખાય છે. જાણે સાક્ષાત્ જ વાણી હોય અને સાક્ષાત્ બોલતા હોય તેવી જીવંત વાણી મૂકી ગયા છે, જાણે ગુરુદેવ હાજર જ હોય એવો પણ પ્રતિભાસ આત્મામાંથી થાય છે. ઘડીભર તેમનો વિરહ ભૂલાય જાય છે. એવી વાણી છે. એમનો પરમ પરમ ઉપકાર આપણા હૃદયને વિષે કાયમ માટે વસો અને એમનું સ્મરણ કરીને આપણા આત્માની આરાધના કરીએ. આપણે પણ એમના પંથે અને એમના ચરણમાં જલ્દી પહોંચી જઈએ એવી બધાએ ભાવના કરવી.

ભગવાનની જિનવાણીમાં રમણતા કરે છે
તે શુદ્ધ આત્માને ગ્રહણ કરે છે.

# પૂજ્ય બેન શાન્તાબેને રચેલું 'ગુરુ વિરહ' ગીત

અહો ગુરુ ભાનુ ભારતના અંધેરા જગતમાં કીધા,
વીત્યા માસ આઠ તોયે ના દર્શન અમને જરા દીધા.......૧

સ્વાનુભૂતિથી ઝળકેલા ચૈતન્ય તેજથી ચમકેલા,
આતમ તેજેથી દીપેલા ગયા ક્યાં કહાનગુરુ વહાલા........૨

હિંદમાં ગુરુ હતા મોટા જડે નહિ ક્યાંય તુજ જોટા,
ગુરુ વિરહા પડ્યા મોટા જઈને સ્વર્ગમાં બેઠા........૩

ગુરુ તમે જ્ઞાન ગંભીરા ઉછાળ્યા શ્રુતના દરિયા,
અચિંત્ય ગુણથી ભરિયા સેવક તુમ ભક્તિના રસિયા......૪

ગુરુ ગુરુ ઝંખના થાએ ગુરુ વિન ચેન ના પાએ,
ગુરુ વિન રાત–દિન જાએ મળીશું શાશ્વતા ધામે.......૫

ગુરુનું નામ અમર હોજો ગુરુનું ધામ અમર હોજો,
તમારી સાધના જ્યાં હો અમારો વાસ ત્યાં હોજો......૬

ચૈતન્ય આનંદ દેનારી જ્ઞાયક સાક્ષાત્ કરનારી,
પ્રજ્ઞાછીણીમાં જ રમનારી અહો અહો ગુરુ કહાનની વાણી......૭

ચૈતન્ય તલ સ્પર્શતી વાણી સેવકને પાય છે પાણી,
મુમુક્ષુને મુગ્ધ કરનારી જય જય ગુરુકહાનની વાણી.......૮


મુનિવર મહિમા ગુરુ ગાતા સંયમની ભાવના ભાતા,
જિનેશ્વર મારગે જાતા થશે ગુરુ ધ્યાનના ધ્યાતા.......૯

ગુરુવર બોધને પામી દ્રષ્ટિ ચૈતન્યમાં જામી,
શાશ્વત એ ધામને પામી થશું આનંદના ધામી........૧૦

એકવાર ઉત્સાહ તો લાવે, અહો!!! મારો
આત્મા આવો પરમાત્મા સ્વરૂપ છે.

# શાશ્વત તીર્થાધિરાજ સમ્મેદ શિખરજી વગેરે તીર્થ સંબંધી પૂજ્ય બેને લખેલા ભાવો

## પૂજ્ય બેને સંઘસહિત કહાનગુરુદેવની સ્મૃતિમાં વિદિશાથી ટ્રેઈન દ્વારા શાશ્વત તીર્થધામ સમ્મેદ શિખરજીની યાત્રા કરવા પધાર્યા




ભરત ક્ષેત્રમાં અધ્યાત્મ પિપાસુ, જેમનો પરમ–પરમ ઉપકાર આ ભવ્યજનો ઉપર વર્તી રહ્યો છે. એવા અધ્યાત્મ યોગી કહાનગુરુએ ભવ્યજનોને આત્મા બતાવ્યો અને આત્માની પૂર્ણતા પ્રાપ્ત થયેલા, એવા વીસ તીર્થંકરોએ શાશ્વત સિદ્ધિધામ શિખરજીથી પૂર્ણતા પ્રાપ્ત કરી, એ ધામના દર્શને તથા પૂર્ણતાને પ્રાપ્ત થયેલા તીર્થંકરોના સ્મરણ હેતુ, તીર્થવંદના અનેક તીર્થોની સંઘસહિત બધાને કરાવી.

કહાનગુરુદેવે સંઘસહિત વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) માં શાશ્વત તીર્થધામ સમ્મેદ શિખરજી આદિ તીર્થોની યાત્રા ત્રણ મહિના સુધી કરી હતી.

એ સમયના આનંદનું શું વર્ણન કરવું? આજે પણ યાદ કરતા રોમરાય ઉલ્લસી જાય છે! તેઓશ્રીએ અંતર–બાહ્ય તીર્થોની નિજ વૈભવથી સ્થાપના કરી, અને બધા યાત્રીઓએ મંત્ર મુગ્ધ બનીને આનંદ લુટ્યો હતો.

આજે કહાનગુરુદેવની સ્મૃતિમાં એ શીતલનાથ ભગવાનની યાત્રાનો વિકલ્પ આવ્યો અને ભક્તોએ અભૂતપૂર્વ સ્પેશ્યલ ટ્રેઈનની યાત્રાનો આનંદ લીધો. અમારી ટ્રેઈન પદે–પદે કહાનગુરુ–કહાનગુરુના ગુંજારવ કરી રહી હતી. ટ્રેઈનને ચારો તરફ કહનગુરુદેવના મનોહર સ્ટીકર લાગેલા હતા. ટ્રેઈન પણ મલપતી–મલપતી બધાને આનંદ દેતી હતી અને દરેક તીર્થયાત્રાના દર્શન કરાવી આનંદ આપતી હતી.

પોતાની સત્તાભૂમિમાંથી સામુ જોવું તો
તારી સામુ અનંતિ ઋદ્ધિ પડી છે.

## વિદિશા :

"વિદિશા નગરી મહા ભાગ્યશાળી, શીતલપ્રભુના ચરણકમલમાં વસી છે."

આસો સુદ ત્રીજના દિવસે મધ્યાહ્નના બે વાગે કહાનગુરુના જય જયકાર કરતા બેન્ડવાજા સહિત આનંદમંગળપૂર્વક બાબુભાઈ મહેતાએ લીલી ઝંડી ફરકાવતા ટ્રેઈન વિદિશાથી પ્રારંભ થઈ, અને વિદિશાના ભક્તજનોએ આનંદથી વિદાય આપી.

એમાં મહાભાગ્યની તો એ વાત કે ટ્રેઈનમાં સાથે સાથે મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાન ગંધકુટી સહિત બિરાજમાન હતા. દરેકને પ્રતિદિન દર્શન—પૂજા—ભક્તિનો લાભ મળતો. ભગવાનના પ્રતાપથી સ્ટેશનના પ્લેટફોર્મ પણ નગર સમાન રચાઈ જતા. ભગવાનના દર્શનથી ભક્તજનો આનંદથી પ્રમોદિત થઈ જતા. ભગવાનને જોઈ અન્ય સામાન્ય જનસમાજ પણ જોઈ રહેતા.

## શાશ્વત તીર્થાધિરાજ સમ્મેદ શિખરજી

શાશ્વત તીર્થાધિરાજ સમ્મેદ શિખરજી અમારી પ્રથમ યાત્રાધામ બન્યું, શિખરજીને દેખતાં જ મન આનંદથી નાચી ઊઠ્યું કે ક્યાં આ શિખરજીના દર્શન! અનેક તીર્થંકર, અનેક મુનિશ્વરોના નિર્વાણધામ.

આસો સુદી ૮ના શ્રી શીતલનાથ ભગવાનના નિર્વાણદિને શિખરજીની યાત્રા કરી. સમશ્રેણીમાં બિરાજમાન શીતલનાથ ભગવાનના પૂજન કરતા અમે દરેકે નિર્વાણ લાડૂ શીતલનાથ ભગવાનની વિદ્યુતવરટૂંક પર આનંદ ભક્તિ સાથે ચડાવ્યા. શાશ્વતધામના દર્શન અદ્‌ભુત આનંદનો પ્રસંગ હતો. આ ધામના કણ-કણ પ્રભુના ચરણોથી પવિત્ર છે. તીર્થધામમાં અનંત સિદ્ધભગવાનના દર્શનથી તો પોતાના સિદ્ધ સ્વરૂપના સ્મરણો તીવ્રતાથી કર્યા. અનંત તીર્થંકરોના સિદ્ધિધામ, અનંત મુનિશ્વરોના સિદ્ધિધામ એવા તીર્થાધિરાજને વારંવાર વંદન હો, નમસ્કાર હો.

## ચંપાપુરીમાં વાસુપૂજ્ય ભગવાન

ચંપાપુરી એ બાળબ્રહ્મચારી શ્રી વાસુપૂજ્ય ભગવાનની પંચકલ્યાણીક પાવન ભૂમિ છે. શું એ ધામની શોભા! શું મંદિરોની અદ્‌ભુત રચના! તેમાં સુંદર સુશોભિત બિરાજમાન શ્રી વાસુપૂજ્ય ભગવાનની મનોહર મૂર્તિ મનને હરી લેતી, ત્યાં ભગવાનનો મહા અભિષેક થયો. ભગવાનને જોતા જ ભક્તજનો આનંદવિભોર બની જતા. મહાવીર ભગવાન, શાંતિનાથ ભગવાન મનોહર વિશાળ હતા, ચોવીસ ભગવાન પણ બિરાજમાન હતા. ત્યાંથી મંદારગિરિ વાસુપૂજ્ય ભગવાનનો તપકલ્યાણક, કેવળકલ્યાણક અને નિર્વાણકલ્યાણક ભૂમિની વંદના કરી.

હું અત્યારે જ પરમાત્મા થવાને લાયક છું
એવો અંતરથી વિશ્વાસ જાગે તેને
આત્મદર્શન થયા વગર રહેતું નથી.

## પાવાપુરી સિદ્ધિધામ

પાવાપુરી—શાસનનાયક નાથ! મહાવીર ભગવાનની નિર્વાણભૂમિ! પાવાપુરીમાં આવતાં જ હે વીરા! હે વીરા! થી ગુંજી રહ્યું હતું. પાવાપુરીની શોભા દેખતાં જ મન બોલી ઊઠ્યું કે હે નાથ! આપ અમને છોડીને કેવી રીતે ચાલ્યા ગયા? અમને પણ આપના સિદ્ધિધામમાં લઈ જાવને!! સંઘસહિત ભક્તજનોએ આનંદવિભોરીત થઈ ભક્તિ—પૂજા કરી.

શીતલતાથી સુશોભિત જલમંદિરમાં દરેક ભક્તો પોકારતા હતા કે :—

હે વીર, હે વીર પાવાપુરીમાં<br>
ભક્તો કરે તુને સાદ<br>
વીરપ્રભુ સિદ્ધ થયા છે......

## પંચશૈલ રાજગૃહી નગરી

રાજગૃહી નગરી એટલે શ્રેણિક રાજાની રાજધાની. તે નગરી ભવ્ય છે. વિપુલાચલ પર્વતના શિખર ઉપર ભગવાન મહાવીરનું સમવસરણ રચાયું અને અહીંથી પ્રથમવાર આપણને દરેકને દિવ્યધ્વનિનો બોધ મળ્યો. રાજગૃહી નગરીમાં સ્થિત જિનેન્દ્ર ભગવંતોની પૂજા—ભક્તિથી પંચશૈલની યાત્રા ખૂબ આનંદથી કરી.

## બનારસ નગરી

બનારસી નગરીની મહા શોભા છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની જન્મભૂમિ, શ્રી શ્રેયાંસનાથ ભગવાનની જન્મભૂમિ સિંહપુરી, ચંદ્રપ્રભુ ભગવાનની જન્મભૂમિ ચંદ્રપુરી અને સુપાર્શ્વનાથ ભગવાનની જન્મભૂમિ. ભગવાનના જન્મથી જ ભૂમિ પવિત્ર છે. આ જન્મભૂમિની યાત્રા પણ આનંદમંગળપૂર્વક કરી.

## શાશ્વત જન્મધામ—અયોધ્યા નગરી

અયોધ્યા નગરીની શી મહિમા! આ તો શાશ્વત જન્મધામ. આ ચોવીસીમાં પાંચ તીર્થંકરોના જન્મધામ. આદિનાથ ભગવાનના દર્શન અદ્ભૂત મહિમાવંત છે. આદિનાથ ભગવાન વિશાલકાય ત્યાં બિરાજે છે, અમે તો દર્શન કરતા—કરતા પુલકિત થઈ ગયા. સંઘસહિત આનંદથી પૂજાભક્તિ કરી, અને ભક્તજનોએ આનંદથી ભગવાનનો અભિષેક કર્યો. આવા મનોહર દર્શન જાણે ક્યાંય ન થયા હોય!

અયોધ્યામાં સ્થિત ભગવાનને પ્રતિદિન યાદ કરતા.

પ્રતિકૂળતામાં પણ સામ્યભાવની દ્રષ્ટિ<br>
રાખવી—શાન્તિ રાખવી.


# સોનાગિરી નગરી

મંદિરોથી રચાયેલ સોનાગિરી પર્વત સ્મરણીય સુશોભિત છે. આખા પહાડની રચના મંદિરોથી ભરપૂર શોભિત છે.

સોનાગિરી અમારી અંતિમ સિદ્ધક્ષેત્રની યાત્રા હતી. વિદિશા શીતલનાથ ભગવાનના જન્મધામથી યાત્રા શરૂ થયેલ અને અંતિમ સોનાગિરી અનેક મુનિશ્વર અંગ–અનંગ મુનિના નિર્વાણધામની યાત્રા આનંદથી કરી. સોનાગિરીના અનેક ભવ્ય જિનમંદિરો, પદે–પદે જિનભગવંતોના દર્શન આનંદપૂર્વક થયા, ભવ્યતાથી થયા. ચંદ્રપ્રભુ ભગવાનના, અંગ–અનંગ મુનિશ્વરની સાથે વિશાળકાય શ્રી બાહુબલી ભગવાનના દર્શન કરતા આનંદિત થયા અને યાત્રા પૂર્ણ થતાં પૂ. શ્રી ગુરુદેવને ખૂબ જ યાદ કર્યા કે આ મહાન મહાન ઉપકાર તેમનો જ છે કે આવા સિદ્ધિધામ બતાવ્યા અને સિદ્ધભગવાનનું સ્વરૂપ બતાવ્યું.

## સર્વે સિદ્ધિધામનો જય હો.

## પૂજ્ય બેન શાન્તાબેનની શિખરજીની યાત્રા



સામ્યભાવ, સમતાભાવ રાખવાનો
વિવેકથી અભ્યાસ કરવો.

વિ.સં. ૨૦૪૩ (ઈ.સ. ૧૯૮૭) માં જ્યારે શાશ્વતધામ સમ્મેદ શિખરજી યાત્રાએ જવું હતું ત્યારે શરીર અશક્ત હોવા છતાં મનોબળ એટલું હતું કે પૂ. બેન બોલ્યા કે ભલે શરીર અશક્ત છે પણ મારા ભાવ અશક્ત નથી. આવી યાત્રાની ભાવના હતી અને ફાગણ વદ ૩ના દિવસે શાશ્વતધામ શિખરજીમાં પહોંચ્યા. પૂ. બેનનો ઘણો જ ઉલ્લાસ અને સિદ્ધ પ્રત્યેની ભક્તિ, તે દેખીને મુમુક્ષુને એમ થતું કે હમણાં જ સિદ્ધભગવાન જાણે સાક્ષાત્ દર્શન આપશે!! આવા ઉલ્લાસમય વાતાવરણ સહિત ૧૩ દિવસ શિખરજીમાં રહ્યા અને સિદ્ધભગવાન તથા મુનિરાજ પ્રત્યે ખૂબ જ ભક્તિભાવ અને આરાધના કરી હતી. પૂ. બેનને પાછું ત્યાંથી ફરવું ગમતું ન હતું. ત્યાં ખૂબ જ શાંતિ લાગતી હતી.

## પૂ. બેને શિખરજીમાં મુમુક્ષુઓ સાથે કરેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—ઉપયોગની સ્થિરતા કેમ થાય?

ઉત્તર :—ઉપયોગને સ્થિર રાખવો તે પ્રસંગ ધન્ય છે, તે ચૈતન્યની કુશળતા છે, તે કુશળ મહા–કુશળ છે, તે કુશળતામાં કોઈ ખામી નથી. મુનિરાજ ધ્યાનમાં કેવા કુશળ છે.

વ્યવહારે મોટા પુરુષોના બહુમાન વિનય કરવાથી પોતાના આત્માનું બહુમાન થાય છે.

પ્રશ્ન :—મોક્ષમાર્ગની યાત્રા કેવી રીતે થાય?

ઉત્તર :—પંચપરમેષ્ઠી પાસે સમ્યકદર્શન–જ્ઞાનરૂપી ધન આપીને મોક્ષમાર્ગની ટિકીટ લખાવી લે. તૈયારી તેની કરવા માંડ અને પ્રમાદને છોડ.


પ્રશ્ન :—સિદ્ધપદ પ્રાપ્ત કરવા માટે શું કરવું?

ઉત્તર :—જીવે આ અનિત્ય શરીર તો અનંતવાર ધારણ કર્યું છે. તેનો ત્યાગ તો થવાનો જ છે પણ ચૈતન્યદેવની આરાધનાપૂર્વક દેહ છૂટે તે આ મનુષ્યભવની સફળતા છે.

આવી યાત્રાના પ્રસંગથી સૌએ આત્મ–પ્રાપ્તિની રૂચિ વધારે જગાડવા યોગ્ય છે. આત્માની પ્રાપ્તિ થાય અને પૂર્ણ દશાને પ્રાપ્ત કરીને–આત્મા શરીર રહિત દશાને પ્રાપ્ત કરીને, અવિનાશી આનંદને ભોગવવું તે જ કરવા જેવું છે.

ઉદય અનુસાર આવ્યા કરે
તેમાં હર્ષ–શોક ન થાય.

# શાશ્વત તીર્થધામ સમ્મેદ શિખરજીમાં લખેલ પૂ. બેનના હસ્તાક્ષર



જ્ઞાયક દેવ આત્મા તરફ ઉપયોગ
આકૃષ્ટ થાય છે ત્યારે જ્ઞાયક
તરફ ઉપયોગ જાય છતાં એકદમ
પરથી ઉપયોગ ખેંચાય ને પોતાના
જ્ઞાયકમાં લીન થાય છે ત્યારે અનંત
ગુણ ઉછળે છે. અનંત આનંદ
તરંગથી ઉછળે છે ચૈતન્ય દેવ
ચમત્કાર છે તે સાક્ષાત અનુભવાય
છે. વેદાય છે સાક્ષાત સિદ્ધ-
સ્વરૂપનો અંશથી અનુભવ થાય છે
એક ભિન્ન ચૈતન્ય દેવનો અનુભવ
થાય છે જગતના કોઇ પર ભાવ
ત્યારે દેખાતા નથી, શરીરાદિ કાંઈ
કોઈ બીજા પર પદાર્થ ત્યારથી દેખાતા
નથી એક ભિન્ન ચૈતન્ય દેવ જ
અદ્ભુત અનંત ગુણ સ્વરૂપે
વેદાય છે.

શરીરની વેદના સામુ જોવું નહીં,
આત્મા સામું જોવું.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

આત્મા અને શરીર તો તદ્દન જુદા જુદા જ છે. આત્મા તો જાણનાર જ્ઞાયકદેવ છે. જાણનાર, જાણનાર તત્ત્વનું રટણ હરહંમેશ કરવા યોગ્ય છે. આત્મતત્ત્વની જિજ્ઞાસા ખૂબ વૃદ્ધિને પામે તો પણ આત્મા પામવાને નજીક થવાય છે માટે આ ભવમાં આત્મતત્ત્વના સંસ્કાર ખૂબ ગાઢા થાય છે. જેમ ધર્મચક્ર મુખ્ય આગળ ચાલે છે તેમ બહારમાં દેવ–શાસ્ત્ર–ગુરુને મુખ્ય આગળ આગળ રાખે તો આત્માની સન્મુખ આગળ વધી શકાય છે.

સમયસાર તે ભરતક્ષેત્રમાં મોક્ષરૂપ, મંગળમય શાસ્ત્ર છે, સમયસાર તે મોક્ષમાર્ગની તૈયારી કરાવે છે. સમયસાર મળ્યું અને શ્રી ગુરુમુખે સાંભળવા મળ્યું ત્યાં જ શુકન થઈ ગયા. પૂર્ણાનંદપદ પામવાની વિધિ મળી ગઈ અને કર્મનું વમન કરી નાંખ્યું. જાણે આત્માને જાણ્યો તેને સરલપણાની રીત હાથ આવી ગઈ. જેણે સમયસારનો પક્ષ કર્યો તેને આ પક્ષરૂપી પાંખ મળી ગઈ અને આકાશમાં ઊડીને આગળ મોક્ષ જઈ રહ્યા છે.

અનુભવ તે મોક્ષરૂપ કારણ છે, —અનુભવથી જ મોક્ષની ધારા વહે છે.


આત્મા આત્માને ઓળખવા માટે રુચિ
ખૂબ જોરદાર યત્ન કરે તો આત્મદેવ
અંદરથી જાગ્યા વગર રહે જ નહીં.
રુચિ આત્મદેવને ખૂબ આવકાર આપો છો
તો આત્મદેવ અંદરથી જાગૃત થાય જ.
માટે સર્વે મુમુક્ષુ જીવોએ આત્માની રુચિ
ખૂબ જ વધારવા જેવી છે.
આત્મદેવ જાગ્રત થાય એટલે તો
એના આનંદનો પાર ન રહે. ભવનો
અંત આવી જાય કે એનો આત્મદેવ
જાગતા જો જાગતા હોય. પરમ ભગવાન જ
પોતાના ચૈતન્યજ્યોતિને અનુભવે તેનો આત્મદેવ
ની પૂર્ણ પ્રાપ્તિ નજીક જ છે
એમાં સંશય નથી જ.
શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત થાય તો શુદ્ધ
ઉપયોગમાં વારંવાર લીનતા કરવાની જરૂર
છે તો શુદ્ધ ઉપયોગનું કોઈ હરણ કરી શકતું
નથી.

આચાર્યદેવે કિંમત ભરી પુરુષાર્થ કરી
નિધી મેળવી છે.

આ રીતે આનંદ–ઉમંગથી દિવસો પસાર કરીને જ્યારે સોનગઢ આવવા પ્રયાણ કર્યું ત્યારે નીચે પ્રમાણે પૂ. બેને ભાવ વ્યક્ત કર્યા.

પૂ. બેનને આશ્ચર્ય થયું કે ઓહો......હો!! આવા અશક્ત શરીરે પણ, મારી શિખરજીની યાત્રા કરવાની જે ભાવના ઘણા સમયથી હતી તે આજ પૂર્ણ થઈ અને મને ઘણો જ સંતોષ થયો છે. આવી ભાવના લઈને પૂ. બેન સોનગઢ પધાર્યા.

## સાક્ષાત્ ભગવાન ભેટ્યાનો આનંદ




અનંતો પુરુષાર્થ કરે છે ત્યાં થાક ઉતરી ગયો, આનંદ આનંદ પ્રગટ્યો.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પૂજ્ય બેન શાન્તાબેનની દક્ષિણની યાત્રા

**વિ.સં. ૨૦૪૪ (ઈ.સ. ૧૯૮૭)ના કારતક સુદ ૮ના દક્ષિણની યાત્રામાં ભગવાન શ્રી બાહુબલીના ધામમાં સંઘ સહિત પહોંચ્યા અને યાત્રા દિને ભગવાન શ્રી બાહુબલીજીની સન્મુખ બેસી ભાવેલી ભાવના તે પૂ. બેનના સ્વહસ્તાક્ષરમાં વાંચો :—**


તા-૧-૧૧-૮૭ શ્રવણ
બેલગોલા
આ પરમ પૂજ્ય બાહુબલિ
ભગવાનના અપૂર્વ અદ્ભુત
દર્શન થયા. અહો વીતરાગ
દર્શનથી વીતરાગતાના
[illegible] ની ભાવના પૂર્વક
બાહુબલિ ભગવાનના દર્શન
કરતાં ઘણોજ આનંદ થયો
રોમરાય ઉલ્લસ્યા, જાણે કે
અદ્ભુત ભગવાન ભેટ્યા
ઘણા મહિનાની ભાવના
પ્રભુજીના પ્રતાપે પૂર્ણ
થઈ અપૂર્વ અદ્ભુત
મુદ્રાધારક, ધન્ય [illegible]
બાહુબલિ ભગવાનને
[illegible] નમસ્કાર હો.
બાહુબલિ ભગવાનનો
જય હો.

પૂ. ગુરુદેવ ઢોલ વગાડીને સમજાવે છે
માટે હવે સમજી જા!

બાહુબલીજી ભગવાનની ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભક્તિ–પૂજા કરાવી અને આનંદઉલ્લાસથી બધા મુમુક્ષુઓ નાચી ઊઠ્યા અને પૂ. બેન બાહુબલી ભગવાનની સમક્ષ બોલ્યા કે હે નાથ! તારા ચરણોમાં મસ્તક ઝુકાવવાની મારી ઘણા વખતી ભાવના આજે ફળીભૂત થઈ. ત્યાંથી આગળ વધતાં–વધતાં મુડબિદ્રિ–ધર્મસ્થલી કારકલ વગેરે તીર્થોની યાત્રા કરતા–કરતા પોન્નુરહીલ તીર્થધામમાં પહોંચ્યા. તે દિવસ કારતક વદ ૭ એટલે આપણા તારણહાર પૂજ્ય ગુરુદેવનો સમાધિદિન, એટલે વૈરાગ્યદિન, તે દિવસે કુદરતે ગુરુવાર હતો. એટલે પૂ. બેને સંઘને કહ્યું કે જુઓ, આજ ત્રણ ગુરુનો કેવો કુદરતે સુંદર મેળ બન્યો છે કે :—

(૧) આપણા 'ગુરુદેવ'નો સમાધિદિન.

(૨) કુંદકુંદ આચાર્યદેવ તે આપણા 'ગુરુના ગુરુ'.

(૩) કુદરતે આવ્યો આજે 'ગુરુવાર'.

આમ આ યાત્રા દિને આવો મેળ કર્યો હતો અને પૂ. ગુરુદેવના વિરહની વાત કરી કે આજ આપણા વચ્ચેથી પૂ. ગુરુદેવ ચાલ્યા ગયા ત્યારે મુમુક્ષુઓની આંખમાં અશ્રુઓ આવી ગયા. કુંદકુંદ પ્રભુએ અહીં શાસ્ત્રો રચ્યા અને કહાનગુરુએ તેના હાર્દ સમજાવ્યા જો આપણને 'આત્મા' શબ્દ શીખવાડ્યો હોય તે પૂ. ગુરુદેવ છે. તેમનો તો આપણા ઉપર મહાન–મહાન ઉપકાર છે. ત્યાર પછી પૂજા અને વૈરાગ્યમય ભક્તિ કરાવી.



હું, હું કરનાર કોણ?
તેમાં ઘણું વજન છે.

# પૂજ્ય બેને બનાવેલું વિરહ ગીત

ગુરુજી માહરા જરૂર આવજો,
દર્શન સેવકને જરૂર આપજો.....
અંકુર રોપીને નાથ ક્યાં ગયા,
સીંચન તેહનું કરવા આવજો.......
અમ બાળને મૂકી સ્વર્ગમાં ગયા,
દૃષ્ટિ અમ પરે જરૂર રાખજો......
દર્શન આપવા જરૂર આવજો,
નહીં તો અમને પ્રભુ ત્યાં બોલાવજો......
ગુરુજી આપની શક્તિ છે ઘણી,
દર્શન સેવકને જરૂર આપજો......
સુવર્ણ ભક્ત પ્રભુ ઝંખના કરે,
શિરછત્ર અમારા અદૃશ્ય થઈ ગયા.....
તીર્થની પ્રભુ રચના ઘણી કરી,
એહને નિહાળવા જરૂર આવજો......
શક્તિ આપની છે જરૂર ઘણી,
દીનાનાથ તું આવજે ફરી......
વિરહ આપનો સહ્યો જતો નથી,
સમાધાનની શક્તિ આપજો.......
સીમંધરનાથની વાણી સુણી હશે,
સુગંધ તેમની આપજો મને......
ગુરુજી માહરા જરૂર આવજો,
દર્શન સેવકને જરૂર આપજો.....



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# પૂજ્ય બેન શાન્તાબેનનો ૭૯ મો જન્મદિન
# શત્રુંજય તીર્થધામમાં

વિ.સં. ૨૦૪૪ (ઈ.સ. ૧૯૮૭) ના ફાગણ સુદ ૧૧ દિને સંઘ સહિત સોનગઢથી શત્રુંજય સિદ્ધિધામમાં પૂ. બેન પધાર્યા અને તળેટીમાં ખૂબ જ પાંડવ મહામુનિરાજને યાદ કરી–કરીને અને ક્યારે આવું મુનિપદ પ્રાપ્ત થાય એવી ભાવના સહિત ભક્તિ–પૂજન કર્યા.

ધન્ય પાંડવ મુનિ આતમ હિતમેં છોડ દિયા પરિવાર

કે તુમને છોડા સબ સંસાર.......

એક જ વર્ષમાં પૂ. બેને ત્રણ યાત્રા કરી.

શત્રુંજય તીર્થધામમાં આત્મકલ્યાણ માટે લખી આપેલ પૂ. બેનના હસ્તાક્ષર

આત્મા આત્માને ઓળખવા માટે રૂચિ
ખૂબ જોરદાર યત્ન કરો તો આત્મદેવ
અંદરથી જાગ્યા વગર રહે જ નહિ.
રૂચિ આત્મદેવને ખૂબ અધિકાર આપો છો
તો આત્મદેવ અંદરથી જાગૃત થાય જ.
મારે સર્વે મુમુક્ષુ જીવોએ આત્માની રૂચિ
ખૂબ જ વધારવા જેવી છે
આત્મદેવ જાગ્રત થાય એટલે તો
એના આનંદનો પાર ન રહે. ભવનો
અંત આવી જાય કે આવો આત્મદેવ
જાગતા ને જાગતા હોય. પરથી ભિન્ન જ
પોતાના જ્ઞાન જ્યોતિને અનુભવે તેનો આત્મદેવ
ની [illegible] પ્રાપ્તિ નજીક જ છે
એમાં સંશય નથી જ.

શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત થાય તો શુદ્ધ
ઉપયોગમાં વારંવાર સ્થિરતા કરવાનો પ્રયત્ન
છો તો શુદ્ધ ઉપયોગનું કોઈ હરણ કરી શકતું
નથી.

મારી નિર્મળ પરિણતી
ભગવાને સ્વીકારી છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com





# પૂજ્ય ગુરુદેવનો ૯૯મો જન્મોત્સવ
# પૂ. શાન્તાબેનની ઉપસ્થિતિમાં

પૂ. ગુરુદેવનો ૯૯ મો જન્મોત્સવ રાજકોટને આંગણે પૂ. બેને ચોસઠઋદ્ધિ મંડળ વિધાનની પૂજા ઘણા પ્રમોદ ભાવથી કરાવી અને દરેક ઋદ્ધિધારી મુનિરાજનું માહાત્મ્ય સાથે સાથે અપૂર્વ રીતે સમજાવતા ગયા. પૂ. બેનની આવી ભક્તિ અને પૂજાના ઉલ્લાસભાવ જોઈને રાજકોટનું મુમુક્ષુ મંડળ પૂજા–ભક્તિના રંગે રંગાઈ ગયું.

કહાન ગુરુદેવની ૯૯ મી જન્મજયંતિ ઉપલક્ષે ભાવભીની શ્રદ્ધાંજલી તેઓશ્રીના અનન્ય ભક્ત પૂજ્ય શાંતાબેન દ્વારા

આ કાળે શ્રી કહાન ગુરુદેવ અલૌકિક, પરમ યુગ પુરુષ હતા. આવા પુરુષનો જન્મ થતાં જાણે સૂર્ય પણ ઝગમગતો ઝગઝગાટ કરતો ઉગ્યો હશે. આ ગુરુદેવનો જન્મ ચૈતન્ય આત્માની ચમત્કૃતિ બતાવવા માટે જ થયો અને આપણાં સૌ ભક્તોના મહાભાગ્યથી આવા મહાપુરુષનો જન્મ થયો.

તેમની તત્ત્વથી ભરપૂર ભરેલી વાણી સાંભળવા મળી તે પણ મહાભાગ્ય અને આપણે તેમની વાણીમાં કહેલ તત્ત્વને ગ્રહણ કર્યું તે મહદ્ મહદ્ ભાગ્ય. અહો! ગુરુદેવે તો આપણાં ઉપર પરમ પરમ ઉપકાર કર્યો છે.

શ્રી જિનેશ્વરદેવનું અદ્‌ભૂત સ્વરૂપ સમજાવ્યું, તેટલું જ નહીં પણ સાક્ષાત્ શ્રી જિનેશ્વરના ભેટા કરાવ્યા, બનારસીદાસજી કહે છે કે—

કહત બનારસી અલ્પભવ સ્થિતિ જાકી,<br>
સોઈ જિનપ્રતિમા પ્રમાણી જિન સારખી.

એવા સાક્ષાત્ જિનેશ્વરના દર્શન કરાવ્યા આપણને એમ જ લાગે છે કે આપણે સાક્ષાત્ જિનેશ્વરના ચરણોમાં આવ્યા. દિવ્ય ધ્વનિમાં આવેલા ભાવોથી શાસ્ત્રો ભર્યા હતા તે ચારે–અનુયોગના સૂક્ષ્મભાવો અનોખી રીતે, અપૂર્વ રીતે સમજાવ્યા. નિર્ગ્રંથ દિગંબર ગુરુઓનું સ્વરૂપ સમજાવ્યું. આપણને દેવ–શાસ્ત્ર–ગુરુનું સ્વરૂપ પૂ. ગુરુદેવે ઘણી જ કરૂણા કરી હૃદયના ભાવો ખોલીને બતાવ્યું. આવા ગુરુદેવનો ધન્ય ઉપકાર કોઈ કાળે ભૂલાય તેમ નથી.

પૂજ્ય ગુરુદેવનું ભેદજ્ઞાન તો એટલું બધું તીક્ષ્ણ હતું કે જેને તે તીક્ષ્ણધારા વાગે તેના મિથ્યાત્વના ચૂરેચૂરા થઈ જાય. આંધળાને દેખતા કર્યા, સૂતાને જાગતા કર્યા અને સારાય ભારતભરમાં ઢોલ ટીપી ટીપીને ભેદજ્ઞાનના નગારાં વગાડ્યા. ગુરુદેવે ભેદજ્ઞાન દ્વારા આત્માના

હું, હું કરનાર કોણ?<br>
તેમાં ઘણું વજન છે.

અમૃત સરોવર ઊછાળ્યા, અમૃતરસ પીધો અને આપણને પણ અમૃતરસ પીવડાવ્યો. પૂ. ગુરુદેવને આત્મઅનુભવ તેમની વાણીમાં ઝળકતો હતો. આત્માર્થીજીવો ગુરુદેવનો નિર્વિકલ્પ અનુભવ દેખી શકતા હતા. આત્માનુભવ તેમની આંખોમાં તરવરતો હતો. તે પ્રખર આત્માનુભવી પુરુષ હતા. પૂ. ગુરુદેવની વાણીમાં કોઈ અનુપમતા એવી ઝળકતી કે જ્ઞાયકદેવને હથેળીમાં આમળા સમાન પ્રત્યક્ષ બતાવ્યો છે તે જ્ઞાયકદેવ પોતે જ છે, હાજરા હજૂર છે આવું જ્ઞાયકદેવનું સ્વરૂપ ગુરુદેવે અપૂર્વ રીતે સમજાવ્યું અને સતના પંથે ચડાવી ભવસમુદ્રમાંથી તારી લીધા.

આખી દુનિયામાં ચૈતન્યનો ગુંજારવ અત્યારે થઈ રહ્યો છે તે શ્રી કહાનગુરુદેવનો પરમ પરમ પ્રતાપ વર્તી રહ્યો છે. ગુરુદેવે તો અધ્યાત્મની રેલમછેલ કરી.

અહો ધન્ય ઘડી! ધન્ય કાળ! કે આ કાળે આવા શૂરવીર સિંહકેસરી ગુરુદેવ આપણને મળ્યા અને આપણાં ઉપર અનંત અનંત ઉપકાર કર્યો.

આચાર્ય ભગવંતો શાસ્ત્રમાં તો ચેતન આત્માનું સ્વરૂપ ઘણું મૂકી ગયા છે. પણ ગુરુદેવે પોતાના અચિંત્ય શ્રુતજ્ઞાનધારી લબ્ધિ વડે આપણને સાક્ષાત્ ચૈતન્યનું સ્વરૂપ હાથમાં આપતા ગયા છે કે લે ભાઈ, તું જો તારો આત્મા આવો અદ્ભુત ચૈતન્ય ચિંતામણી સ્વરૂપે છે તેનો અનુભવ કર જેથી તારા જન્મ મરણના ફેરા ટળી જશે. ગુરુદેવે, જગતનું ધાર્મિક મુખ દક્ષિણ દિશામાં હતું તે ધાર્મિક મુખ જગતના જીવોને પૂર્વદિશા તરફ કરાવતા ગયા એટલે કે આખું જગત ખોટા માર્ગમાં હતું તેને સાચા માર્ગ તરફ વાળ્યું.

ગુરુ દીવો ગુરુ દેવતા; ગુરુવર ગુણની ખાણ,
ગુરુ વસે જો અંતરમાં; તો પામે ભવનો પાર.

ગુરુ વસે જો અંતરમાંનો અર્થ એ કે—સમ્યકદર્શન—સમ્યકજ્ઞાન હોય તે જ ગુરુ કહેવાય. તે ગુરુને જ ઓળખે તેણે સમ્યકદર્શનને ઓળખ્યું માટે તે સેવકને સમ્યકદર્શન સમ્યકજ્ઞાન થાય તેથી તે સેવક ભવનો પાર પામે.

આવા અપૂર્વ સત્ય પંથ પ્રકાશક પરમ તારણહાર ઉપકારી પૂજ્ય ગુરુદેવના ચરણ કમલમાં, અતિ વિનયપૂર્વક નમસ્કાર હો........નમસ્કાર હો.......

સદ્ગુરુ સેવક શાન્તાબેન

આવી ભાવવાહી શ્રદ્ધાંજલી કહાનગુરુદેવ જન્મ શતાબ્દી વર્ષ દરમ્યાન સૌની સમક્ષ પ્રગટ કરતાં એમ થાય છે કે જાણે પૂ. બેન આપણી વચ્ચે જ રહીને આપણી સાથે જ ગુરુદેવને શ્રદ્ધાંજલિ આપી રહ્યા હોય.

મુનિરાજના ઉપસર્ગ યાદ કરીને પોતે
પોતાની સાવચેતી રાખવી.

રાજકોટમાં પૂ. ગુરુદેવનું સ્મારકભવન તો થવાનું જ હતું, પણ પૂ. બેનની પ્રેરણાથી ભરતજી તથા બાહુબલીજીના પંચકલ્યાણક કરવાનું નક્કી થયું અને પૂ. બેને રતિભાઈ ધીયાને કહ્યું કે આપણા પાડોશમાં ગીરીનગરના વાસી બાળબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાન બિરાજે છે માટે તેમના પંચકલ્યાણક કરો એવી પ્રેરણા આપી અને સાથે સાથે કહ્યું કે વિધિનાયક નેમિનાથ પ્રભુ માહરા તરફથી.

પંચકલ્યાણક થાય તેની પૂ. બેન આતુરતાપૂર્વક રાહ જોતા હતા, પણ ત્યાં તો દેહની સ્થિતિમાં પલટો થવા લાગ્યો અને સ્વાસ્થ્ય એક માસ કરતાં વધારે સમયથી બરાબર રહેતું ન હતું. ત્યાર પહેલાંથી 'ભગવતી આરાધના' વાંચી હોવાથી નિરંતર સમાધિમરણની આરાધના ચાલુ હતી અને મુનિરાજના સમાધિમરણનું ચિંતવન રહેતું હતું અને સમાધિની ભાવના ભાવતા આ ગીત રચાઈ ગયું.




ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ
જેણે સમાધિસ્વરૂપ ગ્રહણ કર્યું રે લાલ
જેણે નિર્યાપક આચાર્યને શોધીયા રે લાલ
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ
ધન્ય ભાવો મુનિરાજના રે લાલ
ધન્ય સમાધિ મુનિરાજની રે લાલ
કરૂણાનિધિ આચાર્યદેવ છે રે લાલ
વાત્સલ્યભાવે જુએ મુનિરાજને રે લાલ
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ
ગુરુ શિષ્યની અપૂર્વતા રે લાલ
વાત્સલ્યભાવે મળે છે સંઘમાં રે લાલ
ધન્ય અવતાર મુનિરાજનો રે લા
કૃપાનિધિ આચાર્યદેવ છો રે લાલ
જેના ચરણોમાં સમાધિ કરી ભાવથી રે લાલ
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ
આચાર્યને વંદન કરૂં ભાવથી રે લાલ
મુનિરાજને નમન કરું ભાવથી રે લાલ
ધન્ય ભાવો મુનિરાજના રે લાલ
ધન્ય અવતાર મુનિરાજનો રે લાલ

મારી નિર્મળ પરિણતી ભગવાને સ્વીકારી છે.

# પૂજ્ય બેન શાન્તાબેનની સમાધિમરણની ભાવના

સમાધિમરણ માટે બધી સામગ્રી મારી પાસે તૈયાર છે. મારું જ્ઞાન મારી સામે તરવરે છે તેને કોઈ મલિન કરવા સમર્થ નથી. મારા ભાવને હું જાણું છું.

હું તો ભગવાનનો 'દાસ' છું. મારું ઉજ્જ્વળ સ્વરૂપ ભગવાને સ્વીકાર્યું છે, બધા કેવળજ્ઞાનીના જ્ઞાનમાં મારો સ્વીકાર થયો છે. પરમાં ક્યાંય સુખ નથી, તો પરમાં શા માટે રૂચિ જવા દેવી જોઈએ, ન જ જવા દેવી.

મારા જ્ઞાયકમાં અનંતી શક્તિ પડી છે, માટે સમ્યગ્દર્શનપૂર્વક દેહ છોડવો છે, મારે મારા રત્નત્રયની આરાધના સાથે લઈને જવું છે. હું આરાધનામાં સાંગોપાંગ ઊતરી જઈને બધા ગુણોની આરાધના કરી પૂર્ણદશા પ્રાપ્ત કરું.

મુનિરાજને ઉપસર્ગ આવતાં તેઓ સમતા પર આરૂઢ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

અત્યારથી મોક્ષમાર્ગની યાત્રા કરવાની તૈયારી કરી રાખી છે.

હમ કો છોડકર ચલે સબ પંથી
જાતે અપને 'ગામ' હમ ભી સબકો
છોડકર ચલેંગે અપને ''ધ્રુવધામ'' મેં.

પૂજ્ય શાન્તાબેનના મુખથી સાંભળેલા નિશ્ચય અને વ્યવહાર પંચકલ્યાણક

શુદ્ધ ચિદ્રૂપ મારા હૃદયમાં સદા બિરાજમાન હો, પ્રગટ હો, મૌજુદ હો. ''બહુ મીઠો શબ્દ લાગે છે.''

પ્રશ્ન :—બિરાજમાન કેવી રીતે કરવા?

ઉત્તર :—ભગવાનને જેમ બધી વિધિ થાય એમ આત્મામાં પણ વિધિ થાય.

પ્રશ્ન :—કેવી! પંચકલ્યાણક જેવી જ વિધિ હોય?

ઉત્તર :—હા. આત્માના પંચકલ્યાણક—જ્ઞાનકલ્યાણક, દર્શનકલ્યાણક, બળકલ્યાણક—તપકલ્યાણક, ચારિત્રકલ્યાણક આવા કલ્યાણક કરે તો પછી બિરાજમાન થઈ જાય.

ગર્ભ અને જન્મ તો શરીરના કલ્યાણક છે અને આ તો આત્માના કલ્યાણક છે કે જ્ઞાનકલ્યાણક કરવું, દર્શનકલ્યાણક કરવું, ચારિત્રકલ્યાણક કરવું, મુનિદશામાં તપ કલ્યાણક કરવું તો એ કલ્યાણક કરવા એટલે બિરાજમાન થઈ જાય, આ નિશ્ચયકલ્યાણક છે અને આ બધા

વેદનામાં પોતે પોતાની સાવચેતી રાખવી, રોગનું વેદન ન કરવું, મારે મારા આત્માનું વેદન કરવું.

વ્યવહારકલ્યાણક છે કે ભગવાન ગર્ભમાં આવ્યા તો શરીર ગર્ભમાં આવ્યું તો શરીરના કલ્યાણક થયા–ભગવાને જન્મ લીધો તો શરીરનું કલ્યાણક થયું આ તો આત્માના કલ્યાણક કરવા, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરો એટલે જ્ઞાનકલ્યાણક થયું ત્યારથી શરૂઆત થઈ તે ગર્ભકલ્યાણક છે. ભગવાનનું શરીર ગર્ભમાં આવ્યું તેમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરો એટલે જ્ઞાનકલ્યાણક થયું, સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રગટ કરો એટલે જન્મકલ્યાણક થયું. "આ ચેતનાનો જન્મ થઈ ગયો." ચારિત્ર અગીકાર–ચારિત્ર્યભાવ સ્વરૂપની રમણતા અને સ્થિરતા એટલે ચારિત્રકલ્યાણક થયું, તે તપકલ્યાણક થયું. બસ, આ ત્રણ કલ્યાણક થાય એટલે ભગવાન બિરાજમાન થઈ જાય. કેવળજ્ઞાન પ્રગટ થાય એટલે સાક્ષાત્ ભગવાન થઈ જાય પછી આ ચૈતન્યદળ છે આખો તે વેદી છે. આખો પિંડ છે તે તેની વેદી છે. તેમાં જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ પધરાવી દઈએ–સ્થિર કરી દઈએ, –વેદી એટલે ચૈતન્યકદમાં તે દશા સ્થિર થાય તેણે વેદીમાં આત્મદેવ બિરાજમાન કર્યા.

આત્માની વિધિ કરાવવા પ્રતિષ્ઠાચાર્ય કોણ?

પ્રતિષ્ઠાચાર્ય સર્વજ્ઞભગવાન, કેવળીભગવાન, આચાર્યભગવાન છે, તે પ્રતિષ્ઠાચાર્ય છે. તે આચાર્યદેવ બધાને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરાવે છે તેની વિજયધ્વજા કે મોહની કર્મનો નાશ થઈ જાય અને ચૈતન્યનો વિજય પ્રાપ્ત થાય ત્યારે વિજયધજા ફરકે. હવે કળશ રત્નત્રયના કળશ ચડી ગયા, યથાખ્યાત ચારિત્ર પૂર્ણ થઈ ગયું એટલે કળશ ચડી ગયો, મોટો કળશ ચડી ગયો. આવા ભગવાન બિરાજમન કરે તે કાયમ પોતા પાસે રહે આ વિધિપૂર્વક બિરાજમાન થયા. યજેમાન પોતે આત્મા. યજમાન એટલે શેઠિયા, પ્રતિષ્ઠા કરાવનાર એવો યજમાન તે આ આત્મા. રત્નની રાશિ એ ધન, પુરુષાર્થરૂપી ધનથી–રત્નરાશિથી રત્નત્રયરૂપી ધન પ્રગટ થઈ જાય, એ ધનથી આત્મામાં કામ થાય. એ જ્ઞાયકદેવ આત્માની પ્રતિષ્ઠા થઈ ગઈ. આ પ્રતિષ્ઠાની બહારમાં બહુ મહિમા છે અને આ ચૈતન્યપ્રભુના પંચકલ્યાણકની પણ ઘણી જ મહિમા છે. તે પૂર્ણ થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય અને સિદ્ધાલયમાં બિરાજમાન થઈ જાય, એવી તેની મહિમા છે. જેમ ભગવાનનો જન્મ થતાં ઈન્દ્રો હજાર નેત્રો કરીને ભગવાનને નિહાળે છે તેમ આ ચૈતન્યનો જન્મ થતાં સમ્યગ્દર્શનરૂપી ઈન્દ્ર ચૈતન્યભગવાનને નિહાળતાં હજાર નહિ પણ અનંત જ્ઞાનચક્ષુથી નિહાળે છે કે અહો હું આવો ચૈતન્ય છું! આવું મારું સ્વરૂપ છે!!

ક્ષણે ક્ષણે સાવચેત રહે તે મરણકાળે પણ
સાવધાન રહે છે.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

ચેતનસ્વભાવી તું તો દેવ છો
અનંત ગુણો ઊછળે ઝગમગાટ રે,
ચેતનજી પ્યારા ચેતનતા તારી તું નિહાળજે......

અનંતગુણો ધારી તું દેવ છો
જ્ઞાનદ્રષ્ટિથી દેખાય પ્રત્યક્ષ દેવ રે......ચેતનજી પ્યારા......

ચૈતન્યરસથી તું તરબોળ છો,
આતમ રસની ઊઠે રેલમછેલ રે......ચેતનજી પ્યારા.......

આનંદના ધામને તું તો પામજે
પૂર્ણ કરજે ત્યાં વસવાટ રે........ચેતનજી પ્યારા.......

સર્વે કાર્યો તારા સિદ્ધ થશે
પૂર્ણાનંદી દેવને દેખજે નાથ રે.......ચેતનજી પ્યારા.......

સ્વ સ્વરૂપમાં તારો વાસ છે
અલૌકિક અનુપમ ચૈતન્યદેવ રે.......ચેતનજી પ્યારા......

તારા ચૈતન્યને નિહાળતાં
ભવના કાંઈ આવે છે અંત રે.......ચેતનજી પ્યારા......

સિદ્ધસ્વરૂપી તું તો દેવ છો
સિદ્ધસ્વરૂપે ઝટ થાવું નાથ રે.....ચેતનજી પ્યારા......

આ દેહમાં બેઠો અદેહી દેવ છો
પરનો લાગે ન કાંઈ વડગાડ રે.....ચેતનજી પ્યારા......

ગુરુજીએ સત્ય સમજાવીયું
ઉપકાર ગુરુનો ધરજે રહ્ય માહી રે.....ચેતનજી પ્યારા.....

મુક્તિપુરીને તું તો પ્રાપ્ત થા,
ત્યાં સુધી રાખજે દેવ–ગુરુનો સાથ રે....
ચેતનજી પ્યારા ચેતનતા તારી તું નિહાળજે.....

–પૂજ્ય બેન

જાણનાર ઉપર જ એક લગની લગાવવી
તો બીજા વિકલ્પ છૂટી જાય છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# તા. ૨૩-૪-૮૮ના શનિવારે પૂ. બેનને શરીરમાં નબળાઈને કારણે નીકળેલા ઉદ્‌ગારો

"સમાધિ પ્રાપ્ત કરવામાં સૌથી પ્રથમ ઉપયોગની શુદ્ધિ પછી મન—વચન—કાયાની શુદ્ધિ રાખવી તે જ ખરું છે, તે જ ખરી સમાધિ છે."

આટલું સ્વાસ્થ્ય નરમ હોવા છતાં પણ નિત્યક્રમ પ્રમાણે દરરોજ ભાવ પૂજા, સ્વાધ્યાય અને સાંજના સામાયિકપાઠ કરતા હતા.

દરરોજ ડોક્ટરો સવારે સ્વાસ્થ્ય તપાવસા આવતા ત્યારે પૂ. બેન સાથે ધાર્મિક ચર્ચા કરતા.

પૂ. બેનની સવારે પ્રસન્ન મુદ્રા દેખીને ડોક્ટરોને એમ થયું કે તેઓ પોતે જ પોતામાં મસ્ત છે અને અશાતાના ઉદય પ્રત્યે કેટલી ઉદાસીનતા છે તે તેમના મુખ મુદ્રા ઉપર સ્પષ્ટ જણાતું હતું.

થોડા દિવસ પહેલાં તાવ ઉતરતો ન હતો, એટલે નિદાન કરવા માટે ડોક્ટરોએ પૂ. બેન પાસે વાત મૂકી કે બાજુમાં જ નર્સિંગહોમ છે તો આપની ત્યાં ટ્રીટમેન્ટ કરાવીએ. એ સાંભળીને તરત જ પૂ. બેન બોલ્યા કે મારે તો આ રૂમની બહાર ન જવાની નવ નવ કોટિએ પ્રતિજ્ઞા છે. તમારે જે કાંઈ કરવું હોય તે રૂમમાં કરો. ત્યારે ચંદુભાઈ ડોક્ટર બોલ્યા કે બેન, અમને આપનું શરીર સોંપી દ્યો, અમે આપના શરીરના ડોક્ટર છીએ અને આપ આપના જ્ઞાયકને સંભાળો અને જ્ઞાયકના ડોક્ટર બની જાવ. એટલે બેન હસ્યા. ત્યારપછી થોડા દિવસ પછી ડોક્ટરે ઉપયોગની સાવચેતી રાખવા માટે પૂ. બેનને કહ્યું કે બેન! આપના શરીરની સ્થિતિ દિવસે—દિવસે નબળી થતી જાય છે. ત્યારે પૂ. બેન બોલ્યા કે શરીરની સ્થિતિ નબળી થતી જાય છે ને? પણ મારો જ્ઞાયકદેવ તો દિવસે—દિવસે પુષ્ટ થતો જાય છે. એમ જોરશોરથી ડોક્ટરને જવાબ આપ્યો. આ જોઈને બેઠેલા દરેક મુમુક્ષુઓને ઘણું જ આશ્ચર્ય અને પ્રસન્નતા થતી હતી.

પ્રશ્ન :—આટલું શરીરમાં વેદન હોવા છતાં નિર્વિકલ્પ દશા આવે ખરી?

ઉત્તર :—શા માટે ન આવે? જરૂર આવે. મારા ઉપયોગમાં બધા પ્રત્યેથી ઉદાસીનતા વર્તે છે ને જ્ઞાયકદેવમાં વારંવાર ઉપયોગ કેલિ કરે છે.

છેલ્લા પાંચ દિવસ પહેલાં શ્રી કુંદકુંદ જ્ઞાનચક્ર રાજકોટમાં આવતાં પૂ. બેને પોતાના ઘર આંગણે હીરા—મોતી અને ચાંદીના ફૂલથી ઉલ્લાસ પૂર્વક શ્રી સમયસાર આદિ જિનવાણીને વધાવ્યા અને ત્યારે માંગલિક સંભળાવ્યું.

વર્તમાન સમયમાં જ આત્માની તૈયારી
કરો, વાયદા ન કરો.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# રાજકોટ શહેરમાં શ્રી કુન્દકુન્દ જ્ઞાનચક્ર આવતા
# પૂ. બેન ઘર આંગણે સ્વાગત કરે છે.




રાજકોટ શહેરમાં શ્રી કુંદકુંદ જ્ઞાનચક્ર આવતાં





પૂ. બેન ઘર આંગણે સ્વાગત કરે છે.

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



હીરા–મોતી અને ચાંદીના ફૂલથી ઉલ્લાસપૂર્વક શ્રી સમયસારજી જિનવાણીને પૂ. બેને શ્રુત પંચમીના દિવસે વધાવે છે. (સમાધિના પાંચ દિવસ પહેલાં)

## શ્રુત પંચમી

આજે ધરસેન આચાર્યદેવે દીધેલું જ્ઞાન તેને અપૂર્વ રીતે ગ્રહણ કરીને ભૂતબલી મુનિરાજ અને પુષ્પદંત મુનિરાજે તેની શાસ્ત્રક્ત રચના કરીને આજે તો અંકલેશ્વરમાં ઉત્સવ કર્યો જેથી આજના દિવસનું ''શ્રુતપંચમી'' નામ સ્થપાયું છે.

ધન્ય છે તે ધરસેર આચાર્યદેવા–ભૂતબલી મુનિરાજને પુષ્પદંત મુનિરાજ, જેમણે આત્માના જ્ઞાનની આરાધના કરતા કરતા સાથે સાથે શ્રુતજ્ઞાનનો પણ આટલો પ્રચાર કર્યો.

ધન્ય છે તે કુંદકુંદ આચાર્યદેવ અને અમૃતચંદ્ર આચાર્યદેવ જેમણે આત્માના સ્વરૂપની કેવી મસ્તી લગાવીને કેવા સરસ ભાવો સમયસાર–પ્રવચનસાર–પંચાસ્તિકાય વગેરે શાસ્ત્રોમાં ભર્યા છે, જે વાંચતા આત્માના અનંતગુણ સ્વરૂપ ઉછળે છે. અસંખ્ય પ્રદેશમાં આનંદ આનંદ થાય છે.

પૂજ્ય બેન

ચૈતન્યદેવ તરફ અનંત પુરુષાર્થ કરે છે,
ત્યાં થાક લાગતો નથી.

## શ્રી શ્રુતપંચમીના રચેલી ભક્તિ પૂ. બેન દ્વારા

વીર વાણી આજ જૈન શાસનમાં,
ઝળક્યા મહિમાવંત આજ
ભવિયા આવો ને સુણવા......૧
ધરસેન આચાર્યદેવે વીર વાણીના
રહસ્ય દીધા મુનિરાજ.......ભવિયા આવો.....૨
પુષ્પદંત ભૂતબલી મહામુનિરાજે
શાસ્ત્ર રચના કરી આજ.......ભવિયા આવોને......૩
ખટખંડાગમની અપૂર્વ રચના
પૂર્ણ થઈ છે આજ.......ભવિયા.......૪
અંકલેશ્વરદેશમાં મહોત્સવ થાયે
શાસ્ત્ર પૂર્ણાહુતિ દિન......ભવિયા......૫
દેવદેવેન્દ્રો આજ અંકલેશ્વર ઉતર્યા
જિનવાણીનો મહિમા ગાય.....ભવિયા......૬
દેવદેવેન્દ્રો મુનિરાજ પૂજતા
ગજાવે જય જયકાર.......ભવિયા......૭
કહાનગુરુયુગના શાસનકાળમાં
શાસ્ત્રો મળ્યા થોકે થોક.......ભવિયા......૮
ષટખંડાગમના મહાન શાસ્ત્રમાં
બાર અંગનો છે સાર.....ભવિયા......૯
ચૌદ પૂર્વનો છે સાર......ભવિયા......
કહાનગુરુદેવના પરમ પ્રતાપે
ઠેર ઠેર સ્વાધ્યાય થાય......ભવિયા.......
ઘેર ઘેર સ્વાધ્યાય થાય......ભવિયા......૧૦
દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા અપાર છે
ચેતનાના દર્શન થાય.......ભવિયા.......૧૧

શ્રી જિનેન્દ્ર દેવ-દર્શન નિત્ય-પૂજા ભક્તિ
કરવા જોઈએ.

તે જ્ઞાનચક્રની ખુશાલીમાં જિનમંદિરમાં પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂ. બેન તરફથી રાખેલ હતું. આ પાંચ દિવસોના પ્રોગ્રામમાં ભક્તોને જોડાયેલા દેખીને પૂ. બેન બોલ્યા કે આ બધાને જ્ઞાનરૂપી નેત્રના થાંભલે સારા બાંધી લીધા છે. શ્રી કુન્દ કુન્દ જ્ઞાનચક્રને વધવતાં પૂ. બેને રચેલું ગીત નીચે પ્રમાણે :—

(કુંદ કુંદ જ્ઞાનચક્રના વધામણા)

ધન્ય અવતાર કુંદ કુંદનો રે લાલ
કુંદ કુંદને વંદન કરું ભાવથી રે લાલ
ધન્ય અવતાર કુંદ કુંદનો રે લાલ.........

વીરના વારસ પ્રભુ જાગીયા રે લાલ
રત્નોના થાળ ભરી વધાવીએ રે લાલ.......ધન્ય.......

દૈવી વાજિંત્રો ગાજતા રે લાલ
રાજપુરી શહેરના પ્રાંગણે રે લાલ.......ધન્ય......

ગુરુ કહાને તે કુંદકુંદ શોધીયા રે લાલ
જિનવાણીના રહસ્ય સમજાવ્યા રે લાલ......ધન્ય........

ભવ્ય જીવોના અહો ભાગ્ય છે રે લાલ
કુંદવાણી પંચ પરમાગમે રે લાલ......ધન્ય.......

શાસન સ્થંભ પ્રભુ જાગીયા રે લાલ
શ્રુતકેવળી કુંદકુંદદેવ છો રે લાલ......ધન્ય.......

ધન્ય વનવાસી કુંદ મુનિવરા રે લાલ
સ્વાગત કરું હું ભાવથી રે લાલ.......ધન્ય......

અવિનાશી આનંદને ભોગવે
તે જ ખરું કાર્ય છે.




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પૂ. બેનની સમાધિપૂર્વક ચિરવિદાય

છેલ્લા ત્રણ દિવસના, પહેલે દિવસે તેઓશ્રીએ મૌનવ્રત લીધું અને તે દિવસે એક જ વખત આહાર લીધો. બીજે દિવસે એક જ વખત માત્ર દૂધ લીધું હતું અને ત્રીજે દિવસે એટલે કે છેલ્લે દિવસે માત્ર પાણી પીધું હતું. પછી સાંજના ૪ વાગ્યાથી સંઘની હાજરીમાં શ્રી નેમિચંદજી પાટનીજીએ પ્રત્યાખ્યાન (સલ્લેખના વ્રત) ગ્રહણ કરાવ્યું હતું. આ રીતે ક્રમે ક્રમે આહારપાણીનો ત્યાગ કર્યો. જ્યારે મૌનવ્રત લીધું ત્યારે બોલ્યા કે હવે ''મને બધા પ્રત્યેથી ઉદાસીનતા થઈ ગઈ છે.'' અને ત્યાર પછી પૂ. બેન જેઠ સુદ ૧૦ શુક્રવાર તા. ૨૪-૬-૮૮ ના રાતના ૧૦-૫ કલાકે સમાધિમરણ સહિત આ નશ્વરદેહને છોડી સ્વર્ગમાં સીધાવ્યા. અંતિમ સમયે તેઓશ્રીની શાંતિ સમતા—સમાધિને એકાગ્રતા એવી હતી કે મૃત્યુ મહોત્સવ બની ગયો. ધન્ય એ સમાધિ!

શાંત સ્વરૂપમાં લીન થઈ, સમતાધારી મહાન,
ધન્ય સમાધિ એ માતની, વંદન વારંવાર.
બે બે મહિનાની ભાવના, ભાવી સમાધિની માત,
જ્ઞાયક જ્ઞાયક ઘોળ્યો, રહ્યા સ્વરૂપ એ માંહી.
સર્વ સંઘની સાક્ષીએ, લીધા પ્રત્યાખ્યાન,
જેષ્ઠ સુદી દશમી દિને, રાત્રીએ દશ ને પાંચ
ચિરકાળની વિદાય લઈ, ભેટ્યા સીમંધર નાથ.



અવિનાશી આનંદને ભોગવે તે જ ખરું
કાર્ય છે.

# ચેતનાને જાગૃત કરવા સંબોધનરૂપ

ચેતનાને જાગૃત કરવા સૌ જગાવો આતમરામ
તમે તો જાગતા સોહો......૧
જાગૃત ચેતના પૂર્ણ કરવા, પ્રયત્ન કરજો આજ
તમે તો જાગતા સોહો......૨
અનંત જિનેશ્વર મુક્તિને વરીયા જાગ્યા નિરંતર નાથ
તમે તો જાગતા સોહો......૩
અનંત મુનિશ્વર સિદ્ધિ પામ્યા સાધ્યું નિજનું કામ
તમે તો જાગતા સોહો......૪
જ્ઞાન દર્શન રમણતામાં, રમજો હરહંમેશ
તમે તો જાગતા સોહો......૫
દેવ–ગુરુ જિનવાણીની સેવા કરજો દિન ને રાત
તમે તો જાગતા સોહો.....૬
જાગવાનો પ્રયત્ન કરીને, કરજો આત્મકલ્યાણ
તમે તો જાગતા સોહો......૭
બાહ્ય અભ્યંતર પરમાત્માને, લેજો સાથો સાથ
તમે તો જાગતા સોહો.....૮
દ્રવ્ય સ્વરૂપમાં દ્રષ્ટિ કરીને થાજો આરૂઢ નાથ
તમે તો જાગતા સોહો.....૯
કરી કરીને કરવાનું છે, તાર એક જ કામ
તમે તો જાગતા સોહો.....૧૦
ચૈતન્યરામને જાગૃત રાખવા એક જ તારું કામ
તમે તો જાગત સોહો.....૧૧
જડ ચેતનને જુદે જુદે નજરે નિહાળી નાથ
તમે તો જાગતા સોહો......૧૨
બે ને બે ચાર ચોખ્ખી દીવા જેવી વાત
તમે તો જાગતા સોહો......૧૩
ગુરુદેવે ચેતના બતાવ્યો, આખો આતમરામ
તમે તો જાગતા સોહો.....૧૪
ગુરુ ઉપકાર કદી ન ભૂલાય ભવો ભવની માંય
તમે તો જાગતા સોહો......૧૫

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org





Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પૂજ્ય બેન શાન્તાબેને પૂજ્ય બેનશ્રી ચંપાબેન પર લખેલા પત્ર

ચૈતન્ય રત્નાકર જ્ઞાતા પૂજ્ય ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર

સંવત ૧૯૯૨ ચૈત્ર વદ–૧૨ શનિવાર

કૃપાળુ પૂજ્ય બેનશ્રી

આપને મેં કાલે પત્ર લખ્યો છે તે આજે સવારે મળી ગયો હશે, આપનો ગુરુવારનો લખેલ પત્ર આજે મળ્યો છે. આપના શરીરે સુખાકૃત વર્તે છે તે જાણી શાંતિ થઈ છે. આ શરીરમાં છાતીમાં હવે કાંઈ વિશેષ ઉદય નથી પણ અશક્તિનો ઉદય તો હજુ રહ્યા કરે છે, બોલવામાં વિશેષ અશક્તિ હવે નથી જણાતી પણ ચાલવામાં થોડું થોડું ઓસરીમાંથી ઘરમાં ધીરે ધીરે ચાલી શકાય છે. ધીરે ધીરે શક્તિ આવવા સંભવ જણાય છે, જોઈએ છીએ ઉદય કેમ પ્રવર્તે છે, બાકી તો શું થાય?

આજે થોડા ખોરાકની શરૂઆત થઈ છે. ઘણું કરીને આ શરીરે ધીરે ધીરે સરખાય આવી જવા યોગ્ય જણાય છે. બાકી તો બધું ઉદય આધીન જ છે ત્યાં શું? પોતે તો જાણક હોવાથી જાણકમાં સ્થિર ઉભો ઉદયને જોયા કરે છે.

આપ લખો છો તે સત્ય જ છે કે પરમાણુની સ્વતંત્ર યોગ્યતા પ્રમાણે તે પરિણમે છે તે અશાતાના ઉદયમાં સામે આત્મા પોતે જેટલો સહજ સ્વરૂપે સમભાવ પરિણામે પ્રગટ પરિણમે છે તે જ આનંદ છે અને વિશેષ વિશેષ સમભાવ સ્વરૂપે સ્થિત પ્રણમે તેમ ભાવના રહ્યા કરે છે.

અહા! આ જીવનમાં જે સફળતા મેળવવા યોગ્ય છે તે મેળવાણી શ્રી સદ્‌ગુરુનો જ પ્રતાપ છે. તે ગુરુઓશ્રીને બહુમાનથી વારંવાર વંદન નમસ્કાર હો.

ધન્ય છે જે આત્માઓ બાહ્ય લક્ષ વિશેષપણે ચૂકી વિશેષપણે વિશેષ સ્વરૂપ ઉપયોગે પ્રણમે છે અથવા તો બાહ્ય ઉપયોગ સર્વથા પલટાવી તે સર્વથા પ્રગટ સહજ સ્વરૂપે પ્રણમી જે "મહા" આનંદને ભોગવે છે તેવા આત્માઓને ધન્ય છે વારંવાર ધન્ય છે.

તેવા આત્માઓના જેમને દર્શન છે તેમને પણ ધન્ય છે. સહજ સ્વરૂપસ્થિત દશાના આનંદને ધન્ય છે.

અહો અહો હું મુજને નમું નમો મુજ નમો મુજ રે
અમીત ફળ દાન દાતારની જેથી થઈ તુજ ભેટ રે

શુદ્ધ ચિદ્રૂપ તે જ આનંદનું મંદિર છે.

શ્રી સદ્‌ગુરુદેવના પ્રતાપને ધન્ય છે.

જીંદગીની સાફલ્યતા કરાવે તેવા સદ્‌ગુરુદેવને વારંવાર વંદન છે. હે ગુરુદેવ! આ પામર ઉપર અનહદ કૃપા કરી છે. અદ્વિતીય શ્રી ગુરુદેવની જોડ આ જગતમાં મળે તેમ નથી. આપણા મહાભાગ્યે આ અમૂલ્ય રત્ન ગુરુદેવ આપણને સાંપડ્યા છે. હવે તો નિરંતર એમના ચરણમાં વાસ હો એજ ભાવના છે.

આપશ્રી વાંચન વિચાર કરી વિશેષ જ્ઞાન પરિણતિનો લાભ લેતા હશો. આપણા શ્રી સદ્‌ગુરુદેવને બહુમાનથી વારંવાર નમસ્કાર હો, તેઓ સર્વ સુખશાંતિમાં બિરાજતા હશે. તબિયત સારી હશે.

આપે કાગળમાં ગાયન મોકલ્યું છે તે ઘણું જ સારું છે ને વર્તમાનમાં આત્માને લાભ થવામાં નિમિત્તરૂપ છે.

એજ લી.
સદ્‌ગુરુ સેવકના પરમ ભક્તિભાવે વંદન

પરમ ઉપકારી શ્રી ગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર

૧૯૯૩ કારતક બુધવાર

કૃપાળુ પૂજ્ય બેનશ્રી,

આપના હસ્તાક્ષરોના પત્રની વાટ જોઉં છું.

પૂજ્ય ગુરુરાજ સુખશાંતિમાં બિરાજે છે જાણી આનંદ. આપ પણ સુખશાંતિમાં હશો. આપને કોઈ પ્રકારે બહારથી પણ કાંઈ અગવડતા આવતી નહિ હોય, આપને સર્વ પ્રકારે સુખશાંતિ જ હો તેવા સમાચાર જાણવાની ભાવના છે તો તે આપની કૃપાથી જણાશે.

અહીં વાંચનમાં સમયસાર ચાલે છે. મોક્ષમાર્ગ પ્રકાશક હજુ જરાપણ વંચાણું નથી. કારણ કે સમયસાર ઈહાપોહપૂર્વક વાંચતા તેમાં તો ઘણો રંગ આવે છે તેથી તે તરફથી લક્ષ છૂટી મોક્ષમાર્ગ પ્રકાશક વાંચવા ભણી દૃષ્ટિનું વલણ થતું નથી. સમયસારના એકક શબ્દના રહસ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં જાણે તેમાં ઘણાં ઘણાં રહસ્યો—આશયો ભર્યા હોય તેમ ભાસ્યા જ કરે છે. પણ તેમાં સદ્‌ગુરુ પ્રતાપે જેટલી શક્તિ ઉઘડે તે પ્રમાણે ઉકેલ કરી શકાય. બાકી તો જ્ઞાન અનંત શક્તિવાળું છે એટલે તે સંપૂર્ણ ઉઘડ્યા વગર પૂર્ણ તો ક્યાંથી થાય?

શ્રી દેવ-ગુરુની વાણી સાંભળતા
પોતાને જોવો.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

કૃપાળુ ગુરુરાજે આ પ્રકારે વાંચન કરવાની આજ્ઞા આપી તે એક મહાન ઉપકાર કર્યો છે. ઉપકારી સદ્‌ગુરુઓ તે તો પ્રથમથી ઠેઠ સુધી ઉપકાર જ કરી રહ્યા છે. ''ગુરુકૃપાએ થઈશું તે જ સ્વરૂપ જો.'' તે જ વસ્તુનો નિયમ છે. સહજ સ્થતિ પ્રમાણે વાંચન વિચાર ધ્યાન વગેરે થયા કરે છે તે આપશ્રી સર્વ જાણો છો છતાં ભાવના આવવાથી લખી જવાય છે.

અહીં જે વેષનો ફેરફાર કરવાનો છે તેની આજ્ઞા મળી ગઈ છે, હવે આવતીકાલે ગુરુવારે અગર પરમ દિવસે શુક્રવારે તે બેમાંથી એક દિવસે જરૂર ફેરફાર થઈ જશે તેમ જણાય છે. ફેરફાર થશે ત્યારે જણાવીશ અને ત્યાર પછી સોનગઢ જવું તેમ મારી બાની ઈચ્છા છે, છતાં પણ વેલા આવવાની પ્રયાસની ભાવના છે.

હાલઘડી આપના હસ્તાક્ષરનો પત્ર મળ્યો વાંચી આનંદ થયો.

પૂજ્ય કૃપાળુ ગુરુ સાહેબ સુખશાંતિમાં બિરાજતા હશે તેમને પરમ ભક્તિભાવે વંદન પહોંચે.

ઉદયને લઈને પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનમાં સમયસાર નાટક સાંભળવાનો પણ ખંડ પડ્યો છે. ઉદય હોય ત્યાં શું થાય? આપ સર્વ તે મહાન લાભ લઈ રહ્યા છો ધન્ય છે તે નગરીને.

એજ લી. સંત શિષ્યના ભક્તિભાવે વારંવાર વંદન હો.

પરમ ઉપકારી આત્મશાંતિ દાતા પરમ કૃપાવંત ગુણસમૂહ શ્રી ગુરુદેવના ચરણોમાં નિરંતર વાસ હો. તેમના ચરણોમાં ભક્તિભાવે નમસ્કાર.

વિ.સં. ૧૯૯૩
કારતક સુદ–૭
શનિવાર
અમરેલી

પૂજ્ય કૃપાળ બેનશ્રી,

ત્યાંથી ગઈકાલે સવારે રવાના થયા બાદ અહીં નિર્વિઘ્ને પહોંચાણું છે. આપના શરીરે સુખાકૃતિ રહેતી હશે. પરમ પૂજ્ય કૃપાળુ ગુરુસાહેબ પરમ સુખશાંતિમાં બિરાજતા હશે.

સમયસાર વગેરેનું વાંચન આપને થતું હશે. અહીં પણ વાંચન આદિ યથાશક્તિએ થયા કરે છે. 'સંયોગ–વિયોગ' વિયોગ વગેરે ઉદયની વિચિત્રતાનો જોવાય છે. ગુરુશ્રી પ્રતાપે જોનાર શાંતિમાં છે. તે જ આનંદ છે. બાકી શું કહેવું!

પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાન સાંભળતા
પોતાની પરિણતી શુદ્ધાત્મા સાથે મેળવવી.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

બે દિવસ ગયા હવે છ—સાત દિવસ પછી ઘણું કરીને જરૂર ત્યાં અવાશે તેમ જણાય છે.

રાગના ઉદયને અહીંનો સંયોગ પોષણરૂપે થતો નથી. ઉદયમાં વર્તતો જે રાગ તે ત્યાંના સંયોગને જ ઈચ્છે છે.

અહીં શરીર સારી રીતે સારું છે એજ.

લી. સંત શિષ્યના ભક્તિભાવે વંદન

આપણા આત્મ આધાર શ્રી ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર

વિ.સં. ૧૯૯૩ કારતક
શનિવાર—અમરેલી

ઉપકારી સ્વરૂપ સ્થિત કૃપાળુ શ્રી,

આજે હાલઘડી આપનો અદ્‌ભૂત ન્યાયોથી ભરેલો કૃપા પત્ર વાંચી ઘણો જ આનંદ થયો છે.

આપે લખ્યું છે કે અભ્યંતરથી બેરંગીપણું ઉતારી સર્વથા નિર્મળતા ધારણ કરશે તે દિવસ ધન્ય છે.

તો કૃપાળુથી તે વાત સર્વથા પ્રકારે સત્ય છે. આપની નીકળેલી આશીષ ફળે એજ ભાવના છે.

શ્રી સદ્‌ગુરુ પ્રતાપે પૂર્ણ થાય એ જ વારંવાર ભાવના છે. નિરૂપાધિને ઈચ્છનારને નિરૂપાધિ જ મળે છે.

વસ્તુના જે સ્વભાવો જેમ છે તેમ જ તે સ્વભાવોના વેદનને જે ઈચ્છે છે એટલે સ્વભાવ તરફ વળે તે તે સ્વભાવમય પ્રણમી જ જાય છે. આ વાત નિઃશંસય નિઃશંક છે.

પર સંયોગથી જે છૂટવા માગે છે તે છૂટે છે ને જે બંધાવા માગે છે તે બંધાય છે. આ વાત સર્વ જ્ઞાનીઓની સર્વથા પ્રકાર સત્ય છે ખરેખર સત્ય છે.

અનંત શક્તિવાન ચૈતન્ય જાગે પછી બિચારા જડની તો કેટલી શક્તિ હોય.

પરમ પૂજ્ય અદ્વિતીય રત્ન શ્રી કૃપાળુ ગુરુસાહેબ સુખશાંતિમાં છે જાણી આનંદ. વ્યાખ્યાનમાં અમૃત રેડી રહ્યા હશે. ધન્ય છે આપ બધા ત્યાં એ અમૃત દિવ્ય વાણી સાંભળી આત્મ પવિત્ર કરતા હશો.

જીવન પર્યંત એક આત્માની આરાધના કરો.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પરમ દિવસે સોમવારે ત્યાં આવવાનું ચોક્કસ કર્યું છે. મારા પિતાશ્રીએ મારા ભાવ જોયા પછી કોઈ વિશેષ આગ્રહ રાખ્યો નથી.

શાન્તાનું હૃદય જેમ રાજી રહે તેમ કરવું તેમ તેમના ભાવ દેખાય છે.

શ્રી સદ્‌ગુરુના પ્રતાપે સર્વ સારું છે કાંઈ હરકત નથી.

એજ. શ્રી સદ્‌ગુરુ શિષ્યના પરમ ભક્તિભાવે વંદન હો

ભવનો અંત કરાવનાર શ્રી ગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર.

વિ.સં. ૧૯૯૩
પોષ વદી ૮, બુધવાર
અમરેલી

સ્વરૂપે સ્થિત કૃપાળુ બેનશ્રી,

ત્યાંથી રવાના થયા બાદ અહીં શાંતિથી પહોંચાણું છે, શરીરને ખાસ કરીને કાંઈ વિશેષ હરકત આવી નથી. આપના શરીરે સુખાકૃતિ હશે.

કૃપાળુ પૂજ્ય ગુરુસાહેબ સુખશાંતિમાં બિરાજતા હશે. અનુભવ પ્રકાશ ગ્રંથ વ્યાખ્યાનમા પૂરો થવા આવ્યો હશે. પછવાડેથી શું આવે છે તે મારાથી વાંચી પણ શકાયું નથી. બીજો નવો ગ્રંથ વ્યાખ્યાનમાં શું શરૂ થાય છે તે યોગ્ય લાગે તો જણાવવા કૃપા.

અનુભવ પ્રકાશમાં અનુભવનું રહસ્ય ઘણું સરસ આવ્યું છે જેમ છે તેમ જ વ્યાખ્યા ઘણી સારી આવી છે. ''અનેક સંત સમાધિ ધરી ધરી પાર ભયા હૈ'' તે શબ્દ સાંભળતાં અનુભવીઓને પ્રશસ્ત ઉલ્લાસ આવી જાય છે ને ઉપયોગનું વલણ અનુભવ તરફ વિશેષ કરીને પ્રણમવા માંડે છે. તેમાં કોઈવાર ઉપયોગ તદ્દન નિર્વિકલ્પ ઉપયોગે પ્રણમે છે ને કોઈવાર સવિકલ્પ સ્થિરતા વિશેષે થાય છે. જો કે અનુભવી આત્મની સહજ સ્થિતિ જ આ પ્રકારની હોય છે છતાં પણ આવા ગ્રંથો પણ કેટલીક વાર વિશેષે લાભનું કારણ બની આવે છે.

સંપૂર્ણ સમાધિસ્થ પરિણામી આત્માઓને ધન્ય છે વારંવાર નમસ્કાર છે તથા તદ્દન એકલ વસતા સર્વસંગ પરીત્યાગ સ્વરૂપે મહાસમાધિસ્થ થયેલા આત્માઓને પણ વારંવાર ધન્ય છે.

પરમ ઉપકારી ગુરુરાજને વારંવાર વંદન હો.

રત્નત્રયની આરાધનામાં તત્પર થાવો.

ગાડીના હડદોલાને લઈને સહેજ દુઃખાવા જેવું થઈ આવ્યું છે. વિશેષે કાંઈ નથી એકાદ બે દિવસમાં શાંતિ લેવાશે એટલે સારું થઈ જશે.

એજ લી. સદ્‌ગુરુ શિષ્યના
પરમ ભક્તિભાવે વારંવાર વંદન હો.

પૂજ્ય શ્રી ગુરુદેવની ચરણ સેવા નિરંતર તદ્દન સમીપ હો એજ ભાવના.

વિ.સં. ૧૯૯૩
પોષ વદી ૧૦
શનિવાર

પૂજ્ય બેનશ્રી,

ગઈકાલે આપનો પત્ર મળ્યો. આપે લખેલી સર્વ હકીકત જાણી, તે ખરેખર જ છે કે જ્ઞાતા સ્વરૂપે થયેલી સહજ પરિણતી અમુક અંશે જ્યાં ઊભી છે તેને ઉદયના નિમિત્તે જે અમુક અંશે અસ્થિર પરિણતી ઊભી છે તે અસ્થિર સહજ સ્થિરને અસર ન જ કરી શકે તે વાત સત્ય છે ને તે તેમ જ છે.

મને છાતીની ભીંસ આવી ન હતી. દુઃખાવો થઈ જાય છે તેવી જાતનો દુઃખાવો થઈ ગયો હતો તે ગાડીના હડદાને લઈને બે દિવસ રહ્યો હવે છેલ્લા બે દિવસ થયા તે તદ્દન સારું છે.

ત્યાં પૂ. ગુરુદેવ બપોરની વાંચણીમાં શ્રીમદ્ રાજચંદ્ર વાંચશે તે જાણ્યું. ક્યાં ત્યાનું શાંત વાતાવરણ ને ક્યાં અહીનું ધમાલીયું વાતાવરણ. સંપૂર્ણતાએ આત્મા, આત્મા ને આત્મા જ જોઈએ છીએ. બીજું કાંઈ જોઈતું નથી ને ક્યાંય દૃષ્ટિ આપવી ગમતી પણ નથી, છતાં ઉદયના કારણે બધી ક્રિયા થાય પણ છે.

સર્વાંશ સમાધિ થાય ત્યારે જ સર્વ રીતે શાંતિ થવા યોગ્ય છે. અમુક અંશ સમાધિ હોવા છતાં જ્યાં સુધી સમાધિ ન થાય ત્યાં સુધી સંતોષ કોઈ પણ પ્રકારે થાય તેમ નથી.

પૂજ્ય કૃપાળુ ગુરુરાજ પરમ સુખ શાંતિમાં બિરાજતા હશે તેઓશ્રીને અમારા ભક્તિભાવે વંદન હો. તેમની શરીર પ્રકૃતિ સારી હશે એમ અંતરમાં બહુ ઝંખના થાય છે.

લી. વીતરાગ આદિ સત્ પુરુષોના
સેવકના ભક્તિભાવે વંદન.

સમ્યક્‌દર્શન પ્રાપ્ત થતાં માર્ગ મળ્યો,
મોક્ષના દરવાજા ખુલી ગયા.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org


વિ.સં. ૧૯૯૩
પોષ વદ બુધવાર
અમરેલી

સહજ સ્વરૂપે સ્થિત બેનશ્રી,

આપને કાગળ લખીને મોકલ્યો હતો તે મળી ગયો હશે. આજે સવારે બેન મંજુલા અહીંથી ગયેલ છે તે સ્હેજ.

મારે આવવાનું રવિવાર—સોમવાર લગભગ થશે. હજી આજે ત્યાં આવવા વિષે મારા પિતાશ્રીને કાંઈ પણ કહ્યું નથી. એક બે દિવસમાં નક્કી થઈ જશે, માસીબા આવતીકાલે ત્યાં આવવાનું કહે છે જે થાય તે ખરૂં. મારી શરીર પ્રકૃતિ સારી છે ત્યાંના કરતાં અહીં આવ્યા પછી શક્તિ સારી દેખાય છે.

શ્રીમદ્ રાજચંદ્ર સારું વિસ્તારપૂર્વક પૂ. ગુરુદેવ પાસે વ્યાખ્યાનમાં વંચાય છે તે જાણ્યું. તેવા પ્રકારે સાંભળવાના અંતરાયનો ઉદય પૂરો થયે તેવા પ્રકારનું સાંભળવાનો જોગ બનશે.

પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવ સુખશાંતિમાં બિરાજતા હશે. બાહ્ય ઉદયને કારણે ગમે તેટલી ધમાલ હોય અને અભ્યંતર ઉદયમાં પણ ગમે તે ધમાલ હોય છતાં પણ શ્રી સદ્‌ગુરુ પ્રતાપે જ્ઞાતા પરિણતિમાં જે શાંતિ ને સુખ વેદાય છે તે જ ખરું સુખ છે, બાકી તો ઉપાધિ જ છે.

ધન્ય છે જે મહાત્માઓ બાહ્ય અને અભ્યંતર સર્વ ઉપાધિથી છૂટી સર્વથા પ્રકારે જ્ઞાતાની સુખ અને શાંતિની લહેરમાં જે આત્માઓ બિરાજતા હશે તેમને ધન્ય છે, વારંવાર ધન્ય છે.

આપની શારીરિક પ્રકૃતિ સારી જાણી આનંદ. એ જ પત્ર લખવા કૃપા. હવે વિરહનો ઉદય જલ્દી પૂરો થઈ જલ્દી ત્યાં અવાય તો સારું તેમ ભાવના થઈ જાય છે. સદ્‌ગુરુ વિરહ ઉદય આકરો લાગે છે કારણ કે આત્મસ્થિતિને આ કુટુંબીઓનો સમાગમ અપ્રયોજનભૂત છે અને પ્રશસ્ત સાધનો પ્રયોજનભૂત છે. એટલે રાગ પણ પ્રશસ્ત સાધનો પ્રત્યે વળે છે.

એજ લી.
સંત સેવકના પરમ ભક્તિભાવે વંદન.

આચાર્યદેવની વાણી સાથે તથા પૂ. ગુરુદેવની
વાણી સાથે તારી પરિણતીને મેળવવી.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

અપૂર્વ શ્રુતધારી શ્રી ગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર.

વિ.સં. ૧૯૯૩
મહાસુદ–૧ શુક્રવાર
અમરેલી

સ્વરૂપે સ્થિત કૃપાળુ બેનશ્રી,

આપને કૃપા પત્ર આજે અત્યારે હાલ ઘડી મળ્યો. આપે લખેલ સર્વ હકીકત જાણી, વનીચંદભાઈ ત્યાં આવ્યા હતા તે જાણ્યું. હાલમાં હજુ ત્યાં પૂ. ગુરુદેવના વ્યાખ્યાનમાં શ્રીમદ્ રાજચંદ્ર વંચાતુ હશે. પરમ કૃપાળુ પૂજ્ય આપણા ગુરુરાજ પરમ સુખશાંતિમાં બિરાજતા હશે.

આપની શારીરિક પ્રકૃતિ સારી હશે. અહીં શરીર પ્રકૃતિ સારી રીતે સારી છે. શક્તિ સારી જણાય છે. હવે ત્યાં ચાર–પાંચ દિવસમાં અવાશે તેમ જણાય છે ત્યાં સુધીમાં આપનો એકાદ પત્ર આવે તો ઘણી કૃપા.

આ વખતે અહીં વધારે ટાઈમ થયો છે પણ સંયોગ વશાત તેમ બને છે. ઉદય બધા જુદા જુદા પ્રકારે ભજ્યા કરે છે ને જ્ઞાતા પોતે તે બધા ઉદયને જોયા જ કરે છે જેટલી વિભાવ પરિણતિ ઊભી છે તે જુદી જુદી અવસ્થા સ્વરૂપે અસ્થિરપણે પ્રણમ્યા કરે છે પણ જ્ઞાતાનો સ્થિર સ્વભાવ હોવાથી પોતે જેટલે અંશે સહજ સ્થિર થયો છે તેટલે અંશે તે સ્થિરપણે પ્રણમતો સ્થિર–અસ્થિર બધાને જાણ્યા જ કરે છે. પુરુષાર્થ કરી પોતે જેટલી સ્થિર પર્યાય પ્રગટ કરી છે અને પુરુષાર્થ કરી જેટલો જેટલો સ્થિર થતો જશે તે જ પોતાને સુખરૂપ છે. બાકી તો બધું ઉપાધિ છે.

ત્યાં આવવાના ભાવ જલ્દી થઈ જાય છે પણ ઉપર લખ્યા મુજબ ત્યાં અવાશે તેમ જણાય છે.

પરમ ઉપકારી પૂજ્ય કૃપાળુ કૃપાનિધી આપણા ગુરુરાજને મારા પરમ ભક્તિભાવે વંદન–નમસ્કાર હો.

એજ લી.
સદ્ગુરુ સેવકના પરમ ભક્તિભાવે વંદન.

મુનિરાજના ઉપસર્ગ યાદ કરીને પોતે
પોતાની સાવચેતી રાખવી.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



વિ.સં. ૧૯૯૩
મહા વદી–૪ અમરેલી

કૃપાળુ પૂજ્ય બેનશ્રી,

આપનો કૃપા પત્ર આજે હાલઘડી મળ્યો.

આપણા પરમ કૃપાળુ ગુરુદેવ સુખશાંતિમાં બિરાજતા હશે તેમને અમારા પરમ ભક્તિભાવે વંદન હો.

ત્યાં આજકાલમાં આવવા મારા પિતાશ્રીને મેં ઘણું કહ્યું પણ તેમણે કહ્યું કે હું જાજુ કહેતો નથી પણ ગુરુવાર કે શુક્રવાર સુધી તેમનો અતિ આગ્રહ હતો એટલે તે પ્રમાણે જ રાખ્યું છે. હવે જો શુક્રવારે જ ત્યાં આવશું તો બપોરની ટ્રેનમાં આવવા વિચાર છે. મારા પિતાશ્રી મને ત્યાં ઠેઠ સુધી મૂકવા આવશે. તેમ તેમણે નક્કી કર્યું છે. આવવાની ભાવના તો તુરતમાં જ હોય છે પણ ઉદય અનુસાર બધું બન્યા કરે છે.

અહીં પણ યથાશક્તિ વાંચન વિચાર વિગેરે થયા કરે છે. જ્ઞાતા પરિણતિ સહજ હોવાથી કેટલું ધ્યાન સહજ સહજ થાય છે. જ્ઞાતાનો તે સ્વભાવ હોવાથી પુરુષાર્થ ધારા જે પ્રકારે ઉપડે તે પ્રકારે તે થયા કરે છે અને જ્યાં જ્ઞાતાધારા સહજ ઉભી હોય છે ત્યાં તે પ્રકારનો પુરુષાર્થ પણ હોય છે ને તે દ્વારા તે જ્ઞાન ધ્યાનની શ્રેણી વડે વારંવાર પોતાના સ્વરૂપને અનુભવતો આગળ જાય છે.

આ પ્રકારે આગળ જતાં જતાં જ્ઞાતા અખંડ ઉછળીને તે સ્વરૂપને અનુભવશે તે દિવસ ''ધન્ય થશે'' ''કૃતાર્થ થશે.''

ધન્ય જે મહાત્મા સર્વાંશપણે જ્ઞાતા ઉછાળીને વેદી રહ્યા છે ને અનુભવી રહ્યા છે.

સર્વ લોકાલોકના ભાવો જ્ઞાનમાં ઝળકતા હોવા છતાં પોતાના નિજભાવને સર્વાંશ અખંડ એક સ્વરૂપે વેદીને આસ્વાદી રહ્યા છે.

તે મહાત્માઓને વારંવાર ધન્યવાદ સાથે નમસ્કાર છે.

સ્વરૂપના સર્વ અંશ સુખદાતા છે. કાર્મણનો કોઈ અંશ સુખદાતા નથી. આ સ્વરૂપ સર્વ અનુભવી આત્માઓ જ યથા પ્રકારે સમજી શકે છે.

આપશ્રી સદ્‌ગુરુદેવના વિરહમાં આ શરીર પ્રકૃતિમાં સાધારણ સિવાય વિશેષ ઉથલો મારી નરમ ન થાય. તેમ મારા માટે એમ જ છે. શ્રી સદ્‌ગુરુની મહિમા કોઈ અપાર છે.

એજ લી. સદ્‌ગુરુ સેવકના ભક્તિભાવે વંદન.

દરેક કામકાજની પ્રવૃત્તિમાં પણ એક
જાણનાર તત્ત્વનું લક્ષ રાખવું.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## પૂજ્ય કૃપાળુ જ્ઞાનનિધિ ગુરુદેવને નમસ્કાર

વિ.સં. ૧૯૯૩
ફાગણ વદ—૫
ગુરુવાર
સોનગઢ

સહજ સ્થિત બેનશ્રી,

આપનો કૃપાપત્ર આજે સવારે મળ્યો, વાંચી આનંદ થયો. આપશ્રી અહીં સોમવારે આવશો જાણી આનંદ થયો.

પૂજ્ય કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવ પરમ સુખશાંતિમાં બિરાજે છે. પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનમાં હજી શ્રીમદ્ વંચાય છે. આજે તેત્રીસમાં વરસનો ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરીતનો જે પત્ર છે તેનો ઉપલો ભાગ વ્યાખ્યાનમાં વંચાણો છે. સ્પષ્ટીકરણ ઘણું સારું થતું હતું. **તીવ્ર અશાતાના ઉદય વખતે વીર્ય વિશેષ જાગ્રતપણે હોય છે, તે જ્ઞાનીની સ્થિતિ છે.** તે અશાતાનો ન્યાય આપણે જે પ્રકારે કહેતા હતા તે પ્રકારે જ શ્રીમદ્‌જીમાં આવે છે ને સ્પષ્ટીકરણ પણ તે જ પ્રકારે પૂજ્યસાહેબ કરતા હતા.

આપને સોમવારે આવવાનું જાણી પરિણામમાં શાંતિ થાય છે. આપના શરીરે સારું હશે.

એજ લી.
સદ્‌ગુરુ સેવક

સૌ પ્રથમ પાત્રતા તૈયાર કરવી જરૂરી છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પૂજ્ય ઉપકારી શ્રી ગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર હો.

વિ.સં. ૧૯૯૬
પોષ વદી ૫
અમરેલી

ઉપકારી પૂજ્ય બેનશ્રી,

અમે ત્યાંથી રવાના થયા બાદ અહીં રાત્રે પહોંચી ગયા હતા. રસ્તામાં ખાસ હરકત આવી ન હતી.

પૂજ્ય શ્રી કૃપાળુ ગુરુરાજના વ્યાખ્યાનનો સાર જણાવવા કૃપા. ત્યાં વ્યાખ્યાનમાં ઘણા માણસો થયા હશે અને સમવસરણ જેવો અદ્‌ભુત દેખાવ લાગતો હશે.

આપ ત્યાંથી પાંચે નીકળી રાજકોટ ગયા હશો, આપને શરીરે સુખાકૃતિ હશે તે જણાવવા કૃપા. આ શરીરે સારું છે.

સંપૂર્ણપણે સ્વરૂપ સ્થિતિને પ્રગટ કરી તેમાં લીન થઈ મગ્ન થયા તે પુરુષોને અનંત ભક્તિથી નમસ્કાર તે સંપૂર્ણ સ્વરૂપમાં સંપૂર્ણપણે સ્થિત થવાય તે દિવસને ધન્ય છે, તે સ્થિતિને ધન્ય છે.

ભગવાન શ્રી સીમંધર પ્રભુના દર્શન કરનાર શ્રી કુંદકુંદ પ્રભુ સ્વરૂપમાં કેવા સ્થિત હતા તે સ્થિતિને નમસ્કાર. તે પરમ પુરુષોને અત્યંત અત્યંત ભક્તિથી નમસ્કાર.

ત્યાં શુક્રવારે આવવા ધારું છું તે દિવસે ત્યાં અવાશે તેમ જણાય છે. આપણા ઉપકારી કૃપાળુ ગુરુરાજ આજરોજ પધાર્યા હશે અને ત્યાં સુખશાંતિમાં વિચરતા હશે. ઘણો ઉપકાર, ઘણો ઉપકાર ગુરુરાજ તમારા ઉપકાર વગર આ જીવનનું શું થાત.

આપ સર્વ મહાપુરુષોના પ્રતાપે આત્મા આત્મઆનંદમાં રહે છે. પર્યાયની ઉણપ આપણા ગુરુ પ્રતાપે જલ્દી ટળી જશે. આપ ત્યાં બાહ્ય—અંતર સર્વ રીતે આનંદમાં જ હશો, એ જ પત્ર લખવા કૃપા ઈચ્છાય છે.

એજ લી.
સર્વજ્ઞાનીના દાસના ભક્તિભાવે વંદન.

સમ્યગ્દર્શન થતાં ભગવાનની
નાતમાં ભળી ગયો.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

જ્ઞાનગંગા વહેડાવનાર શ્રી ગુરુદેવના ચરણમાં અત્યંત ભક્તિથી નમસ્કાર

વિ.સં. ૨૦૦૩, પોષ સુદ ૭
સોમવાર—અમરેલી

પૂજ્ય આત્મરામી વ્હાલા બેનશ્રી,

આપનો કૃપા પત્ર ગઈકાલે મળ્યો વાંચી ઘણો જ સંતોષ થયો. પરમ પૂજ્ય આપણા ''પરમ ઉપકારી'' અદ્વિતીય ગુરુદેવ સુખશાંતિમાં બિરાજતા હશે તેમને મારા અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

શેઠ વનીચંદભાઈના સમાચાર સાંભળી ખેદ થાય છે તેની સહાય આપણને કોઈ જુદી હતી તેમને ભક્તિનો રંગ કોઈ જુદો જ હતો તે વનીચંદશેઠના દેહ ત્યાગથી એક સારા મુમુક્ષુ ભક્તિવંત આત્માની ખોટ પડી ગઈ.

અહીં ચાર દિવસ તો માંડ માંડ કાઢ્યા છે. હવે તો આવો યોગ જીંદગીભર સુધી ન બને તો સારું કારણ આપના અને ગુરુદેવના વિરહે તો મને જરાપણ ક્યાંય ગમે નહિ. અંતર ઈચ્છે છે તેમ બનશે હવે આપનાથી અને ગુરુદેવથી જુદુ પડીને ક્યાંય જવાનું બનશે નહિ.

સર્વથા રાગનો અભાવ થઈને વીતરાગતા પ્રગટ થાય તો જ સર્વથા સુખ થાય. એવો અવસર ઝટ પ્રાપ્ત થાય એ જ અંતરની ભાવના છે. સ્વરૂપમાં સર્વથા લીન થવાય તે દિવસને ધન્ય થશે. અંશે લીનતા તો થાય છે પણ હવે તો સર્વથા લીનતા જોઈએ છે. મુનિપણું પ્રગટ કરી આત્મલીનતામાં વધીને પૂર્ણતા પ્રાપ્ત થાય એ જ ભાવના વારંવાર થઈ જાય છે. દેવ—ગુરુ પાસે પણ વારંવાર પ્રાર્થના એ જ થાય છે કે હે પ્રભુ! આપના પ્રતાપે હવે મુનિપણાની વનવાસી સ્થિતિમાં આત્મદશામાં લીન થઈ નિઃસ્પૃહ થઈ રહીએ અને બધા વિકલ્પ છૂટી અને એક માત્ર આત્મસ્વરૂપની જ શ્રેણીમાં રહીએ અને પૂર્ણાનંદ પ્રાપ્ત થાય એ જ પ્રગટ થાવ. આપ સૌ મહાપુરુષોના પ્રતાપે જરૂર તે પ્રાપ્ત થશે. પરંતુ વિલંબ રહિત જલ્દી તે દશા પ્રગટ થાય એવો સમય ક્યારે દેખશું.

આજે સોમવારે સાંજે ત્યાં આવવાનું નક્કી કર્યું હતું. રાતની બારની ગાડીમાં ત્યાં પહોંચત, પરંતુ ગઈકાલથી ઠંડી બહુ પડે છે તેથી કાલે મંગળવારે આવવાનું નક્કી કર્યું છે તે આવતીકાલે મંગળવારે બપોરે બેની ટ્રેનમાં જરૂર ત્યાં પહોંચશું.

પૂજ્ય ગુરુદેવની તથા આપની તબિયત સારી જાણી શાંતિ થઈ છે.

એજ લી.
આપનો સેવક શાંતાના ભક્તિથી
નમસ્કાર.

ઉદ્યમ કરવો આનંદથી, નિર્વાહ કરવો
નિરાકુળતાથી.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

શ્રુતાનંદી વ્હાલા ગુરુદેવના ચરણમાં પરમ ભક્તિથી નમસ્કાર

હવે તો આ આત્મા તેમના ચરણની સેવા જ નિરંતર માગે છે તે સફળ થાઓ.

વિ.સં. ૨૦૦૩
પોષ સુદ ૫
શનિવાર—અમરેલી

સ્વરૂપરામી વ્હાલા બેનશ્રી,

અમરેલીથી લી. આપનો સેવક. આપ ત્યાં સુખશાંતિમાં હશો. તબિયત પણ સારી હશે.

આપણા ઉપકારી જગત વલ્લભ, અધ્યાત્મરામી પૂ. ગુરુદેવ સુખશાંતિમાં હશે. તબિયત પણ તેઓશ્રીની તદ્દન સારી હશે.

બહેન! મારા આત્માને માટે તો એવું છે કે પૂ. ગુરુદેવ અને આપના ચરણમાં રહીને જેટલી શાંતિ ચિત્તમાં રહે છે તેટલી બીજે ન રહે તે સ્વાભાવિક છે, કારણ કે ધર્માત્મા પુરુષોના સમાગમ સિવાય બીજો સમાગમ રૂચે નહિ તેથી આત્મ સમાધિ વધી જાવ અને બહારથી મહાપુરુષોના સમાગમ રહો. આ ભવમાં આપ અને ગુરુદેવની છત્રછાયામાં અને ભવાંતરમાં પણ મહાપુરુષોની છત્રછાયામાં આત્મલાભ પૂર્ણ પ્રાપ્ત થઈ જાય બસ એ જ ભાવના.

અમે ત્યાંથી રવાના થયા બાદ ગાડી બહુ લેઈટ હતી. તેથી ખીજડીયાથી ઉપડી ગયેલ તેવા સમાચાર ઢસા અમને મળ્યા એટલે લાઠીથી મોટર કરીને અમે અમરેલી અઢી વાગે પહોંચ્યા. અહીં જે દિવસે અમે આવ્યા તે જ દિવસથી મારા માતુશ્રીની તબિયત સુધરવા લાગી ગઈ. કાલના કરતાં આજે વધારે સારું છે.

પૂજ્ય ઉપકારી ગુરુદેવને મારા અગણિત વંદન હો.

સોમવારે આવવાનું કહું છું પણ તે લોકો મંગળવારનો બહુ આગ્રહ કરે છે જે થાય તે ખરું. મંગળવારથી આઘુ તો નહીં જ થાય, સોમવારનો પ્રયત્ન કરું છું. મારું મન તો સોમવારું જ છે નક્કી થયે તારથી ખબર આપીશું.

એજ લી.
આપના ચરણ સેવક શાંતાના વારંવાર
વંદન હો.

રાગાદિભાવ અને મન વાણી દેહથી
આત્મા જુદો પદાર્થ છે.

# પૂજ્ય બેનની કૃપાદૃષ્ટિથી લખેલ કુટુંબીજનો પર પત્રો

સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય,

પૂજ્ય ગુરુદેવના પ્રતાપે; મારા આત્મામાં સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાનની જે શુદ્ધ ધર્મરૂપ પર્યાય પ્રગટી છે તે નિરંતર ધર્મનું કાર્ય કરે છે રાગાદિના વિકલ્પ આવે તે પણ ઉપર ઉપર જ રહે છે. જેમ તેલનું બિંદુ શુદ્ધ પાણીમાં ઉપરને ઉપર તરે છે તેમ રાગાદિ વિકલ્પ, શુદ્ધ ધર્મ પ્રગટ્યો છે તેમાં તે રાગાદિનો વિકલ્પ પ્રવેશ કરતાં જ નથી. કુટુંબ પ્રત્યે હજુ રાગ છે જેથી વિકલ્પ આવી જાય છે, બાકી ખાતા–પીતા, બોલતા–ચાલતા કે બધી બહારની પ્રવૃત્તિમાં મારો પ્રગટેલો શુદ્ધ ધર્મ તો નિરંતર પ્રણમી રહ્યો છે ને તે શાંતિ સમાધિરૂપે જ નિરંતર પ્રણમે છે. મારા આત્મામાં જે ધર્મ પ્રગટ્યો છે નિરંતર વૃદ્ધિગત છે ને તે પ્રગટેલી ધર્મરૂપ શુદ્ધ પરિણતિને કોઈ રોકી શકે તેમ નથી જે કાંઈ વિકલ્પ આવે કુટુંબ પ્રત્યે રાગદિના તે પણ રસ વગરના ને તુચ્છ હોય છે. બીજાને તેનો ખ્યાલ આવવો મુશ્કેલ પડે.

આ તો માત્ર તમે સમજી શકો કે સમ્યક્દૃષ્ટિના આત્મામાં કેવો ધર્મ હોય છે તેટલા માટે તેવા હેતુથી જ લખાયેલ છે. તે બરાબર સમજજો હો; બીજો હેતુ નથી.

લી. બેન શાન્તા.

તા. ૨૧-૧-૫૯

ચિ. ભાઈ મુકુંદરાય,

પૂજ્ય ગુરુદેવ સાથે મુક્તાગીરીની અપૂર્વ જાત્રા કરીને નીચે આવી ગયા છીએ અહીં મુક્તાગીરીથી સાડા ત્રણ ક્રોડ મુનિ મુક્તિને પામ્યા છે એવું સરસ આ તીર્થ છે. આ સિદ્ધિધામ ઘણું રળિયામણું છે પહાડ ઉપર (૫૨) બાવન શ્રી જિનમંદિર છે એવું અપૂર્વ આ મુક્તાગીરી ધામ છે.

આરાધનામાં સાંગોપાંગ ઉતરી જાવ
એવી ભાવના રાખવી.

પૂ. ગુરુદેવના પ્રતાપે જાત્રા બહુ આનંદથી થઈ ઘણા ઘણા ભગવાનના દર્શન કર્યા ને ઘણું ઘણું ફર્યા. પૂ. ગુરુદેવને પણ આ વખતે જાત્રા બહુ જ યાદ આવે છે. વારંવાર બધા તીર્થો યાદ કર્યા કરે છે. પૂ. ગુરુદેવના કારણે ધર્મ પ્રભાવના પણ ઘણી થઈ પૂ. ગુરુદેવ કોઈ મહાપ્રભાવી સંત છે. ભારતનો અદ્વિતીય પુરુષ છે અજોડ સંત છે આ કાળે તેમનો જોટો દુનિયાભરમાં નથી આપણા સર્વના મહાન સદ્ભાગ્ય છે કે આપણને આવા મહાપ્રતાપી પુરુષનો યોગ સાંપડ્યો છે. જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેમને આ મહા પુરુષના નિમિત્તે જ થશે.

આ કાળે તીર્થંકર જેવો અવતાર છે ભાવિ તીર્થંકર છે તે તો નિઃશંક વાત છે. ધર્મપ્રભાવના ઘણી સારી ભારતમાં થઈ છે.

બસ એજ લી.
બેન શાન્તા.

તા. ૧૨-૬-૬૨

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો પત્ર તારીખ ૮નો લખેલો મળેલ છે. અમે તા. ૧૦ના અમદાવાદથી રાત્રે અહીં આવી ગયા છે. પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ ગઈકાલે તા. ૧૧મીએ સવારે આઠ વાગે પધાર્યા હતા. પરમ પૂજ્ય ગુરુદેવનું સ્વાગત પણ ઘણું આનંદથી થયું હતું. પૂ. ગુરુદેવની તબિયત સારી છે. પૂજ્ય ગુરુદેવનો પ્રભાવના ઉદયે નગરે નગરમાં ઘણી પ્રભાવના થઈ છે. પૂ. ગુરુદેવના પરમ પુનિત હસ્તે ઘણી જગ્યાએ શ્રી જિનમંદિર અને સ્વાધ્યાય મંદિરના શીલાન્યાસ પણ થયા છે. સત્યધર્મના નીંવ–જડ ગમો ગામ પૂ. ગુરુદેવ રોપતા આવ્યા છે. આવો પુરુષ આ પંચમકાળે ઘણાં કાળે કોઈક જ પાકે તે વાત નિઃશંક છે. આપણા સૌના સદ્ભાગ્ય કે આપણે તે કાળમાં આવી ગયા છીએ.

પૂ. ગુરુદેવ સાથે સિદ્ધવર–કુટ, પાવાગીર ને વડવાની એ ત્રણ તીર્થોની જાત્રા પણ ઘણાં આનંદ અને શાંતિપૂર્વક થઈ હતી ત્યાં ગરમી પણ લાગતી ન હતી.

લી.
બેન શાન્તા.

જ્ઞાયકસ્વરૂપી આત્મા તરફ હંમેશા ધ્યેય રાખવું.

તા. ૮-૭-૬૩, સોમવાર
સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો પત્ર શુક્રવારે મળેલ છે. અહીં પરમ પૂજ્ય ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. વાણી પરમ કલ્યાણકારીણી વરસી રહી છે.

અહીં અષાઢ માસની અષ્ટાહ્નિકામાં શ્રી સિદ્ધચક્ર મંડળ વિધાન કરલે હતું. અમારા શેઠ વછરાજજી તરફથી સિદ્ધચક્ર મંડળ વિધાન કરવામાં આવ્યું હતું. પુનમને દિવસે સ્વાધ્યાય કરી ન હતી ને એક હજારને ચોવીસ અર્ઘ હતા એટલે પૂજા જ કરી હતી, સવારના સાતથી શરૂ કરી તો પૂર્ણ કરી. પૂજ્ય ગુરુદેવ પણ દોઢ કલાક પૂજામાં પધાર્યા હતા. તે સિદ્ધચક્ર મંડળની પૂજાને અર્ઘ ઘણાં જ ભાવવાહી છે. બહુ રંગ આવતો હતો. સિદ્ધ ભગવાનના ઘણાં ગુણો બહુ સરસ આવે છે તે પૂજા થતી હતી ત્યારે અનંતા સિદ્ધો પધાર્યા હોય તેવું દ્રશ્ય લાગતું હતું.

ત્યાં વરસાદ શરૂ થયો હશે. અહીં તો સિદ્ધ–ભગવંતોના ગુણોની વર્ષા ચાલે, સિદ્ધો પ્રત્યે બહુમાન આવે છે, વાહ!

ત્યાં પણ બધા રાત્રે ભેગા બેસીને, નિવૃત્તિ હોય ત્યારે અહીંની ધાર્મિક ચર્ચા કરવી. ધાર્મિક ચર્ચા વારંવાર થાય જેથી ધાર્મિક રૂચિ વધારે વધે.

લી. બેન શાન્તા

ચિ. ભાઈ મુકુંદરાય

પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે.

બાપુજીને કહેશો કે પૂ. ગુરુદેવના નામનું ને સીમંધર ભગવાનના નામનું રટણ મનમાં કર્યા જ કરવું. તે પ્રતાપી પ્રભુના પ્રતાપે બધું સારું થઈ રહેશે. વીતરાગી પુરુષોનો ને પૂ. ગુરુદેવના ગુણોનું ખૂબ મનમાં ચિંતવન કરવું. તેમના ગુણોને વારંવાર યાદ કરવા. તેમના પ્રતાપે બધું સારું થઈ જશે. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે આ શરીર જડ છે, આત્મા જાણનાર જ્ઞાનસ્વરૂપ છે તે જ હું આત્મા છું એમ વારંવાર વિચારવું. આત્મા જ્ઞાન–દર્શન–સુખ વગેરે અનંતગુણનો પિંડ છે ને શરીર જડનો પિંડ છે તેમ વારંવાર વિચારવું. આત્મામાં અનંતી શાંતિ છે–શાંત સ્વભાવ જ આત્માનો ગુણ છે માટે ખૂબ શાંતિ રાખવી.

લિ. બેન

મન-વચનથી સહાયતા વિના આત્માથી
આત્માને જોવો.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## પૂ. બેનના પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો ત્યારે મુકુંદભાઈ ઉપર લખેલો પત્ર

ચિ. ભાઈ મુકુંદરાય,

બાપુજીનો આયુષ્યનો ઉદય જ જ્યાં પૂરો થયો ત્યાં શું થાય, જે કાળે જે બનવાનું હોય તે ફરતું નથી. બધું સમજીએ કે આયુષ્યનો ઉદય પૂરો થાય ત્યાં કોઈનું કાંઈ કામ આવતું નથી છતાં પણ રાગને લઈને દુઃખ થઈ આવે છે. તમે ધીરજ અને શાંતિ રાખશો.

બાપુજીના પરિણામ હંમેશને માટે શાંત, સરલ અને સમભાવી હતા. વળી દેવ–ગુરુના કોઈપણ પ્રસંગમાં તેમને ઉત્સાહ ઘણો આવી જતો જેથી એમનો આત્મા તો પુણ્ય સારું બાંધીને સારી ગતિને જ પ્રાપ્ત થયા છે પરંતુ આપણને આપણા રાગને લઈને વિયોગનું દુઃખ થઈ આવે છે. આવા પ્રસંગો બનતા સંસારની અસારતા એકદમ નજરે તરી આવે છે, બાકી કાયમ સંસારનું સ્વરૂપ તો અસાર જ છે આવા મનુષ્ય ભવમાં જે કાંઈ સાચા દેવ–ગુરુ પ્રત્યેની ભક્તિનો ભાવ કે આત્માને સમજવાના સારા સંસ્કાર આત્મામાં નાખ્યા હોય તે જ આત્માને લાભરૂપ થાય એવું છે આવા પ્રસંગથી આત્મામાં દ્રઢ નિશ્ચય કરવો કે આપણે જીવનમાં આત્મામાં સારા સંસ્કાર જરૂર પાડવા છે.

લી. બેન

## પિતાશ્રીના પ્રસંગે પૂ. બેનશ્રીએ પણ લખેલ પત્ર

ચિ. ભાઈ બાબુ,

બાપુજીનો આવો પ્રસંગ બનતા બધાને દુઃખ થાય તે સ્વાભાવિક છે, જેટલો રાગ તેટલું દુઃખ થાય તે સ્વાભાવિક છે પરંતુ શાંતિ અને હિંમત રાખવી તેશ્રેયરૂપ છે. અનંતકાળમાં જીવે અનંત દેહ ધારણ કર્યા અને અનંત દેહ છોડ્યા જે મનુષ્ય ભવમાં આત્માનું કલ્યાણ થાય તે મનુષ્ય જન્મ સફળ છે. માટે શાંતિ રાખવી તે હિતરૂપ છે. દુઃખ થાય તો પણ વિચાર કરવો કે આ સંસારનું સ્વરૂપ જ આવું છે એમ જાણીને સમાધાન રાખવું તે સુખરૂપ છે આવા પ્રસંગે આત્માની જિજ્ઞાસાને રૂચી વધારવી તે કલ્યાણરૂપ છે. બેન શાન્તાબેન શાંતિમાં છે તેમની કાંઈ ફિકર કરશો નહિ.

બાપુજી સરળ અને શાંત સ્વભાવી હતા. તેમણે બહુ સારા ભાવ રાખ્યા તેથી તેમનું

સમયસાર ભરતક્ષેત્રમાં મોક્ષરૂપ
મંગલમય શાસ્ત્ર છે.

ભવિષ્ય પણ સારું જ છે ને ગતિ પણ સારી જ છે એમ જાણી શાંતિ રાખવી બાપુજી બહુ ઉલ્લાસભાવવાળા હતા ને દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે તેમને બહુ ઉલ્લાસ હતો અને રટણ બહુ સારું રાખતા હતા તેથી તેમના આત્માનું ભવિષ્ય સારું જ છે એમ જાણી શાંતિ રાખવી ને તે જાણી તમારે બધાએ આત્માની રૂચિ વધારવા જેવી છે તે જ મનુષ્ય જીવનનું સફળપણું છે. પરમ કૃપાળુ ગુરુદેવના પરમ પ્રતાપે જ્ઞાયકરૂપ આત્માનું સ્વરૂપ સમજવું તે જ જીવનનું સાફલ્યપણું છે.

એજ લી.
દેવ–ગુરુદેવના ચરણોમાં નમસ્કાર

તા. ૪-૯-૬૩
બુધવાર
સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય,

આજે તમારો પત્ર સાંજે મળ્યો.

પરમ કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે, વાણી પરમ વરસી રહી છે. તેમનો પ્રતાપ કોઈ અદ્‌ભુત વર્તે છે.

તમારા મુમુક્ષુ–મંડળનો ત્યાં ઉત્સાહ ઘણો સારો છે અને ત્યાં રકમ સારી થઈ ગઈ ગણાય અને લોન પણ આવી તે સારું થયું. ઘણો સારો ઉત્સાહ બધાનો છે હવે પંચ કલ્યાણક વખતે જરૂર તમારા બધાના ધાર્યા પ્રમાણે થઈ જશે જ. પૂજ્ય ગુરુદેવનો પ્રભાવ એવો છે અને તમારા બધાનો ઉત્સાહ એવો છે માટે પંચ કલ્યાણક વખતે જરૂર થઈ જશે તેની જરાપણ ચિંતા કરશો નહીં.

તમે પોતે પણ સારા વાપર્યા અને લોનમાં પણ આપ્યા તે બહુ સારું કર્યું. શ્રી જિનમંદિરમાં તો જેટલા રૂપિયા દેવાય તે મહાન લાભનું કારણ છે. શ્રી જિનેશ્વરદેવનો મહિમા શાસ્ત્રમાં અદ્‌ભૂત આવે છે ને શ્રી જિનેન્દ્રદેવનો મહિમા જ અદ્‌ભુત પણ ખરો. માટે તે પ્રસંગમાં જેટલો ઉત્સાહ આવે તે લાભનું કારણ છે. ઘરમાં તો ઘણું ખર્ચ થાય છે તે બધું તો નકામું છે પણ જિનાલયમાં જે અપાય તે ખરેખર હિતરૂપ છે. તમારો ઉલ્લાસી–સ્વભાવ છે તે સારું છે એટલે તે સમયે ઉલ્લાસ આવી જાય તે સારું છે.

સમયસાર એ મોક્ષમાર્ગની તૈયારી કરાવે છે.


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

અહીં પણ પર્યુષણ પર્વ ઘણા આનંદથી પૂ. ગુરુદેવના પ્રતાપે પસાર થાય છે. આજે ઘણા જ આનંદથી મહા અભિષેક હતો. ત્યાં પણ પર્યુષણ આનંદથી થયા તેમ લખો છો અને ભગવાનની રથયાત્રા કાઢી હતી તે રથયાત્રા ભવ્ય હતી તો એ નવાઈ જેવી વાત છે કે વરસાદમાં પણ કાઢી. વિશેષ તો રૂબરૂ વાત કરીશું.

ભગવાનની સેવા કરનાર ભક્તોને બધું અનુકૂળ થઈ જાય. તમે ભગવાનની સેવા સારી કરો છો તો તેનું સારું ફળ મળી જાય.

લી. બેન શાન્તા.

તા. ૨૮-૧૦-૬૩
સોમવાર
સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો ગુરુવારનો લખેલો પત્ર શુક્રવારે અહીં મળ્યો હતો. ત્યાં બધા આનંદમાં હશો.

પરમ પૂજ્ય પરમ પ્રભાવી સદ્‌ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. વાણી પરમ અમૃતમય વરસી રહી છે.

જયપુર (ખાનીયા) ગામે પંડિતોની ચર્ચા ચાલી રહી છે તેમાં આપણાં તરફથી પંડિત ફુલચંદજી જવાબ લેખિત દઈ રહ્યા છે, સાથમાં નેમીચંદજી પાટની છે, જગમોહનલાલજી પંડિત પણ આપણામાં છે, સામે પક્ષમાં ઘણાં પંડિતો છે પરંતુ જય આપણો જ છે. દરરોજ જયપુરથી તાર તથા પત્રો આવે છે.

પરમ પૂજ્ય ગુરુદેવનો પ્રભાવ ખરેખર કોઈ અદ્‌ભૂત છે. ભવિષ્યના તીર્થંકરનો અત્યારે ખરેખરો પ્રભાવ વર્તી રહ્યો છે. ત્યાં જયપુરની સમાજમાં આપણી ઘણી જ છાપ પડે છે. પંડિતજીએ સારું સાહસ ખેડ્યું છે. ઘણી હિંમત કરી.

ધન્ય છે! પૂ. ગુરુદેવના અણમૂલ્ય પ્રભાવને! જયપુરથી સમાચાર આવે છે તે વાંચી રોમરાય ઉલ્લસીત થાય છે.

મારા ભાભી તથા છોકરાઓ રજામાં આવ્યા છે જેથી આનંદ થયો કે અહીંના ધાર્મિક સંસ્કાર સારા પડે, અને પૂ. ગુરુદેવ પાસે પણ સારો લાભ લ્યે છે.

લી. બેન શાન્તા.

સ્વરૂપની પૂર્ણતા પ્રાપ્ત કરવા તરફ
ધ્યેય રાખવું.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

તા. ૨૮-૧૨-૬૩

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો પત્ર ગઈકાલે સવારે મળ્યો છે. જાત્રાનો છાપેલ પ્રોગરામની કોપી ત્યાં આવી તે સારું થયું. મારા ભાભીને જાત્રાનો ઉલ્લાસ આવે તે યોગ્ય જ છે અને કોઈવાર જાત્રા કરી તે એ નથી એટલે જરૂર હોંશ આવે. અમે તો ઘણીવાર જાત્રા કરી છે તો પણ હોંશ આવે છે તો પછી અમને તો આવે જ, ભાઈ તમે પણ બની શકે તો મૂડબીદ્રી, બાહુબલી અને પોનુર આ યાત્રા અમારી સાથે જરૂર કરશો, બહારનું તો બધું અનુકૂળ થઈ રહેશે.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. વાણી પરમ કલ્યાણરૂપ વરસી રહી છે. આ વખતની યાત્રા અપૂર્વ છે.

લી. બેન શાન્તા

તા. ૧૪-૩-૬૪
શનિવાર
વાંકાનેર

ચિ. ભાઈ મુકુંદભાઈ,

તમારો ૧૧મીનો લખેલો પત્ર આજે મળ્યો. તમે લખ્યું કે પ્રતિષ્ઠાનું કામ આનંદથી ધમધોકાર ચાલે જ છે તે વાંચી ખુશ થયા છીએ. શ્રી જિનેન્દ્ર ભગવાનના પંચકલ્યાણકનું કામ તે એક શ્રી જિનેન્દ્ર ભગવાનની મહાન સેવા છે. તે સેવા આનંદથી ઉત્સાહપૂર્વક કરવાથી આત્માને ઘણો જ લાભ થાય માટે આત્માના લાભ ખાતર આ શ્રી જિનેન્દ્રદેવના મહા–મહોત્સવનું કામ જેમ વિશેષ દીપે તે રીતિ કરવા ઉત્સાહિત રહેવું.

આપણે તો શ્રી જિનેન્દ્ર–મહાતમ વિશેષ થાય ને શ્રી જિનેન્દ્ર મહોત્સવ ખૂબ આનંદથી ઉજવાય એવી ભાવનાથી રાગ–દ્વેષની મંદતાપૂર્વક અને શ્રી જિનેન્દ્ર મહિમાની મુખ્યતાપૂર્વક આ કામ આવા હેતુથી કરવું તે બરાબર ધ્યાન રાખવું.

આવો ઉત્તમ મનુષ્યભવ ઘણાં પુણ્યથી પ્રાપ્ત થયો તેમાં વળી આવા વીતરાગી દેવે પ્રરૂપેલા સત્ય ધર્મનો યોગ મળ્યો વળી ઘણાં પુણ્યે આવા સાચા દેવ–ગુરુની સેવાનો યોગ મળ્યો માટે મંદ કષાયપણે વીતરાગદેવ–ગુરુ–શાસ્ત્રની જેટલી સેવા થાય તે જ આત્માને હિતરૂપ છે માટે બધા સાથે પ્રેમથી કામ કરી પ્રસંગ જેમ વિશેષ દિપે તેમ કરશો એ મારા અંતરંગની તમારા પ્રત્યે લાગણીની ભાવનાથી લખું છું તે લાભરૂપ જ થશે તેમ હું માનું છું.

ભગવાનની વાણીમાં એક એક અક્ષરમાં
અનંતા ભવો ભર્યા છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

અમે ગઈકાલે જેતપુર ગયા હતા. ત્યાંથી પૂ. ગુરુદેવ ગીરનાર તળેટીના શ્રી નેમીનાથ ભગવાનના દર્શને ગયા હતા.

પરમ કૃપાળુ તારણહાર પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. અમે તા. ૧૭મી પોરબંદર પહોંચશું અને ત્યાં ભુરાભાઈને ત્યાં અમારો ઉતારો છે. જવાબ પોરબંદર લખશો.

લી. બેન શાન્તા

તા. ૨૯-૫-૬૪
શુક્રવાર—સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય,

અમે અહીં પહોંચ્યાને તુરત મંગળવારે મેં તમને પોસ્ટ—કાર્ડ લખ્યું હતું તે મળ્યું હશે, ત્યાર બાદ તમારો પત્ર નથી, તો લખશો.

પૂજ્ય કૃપાળુ ગુરુદેવ ત્યાં સુખ શાંતિમાં બિરાજતા હશે. આ પત્ર તમને પહોંચશે તે દિવસે પૂ. ગુરુદેવ ત્યાંથી રવાના થયા હશે.

શ્રી જિનેન્દ્ર દેવના પ્રતાપે અને પરમ પૂજ્ય ગુરુદેવના પ્રતાપે ત્યાંના પંચકલ્યાણીકનો ઉત્સવ ઘણો સરસ અને સવાયો ઉજવાય ગયો. નેહરૂજીનું ચાર દિવસ બાદ આમ બન્યું. સારૂં થયું કે આપણો પ્રસંગ થઈ ગયો. શ્રી જિનેન્દ્ર દેવનો અને પૂ. ગુરુદેવનો પ્રભાવ જબરો છે.

અહીં સોનગઢમાં તો ખૂબ શાંતિ છે. ક્યાં ત્યાંનું ધમાલિયું જીવન અને ક્યાં અહીંનું શાંતિનું જીવન. અમારા માટે તો આવું શાંતિનું ધામ જ યોગ્ય છે, આવા કારણે મુંબઈ આવવાનું થાય! બાકી અમારા જેવા માટે મુંબઈ યોગ્ય નથી.

નેહરૂજી જવાથી લોકોમાં શોકનું વાતાવરણ ફેલાઈ ગયું છે, અમને પણ સાંભળતા ચિત્તમાં વૈરાગ્ય આવે છે. પૂ. ગુરુદેવનું સ્વાગત પણ બંધ રાખેલ છે અને જમણ પણ બંધ છે.

એજ લિ. બેન શાન્તા.

તા. ૩-૬-૬૪
બુધવાર—સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદભાઈ,

તમારો પત્ર ગઈકાલે મળી ગયો છે.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ આજે સવારે આઠ વાગે અહીં પધારી ગયા છે. પૂ. ગુરુદેવની તબિયત બરાબર લાગતી નથી, ગઈ કાલે ઊંઘ આવી નથી ઉધરસ ઘણી આવે છે, હવે અહીંના સુકા હવા—પાણીથી તબિયત સધરી જશે.

ઉપયોગને સ્થિર રાખવો તે પ્રસંગ ધન્ય છે, તે ચૈતન્યની કુશળતા છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ત્રણ લોકના નાથના જિનાલયની અને પંચકલ્યાણિક ઓચ્છવની સેવા બજાવી છે અને પૂ. ગુરુદેવ પ્રત્યે તમારો ભક્તિભાવ જોઈ તમારા એવા કાર્યો જોઈ મને ઘણો આનંદ થયો હતો.

તમે વાપી સુધી સાથે આવ્યા તે સારું થયું, તમને પણ પૂજ્ય ગુરુદેવ સાથે વાતચીતનો લાભ સારો મળ્યો હશે. તમે આ વખતે સેવા સારી બજાવી છે તે જોઈને અમને આનંદ થયો છે.

લિ. બેન શાન્તા.

તા. ૮-૬-૬૪
સોમવાર—સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો પત્ર પરમ દિવસે શનિવારે સાંજે મળ્યો હતો. પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે. અહીં પૂ.શ્રી પધાર્યા ને બીજે જ દિવસથી કફ અને ઉધરશ ઓછા થવા માંડ્યા હવે તો લગભગ ૧૫ આની સુધારો છે માત્ર એક આની જેટલી શરદી લાગે પણ એ બે દિવસમાં મટી જશે, અહીંના સૂકા હવા—પાણીથી સુધારો થઈ ગયો. પૂ. ગુરુદેવ હસતા હસતા કહેતા હતા કે મુંબઈની હવા ભેજવાળી.

બાકી આ વખતનો ઓચ્છવને તો પૂ. ગુરુદેવ દરરોજ યાદ કરે છે કે આઝાદ મેદાન એટલે સ્વતંત્રતા પ્રાપ્ત કરનારું મેદાન. તે મેદાન દૂર હતું. એટલે ત્યાં આવે તે ખાસ, ભાવવાળા આવતા હતા, છતાં પણ ઘણાં માણસો આવતા હતા. પંડાલ તો કેવડું મોટું હતું કે નાખી નજર પડતી ન હતી વગેરે બધું આનંદથી યાદ કરે છે. વરઘોડો તો કેવા મોટા. વળી સાચો હાથી અને સાત સુંઢવાળો હાથી. વળી કે મુકુંદભાઈના ઘર સામે ખ્રીસ્તી કહેતો હતો કે આવો મહોત્સવ અને આવા જુલુસ તો ૬૦ વરસમાં આવું મુંબઈમાં થયું જ નથી.

મુંબઈના આંગણે શ્રી લાલ બહાદુર શાસ્ત્રીજીએ અભિનંદનગ્રંથ પૂ. ગુરુદેવને અર્પણ કર્યો અને થોડા જ સમયમાં વડાપ્રધાન થયા. લાલ બહાદર શાસ્ત્રી આવ્યા તેથી એક પ્રભાવનાનું મોટું કારણ બન્યું છે. ઠેઠ કોંગ્રેસ સુધી આપણી પ્રભાવનાની પ્રભા પહોંચી ગઈ. ભારે સરસ કામ થયું. મુંબઈનો ઓચ્છવ ઘણો સરસ થયો, તમો આવા કામમાં પૂરેપૂરા નિમિત્ત છો તેથી જરૂર ખરેખર ભાગ્યશાળી થયા છો. વળી ખરા ખંતથી ને તન-મન-ધનથી તમે બધાએ આ કામ કર્યું છે જેથી ખરા ભાગ્યશાળી અને આત્માને લાભરૂપ બન્યા છો.

લી. બેન શાન્તા.

મન-વચનની સહાયતા વિના આત્માથી
આત્માને જોવો.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

તા. ૧૧-૬-૬૪
ગુરુવાર—સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય,

તમને સોમવારે એક પત્ર લખ્યો હતો તે મળ્યો હશે.

પરમ પૂજ્ય ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે. હવે પૂ.શ્રીની તબિયત તદ્દન સારી છે.

પૂ.શ્રી મુંબઈના મહોત્સવને બહુ જ યાદ કર છે. શ્રી સમયસારમાં વ્યાખ્યાનમાં પ્રભાવના—અંગની વાત આવી એટલે પૂ.શ્રી બોલ્યા કે મુંબઈવાળાએ આ વખતે ખરી પ્રભાવના કરી. નાના—મોટા બધામાં એકતા ઘણી, કામ કરવાવાળા બધાએ સંપીને એકતાથી મારું જાણીને કામ કર્યું છે તેમ વ્યાખ્યાનમાં કહેતા અને કહ્યું કે તે લોકોએ પાંચ લાખ વાપરવાનું નક્કી કર્યું હતું ને પાણીની માફક પૈસા વાપર્યા, મુંબઈવાળાએ ખરેખર પ્રભાવના કરી તેમ બહુ પ્રમોદથી બોલ્યા હતા. આ વખતે સમજનારા માણસો ઘણા હતા.

અહીં એકદમ શાંતિ છે અને પૂ. ગુરુદેવ ધીરે ધીરે ધોલનથી વાંચે છે તેથી ન્યાય ઝીણવટથી બહુ સારા નીકળે છે તેથી રામજીભાઈ વગેરે સહુ કહે છે કે ગુરુદેવ! આવું જીણું ક્યાંય નીકળતું નથી માટે સોનગઢ છોડીને ક્યાંય ન જવું.

ત્યાં સર્વ ખુશીમાં હશો. મારા ભાભી આનંદમાં હશે.

લિ. બેન શાન્તા.

---

તા. ૨૩-૬-૬૪
બુધવાર—સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો તથા મારી ભાભીનો ક્ષમાપનાનો પત્ર મળ્યો છે તથા તાર પણ મળ્યો છે.

અહીં પણ મહેમાનો ઘણાં હતાં.

પરમ પૂજ્ય ગુરુદેવના પ્રતાપે પર્યુષણ પર્વ આનંદથી પૂર્ણ થયા છે. પૂ. ગુરુદેવનો અપાર મહિમા ને પ્રભાવ છે.

ત્યાં તમારે બધાએ સારો ઉત્સાહ બતાવ્યો, વળી રકમ પણ સારી ભેગી થઈ ગઈ.

દસ લક્ષણ પર્યુષણ પર્વનું બંધારણ તો આચાર્યદેવે શ્રાવકો માટે કરેલું છે કે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લઈ આટલા દિવસ વિશેષ આત્મસાધના, દાન—પૂજાદિ કરે. બાકી મુનિવરો તો નિરંતર દસ ધર્મનું સેવન—આરાધના કરે જ છે. ક્ષમા, નિર્માનતા આદિ દસ ધર્મને મુનિવરો નિરંતર સાધે



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org
છે અને અંશો અંશ ક્ષમા–નિર્માનતા, સરલતા, નિર્લોભતા આદિ દસ ધર્મનું શ્રાવકો પણ નિરંતર સેવન કરવા યોગ્ય છે. યથાશક્તિ દસ ધર્મની આરાધના શ્રાવકોએ પણ નિરંતર કરવા યોગ્ય છે તેમ આચાર્યોનું કથન છે.

બસ એજ, ત્યાં સર્વ ખુશીમાં હશો.

લિ. બેન શાન્તા.

તા. ૨૩-૧૨-૬૪
બુધવાર
સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય તથા ભાભી,

તમારો પત્ર શનિવારે સાંજે મળ્યો હતો. પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજી રહ્યા છે, વાણી અમૃતમય વરસી રહી છે.

તમે લખ્યું છે કે સોનગઢ આવવાથી બધાને ઘણો જ આનંદ આવ્યો અને તમે લખો છો કે હવે તો ત્યાં વિશેષ રહીને આત્મલાભ કરવો તેવી ભાવના છે, તે વાંચી મને ઘણો આનંદ થયો. તે ભાવના ઘણી સારી છે અને તે ભાવના ખૂબ વૃદ્ધિ પામે એમ અમે ઈચ્છીએ છીએ. સાચા આત્મજ્ઞાનના અને સાચા આત્મ–કલ્યાણના સંસ્કાર તો આ મનુષ્ય ભવમાં જ પડે છે. આ મનુષ્ય ભવ આત્મ કલ્યાણ કરવા માટે ઉંચું સાધન છે.

આ પંચમકાળમાં આવા સદ્ગુરુનો યોગ આત્મ–કલ્યાણ માટે મળ્યો છે તે મહાન પુણ્યનો ઉદય ઘણો દુર્લભ–યોગ અત્યારે સુલભરૂપ થઈ ગયો છે. તમને બંને જણાને ધર્મની રૂચિને પ્રેમ છે તેથી છોકરાઓને પણ સારા સંસ્કાર પડે છે. વર્ષાએ કહ્યું છે કે મને સોનગઢ ભણાવો ને અહીં શું કામ ભણાવો છો તે વાંચી પણ ખુશી થયા. ભાવના સારી છે.

મારા ભાઈ તમે પણ કહેતા હતા કે મને જાત્રા કરવા જાવું બહુ ગમે છે, ફરવા ક્યાંય જવું ગમતું નથી. એટલે કે બધાને દુનિયાની અત્યારની હવા કે વાતાવરણ નથી, તે સાદાઈ ધાર્મિક રૂચિ વધારે છે.

લિ. બેન શાન્તા.

વ્યવહારે મોટા પુરુષોના બહુમાન વિનય
કરવાથી પોતાના આનંદનું બહુમાન થાય છે.


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

તા. ૩૧-૧૨-૬૪
ગુરુવાર
સોનગઢ

ચિ. ભાઈ મુકુંદરાય,

ગઈકાલે સવારે એ પત્ર લખ્યો છે જે મળ્યો હશે. પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે, વાણી પરમ કલ્યાણકારી વરસી રહી છે.

શ્રી સમયસાર કળશ–ટીકાના પુસ્તકો આવી ગયા છે પણ અહીં બધાને દેવાઈ ગયા હતા ને પચ્ચીસ બાકી હતા. તેથી પૂ. ગુરુદેવ કહે તેને જ આપે છે. જેથી પૂ. ગુરુદેવને પૂછાવ્યું કે મુકુંદભાઈએ મંગાવ્યું છે; તેના ઉત્તરમાં પૂ.શ્રીએ ઘણાં જ ઉલ્લાસથી કહ્યું કે હા! હા! આપો. મુકુંદભાઈ કેમ અહીંથી લઈ ન ગયા! ત્યારે ચંદુભાઈએ કહ્યું કે તેના ગયા પછી શ્રી કળશ–ટીકા પુસ્તકો આવ્યા અને પૂ.શ્રીએ મુકુંદભાઈ માટે ૐ કરીને પુસ્તક મોકલાવ્યું. તો આ રીતે મહાપુરુષોની કૃપાથી તમને પુસ્તક મળ્યું છે. માટે તમે જરૂર શ્રી સમયસાર કળશ–ટીકા વાંચવાનું રાખશો, બહુ સારા ભાવો તેમાં છે. સમયસાર કળશ–ટીકાનો પૂ.શ્રીને બહુ પ્રેમ છે ને થોડા હજુ આવ્યા છે એટલે પૂ.શ્રીને પૂછીને બધાને આપે છે.

સ્વાધ્યાય નિયમિત જરૂર કરશો.

લિ. બેન શાન્તા.

---

તા. ૨૬-૬-૬૫
શનિવાર

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો પત્ર ગઈકાલે સાંજે મળ્યો વાંચી આનંદ થયો. પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે. વાણી પરમ કલ્યાણકારી વરસી રહી છે.

તમે ત્યાં વાલકેશ્વરમાં પોતાની માલિકીનો બ્લોક લીધો તે સમાચારથી અમે સૌ ખુશી થયા છીએ. તમે તમારી ગુંજાઈશ સમજીને જ કામ કરતા હો તો એમાં અમારી સર્વની સંમતિ જ હોય.

શ્રી જિનેન્દ્રદેવ અને શ્રી ગુરુદેવના પરમ પ્રતાપે ભગવાનના ભક્તોના કામ સારી રીતે પાર ઊતરી જ જાય. મકાન ભલે દૂર હોય તો પણ મંદિરે ભગવાનના દર્શન કરવા બધા હંમેશાં



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

જાવ છો. તેમ જ કાયમ જવું તેવી ભાવના હંમેશાં ચડિયાતી રાખવી. દેવ–ગુરુની ભક્તિની ભાવના હંમેશાં વધારવી તે દ્રઢ નિશ્ચય બરાબર રાખવો.

લિ. બેન શાન્તા.

તા. ૨૭-૭-૬૫
મંગળવાર
સોનગઢ

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો ૨૨નો લખેલો પત્ર ૨૪ના મળ્યો હતો તમને શનિવારે પત્ર લખ્યો છે તે મળી ગયો હશે.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે. વાણી પરમ કલ્યાણકારી વરસી રહી છે.

પ્રૌઢ શિક્ષણ વર્ગના ક્લાસ ચાલુ થવાનો ટાઈમ આવ્યો છે જેથી હિંદી મહેમાનો અત્યારથી આવવા લાગ્યા છે. પૂ. ગુરુદેવનો પ્રભાવનો ઉદય જબરદસ્ત વર્તી રહ્યો છે. આખાય હિંદમાં પ્રભાવ જોરદાર ફેલાઈ રહ્યો છે. દૂર દૂરથી એટલા ભાવિક આવે છે કે આપણે જોઈને એમ થઈ જાય કે વાહ! લોકોની કેટલી સત્તધર્મ પ્રત્યેની જિજ્ઞાસા છે.

તમે પણ આ શ્રાવણના ક્લાસના હિંદી ભાઈઓ સાથે આ લાભ લ્યો તો સારું. વ્યાપાર તો ચાલ્યા જ કરે છે, ચાર–છ દિવસનો ટાઈમ કાઢો તો કાઢી શકાય છે. આવા રૂડા મનુષ્ય ભવમાં તે સત્તધર્મની રૂચિ વધારવા જેવી છે, તમે સત્તસ્વભાવની રૂચિ ખૂબ વધારો અને સદ્‌ગુરુદેવનો સમાગમ વારંવાર કરો એમ અમે ઈચ્છીએ છીએ. સદ્‌ગુરુદેવના સમાગમમાં આત્મ–જિજ્ઞાસા, આત્મકલ્યાણ સહેજે સહેજે વૃદ્ધિ પામે એવું છે.

લિ.
બેન શાન્તા.

શ્રી દેવ-ગુરુની વાણી સાંભળતા તેના આત્માને જોવો.


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

તા. ૧૩-૧૧-૬૫
શનિવાર
સોનગઢ

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો પત્ર પરમ દિવસે તા. ૧૧ના મળ્યો, તેવી જ રીતે બરાબર લખતા રહેશો.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. વાણી પરમ કલ્યાણકારી વરસી રહી છે.

મણીભાઈની તબિયત હવે સુધારા પર હશે. અમારા વતી તેમને તબિયતના ખબર પૂછશો અને કહેશો કે શરીરનો સ્વભાવ તો આવો છે. માટે આત્માના કલ્યાણ તરફ વધારે ધ્યાન દોરવા જેવું છે તેમ એમને જો ખ્યાલ હોય તો અમારા વતી કહેશો.

આત્મા તો નિત્ય છે, શાશ્વત જ છે. એક શરીર છોડીને બીજા શરીરને ગ્રહણ કર્યા જ કરે છે. તેમાં જ્યારે આત્માના સ્વરૂપની ઓળખાણ થાય કે "હું તો આ સાક્ષાત ચૈતન્ય સ્વરૂપ આત્મા છું." આ શરીરથી તદ્દન જુદો જ છે. રાગ—દ્વેષ વગેરે ભાવો થાય છે મારી પર્યાયમાં પરનું પરનિમિતે થતા ભાવો છે તે મારો સ્વભાવ નથી એવું ભાન થાય ત્યારે ભવનો અંત આવે છે અને આત્માની શુદ્ધ—દશા વધતાં પૂર્ણ સ્વરૂપને પામે ત્યારે ભવ અને શરીર બંને રાગાદિ અશુદ્ધતાનો તદ્દન અભાવ થાય છે.

ચિ. અતુલ, નીરૂ, પંકજ, વર્ષા, ચિ. નરેન્દ્ર બધા મજામાં હશો.

પત્રો લખશો.

લિ. બેન શાન્તા.

તા. ૬-૬-૬૭
મંગળવાર
સોનગઢ

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો પત્ર ગઈકાલે મળ્યો છે વાંચી સમાચાર જાણ્યા છે.

પરમ પૂજ્ય ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે. વાણી પરમ મંગળકારી વરસી રહી છે.

મને શરીરમાં હવે સારું થતું આવે છે. ઈન્જેક્શન ચાલુ છે. ડૉક્ટર છબીલભાઈએ શુદ્ધ ગોળીઓ આપી છે તે ચાલુ છે. અહીં આવ્યા બાદ દિન પ્રતિદિન નબળાઈ ઓછી થતી જાય છે, ને શક્તિ આવતી જાય છે. પેટમાં પણ ઠીક રહે છે. પાચનની દવાની જરૂર હતી.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

મુસાફરીમાં જાત્રા થઈ તે તો આનંદકારી થઈ છે, બાકી શરીરનું તો એમ ચાલવાનું હોય તો ચાલ્યા જ કરે છે, જ્યારે દવાનું નિમિત્ત બનવાનું હોય ત્યારે બને છે ને જ્યારે રોગ મટવાનો હોય ત્યારે જ મટે છે. હવે ધીરે ધીરે અહીં બધું ઠીક થતું જાય છે.

અહીં તો એકદમ આરામ છે બાકી મુસાફરીનો થાક તો ખાસ લાગતો નહોતો, ભગવાનના પ્રતાપે જાત્રા બહુ આનંદકારી થઈ ગઈ તે યાદ કરતાં પણ ઘણો આનંદ આવે છે. ચિ. અતુલ પણ જાત્રાની વાતો કરતો હશે, અતુલ જાત્રામાં આ વખતે અમારી સાથે જાજો ટાઈમ ફર્યો તેથી મને સંતોષ થયો.

ચિ. અતુલ, પ્રદીપ, નીરૂ, પંકજ, વર્ષા બધા મજામાં હશે.

બસ એ જ
લિ. બેન

તા. ૨૯-૬-૬૭
શનિવાર
સોનગઢ

ચિ. ભાઈ મુકુંદરાય,

તમને બુધવારે પત્ર લખ્યો છે તે મળ્યો હશે ત્યારબાદ તમારો પત્ર નથી.

પરમ પૂજ્ય ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે. વાણી પરમ કલ્યાણકારી વરસી રહી છે.

બીજુ અમદાવાદમાં શ્રી જિનેન્દ્રદેવને પધરાવવાનું મૂહૂર્ત ફાગણ સુદ ત્રીજ અને ફાગણ સુદ પાંચમ એમ બે આવેલ છે તે લોકો ફાગણ સુદ પાંચમ રાખવાનો વિચાર કરે છે અને રણાસણમાં શ્રી જિનેન્દ્રોને પધરાવવાનું મુહૂર્ત વદી બીજનું આવે છે આ મુહૂર્ત પછી બીજા કોઈ છે જ નહીં પછી મીનનો સૂર્ય બેસે છે તેથી પ્રતિષ્ઠાનું મુહૂર્ત ત્યાર પછી નથી. એમ પંડિત નાથુલાલજીએ લખ્યું છે. એટલે આ પ્રમાણે મુહૂર્ત નક્કી થયેલ છે તેથી તમારે વૈશાખ સુદ બીજ મુંબઈ માટે ખુલી થઈ ગઈ, તો હવે તમારે બધાએ દ્રઢતાપૂર્વક વૈશાખસુદ બીજનો આગ્રહ કરવાનો રહેશે અને તમારા આગેવાનોને તૈયાર કરવા પડશે અને તે બધા અહીં દ્રઢતાપૂર્વક વિનંતી કરે કે અમારે ભગવાનનો મહોત્સવ અને ગુરુ મહોત્સવ સાથે જ કરવા છે જેથી અમારે વૈશાખ સુદી બીજ મુંબઈ માટે જોઈએ છીએ.

ચિ. અતુલ, નીરૂ, પંકજ, વર્ષા બધા મજામાં હશો.

લિ. બેન શાન્તા

તા. ૪-૭-૬૭
ગુરુવાર—સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો ૧ તારીખનો લખેલો પત્ર ગઈકાલે મળ્યો છે. પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે. વાણી અમૃતરસમય વરસી રહી છે. હમણાં તો શ્રી સમયસારમાંથી ૪૭ શક્તિના વ્યાખ્યાનો ચાલે છે તેથી વ્યાખ્યાન બહુ સરસ આવે છે. અનંતી શક્તિનો ધણી આ આત્મા આવો છે.

પૂ. ગુરુદેવની જન્મ—જયંતી ૮૦ મી મુંબઈ કરવી છે અને સાથે શ્રી જિનેન્દ્રદેવનો દસ વર્ષીય મહોત્સવ પણ ત્યારે ઉજવવાની ભાવના છે તો વિનંતી કરવા તુરત આવશો. પૂ. ગુરુદેવ પણ અંદરમાં બોલે છે કે મુંબઈવાળા ૮૦ મી જ્યંતી તો નહીં છોડે જેથી તેઓશ્રીના પણ ભાવ છે.

લિ. બેન.

તા. ૧૯-૫-૬૯
સોમવાર
સોનગઢ

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો ૧૩ નો લખેલો પત્ર મળી ગયો છે વાંચી આનંદ થયો.

પરમ પૂજ્ય પરમ કૃપાળુ ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. વાણી અમૃતમય વરસી રહી છે.

ક્લાસમાં બસો છોકરાઓ આવ્યા છે હજી પણ ચાલ્યા આવે છે. મોટા મોટા હિંદી ભાઈઓ પણ ઘણાં આવ્યા છે, પૂજ્ય શ્રી વ્યાખ્યાન હિંદીમાં વાંચે છે.

અહીં પરમાગમ મંદિર થવાનું છે તે પૂજ્ય શ્રી મુંબઈને વ્યાખ્યાનમાં ઘણા પ્રમોદથી ઘણીવાર યાદ કરે છે. કોઈની ૮૦ની રકમ જાહેર થાય તો પૂ.શ્રી કહે છે કે મુંબઈવાળાએ પરમાગમ ખાતે આપી દેવી તે અહીં ન રાખવી. તમે મુંબઈવાળાએ ૭૫ અને ૮૦ મી જન્મજયંતીનો ઉત્સવ કરીને ઘણો જ અલભ્ય લાભ લીધો છે અને સાથે સાથે શ્રી જિનેન્દ્ર ભગવાનના પંચકલ્યાણીક એટલે ઘણો જ અમૂલ્ય લાભ લીધો છે આવો ઉત્સવ તો મુંબઈવાળા

આ આત્માની દૃષ્ટિથી સામા આત્માની ઉપર મીટ માંડવી, તો સ્વ ને પર બંને આત્મા જણાય.

તમે જ કરી શકો. ટાઈમે બધુ થઈ જાય પણ પહેલાથી આટલી હિંમત અને ભાવના જોરદાર રાખવી તે ખરું છે. અમને પણ મુંબઈનો પ્રસંગ યાદ આવે છે ત્યારે એમ થાય કે વાહ! ઘણો સરસ પ્રસંગ થઈ ગયો.

તમે બધા સારી મહેનત અને હિંમત રાખો છો તે તમારા આત્માને ખરેખર લાભનું કારણ છે વળી શાંતિપૂર્વક બધું કરો છો તે બહુ સારું છે. જેથી મને પણ પૂરો સંતોષ થાય છે.

લિ. બેન

તા. ૧૮-૭-૭૦
શનિવાર
સોનગઢ.

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો પત્ર ગુરુવારે સાંજે મળી ગયો છે. પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે. વાણી પરમ કલ્યાણકારી વરસી રહી છે.

તમે લખ્યું કે ત્યાંના નવીન જરૂર લખજો તો નવીનમાં તો પૂજ્ય ગુરુદેવ સવાર–બપોર ઉપદેશ આપી રહ્યા છે. તેમાં સવારે અષ્ટપાહુડમાં આવે છે કે જીવે બાહ્ય ચારિત્ર ઘણીવાર અનંતવાર અંગીકાર કર્યું પણ સમ્યક્દર્શન પ્રાપ્ત ન કર્યું તો તેના ફળરૂપે સિદ્ધિની પ્રાપ્તિ થઈ નહીં. "આત્મ જાગતી જ્યોત" "ચૈતન્ય સ્વરૂપ છે" તેનો અનુભવ કરે ને પ્રતીતી કરે તો તે મોક્ષનું મૂળ છે. સમ્યક્દર્શન પ્રાપ્ત થયું તેને મોક્ષના પાયા નાખ્યા અને અવશ્ય મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ થવાની જ. બપોરે શ્રી સમયસારમાં સર્વવિશુદ્ધ અધિકાર ચાલે છે તેમાં આત્મા પોતે પોતાના ભાવનો કર્તા છે પર પદાર્થનું આત્મા કંઈ કરી શકતો નથી, અજ્ઞાનતાથી કર્તા માને છે. સમ્યક્જ્ઞાન થયે કર્તાપણું છૂટી જાય છે આવું પૂ.શ્રીના ઉપદેશમાં ઘણું ઘણું આવે છે આ તો એક ન્યાય લખ્યો.

બીજું આવતીકાલે રવિવારે દિવ્યધ્વનિના દિવસે પરમાગમ મંદિરના બારસાગનું મુહૂર્ત છે. મુંબઈ મંડળનો તાર પાંચ ગાથાનો ને આનંદ વ્યક્તનો આવેલ છે જે, આવતીકાલે પ્રસંગે જાહેર થશે.

લિ. બેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

તા. ૨૩-૭-૭૦
ગુરુવાર
સોનગઢ

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો પત્ર પરમ દિવસે મંગળવારે મળ્યો છે. વાંચી વિગત જાણી.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. વાણી પરમ કલ્યાણકારી વરસી રહી છે.

હમણાં અષ્ટપાહુડમાં સમ્યક્દર્શનના મહાતમની વાત વ્યાખ્યાનમાં ઘણી સારી આવે છે.

સમકિતી જીવને ચૈતન્યની પરિણતિમાં બે ધારા નિરંતર વર્તે છે. એક જ્ઞાનધારા અને બીજી ઉદયધારા. જ્ઞાનધારામાં સમકિતીને શુદ્ધ ચૈતન્યું વેદન નિરંતર રહે છે અને તે જ્ઞાનધારા શુભાશુભરૂપ ઉદયધારાથી તદ્દન જુદી જ પડેલી હોય છે. ઉદયધારા એટલે શુભાશુભ પરિણામરૂપ ધારા પણ હોય છે. કોઈ કોઈવાર સમકિતી જીવ તે શુભાશુભ ધારાથી ''છૂટીને એકલી શુદ્ધ પરિણતીરૂપે ચૈતન્યનો અનુભવ પણ કરે છે.'' પૂર્ણ વીતરાગ—દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આવી બે ધારા સમકિતી જીવને નિરંતર રહે છે. આ એક ટૂંકો ન્યાય લખ્યો. બાકી તો પૂ. ગુરુદેવની વાણીમાં ઘણું ઘણું આવે છે.

બે દિવસ થયા શરદી મટી ગઈ છે માટે જરાપણ ફિકર કરશો નહીં. પરમાગમ મંદિરનું કામ ઠીક ચાલે છે. આરસના પાટિયાનો ૫૦૦ ફૂટનો ઓર્ડર દીધો છે.

ત્યાં ભાભી તથા અતુલ વગેરે મજામાં હશે.

લિ. બેન

તા. ૨૭-૭-૭૦
સોમવાર
સોનગઢ

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો કાગળ ૨૩મીનો લખેલો તથા ૨૫મીનો લખેલો એમ બંને કાગળ મળ્યા છે. વાંચી આનંદ થયો.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે, વાણી પરમ કલ્યાણકારી વરસી રહી છે.

પૂ. ગુરુદેવ ફરમાવે છે કે આત્મા દ્રવ્યે શુદ્ધ છે ને પર્યાયમાં અશુદ્ધતા છે જેમ સ્ફટિકમણી



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

સ્વભાવે શુદ્ધ છે પણ લાલ—પીળા ફૂલના નિમિત્તે તેની પર્યાયમાં લાલ—પીળી અવસ્થા થાય છે તેમ દરેક સંસારી જીવો અને નિગોદમાં પણ દ્રવ્યસ્વભાવથી તો શુદ્ધ છે પણ પર્યાયમાં મલીનતા છે. દ્રવ્યે શુદ્ધ છે છતાં પર્યાયની મલીનતાથી જીવ ચાર ગતિમાં પરિભ્રમણ કર્યા કરે છે સમ્યક્દર્શન થતાં પર્યાયની શુદ્ધતા થાય છે અને ત્યારે એને ભવભ્રમણનો અંત આવે છે. સમ્યક્દર્શન પ્રાપ્ત થયું તેને ચારિત્ર અવશ્ય આવવાનું જ છે પછી તે જીવ કેવળ જ્ઞાન પામીને તેનો મોક્ષ થાય છે. આ એક ન્યાય પૂ.શ્રીના વ્યાખ્યાનમાંથી લખ્યો છે. બાકી પૂ.શ્રીની વાણીમાં તો ઘણું ઘણું આવે છે.

લિ. બેન

---

તા. ૧-૮-૭૦
શનિવાર
સોનગઢ

ચિ. ભાઈ મુકુંદરાય,

તમારો પત્ર મળ્યો વાંચી સમાચાર જાણ્યા. પરમ કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે, વાણી પરમ મંગળકારી વરસી રહી છે.

આત્મા દ્રવ્યથી નિત્ય છે ને પર્યાયથી અનિત્ય છે, હમણાં તે કથન સમયસારમાંથી ચાલે છે. બૌધમતી કહે છે કે આત્મા ક્ષણિક જ છે તેની સામે જેનો જવાબ આવે એ કે જો આત્મા ક્ષણિક જ હોય અને ક્ષણે ક્ષણે નાશ થતો હોય તો કાલે બનેલી વાત આત્મા યાદ રાખે છે માસની—વર્ષોની વાત આત્મા યાદ રાખે છે તે યાદ ન કરી શકે પણ આત્મા તો દ્રવ્યથી ત્રિકાળી રહેનારો શાશ્વત છે માટે આત્મા લાંબા સમયની વાત યાદ રાખી શકે છે માટે બૌધનો સિદ્ધાંત તદ્દન જુઠો છે. જૈનો કહે છે કે આત્મા દ્રવ્યથી નિત્ય છે પણ પર્યાયથી પલટાય છે, તે સિદ્ધાંત તદ્દન સત્ય છે.

ત્યાં સર્વ ખુશીમાં હશો, પત્ર લખશો.

લિ. બેન

---


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

તા. ૬-૮-૭૦

ચિ. ભાઈ મુકુંદરાય,

પરમપૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. વાણી પરમ કલ્યાણરૂપ વરસી રહી છે.

પૂ. ગુરુદેવ ફરમાવે છે કે સંસાર—કુટુંબ, પરિવાર, લક્ષ્મીમાં લોકો સંસાર માને છે અને તેને છોડવાથી સંસાર છૂટી ગયો માને છે પરંતુ તે બાહ્યના પદાર્થોમાં સંસાર નથી પણ સંસાર ચૈતન્ય આત્માની પર્યાયમાં જે મિથ્યાત્વના ને રાગ—દ્વેષના પરિણામ છે તે જ સંસાર છે. શરીરાદિ પર પદાર્થોને પોતાના માનવા તે માન્યતા મિથ્યાત્વરૂપ છે, ને તે જ સંસાર છે. તે સંસાર અનાદિ કાળથી દ્રવ્યલિંગી મુનિ થયો તો પણ જીવની પરિણતિમાંથી છૂટ્યો નથી પણ જ્યારે જીવ સાચા દેવ—ગુરુના ઉપદેશથી અને પોતાના સત્ પુરુષાર્થી પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને જ પોતાનું માને, જ્ઞાન આદિ અનંત ગુણનો પિંડ તે જ હું છું તે જ હું આત્મા છે તેમ પોતાના ચૈતન્ય સતામાંથી જ્ઞાન થઈને શ્રદ્ધા થાય તે આત્માનો અનુભવ થાય ત્યારે ચૈતન્યની પરિણતિમાંથી સંસાર છૂટે છે ને મોક્ષ જવા માટે તે લાયક થઈ જાય છે. મુક્તિના દ્વાર તેના માટે ખુલ્લા થઈ જાય છે વગેરે વગેરે પૂ.શ્રીની વણીમાં ઘણું આવે છે આ તો એક ન્યાય લેખ્યો.

આજથી પૂ.શ્રીનું વ્યાખ્યાન પ્રવચન મંડપમાં રાખવામાં આવ્યું છે. હિંદી ભાઈ—બહેનો ઘણા આવ્યા છે ને હજુ આવતા જાય છે. પૂજ્ય ગુરુદેવનો પ્રભાવ અદ્ભૂત છે.

પંડિત ફૂલચંદજીને ગુરુદેવ પ્રત્યે સારો ભક્તિભાવ છે તેઓ એક વખત કહેતા હતા કે સ્વામીજી દિગંબર સારી સમાજ આપકો શીર પર લેકર નાચે તો ભી આપકા ઉપકાર કા બદલા નહીં વાળ શકે. વગેરે વગેરે ઘણા ઉમંગમાં ઘણીવાર આવી જતા.

લિ. બેન

બાહ્ય પ્રતિકૂળતામાં પણ એક
જ્ઞાયકનો જ આશ્રય છે.

શનિવાર
તા. ૨૦-૧-૭૩
સોનગઢ

આત્માર્થી બ્ર. ભાઈ હરીભાઈ,

તમારો પત્ર મળ્યો વાંચી આનંદ થયો. પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. પરમ અમૃત પીરસી રહ્યા છે. શ્રી સદ્ગરૂની છત્રછાયામાં તેમની કૃપાના સીંચવન વડે આ આત્મા આત્માની સ્વભાવ દશાનો દોર સાધી રહ્યો છે. આત્માની શુદ્ધતા તરફ ઉપયોગનું વલણ થતાં આત્મા આનંદ આત્મસમાધિને આત્મામાં શાંતિ ઝરે છે. આત્માના શુદ્ધ સ્વભાવના વેદનમાં અનુભવમાં જે આનંદ વેદાય છે. તેવો આનંદ દુનિયાના કોઈ પદાર્થમાં છે જ નહીં, હોય જ નહીં.

જાજ્વલ્યમાન જ્યોતિ સ્વરૂપ જ્ઞાયક આત્મા જ્ઞાયકપણે નીરંતર વેદાય છે. સામી ઉદયધારા ગૌણપણે વર્તે છે. તેને જ્ઞાતા જાણે છે. જ્ઞાયક સ્વભાવમાં પૂર્ણપણે લીન થઈ જવાય એ જ ભાવના નીરંતર વર્તે છે. યથા શક્તિએ તે પ્રયત્ન ચાલું છે.

તમે પણ આત્મસ્વભાવ દશા વિશેષ સાધવાના પ્રયત્નમાં હશો. પૂ. બેનશ્રીની શીતળ છાયામાં આનંદપૂર્વક સાધકદશા સાધીએ છીએ. અમે બંને બેનો ચૈતન્ય આત્માની ચર્ચા વાર્તા કરતા આનંદપૂર્વક રહીએ છીએ.

સાક્ષાત્ તીર્થંકરદેવ કેવળી ભગવાનના સમાગમ દર્શનની તીવ્ર ભાવના ભાવતા બંને બેનો સમય વ્યતીત કરીએ છીએ.

કાગળ લખવાની પ્રવૃત્તિ બહુ રૂચતી નથી એ જ.

લિ.
બેનના આશીષ



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

તા. ૨૯-૮-૮૩ [illegible]

ભેરા રમ્યા આત્માનું ધ્યાન આનંદ
સ્વરૂપ છે તે વારંવાર યાદ કરવું
તું શાશ્વત ને અગાધ તદ્દન
જુદો છુ તેનું સ્મરણ કરાવ
કરવું, ફક્ત ગુરુદેવના વાક્યો
તેની જે ગ્રાહ્ય હોય તેનો વારંવાર
યાદ કરવા આનંદ તત્ત્વનું સ્વરૂપ
બતાવ્યું શ્રી ભગવાનનું સ્વરૂપ
બતાવ્યું મહા મુનિઓનો શાસ્ત્ર
પર ઉપકાર ઘણો છે છતાં
આત્મામાં કેવા ભાવ હોય છે
તે મહા મુનિરાજની દશાનું
ચિંતન કરવું.

હવે ગુરુદેવ આચાર્યોના પદના
પ્રસંગ વાંચે તેના આરાધના
ભાવ આરાધુ તેની ભાવના
વારંવાર કરવી.

લિ. શાંતાબેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

સંવત ૨૦૨૭ આસો માસ

ચિ. બેન રમા!

તારે આત્માની જીજ્ઞાસા વધારવી હાલતા–ચાલતાં તે કામની પ્રવૃત્તિમાં પણ એ લક્ષ રાખવું કે આ કાર્ય બહારનું શરીરથી થાય છે, હું તો તો તેમાં જાણનાર છું. જે બધાને જાણ્યા કરે છે તે જાણનાર તત્ત્વ હું છું એમ વારંવાર વિચાર્યા કરવું.

પૂજ્ય ગુરુદેવે શ્રીમદ્‌જીમાંથી કેવા સરસ બોલ આપણને સંભળાવ્યા હતા કે "સ્વદ્રવ્યનો રક્ષક ત્વરાથી થા" વગેરે ૧૦ બોલ બહુ સરસ છે તે વારંવાર યાદ કરવા. ભલે શરીર કામ–કાજની પ્રવૃત્તિમાં હોય તો તે વખતે પણ આત્મા તો આવા વિચાર કરી શકે છે. એવા એવા તત્ત્વના સૂત્રો યાદ કરી લેવા કે પુસ્તક હાથમાં ન હોય તો પણ તે તત્ત્વના સૂત્રોનું સ્મરણ થયા કરે. પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનમાંથી પણ પોતાને હિત થાય તેવી વાત યાદ રાખી લેવી અને તેનું ચિંતવન કર્યા કરવું. પૂજ્ય ગુરુદેવ તો ચૈતન્ય આત્માની વાત બહુ સ્પષ્ટ બતાવી રહ્યા છે.

સમયસાર નાટકમાં પણ પૂ. ગુરુદેવ કહેતા હતા ને કે

"સમતા રમતા ઉર્ધ્વતા

"સમતા રમતા ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાસ

વેદકતા ચૈતન્યતા, એ સબ જીવવિલાસ."

આવા સૂત્રો યાદ કરી રાખવા જેથી ગમે ત્યારે પણ તેનું ચિંતવન કરી શકાય.

જેમ મ્યાનથી તલવાર જુદી છે તેમ દેહથી આત્મા પ્રત્યક્ષ જુદો છે, જેમ નાળિયેરની કાચલીમાંથી અંદરનો ગોળો જુદો છે તેમ દેહરૂપી કાચલીથી આ ચૈતન્ય ગોળો જુદો છે.

જ્ઞાની તે ચૈતન્ય ગોળાનો જ નિરંતર અનુભવ કરી રહ્યા છે. જ્ઞાનીને દેહેથી તદ્દન જુદો આત્મા આત્મ–પણે સ્પષ્ટ પ્રગટ જાજ્વલ્યમાન જ્યોતીનો અનુભવ વર્તા જ કરે છે, જ્ઞાનીને ઉદયધારા ને જ્ઞાન–ધારા જુદી જ નિરંતર રહે છે.

આ જ કરવાનું છે.

લિ.
માસીબા.

તા. ૧૨-૮-૭૪

સોમવાર—સોનગઢ

ચિ. બેન રમા દીકરી,

તારો કાગળ શનિવારે મળેલ છે, ખુશીથી પહોંચી ગયાના સમાચાર જાણ્યા છે. તારી તબિયત સારી રહેતી હશે. ડોક્ટરની ગોળીયું નહીં ખાતી, દેશી દવા લેવાનું ચાલું રાખજે.

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે વાણી પરમ અમૃતમય વરસી રહી છે.

પૂ. બેનશ્રી તથા મારી તબિયત સારી છે. અહીંની કાંઈ ફીકર કર્યા વગર શાંતિથી ત્યાં રહેજે.

તું ત્યાં વાંચન દરરોજ કરતી હશે, શાસ્ત્રમાં આચાર્ય ભગવંતોએ આત્માનું સ્વરૂપ અનુભવી અનુભવીને કેવી સરસ રીતે આત્માનું સ્વરૂપ વર્ણવ્યું છે કે વાંચનાર આત્માર્થી થઈને વાચે તો જરૂર આત્માને લાભ થાય જ.

પૂજ્ય ગુરુદેવે પણ આત્માનું સ્વરૂપ ખૂબ સ્પષ્ટ કરીને મુમુક્ષુ જીવોને બતાવી રહ્યા છે.

આત્મા ચૈતન્ય ચમત્કાર સ્વરૂપે જ છે, સુખનો ને જ્ઞાનનો દરિયો ભરેલો છે સાચું સુખ તો આત્મામાંથી જ મળે છે, પોતે ચૈતન્ય દ્રવ્ય સામુ જોવે છે તો સુખ જ દેખાય છે ને સુખનું જ વેદન થાય છે. એવા અચિંત્ય સ્વરૂપ આત્માને નિહાળવાની ભાવના વિશેષપણે વધારવી.

ત્યાં બધા ખુશીમાં હશે, તારી બાનો પત્ર મળ્યો, તારા કાકા, તારી બા, ભરત, અશોક, ઉષા, ઇંદુ, સુધી બધાએ આ રૂચિ જ વધારવા જેવી છે. આફ્રિકાથી ભગવાનના વિરહે અહીં આવ્યા પરંતુ મહાભાગ્યથી શ્રી જિનેન્દ્રદેવના પાડોશમાં વસી રહ્યા છો. તે નિયમિત દેવદર્શન, પૂજા, ભક્તિ વગેરે વધારે લાભ લેવા યોગ્ય છે. બસ એ જ, પત્ર લખજે.

લિ. માસીબા

તા. ૩-૮-૬૫
મંગળવાર—સોનગઢ

ચિ. બેન કાન્તા,

તમારો પત્ર ગઈકાલે મળ્યો વાંચી આનંદ. મને પ્રવૃત્તિ લાગે છે માટે તમારા પત્રનો જવાબ મોડો લખું પણ તમારે તો મારા પત્રનો જવાબ તુરત લખવો જોઈએ.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે, વાણી પરમ કલ્યાણકારી વરસી રહી છે.

રમા અહીં આવે તેની સાથે તમે પણ આવવાનું રાખો તો સારું. જાજુ ન રહી શકાય તેમ હોય તો પંદર દિવસ રહો તો સારું. રમાની સાથે આવશો તો આનંદ થશે અને સંતોષ થશે. રમાને તો અહીં કંઈ વાંધો નથી અમે બધા છીએ એટલે એની રૂમ તો બરાબર ચાલુ થઈ જશે.

બીજું રમા પર્યુષણ ઉપર આવવાનું લખે છે તો પર્યુષણ પહેલાં આવે તો તેની રૂમ વગેરે બધું વ્યવસ્થિત થઈ જાય અને દસધર્મ આરાધનાના દિવસોની આરાધના કરી તેના આત્માની પણ આરાધના થાય, અહીં રહેવાનું મુખ્ય ધ્યેય એક આત્માનું છે. ઓચ્છવ જેવું થાય છે, મહેમાનો પણ આવે છે માટે લાભ મળે અને સંસ્કાર પડે.

માટે હવે વિચાર કરી જવાબ લખશો. રમા માટે રૂમ પણ અમે બંનેએ તૈયાર કરાવી દીધી છે. રૂમ તૈયાર છે.

ત્યાં મોતીલાલ, ભરત, અશોકને બધાને રૂચિ સારી થઈ છે, સુધા વગેરે બધા વેકેશનમાં આવવાનું લખે છે તો ખુશીથી જરૂર આવવાનું રાખશો. સુધા પણ આનંદમાં હશે, મોતીલાલ પણ મજામાં હશે.

પત્ર લખશો.

લિ. બેન શાન્તા

તા. ૧૬-૧૨-૬૭
શનિવાર—સોનગઢ

ચિ. બેન કાન્તા તથા મોતીલાલ,

તમારો પત્ર ગુરુવારે મળ્યો. ત્યાં દરેક ખુશીમાં હશો. અમારી તબિયત સારી છે.

પરમ પૂજ્ય ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે. વાણી પરમ મંગળકારી વરસી રહી છે.

ત્યાં ધરતીકંપ માટે શાંતિ થઈ ગઈ હશે. ત્યાં તમારે દરેક જણાએ દરરોજ સવારે સ્વચ્છ થઈને મંદિરે પૂજા કર્યા પછી શાંતિથી બેસીને નમોકાર મંત્રના ૧૦૮ વાર જાપ કરવા પંચ પરમેષ્ઠી ભગવાનના સ્મરણથી બધું સારું જ થાય. ધન્ય છે અરિહંત—સિદ્ધ પરમેષ્ઠી ભગવાનને જેણે પોતાની પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરીને કૃત્ય કૃત્ય થયાં તેમને વારંવાર નમસ્કાર હો આચાર્ય ઉપાધ્યાય સાધુ ભગવંતો પણ પોતાની પૂર્ણ શુદ્ધતાની નજીક પહોંચી ગયા છે, તેમને પણ વારંવાર નમસ્કાર હો.

દેવ—શાસ્ત્ર—ગુરુ પ્રત્યે રૂચિ ભક્તિ વધારવા જેવી છે. વિગતવાર પત્ર લખશો.

એ જ લિ. બેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ચિ. ભાઈ મોતીલાલ, બેન કાંતા ભાઈ ભરત તથા અશોક, ઉષા અને કલ્પના,

તમે બધા ત્યાં પરદેશમાં છો, બધા ત્યાં કુશળ હશો–અહીં બધા કુશળ છે. તમારે બધાએ ધર્મના સંસ્કાર વધારવા અને રૂચિ વધારવી. પૂ. ગુરુદેવના ટેપ–પ્રવચનો દરરોજ સાંભળવા સાથે વાંચન પણ કરવું ધર્મના સંસ્કાર બધાએ વધારવા જેવા છે. ''ધર્મ જ સુખ દાતા છે'' ધર્મની રૂચિ દિન પ્રતિદિન વધારે કરવી. ભલે પરદેશ હો કે હિન્દુસ્તાનમાં હો ગમે તે સ્થાને હો ધર્મ બધેય થઈ શકે છે. દરેક આત્મા સ્વતંત્ર છે.

આત્મા જ્ઞાન સ્વભાવી છે, આત્માનો સ્વભાવ જાણવાનો છે. આત્માનો સ્વભાવ જાણવાનો છે. આત્મા જાણકાર છે, જ્ઞાન–શરીર છે, રાગાદિથી તદ્દન જુદો છે. આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે. આ દેહની અંદર આ આત્મા હું કોણ છું? એ હું કરનાર કોણ છું? તેને જાણવાની રૂચિ વધારવી, તેની ભાવના વધારવી તેના સંસ્કાર વધારવા તેવા ઊંડા સંસ્કાર ભવોભવ સુધી સાથે આવે. ધર્મના ઊંડા બીજડા ફાલીને સારા ફળ આવે. મનુષ્ય ભવમાં જ આ ઊંડા સંસ્કાર પડે છે. સત્ ધર્મના સંસ્કાર, સત તત્વ તે આત્મા જ છે. દેવ–શાસ્ત્ર ગુરુ પ્રત્યે રૂચિ વધારવી શ્રી અરિહંતજી શ્રી સિદ્ધભગવંતો પ્રત્યે બહુમાન, ભક્તિ, પૂજા જેટલાં વધારે થાય તેટલા ભાવ વધારવા. જેટલો ટાઈમ મળે તેટલી વાંચન તરફ રૂચિ રાખવી. પ્રમાદ થવા દેવો નહિ. બહારનું જોવામાં સમય બગાડવો તે પુદ્ગલના ઠાઠ છે, જેથી આત્મા તરફ જોવાથી આત્માનો સાચો આનંદ આવે છે.

લિ. બેન

સોનગઢ

ચિ. બેન સવિતા,

તમારે આત્માની જીજ્ઞાસા વધારવી, મારું આત્મ–કલ્યાણ કેમ થાય તેના વિચારો વારંવાર કરવા, પૂજ્ય શ્રી ગુરુદેવના વ્યાખ્યાનમાંથી પોતાને હિતરૂપ વાક્યો ગ્રહણ કરી લેવા અને પૂ. ગુરુદેવના પ્રવચનો મોક્ષમાર્ગ પ્રકાશ વગેરે શાસ્ત્રો વાંચવા અને તેમાંથી હિતરૂપ વાક્યો ગ્રહણ કરી તેના પર વિચાર ચલાવવો. હાલતા ચાલતા કામની પ્રવૃત્તિમાં પણ એ લક્ષ રાખવું કે હું જાણકાર તત્ત્વ છું આ બધાને જાણ્યા કરું છું. ''તે જાણનાર તત્ત્વ હું જ છું'' બહારના કાર્ય જે બધા થાય છે તે ઉદયઆધીન થાય છે. શરીરથી જે કાર્ય થાય તેનો કર્તા પણ હું નથી શરીર તેનો કર્તા છે. શરીરરૂપી પુદ્ગલનું કાર્ય શરીર જ કરે છે આત્મા ચેતન સ્વભાવી જડસ્વભાવરૂપ શરીરનું કાંઈ કરી શકે જ નહીં. જેમ મ્યાનથી તલવાર જુદી છે તેમ શરીરરૂપી મ્યાનથી આત્મા ચૈતન્ય જ્યોતિ બિલકુલ જુદો છે, પ્રત્યક્ષપણે જુદો છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

જેમ નાળિયેરની કાચલીથી ટોપરાની મીઠાશ જુદી છે. તેમ આ શરીરરૂપ કાચલીથી ''ચૈતન્ય ગોળો જાગતી જ્યોત'' તદ્દન જુદો છે. જ્ઞાની તો ચૈતન્ય ગોળાનો જ અનુભવ કરી રહ્યા છે, જ્ઞાનીને દેહથી તદ્દન જુદો આત્મા આત્માપણે સ્પષ્ટ જાજ્વલ્યમાન જ્યોતિનો અનુભવ નિરંતર વર્ત્યા જ કરે છે જ્ઞાનીને ઉદયધારા ને જ્ઞાનધારા જુદી જ નિરંતર વહે છે, બંને ધારાને જુદો જ અનુભવ નિરંતર હોય છે.

સાક્ષાત્ તીર્થંકરદેવ તો સાક્ષાત્ કેવળજ્ઞાન આપનાર છે. મહાવિદેહે શ્રી તીર્થંકરદેવ તો સાક્ષાત્ બિરાજે છે તેમને અનંત અનંત ભક્તિપૂર્વક નમસ્કાર હો નમસ્કાર હો.

પોતાનું ચેતન સ્વરૂપ પૂજ્ય ગુરુદેવ પાસે સાક્ષાત્ અનુભવથી સમજાણું તે પરમ કૃપાળુ ગુરુદેવનો અત્યંત ઉપકાર છે.

આત્મા તો જ્ઞાયક સ્વરૂપ છે જ્ઞાયક પોતે સમતા સ્વરૂપે સામ્ય–સ્વરૂપે છે. સમયસાર નાટકમાંથી પણ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે

''સમતા રમતા ઉર્ધ્વતા જ્ઞાયકતા સુખ ભાસ,
વેદકતા ચૈતન્યતા એ સબ જીવ વિલાસ''

ગમે તેવા પ્રતિકૂળ સંયોગમાં પણ આત્મા સમતા રાખી શકે છે તે સમતા આત્માનો મૂળ જ્ઞાયક સ્વભાવ છે.

આવા આવા પૂજ્ય ગુરુદેવે કહેલાં મૂળ સૂત્રોનું ચિંતન કરવું મનન કરવું. વારંવાર તેનું મનન કરવું તે જ આ મનુષ્ય જન્મમાં આત્માને હિતરૂપ છે માટે તે જ વિચાર વારંવાર કરવા યોગ્ય છે.

એજ લિ. બેન શાન્તા

ચિ. બહેન મંજુલા,

પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. વાણી અમૃતમય વરસે છે. તમે મનને બહુ જ મજબુત રાખશો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જાણકાર છે. જાણનારમાં કાંઈ થતું જ નથી. પીડા કે દર્દ બધુ જડ શરીરને થાય છે હું આત્મા તો જ્ઞાનને આનંદ આદિ અનંતગુણનો પિંડ છું એમ વિચારી મનને બહુ હિંમતવાન બનાવવું.

પૂ. ગુરુદેવનું ખૂબ સ્મરણ રાખવું, રટણ રાખવું. એ રીતે મનને ખૂબ આનંદિત રાખવું. ત્યાં મુંબઈ પણ કાંઈ વાંચન શાસ્ત્રનું રાખવું અને ભક્તિના સ્તવનો બોલવા એ રીતે મનને મજબુત બનાવવું. એમ વિચારવું કે હું કેટલું સમજ્યો છું તેની આ પરીક્ષા છે માટે હું જ મારી પરીક્ષા કરું એમ વિચારવું.

લિ. બેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ૐ નમઃ

બુધવાર—સોનગઢ

ચિ. બહેન લાભુ,

તમારો કાગળ હાલમાં નથી તો લખશો, પૂજ્ય કૃપાળુ ગુરુસાહેબ રાજકોટથી વિહાર કર્યા બાદ ગોંડલ જેતપુર થઈ જુનાગઢ યાત્રાએ પધાર્યા હતા, જુનાગઢની યાત્રા તો કોઈ અદ્‌ભુત ને અપૂર્વ પ્રકારે થઈ હતી. પાલીતાણાની યાત્રા થઈ હતી તેના કરતાં આ યાત્રા તો કોઈ જુદા જ પ્રકારે થઈ છે તેનું વર્ણન પણ થઈ શકે તેમ નથી જે ત્યાં હતા તેને તે રસ લીધો. ચારસો લગભગ માણસો જુનાગઢ જાત્રામાં થયું હતું. મોતીલાલ, કાન્તા, માતુશ્રી—પિતાશ્રી વગેરે બધા જુનાગઢ આવ્યા હતા. માતુશ્રી તથા પિતાશ્રીએ આ વખતે દેશમાં એક વરસમાં સારો લાભ લીધો છે. અમરેલી પૂજ્ય સાહેબ પધાર્યા ત્યારે ત્યાં પણ સ્વાગત ઘણું સારું થયું હતું, અમરેલીના માણસોને ઉત્સાહ ઘણો સારો હતો.

અમરેલીમાં પૂજ્ય સાહેબને આઠ દિવસ રહેવું હતું પણ પછી અઢાર દિવસ થયા. ત્યાં પૂ. સાહેબની તબિયત નરમ થઈ એટલે વિહાર કર્યો હતો. અત્યારે તો પૂ. સાહેબની તબિયત સારી છે. કૃપાળુદેવ ગામોગામ વિચરતા જગતના જીવોને અદ્‌ભૂત લાભ આપતા ધર્મની પ્રભાવના કરતા અહીં સુખશાંતિથી એક માસ થયા પધાર્યા છે. અહીં વૈશાખ વદી આઠમ સારી રીતે ઉજવાણી હતી. પૂ. પિતાશ્રી વગેરે મુંબઈ જતાં આઠમ ઉપર અહીં આવ્યા હતા ને નોમના દિવસે મુંબઈ ગયા છે. તે રોજ તમે ત્યાં ધાર્મિકચર્ચા હમેશાં કરતા હશો કાંઈ પણ વાંચન દરરોજ રાખવું આખા દિવસમાં અમુક ટાઈમ વાંચન ને અમુક ટાઈમ ભક્તિ એવો કાંઈ નિયમ તો હંમેશ રાખવો. બીજું લખવાનું કે ત્યાં દિગંબર મંદિરમાં જ્યારે મોટા દિવસે ભક્તિ—પૂજા કરે ત્યારે ઢોલનગારા રાખે છે તે ઢોલમાં ચામડું આવે તો તે ચામડાના રાખે છે કે બીજું કાંઈ રાખે છે તે તમે અથવા જગજીવનદાસને કેજો કે બરાબર તપાસ કરીને જણાવે. કારણ કે દિગંબર લોકો મંદિરમાં ચામડું ન વાપરે ને બીજું કાંઈ લૂગડું ઢોલમાં નાખે છે, અમે ભાવનગર દિગંબરના દેરાસરમાં ચામડું નથી રાખતા ને બીજી જાતનું લુગડું નગારામાં રાખે છે તો તમે તેને પાકી તપાસ કરીને અમને અહીં જણાવજો કે નગારામાં લુગડું કઈ જાતનું રાખે છે અથવા તો બીજે કોઈ ગામમાં મળે ત્યાં દિલ્હીમાં મળે તે તપાસ કરી જરૂર જણાવશો અમારે ખાસ જાણવું છે માટે જરૂર જણાવશો એજ પૂ. બેનશ્રીની તબિયત સારી છે, આ શરીરે પણ સારું છે. જગજીનદાસ પણ કાંઈ ધાર્મિક વાંચન હંમેશ રાખે તો સારું આખા દિવસમાં અમુક ટાઈમ આત્મહિત માટે ગાળવો તે જ હિતકર છે એ જ.

લિ. વીતરાગ સ્વરૂપને ઈચ્છનાર
બેન શાન્તા.

મંગળવાર
સોનગઢ

ચિ. બેન લાભુ,

તમે અહીંથી ગયા પછી તમારો પત્ર નથી તો લખશો. તમે તથા જગજીવનદાસ ત્યાં પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનના પુસ્તકોનું વાંચન કરતા હશો. આ ઉત્તમ જીવનમાં આત્મા સ્વભાવધર્મની રૂચિ વધારવા જેવી છે. આત્મારૂચિ આત્મા–જિજ્ઞાસા, આત્મભાવના વધારવા જેવી છે. માત્ર શરીરની જ સંભાળ કરવી. કુટુંબની જ સંભાળ કરવી અને ખાયપીયને આ જીવન પૂર્ણ કરવા જેવું નથી તેવી રીતે કાગડા–કૂતરા પણ જીવન વ્યતીત કરે છે. કાગડા–કૂતરાના જીવનમાં ને આ મનુષ્ય જીવનમાં જુદાઈ ત્યાં જ પડે છે કે જો આત્માધર્મ સાધી જન્મ–મરણનો અંત કરે તો જ બીજા કરતાં જીવનની ઉંચતા નહીં તો કાંઈ ઉંચતા નથી માટે વ્યાખ્યાનના પુસ્તકો વાંચવા તેના પર વિચાર કરવો આત્મધર્મની ભાવના વધારવી તેવા ઉત્તમ સંસ્કાર જીવનમાં દ્રઢ કરવા. અંતર ભાવના રૂચિ વધારવામાં કોઈ બહારના સંયોગ અટકાવી શકે તેમ નથી કારણ કે બહારનો સંયોગ પણ જુદી વસ્તુ છે. આ શરીર પણ જુદી વસ્તુ છે ને આત્મા પણ જુદી વસ્તુ છે. કોઈને આધીન કોઈ નથી જીવે ભ્રમબુદ્ધિથી એમ માની લીધું છે કે હું શરીરનું ને બધા પર પદાર્થનું કરી શકું છું શરીરમાં રોગ આવે ત્યારે આત્માને તો ઘણીય જાતની ઈચ્છા હોય છતાં આત્માની ઈચ્છા પ્રમાણે શરીર કામ કરે નહિ માટે આત્મા અને શરીર બંને વસ્તુ તદ્દન જુદી છે. માટે આત્મવિચારણા વધારવી અને આત્મસંસ્કાર દ્રઢ કરવા.

પરમ પૂજ્ય ગુરુદેવ સુખ શાંતિમાં બિરાજે છે અપૂર્વ અને અમૃતરસ વરસાવી રહ્યા છે. ભાગ્યવંત અને આત્માજીજ્ઞાસુ જીવો લાભ લઈ રહ્યા છે. દિગંબરો હમણાં તો અહીં ઘણા આવે છે પણ આવું તત્ત્વજ્ઞાન આખા હિન્દુસ્તાનમાં ક્યાંય નથી એ જ.

પિતાશ્રીના પત્રો મુંબઈથી આવે છે.

એ જ. લિ. બેન શા

૫-૮-૧૯૬૯

ચિ. બેન સુધા,

મંદ કષાયપણે શાંતિપૂર્વક આત્માના કલ્યાણ માટે સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે અત્યંત ભક્તિ રાખવી અને હમેશાં શ્રી અરિહંતદેવનું ભક્તિપૂર્વક સ્મરણ કરવું અને આત્મકલ્યાણના હેતુએ સત્તશાસ્ત્રનું વાંચન હમેશાં જરૂર રાખવું.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

શ્રી ગુરુદેવે ફરમાવેલ જડથી જુદા એવા પોતાના ચૈતન્ય તત્ત્વ પ્રાપ્ત કરવાના હેતુથી પૂ. ગુરુદેવના સુવર્ણ વાક્યોનું ચિંતવન કરવું.

આ મનુષ્યભવ ઉત્તમ પ્રાપ્ત થયો છે તેમાં સાચા સત્તધર્મના, આત્મધર્મના ઉંડા સંસ્કાર જરૂર નાખવા.

ગમે તેવા અનુકૂળ–પ્રતિકૂળ સંયોગોમાં પૂ.ગુરુદેવની ઉત્તમ વાણીને યાદ કરી એકદમ શાંતિ રાખવી અને કલ્યાણ તરફ વલણ રાખવું.

શાંતિ તો આત્માનો સ્વભાવ છે.

લિ. માસીબા.

તા. ૩-૮-૮૭

રાજકોટ

શ્રી દેવ–ગુરુ–શાસ્ત્રજીને નમસ્કાર હો.

આત્માર્થી ભાવિક બ્રહ્મચારી બહેનો,

તમારા બધા ઉલ્લાસભર્યા કાગળો વાંચી વાત્સલ્યભાવ આવ્યા વગર રહે નહીં.

અમારી “નિજનિધી” અમારી પાસે છે. જ્ઞાન આનંદના ગુણનો રત્નનો કરંડીયો નજરે નિહાળીએ છીએ અને યથાશક્તિ આનંદ પામીએ છીએ, તે રત્નના કરંડીયાને મુખ્યપણે મુનિરાજ નિહાળી નિહાળીને ઘણો આનંદ પામે છે. અને તે રત્નના કરંડીયાને પૂર્ણપણે અર્હંત–પરમાત્મને શ્રી સિદ્ધપરમાત્મા નિહાળીને પૂર્ણ આનંદ પામી રહ્યા છે. તે પરમાત્માને વારંવાર નમસ્કાર છે. તે મહાત્માઓને ધન્યવાદ છે. તેવી દશા જલ્દી પ્રાપ્ત થાય તેવી ઝંખના રહે છે. તમે પણ બધા અંતર જીજ્ઞાસાથી તત્ત્વરૂચિ વધારો છો ને ભાવ મિથ્યાત્વને કાપો છો તો તમારે પણ એવો સુકાળ આવી જશે, અને આત્મારત્નને નિહાળશો. કોઈ વેલા સિદ્ધપદ પામે કોઈ થોડા કાળ પછી સિદ્ધ પામે વચ્ચેથી કાળનો આંતરો કાઢી નાખીએ તો બધા સિદ્ધભગવાન થઈને સાથે રહેશું ત્યાં કોઈનો વિરહ રહેશે નહીં.

પરમ પૂજ્ય ગુરુદેવનો પરમ પ્રતાપ છે, સૌની ભાવના સફળ થશે જ.

લિ. બેન.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

## પૂજ્ય બેનના હસ્તાક્ષર

દેહથી આત્મા તદ્દન જુદી વસ્તુ છે
આત્મા ચૈતન્ય ચમત્કાર જ્ઞાન આનંદનો
પિંડ છે.
શરીરમાં પીડા થાય પણ આત્મામાં
શાંતિ ભરી છે તો શાંતિ તરફ નજર
કરવી ને શાંતિ સમાધિમાં રહેવાનો
પ્રયત્ન કરવો.
દેહ તો પુદ્ગલ જડ છે તે તો કાંઈ
જાણતો જ નથી
જાણનારનો પિંડ આત્મા છે જાણનાર
દેખનાર વસ્તુ તો આત્મા છે.
ચેતનાર ચૈતન્ય તે હું છું તેમ ચેતનાર
આત્માને અંદરમાં ગોતવો.
ચેતનાર આત્મામાં આનંદ જ્ઞાન વગેરે
અનંતગુણો ભર્યા છે.
તે ચેતન આત્માનો જ વિચાર
કર્યા કરવો. દેવ ગુરુનું મહાત્મ્ય યાદ
કરવું. પરમ પરમ પૂજ્ય ગુરુદેવનો
ઉપકાર યાદ કરવો.
શરીરમાં દર્દ થાય ત્યારે શરીર
તરફ લક્ષ ન રાખવું.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

દેવ ગુરુની ભક્તિ સાથે કરવા
આત્માના વિચાર કરવા જેમાં રસ
પડે તો પરિણામ બહારના ભટકી ન જાય
તેના વિચારમાં ચડી ગયું.
આત્માના ગુણોના વિચારમાં ચડી
જવાય માટે તે વધારો લાભરૂપ છે.
આત્મા રાગ-દ્વેષ આદિ વગરનો અલૌકિક
અદ્ભુત ગુણોથી ભરેલ સ્વરૂપ બતાવેલ છે.





Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org





Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com












Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org







Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પૂજ્ય શાન્તાબેનને અર્પેલ શ્રદ્ધાંજલિ તથા ગુણાનુવાદ





Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# જીવન ઘડવૈયા વહાલા માસીબા

પરમ પવિત્ર એવી ભારતભૂમિમાં અનંતા તીર્થંકરો કેવળી, શ્રુતકેવળી, ઘણા ઘણા મહાન આચાર્યો, મુનિરાજ તથા કુંદકુંદાચાર્ય જેવા મહામુનિરાજ વિચરી ગયા.

આપણા ભારતદેશમાંથી પણ ચોવીસ ભગવાન આદિ અનંતા તીર્થંકરો શાશ્વતભૂમિ શ્રી સમ્મેદશિખરજી, રાજગૃહી, ચંપાપુરી, પાવાપુરી, ગીરનારજી, શત્રુંજય આદિ અનેક ભૂમિમાંથી સિદ્ધપદ પામ્યા છે જેથી આપણી ભૂમિ પરમ–પવિત્ર છે.

શ્રી શત્રુંજયની બાજુમાં પણ સોનગઢ પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ પ્રતાપથી પ્રચલિત તીર્થધામ સુવર્ણપુરી બન્યું છે. તે આપણા અહો ભાગ્ય છે કે જ્યાં તત્ત્વજ્ઞાનના સિંહનાદો ગાજી રહ્યા છે. આ શાસનયુગમાં કાઠિયાવાડમાં ઉમરાળા ગામે ધર્મધુરંધર સંત એવા ગુરુદેવનો જન્મ થયો.

આ શાસનમાં પણ શ્રુતઅંશો વીરલા તેમજ હીરલા જેવા તેજસ્વી રત્નો થયા. તેવા શાસન યુગમાં આવા રત્નોથી આજે પણ આ ભૂમિ ઝળકી રહી છે. શ્રી કહાનગુરુ જેવા તેજસ્વી રત્ન આખા ભારતભરમાં ચમકી રહ્યા છે. જેમ શાસનમાં સુપ્રસિદ્ધ છે અને દેશ–વિદેશમાં પણ ડંકો વગાડ્યો છે અને સારા દેશોદેશમાં સમયસારની ભેરી વગાડી છે. જેમણે દિવ્યજ્ઞાન વડે આધયાત્મિક જીવન જીવવાનો ભેદજ્ઞાનનો એક મહામંત્ર આપ્યો છે, અપૂર્વ બોધપાઠ આપ્યો છે કે બધા 'ભગવાન આત્મા છો.'

પૂ.શ્રી ગુરુદેવે શ્રી જિનેન્દ્રદેવ દર્શન, પૂજા, ભક્તિ અપૂર્વ બતાવી છે અને ગામોગામમાં પંચ કલ્યાણીક પ્રતિષ્ઠા કરાવી છે, ભગવાનનું શું સ્વરૂપ છે તે સમજાવ્યું.

આ શાસનમાં–રત્નોમાં મહિલા શિરોમણી ''પૂ. બેનશ્રીબેન'' (ચંપાબેન–શાન્તાબેન) નામથી પ્રસિદ્ધ છે કે જેમણે દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે આખું જીવન અર્પી દીધું હતું. આમ સુવર્ણતીર્થની શોભા આ ત્રિવેણી સંતોથી શોભાયમાન હતી. સોનગઢમાં બ્રહ્મચર્ય બહેનો માટે શ્રી ગોગીદેવી બ્રહ્મચર્ય આશ્રમ છે, તે આશ્રમમાં પૂ. બેનશ્રીબેન (બંને બેનોની) છત્રછાયામાં દરેક બહેનો આધ્યાત્મિક જીવન જીવે છે અને બ્ર. બહેનોને વ્રત–તપ નિયમ માટે આદેશ આપતા.

સરોવરમાં સુશોભિત કમળો દેખી લોકોનું મન ત્યાં ખેંચાય છે અને એક દિવસ ઊગીને બીજે દિવસે કરમાઈ જતાં કમળને લોકો યાદ કરે છે. શા માટે? 'કમળ' સૌંદર્ય, સુકોમળ અને સુવાસિતતાના ત્રિવેણી સંગમ દ્વારા માનવીને આકર્ષી લે છે. જેથી તેને લેવા સૌ કોઈ ઉત્સુક બને છે, કમળની સુવાસથી ભ્રમર પણ કમળની પરાગ લેવા તેની આસપાસ આખો દિવસ ગુંજારવ કરતો ફરે છે અને તેના રસ ચૂસવામાં એટલો બધો આસક્ત થઈ જાય છે કે સૂર્યાસ્ત થતાં કમળ બીડાઈ જતાં કોઈ દિવસ તેમાં કેદી બનીને જીવનને પણ હોમી દે છે તેમ.

આ સંસારના ઉપવનમાં પણ કેટલા જીવો જન્મ લ્યે છે અને આયુષ્ય પૂર્ણ થતાં વિદાય લ્યે છે, પરંતુ જે આત્માઓના જીવન કમળની માફક પ્રશંસનીય, અભિવંદનીય અને અભિનંદનીય બને છે કે પૂ. શાન્તાબેન જેવા આત્મીય સાધના સાથે પોતાના પરમાર્થ કાજે શ્રી દેવ–શાસ્ત્ર ગુરુની ભક્તિ કાજે તન–મન–ધનથી જીવન શાસનને ચરણે સમર્પિત કરેલું, જેમના અણુ અણુમાં શ્રી અરિહંતની ભક્તિનું ગુંજન, શ્રી કુંદકુંદાચાર્ય દેવના માર્ગનું મંથન અપાર હતું.

હે વાત્સલ્યમૂર્તિ માતા! શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુની પ્રભાવનામાં સ્થંભની જેમ ઊભા રહેતા કે જ્યાં રાત–દિવસનું ભાન ભૂલી જતાં હતા અને શરીરાદિકની પરવા પણ કરતા નહિ. બુદ્ધિ ઘણી તીક્ષ્ણ હતી એટલે ચારેય તરફનું બધાને જ્ઞાન આપતા. પંચકલ્યાણક પ્રતિષ્ઠા પ્રસંગે બધાને સલાહ સૂચના આપતા અને જિનેન્દ્ર–વિધાન માટે ઉપાસના કરાવતા. લોકો પ્રત્યે વાત્સલ્યપ્રેમ ધરાવતા જેથી બધા આપની પાસે આવતા. ધાર્મિક સંસ્થામાં વિશેષ પ્રકારે યોગદાન આપતા અને ગરીબો પ્રત્યે પણ કરૂણા કરી મદદ કરતા.

પૂ. ગુરુદેવના આજ્ઞામાં અજબ–ગજબના સમર્પણ ભાવ હતા કે જ્યાં માન–મોટાઈને પણ નીચે મૂકતા અને કહેતા કે નાના રહેવામાં ગુણ છે. પૂ. ગુરુદેવની આજ્ઞામાં શરૂથી જ રહીને ભેદજ્ઞાનનો દોર સાધી લીધો હતો.

પૂ. બેનશ્રી પણ પહેલાં કહેતા કે 'બેન'નું દ્રવ્ય એવું છે કે જેમ કહીએ તે પ્રમાણે પ્રણમી જાય છે.

આવા 'આત્મા' જગતમાં સૌ કોઈને વંદનીય સ્મરણીય બને છે. આવા એક મહાન વાત્સલ્યમૂર્તિ શિરોમણી હતા. જેવું નામ તેવા જ ગુણો પ્રત્યક્ષ નજરે પડતા કે જે આજે પણ એ હસમુખ તો શાંત ચહેરો નજર સમક્ષ તરવરી રહ્યો છે. આજે પણ તેઓશ્રીના નામથી કોઈ અજાણ નથી.

આરાધના માર્ગે હંમેશા ગૌરવવંતુ એક અજોડ રત્ન હતું. જેઓ કુટુંબીજનો પ્રત્યે પણ ઘણી જ કરૂણા ધરાવતા અને દરેક સત્‌ધર્મ કેમ સમજે એ જ ભાવનાથી દરેકને પ્રેમ આપતા.

હે આનંદદાયી માતા! બાળકથી માંડી બધાને શ્રી જિનેન્દ્રદેવ દર્શન–પૂજા–ભક્તિના ધોરીમાર્ગ પર ચડાવી આધ્યાત્મિક સાધના શીખવાડતા હતા, જેથી કુટુંબીજનોને 'શિરછત્ર માતા' તુલ્ય હતા અને આનંદ કરાવતા.

અમે તો ક્યાં એ અનાર્ય દેશમાં (આફ્રિકામાં) હતા. જેથી તેઓશ્રીના પત્રો દ્વારા પણ ઉપદેશબોધ આપતા અને થોડા થોડા સમયે સોનગઢ તત્ત્વબોધ પૂ. ગુરુદેવની વાણીનો લાભ લેતા. જ્યારે ૧૨ મહિના સુધી રહેતા ત્યારે તેઓશ્રીનો પણ નિકટ લાભ મળતો. ત્યારથી જ તે વાતાવરણ જોઈને મેં દ્રઢ નિશ્ચય કર્યો કે મારે તો ''મારા માસીબાના'' સાન્નિધ્યમાં જીવનની સફળતા મેળવવી છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

હે ઉપકારી માતા! જ્યારે હું સોનગઢ આવી ત્યારે બે વરસ સુધી મારી ઘણી પરીક્ષા કરેલી, ત્યાર પછી બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા પૂ. ગુરુદેવ પાસે નવ બ્રહ્મચારી બેનો સાથે લીધી. પૂજ્ય માસીબાએ! લૌકિક તથા અલૌકિક દરેક પ્રકારની વિદ્યાનું જ્ઞાન મને આપ્યું હતું અને વારંવાર કહેતા કે દરેક કામકાજની પ્રવૃત્તિમાં આત્માના વિચાર સાથે સાથે કરવા અને એવા શ્લોક કંઠસ્થ કરી લેવા કે કામકાજની પ્રવૃત્તિમાં તેનું રટણ ચાલું રાખવું. આ પ્રમાણે ભેદજ્ઞાનના મંત્રો વારંવાર આપતા, અંતિમમાં પણ શરીર ઘણું અશક્ત હોવાથી વારંવાર આરામ લેવો પડતો હતો ત્યારે કહેતા કે સૂતા સૂતા પણ આત્માનું ધ્યાન થાય છે, શરીર ભલે સૂતું હોય. શરીર શરીરનું કામ કરે છે. આત્મા આત્માનું કામ કરે છે. તેઓશ્રીનો નિકટ સમાગમ, સેવાથી મને લાભ થયો છે અને તેઓશ્રીના મધુર વચનોથી રમા, બેટા કહી બોલાવતા તે પડકાર આજે પણ હૃદયમાં જતો નથી અને બોલાવતા જ હોય તેવો ભાસ થયા કરે છે. છેલ્લાં ૨૩ વરસોથી તેઓશ્રીના સાનિધ્યમાં રહી જે સેવાનો લાભ લીધો તે પણ એક અમૂલ્ય લ્હાવો હતો.

માતા–પિતાનો ઉપકાર તો આ ભવ પૂરતો હોય છે પરંતુ આ ધર્મમાતાનો ઉપકાર ભવોભવ સુધી ભૂલાય તેવો નથી. જન્મ આપે તે માતા, પણ જન્મોજન્મ અટકાવી અજન્મદશા પ્રાપ્ત કરાવે તે જ ખરેખરી 'ગુરુમાતા' છે.

હે માતા! આપના સ્મરણો કરતાં શીતળદાયક શરણું મળે છે. આ જન્મ સફળતાને પ્રાપ્ત કરશે જ તેમ અંદરથી રણકાર ઊઠે છે. આ માતાના ગુણગ્રામ કરતાં અંત આવે તેમ નથી કે શું લખવું!!

સહનશીલતા રાખી, સમતાભાવપૂર્વક સાધના કરી, આત્મલક્ષપૂર્વકની શરણાગતિ સ્વીકારી, આત્મદશાની વિશુદ્ધિ કરી, વીતરાગ ભાવની પૂર્ણતા કાજે અમારા જીવન પ્રાણ પ્યારા વ્હાલા માસીબા ચારિત્ર પાલનમાં આપના જેવી ચતુરાઈનો ગુણ અમારામાં વિશેષ પ્રકારે પ્રગટ હો.

વળી ઉપકાર છે તે મારા વહાલા માસીબાનો કે જેમણે પરમ વાત્સલ્યતાથી મને આત્મિક ઉત્સાહ આપ્યો અને ધર્મનું અમૃતપાન કરાવીને મને તૃપ્ત કરી.

હે માતા! તારી થોડી સેવાનું ફળ મહાન વીતરાગી બદલો તું તો મને સદાય આપતી રહી છો. મારી પાસે જૈનધર્મનો જે કાંઈ વૈભવ છે તે બધો તે જ આપેલો છે, ''તું મારી માતા......હું તારી પુત્રી! હે મા એથી વિશેષ તારો ઉપકાર શું માનું!''

આપના આદર્શરૂપી બોધથી મારા આત્માનું શીઘ્ર હિત થાય એ જ ભાવના સાથે આપને શ્રદ્ધાંજલી અર્પુ છું.

આપની બેટી રમા!

# 'કલ્પવૃક્ષ સમાન ધર્મમાતા મારી બેની'

આ ભરતક્ષેત્રમાં અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન મહાવીરે અને હાલમાં વિદેહક્ષેત્રમાં ભગવાન સીમંધર વગેરે તીર્થંકર ભગવંતોએ આવી સ્વતંત્રતાનો જે ઢંઢેરો દિવ્ય ધ્વનિના નાદે જગતમાં પ્રસિદ્ધ કર્યો, કુંદકુંદાદિ મહાન સંતોએ જે ઢંઢેરો ઝીલીને પ્રસરાવ્યો, એ જ સ્વાધીનતાના ઢંઢેરાનો પાવન સંદેશ આજે આપણને સંભળાવી રહ્યા છે ગુરુ કહાન!

ભારતના જીવોને પણ એ જ માર્ગે આવવાની હાકલ કરીને અધ્યાત્મની જે મહાન ક્રાન્તિ તેમણે સર્જી છે તે જૈન શાસનના સુવર્ણપટ ઉપર હીરાના અક્ષરોથી આલેખાઈ ગઈ છે. એ વીરહાક સાંભળીને ભારતના ખૂણેખૂણેથી જાગેલા હજારો જીવોએ પરાધીન દૃષ્ટિના બંધનની બેડી તોડી નાંખી છે.

એ અધ્યાત્મક્રાન્તિના વિજયના મહાન પ્રતીકરૂપે, ગુરુ કહાનનો જન્મશતાબ્દી મહોત્સવ ભારતના ભક્તો સહુ ઊજવી રહ્યા છે તે આ યુગનો એક અનેરો ઐતિહાસિક પ્રસંગ છે. આવા કહાનગુરુના યુગમાં બે ધર્મમાતાઓ જાગ્યા. તેમાં પૂ. શાન્તાબેન તે મારા બેની. અમારા ખારા કુટુંબમાં બાળપણથી જ વૈરાગ્ય, વીરાંગના જેવા વીર્યવાન અને તેમની સૂઝબૂઝ તો બાળપણથી જ એવી હતી કે તેમને પૂછ્યા સિવાય મારા માતા–પિતા પણ કોઈ કામ કરતા નહીં. આવા મહાન સુપ્રસિદ્ધ વ્યક્તિ હતા.

પૂ. બેને બાળવયમાં જ ભૌતિક લાલસાથી વિરમી આત્માર્થ સાધવા તરફ વૃત્તિ વાળી, આત્માર્થ સાધવા માટે તીક્ષ્ણ જ્ઞાનોપયોગપૂર્વક તત્ત્વાભાસ સુદ્રઢ કર્યો. સ્વાનુભવમૂલક આત્મસાક્ષાત્કાર એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન મહાન રત્નની પ્રાપ્તિ કરી. અમને સ્વાનુભૂતિનો મહાન અચિંત્ય મહિમા બતાવી આત્મા આરાધનાના માર્ગે ચડાવ્યા.

આ પંચમકાળે આવા સદ્‌ગુરુદેવનો યોગ આત્મકલ્યાણ માટે મળ્યો છે તે મહાન પુણ્યનો ઉદય ઘણો દુર્લભ–યોગ અત્યારે સુલભરૂપ થઈ ગયો છે આવા પૂ. ગુરુદેવના ભેટા પૂ. બેને અમારા ખારા કુટુંબને કરાવ્યા અને સત્ય દિગંબર જૈન ધર્મની મહિમા બતાવતા હતા કે દેવ-ગુરુ-શાસ્ત્રના દર્શનની નિત્ય ભાવના રાખવી અને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ હંમેશા ચડિયાતી રાખવી. તેવા સંસ્કાર આ મનુષ્યભવમાં જ પડે છે. આ મનુષ્યભવ આત્મકલ્યાણ કરવા માટે ઉત્તમ સાધન છે તેવો હંમેશાં આદેશ આપી, અમારા ઉપર અસીમ ઉપકાર કર્યો છે તે જીવનમાં ભૂલ્યો ભૂલાય તેમ નથી અને આ ઉપકાર સદાય સુવર્ણ અક્ષરે અંકિત રહેશે. અહા, આ તો આપણા કુટુંબમાં કલ્પવૃક્ષ ફાલ્યા છે. આ માતાના પરિચયથી આત્મકલ્યાણ શોધી લેવા જેવું છે. વિલંબ કે પ્રમાદ કરવા જેવો નથી તે જ શ્રેયસ્કર છે.

સતત અપ્રસાદપણે શાસ્ત્ર સ્વાધ્યાય–ચિંતન–મનનમાં વર્તતો તેમનો ઉપયોગ અને માત્ર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

આત્માની આરાધનાને અર્થે જ વીતતું તેમનું જીવન આપણને અપ્રમાદપણે આત્મ—આરાધના કરવાનો ઉત્સાહ જગાડે છે.

હું ઘરમાં સૌથી નાનો ભાઈ હોવાથી મારા ઉપર નાનપણથી જ પૂ. બેનને અથાગ પ્રેમ હતો અને હું પણ પૂ. બેનને માતાથી પણ વિશેષ ગણાતો હતો કારણ કે માતા તો જન્મ દેનારી છે અને આ માતા તો મને જન્મ—મરણ રહિતનો ઉપાય બતાવનારી છે.

મારે કોઈપણ પ્રકારે સુખ કે દુઃખના પ્રસંગો ભજતા તો તે વખતે મારી મૂંઝવણ ટાળવા આ ધર્મ માતાનો જ આશ્રય લેતો.

અમારા ઘરમાં ધર્મના ઊંડા સંસ્કારો આપવાની પ્રેરણા તેઓશ્રીની જ હતી. તેથી અમે કુટુંબ સહિત દિવાળીનું તથા ઉનાળાનું બંને વેકેશનમાં અમે સૌ સોનગઢ આવતા અને આપણા સૌના ધર્મપિતા—તારણહાર પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો અને સત્‌સમાગમનો લાભ લેતા. અમે લગભગ ૧૬ દિવાળી સોનગઢમાં મનાવી છે અને દરેક દિવાળીના દિવસે જ પૂ. ગુરુદેવશ્રીનો ઘર આંગણે આહારદાનનો લાભ મળતો તથા પૂ. ભગવતી બંને માતાઓનો લાભ મળતો.

પૂ. ગુરુદેવ જ્યારે મુંબઈ પધારતા ત્યારે બંને માતાઓનો લાભ અમને અમારા ઘરે જ મળતો. આવી ભૂત—વર્તમાન અને ભાવિ સંત ત્રિપૂટીનો લાભ મને અનેકવાર મહાભાગ્યે મળ્યો.

હે સહનશીલતાની દેવી! આપના ઉપર અનેકવિધ પ્રતિકૂળતા આવવા છતાં જે નીડરતાથી સત્ય પ્રયાણ કર્યું છે અને એવી અમને પ્રેરણા આપી છે કે પોતાને આત્મહિત કરવું હોય તો તારા ઉપર જગતના અણસમજુ લોકો ગમે તેવા આકરા આક્ષેપો કે નિંદાની ઝડીઓ વરસાવે તો પણ તું ડરીશ મા....... તારો માર્ગ તું છોડીશ મા..... નીડરપણે તારા આત્મહિતના પંથે ચાલ્યો જજે.......

આપની નીડરતા અને સહનશીલતા પણ જબરી હતી. અનેક વિરોધ વિચારવાળા જીવો તરફથી ઉશ્કેરણીના પ્રસંગો ઉપસ્થિત થવા છતાં તે વખતે ગભરાયા વગર, શાંત ચિત્તે, આપે ધૈર્ય અને ગંભીરતા વડે જ તે પ્રસંગને જીતી લીધો. આપની આવી શૈલી જોતાં ઘણા મુમુક્ષો મુગ્ધ બની ગયા હતા. આ રીતે આપનું જીવન અમને ગમે તેવી કટોકટીના પ્રસંગે પણ સહનશીલતા અને ધૈર્યના પાઠ શીખવે છે.

‘યહ જીવન તુઝસા જીવન હો!’

પૂ. ગુરુદેવની જન્મશતાબ્દી અંતર્ગત દેવલાલીમાં પંચકલ્યાણ પ્રતિષ્ઠા મહોત્સવ હાલમાં આવી રહ્યો છે ત્યારે પૂ. બેનનો (ઈ.સ. ૧૯૮૭) માં જે મારા ઉપર પત્ર આવેલ તેમાં બધી ઉપયોગી સૂચના આપતા કે શ્રી જિનેન્દ્ર ભગવાનના પંચકલ્યાણિકનું કામ તે એક શ્રી જિનેન્દ્ર ભગવાનની મહાન સેવા છે. તે સેવા આનંદથી ઉત્સાહપૂર્વક કરવાથી આત્માને ઘણો જ લાભ

થાય છે માટે આત્માના લાભ ખાતર આ શ્રી જિનેન્દ્ર દેવના મહા મહોત્સવનું કામ જેમ વિશેષ દીપે એ રીતે કરવા ઉત્સાહિત રહેવું.

આપણે તો શ્રી જિનેન્દ્ર મહાત્મ્ય વિશેષ થાય અને શ્રી જિનેન્દ્ર મહોત્સવ ખૂબ આનંદથી ઊજવાઈ એવી ભાવનાથી રાગ–દ્વેષની મંદતાપૂર્વક અને શ્રી જિનેન્દ્ર દેવ મહિમાની મુખ્યતાપૂર્વક આ કામ આવા હેતુથી કરવું.

આવો ઉત્તમ મનુષ્યભવ ઘણા પુણ્યથી પ્રાપ્ત થયો. તેમાં વળી આવા વીતરાગદેવે પ્રરૂપેલા સત્યધર્મનો યોગ મળ્યો વળી ઘણા પુણ્યે આવા દેવ–ગુરુની સેવાનો યોગ મળ્યો માટે મંદકષાયપણે વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુની જેટલી સેવા થાય તે જ આત્માને હિતરૂપ છે. માટે બધા સાથે બહુ પ્રેમથી કામ કરી પ્રસંગ જેમ વિશેષ દીપે તેમ કરશો તે મારા અંતરંગની તમારા પ્રત્યેની લાગણીની ભાવના છે. તે લાભરૂપ થશે જ તેમ હું માનું છું.

આજે પણ આ પત્ર યાદ કરતાં જાણે પૂ. બેન સાક્ષાત્ પધારી અમારા પ્રસંગમાં પ્રોત્સાહન આપી રહ્યા હોય તેવો અનુભવ થાય છે.

દેવલાલીમાં પણ પૂ. બેનની ઉપસ્થિતિમાં શીલાન્યાસનો પ્રસંગ ખૂબ જ ઉત્સાહપૂર્વક થયેલો અને ત્યારે પણ અમને ઘણી રીતે સૂચનાઓ આપી હતી. અત્યારે આ પંચકલ્યાણિક પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યમાં પૂ. બેનનું માર્ગદર્શન ક્ષણે ને પળે યાદ આવે છે અને અમારા દેવલાલીના ટ્રસ્ટીઓ તથા કાર્યકરોને પૂ. બેનનો વિરહ ખૂબ જ લાગે છે. તો આપ સ્વર્ગેથી અમારી વિરહ વેદના સાંભળી કૃપાદૃષ્ટિ કરશો.

પૂ. ગુરુદેવ તથા પૂ. બેનશ્રી બેન સાથે ઉત્તર–દક્ષિણની બધી જ યાત્રા તો કરી જ હતી પણ છેલ્લે પૂ. બેન સાથે સંઘ સહિતની દક્ષિણ યાત્રા લગભગ ૨૨ દિવસ કરી ત્યારે આપની બાહુબલી પાસે જિનેન્દ્રદેવ અને મહામુનિવરો પ્રત્યેની ભક્તિ રોમરામમાં વસેલી હતી તે ત્યાં અમને પણ જોવા મળી. આવી યાત્રાનો હર્ષોલ્લાસ જીવનમાં કદી ભૂલાય તેમ નથી.

બાળપણથી માંડીને આપનો વૈરાગ્યમય જીવનનો સરવાળો સમાધિ–મરણરૂપ અંતિમપળે મુમુક્ષુ સમાજ સમક્ષ ચિતાર ખડો કરી દીધો.

આવા ધન્ય જીવનને ક્ષણે ને પળે યાદ કરતાં અમારું પણ આવું જીવન બને એવી ભાવનાપૂર્વક નત–મસ્તકે ભાવ–ભક્તિભીની પુષ્પાંજલિ અર્પણ કરીએ છીએ.

ભાઈ મુકુંદ તથા ભાભી વસુમતી

પુત્રો–વહુઓ

અતુલ–ચારુ  પ્રદીપ–શીલા

નિરૂપમ–ઝરણા  પંકજ–અલકા



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# જીવન શિલ્પી ધર્મભગિની પૂજ્ય શાન્તાબેન

સ્નેહ ઝરતાં વાત્સલ્યમૂર્તિ પૂ. બેન અમારા જીવનમાં ધર્મના બહેન—યાને કે ધર્મભગિની તરીકે અનોખું સ્થાન ધરાવતા હતા. રક્ષાબંધન અને ભાઈબીજ જેવા સામાજિક તહેવારોનું આધ્યાત્મિક મૂલ્ય તેમણે ખૂબ સહજભાવે સમજાવ્યું હતું. આ લખાણ થાય છે ત્યારે રક્ષાબંધનનો તહેવાર નજીકમાં જ આવે છે ત્યારે અશ્રુભીની આંખે પૂ. બેનને હૃદયથી શ્રદ્ધાંજલિ અપાઈ જાય છે.

અમારા જીવનકેડીને દેવ—શાસ્ત્ર—ગુરુની અનન્ય ભક્તિથી ઝગમગાટ કરી દીધી છે. પગલે—પગલે પર્યાયને આત્મા તરફ કેમ ઝૂકાવવી તેનું રહસ્ય ખૂબ નજીકથી ખૂબ સૂક્ષ્મ દૃષ્ટિ રાખીને સરળતાથી સમજાવ્યું છે.

જીવનની અંતિમ પળોમાં પણ જીવન અને મૃત્યુ બંનેનું રહસ્ય પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા પ્રજ્ઞાછીણી કેમ ચલાવવી તે શીખવાડતા હતા. ભગવાન પ્રત્યેની અનન્ય ભક્તિથી રોમરોમ ઉછળતાં નિહાળવાની અમૂલ્ય તક અમને જીવનમાં સાંપડી છે તે અહોભાગ્ય જ કહેવાય ને! જિનમંદિરની દરેક પ્રવૃત્તિમાં પ્રત્યેક મુમુક્ષુને ઉત્સાહિત કરીને અપૂર્વ માર્ગદર્શન આપનારા પૂ. બેન એક વડીલ તરીકે હૂંફ આપતા. ધર્મનો નિશ્ચય શું છે—તેનો વ્યવહાર શું? તેની સંધિ કરાવતા અને પ્રસંગોને અનુરૂપ પ્રેરણા આપતા. પુરુષાર્થની પગદંડી પર ચાલવની પ્રેરણા આપનાર પૂ. બેનને અમે શું આપીએ?

શ્રદ્ધાંજલિનાં પુષ્પો કેવી રીતે?

આત્મસાધનામાં સ્થિરતા કરી નિજ પદની પ્રાપ્તિ અર્થે અપૂર્વ પુરુષાર્થ કરીએ એ જ ભાવના.

રતિલાલ મોહનલાલ ધીયા
શારદાબેન રતિલાલ ધીયા
રાજકોટ

# પૂજ્ય બહનશ્રી શાંતાબહન કે પ્રતિ સાદર સમર્પિત શ્રદ્ધાંજલિ

પૂજ્ય બહન એક પવિત્ર આત્મા થીં, અભી સે લગભગ ૪૫ વર્ષ પૂર્વ જબ મૈં પ્રથમ બાર સોનગઢ ગયા, તબ સે હી મેરે ઉપર પૂ. બહન કી પૂર્ણ કૃપા રહી હૈ. વીંછીયા કે પંચકલ્યાણક મહોત્સવ કે પાવન અવસર સે તો પૂ. બહનશ્રી ચંપાબેન એવં શ્રી બહન શાંતાબહન દોનોં સે ઉક્ત વિધિ—વિધાન કી વ્યવસ્થા કો લેકર વિશેષ સમીપતા હુઈ, તબ સે અંતિમ ક્ષણ તક પૂ.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

બહન કા મેરે પ્રતિ સગે ભાઈ સે ભી જ્યાદા અગાધ સ્નેહ રહા. ઉસી કે ફલસ્વરૂપ દોનોં પૂજ્ય બહનોં કે સાથ ૩ બાર સારે ભારતભર કે તીર્થક્ષેત્રોં કી પાવન યાત્રા કરનેકા અવસર પ્રાપ્ત હુઆ. તીનોં યાત્રાઓં કે અવસર પર દોનોં પૂ. બહેનોં કે સાથ મેરા પરિવાર એક હી મોટર વાહનમેં સાથ—સાથ હી રહતા થા. એક પરિવાર કે જૈસે રહકર યાત્રા કી થી. પૂજ્ય ગુરુદેવશ્રી કે કૃપાપાત્ર બનને કા અવસર ભી પૂ. બહનોં કી કૃપા કા હી ફલ થા. જિસકે કારણ પૂ. ગુરુદેવ કી મોટરકારમેં રહકર પૂરી યાત્રામેં પૂ. ગુરુદેવશ્રી કે અત્યંત નિકટ રહને કા સૌભાગ્ય પ્રાપ્ત હુઆ થા. પૂ. ગુરુદેવશ્રી કે સ્વર્ગારોહણ કે પશ્ચાત્ જો ઉનકા મેરે પ્રતિ સ્નેહ બહુત જ્યાદા બઢ ગયા થા.

પૂ. બહન કા પૂ. ગુરુદેવશ્રીકે પ્રતિ અત્યંત અગાધ ભક્તિ એવં સમર્પણ ભાવ થા. પૂ. ગુરુદેવશ્રીકે નામ સ્મરણ માત્ર સે હી ઉનકે આંખોસે આંસુ ટપકને લગતે થે. પૂ. ગુરુદેવ દ્વારા પ્રકાશિત તત્ત્વજ્ઞાન કે પ્રતિ ઉનકી અતૂટ શ્રદ્ધા થી. તત્ત્વજ્ઞાન કા મર્મ ઉનકે જીવનમેં પ્રત્યક્ષ પ્રસ્ફુટિત હુઆ દીખતા થા. કૈસી ભી વિપરીત પરિસ્થિતિયોં મેં વે જરા ભી વિચલિત નહીં હોતી થીં, શારીરિક પ્રતિકૂલતા હોને પર ભી ધર્મપ્રચાર કે કાર્યો મેં ઉનકા ઉત્સાહ દ્વિગુણિત હો જાતા થા. ધર્મપ્રચાર કે કાર્યો કે દેખકર અથવા સમાચારોં કો સુનકર વે ઈતની ઉત્સાહિત એવં પ્રસન્ન હોતી થીં કિ ઉનકે શારીરિક સ્થિતિ કો ભી ભૂલ જાતી થીં. ભગવદ્‌ભક્તિ એવં તીર્થયાત્રા એવં તીર્થો પર ઉમડનેવાલી ઉનકી ભક્તિ તો પ્રત્યક્ષદર્શી હી જાનતા હૈ. હમારે વિદ્યાલય કે છાત્ર ભી અગર કોઈ ભી ધર્મ પ્રચાર કી બાત કો સુનાતા તો ઉસકો વે બહુત પ્રોત્સાહિત કરતી. ઉનકે સ્વર્ગારોહણ કે કુછ હી દિનોં પૂર્વ શ્રી કુંદકુંદ જ્ઞાનચક્ર જબ રાજકોટ પહુંચા તો ઉનકા શરીર બહુત ક્ષીણ હો ચૂકા થા. ઉઠના—બૈઠના ભી સંભવ નહીં હો પાતા થા તો ભી જ્ઞાનચક્ર કો અપને નિવાસ પર બુલા કર તીન પ્રદક્ષિણા દે કર અર્ધ્ય ચઢાકર ખૂબ ભક્તિ કી. સારાંશ યહ કી ભક્તિકી તો વે સાક્ષાત્‌મૂર્તિ હી થી.

મેરે ઉપર ઉનકે અનંત—અનંત ઉપકાર હૈ. ઉનકી જ્ઞાની આત્મા કે દ્વારા મુઝે પૂ. ગુરુદેવશ્રી દ્વારા પ્રદત્ત તત્ત્વજ્ઞાન કે સમઝને મેં ભી અનેક ઉલઝનોંકા ઉનકે દ્વારા સમાધાન મિલને કે કારણ મેરી પરિણતિ કો બહુત—બહુત લાભ પ્રાપ્ત હુઆ. અતઃ મૈં ઉનકે ઉપકાર કો ઈસ ભવમેં તો ક્યા અગલે ભવમેં ભી નહીં ભૂલ સકતા.

અતઃ મૈં અંતર્ભાવ સે ઉનકી આત્માકો ભક્તિપૂર્વક સાદર શ્રદ્ધાંજલિ સમર્પિત કરતા હૂં. ભાવન કરતા હૂં કિ ઉનકી આત્મા શીઘ્ર સે શીઘ્ર ચરમ લક્ષ્ય કો પ્રાપ્ત કર શાશ્વત આનંદકા ઉપભોક્તા બને.

નેમીચંદ પટની—આગ્રા



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# હીરાને પારખનાર ઝવેરી પૂ. શાન્તાબેન

આ કાળે, આ ક્ષેત્રે જીવો ક્રિયાકાંડમાં મગ્ન થઈ રહ્યા હતા અને વીતરાગી મોક્ષમાર્ગ જ્યારે લુપ્ત પ્રાય થઈ ગયો તેવા સમયે પૂ. ગુરુદેવશ્રીનો અહીં જન્મ થયો. તેઓશ્રીએ પૂર્વ સંસ્કાર તથા વર્તમાન અતિ અપૂર્વ પુરુષાર્થ દ્વારા કોઈપણ પ્રત્યક્ષ ગુરુગમ વગર અને વર્તમાનમાં ઉપલબ્ધ અલ્પ દ્રવ્યશ્રુતના યોગે શુદ્ધાત્મ પ્રાપ્તિનો માર્ગ શોધી, તે વડે સ્વાનુભૂતિની પ્રાપ્તિ કરી અને બીજા જીવો પર કરૂણા કરી તે માર્ગ દર્શાવ્યો.

પૂ. ગુરુદેવશ્રીનું દ્રવ્ય અલૌકિક હતું, તીર્થંકરનું દ્રવ્ય હતું. તેઓશ્રી અલ્પકાળમાં તીર્થંકર થવાના છે ત્યાર પહેલાં તેની ઝલક આ ભવમાં સ્પષ્ટ દેખાઈ આવતી હતી. તેઓશ્રી લુપ્ત પ્રાય થઈ ગયેલ વીતરાગમાર્ગની સ્થાપના કરી. વર્તમાન પંચમકાળમાં જાણે કે તેઓશ્રીનું સમવસરણ ભરાયું હોય તેવું દ્રશ્ય ખડું થતું હતું.

જ્યારે મુક્તિમાર્ગની સ્થાપના અને પ્રચાર—પ્રસાર થવાનો હોય ત્યારે સાથે બીજા અમુક જીવોનું યોગદાન પણ સહેજે મળી જાય છે. આવી અનેક વિભૂતિઓ પૂ. ગુરુદેવશ્રીના સમવસરણમાં શોભતી હતી. તેમાંના એક હતા પૂ. બેન શાન્તાબેન.

પૂ. શાન્તાબેનને બહુ નાની વયથી જ અધ્યાત્મનો રસ હતો તથા પૂ. ગુરુદેવશ્રીના યોગમાં આવતાવેંત જ ઝવેરી હીરાને પારખે એ રીતે પૂ. ગુરુદેવશ્રીને ઓળખી લીધા. ત્યારબાદ તો તેઓશ્રીના યોગમાં તેમને વિશેષ ને વિશેષ રહેવાનું થયું અને તેઓશ્રીના નિમિત્તે તેમની આત્મોન્નતિ પણ થતી ગઈ.

પૂ. ગુરુદેવશ્રીના પ્રભાવનાના કાર્યમાં પૂ. શાન્તાબેનનું યોગદાન વિશિષ્ટ પ્રકારનું હતું. પૂ. ગુરુદેવશ્રીના નિમિત્તે અનેક મંદિરોનું નિર્માણ થયું. તેમાંના કોઈ પણ મંદિરનું નિર્માણ કાર્ય, તેની પ્રતિષ્ઠા, ધાર્મિક કાર્યો, તીર્થયાત્રા વગેરેમાં પૂ. બેનની સૂઝ વિશિષ્ટ હતી. તેમના સાનિધ્યમાં આશરે ૪૦ બહેનોએ બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી આત્માર્થનું કાર્ય કરવા સોનગઢ નિવાસ કર્યો હતો.

પૂ. ગુરુદેવશ્રીનો પરિચય થયા બાદ પૂ. બેનને પૂ. બહેનશ્રીનો પરિચય પણ થયો અને બંને બેનો સગાબેન કરતાં પણ વિશેષ પ્રેમથી વર્ષો સુધી સાથે રહ્યા.

પૂ. ગુરુદેવશ્રી ફરમાવી ગયા છે કે પૂ. શાન્તાબેનને સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થયું હતું તથા પૂ. ગુરુદેવશ્રી અને બંને બેનો ભૂતકાળમાં સાથે હતા તથા ભવિષ્યમાં પણ સાથે રહેવાના છે, જ્યારે પૂ. ગુરુદેવશ્રી તીર્થંકર થશે ત્યારે બંને બેનો તેમના પુત્ર થઈ ગણધર થઈ મોક્ષમાં જવાના છે.

પૂ. ગુરુદેવશ્રીના શ્રીમુખેથી જે વાત સાંભળી હોય તે યથાતથ્ય જ છે એમ શ્રદ્ધાપૂર્વક દરેક મુમુક્ષુએ સ્વીકારવું જોઈએ.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

આવા અનેક નિકટ ભવી જીવનો યોગ થયો એ સર્વે મુમુક્ષુઓનું સૌભાગ્ય છે અને તેઓનું જીવન બધા માટે અનુકરણીય છે એવી ભાવના સાથે શ્રદ્ધાંજલિ અર્પું છું.

લાલચંદ અમરચંદ મોદી
રાજકોટ

# નિકટ ભવિ પૂ. શાન્તાબેન

ચૈતન્યના રસમાં નિમગ્ન, મહાવિદુષિ, મહિલારત્ન હતા. પૂ. ગુરુદેવની દિવ્ય દેશના પામીને તેઓ દિગંબર ધર્મના દીક્ષિત થયા અને અંતિમ સમય સુધી પૂ. ગુરુદેવના તત્ત્વમાં તેઓની અડગ આસ્થા રહી. સાચે જ સદા તેઓ પર પુત્રીની સમાન પૂ. ગુરુદેવનો સ્નેહ તથા કરૂણા વરસતી રહી. સમગ્ર મુમુક્ષુ સમુદાય માટે તેમની એક મહાન ક્ષતિ વર્તે છે.

તેમની વ્યવસ્થા ક્ષમતા અદ્ભૂત હતી. શ્રાવિકાશ્રમ, તીર્થયાત્રા, પંચકલ્યાણિક તથા શિબિર જેવા માંગલિક આયોજન તેમની કુશળ વ્યવસ્થામાં ઘણી સફળતાથી સમ્પન્ન થતા હતા. તેમની અંતરંગ ક્ષમતાનું એ સજીવ પ્રમાણ છે કે વ્યાધિના વિકટ પ્રહાર પણ તેમને ચૈતન્યના ચિંતનથી ડગાવી ન શક્યા.

સ્વરૂપમાં વિહાર કરતી તેમની અંતિમ પરિણતિ આપણને પણ એક મંગળ પ્રેરણા તથા સંદેશ આપી ગઈ પૂ. ગરૂદેવના શબ્દોમાં તેઓ ''નિકટ ભવ્ય'' હતા.

સન ૧૯૫૦ ના શ્રાવણ માસમાં જ્યારે હું પહેલીવાર સુવર્ણપુરે ગયો, તો એક દિવસ પૂ. ગુરુદેવનું ભોજન પાટની સાહેબને ત્યાં ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં હતું. ભોજન બાદ હું સ્વાધ્યાય મંદિરે ગયો, તે વખતે પૂ. ગુરુદેવ સાથે હું એકલો હતો ત્યાં સ્વાધ્યાય–મંદિરની બહાર ઓસરીમાં આંટા મારતી વખતે પૂ. ગુરુદેવે મને કહ્યું હતં કે ''બેનો નિકટ ભવિ'' છે.

હું તેમના ત્વરિત સિદ્ધત્વ માટે મંગલકામનાપૂર્વક મારા અગણિત પ્રણામ તથા અશ્રુપૂરિત શ્રદ્ધાંજલિ તેમને સમર્પિત કરું છું.

''યુગલ''
કોટા



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# નિશ્ચલ વાત્સલ્ય કી ધની : પૂજ્ય શાન્તાબેન

આત્માનુભવી, નિશ્ચલ વાત્સલ્ય કી ધની, તત્ત્વજ્ઞાન કે પ્રચાર–પ્રસાર કે લિયે સમર્પિત પૂ. શાન્તાબેન કા મમતામયી 'મા' સદ્રશ વાત્સલ્ય મુજે આજીવન પ્રાપ્ત રહા હૈ. વીતરાગ તત્ત્વજ્ઞાન કે પ્રચાર–પ્રસાર કે સમાચાર સુનકર ઉનકા હૃદય માનો ઉછલ પડતા થા, વે આપની સ્નેહશક્તિ મૃદુલવાણી સે તત્ત્વજ્ઞાન કે પ્રેરિત સમર્પિત લોગો કો નિરંતર ઉત્સાહિત કરતી રહતી થી.

આધ્યાત્મિક સત્પુરુષ કાનજી સ્વામી કે પ્રભાવના યોગ સે સંબંધિત ઐસા કોઈ વ્યક્તિ નહીં હૈ, જો પૂજ્ય શાન્તાબેન સે પરિચિત ન હો, ઓર જિસને ઉનસે આત્મહિત ઓર વીતરાગી તત્ત્વજ્ઞાન કે પ્રચાર–પ્રસાર મેં પ્રેરણા પ્રાપ્ત ન કી હો.

ઉનકે આકસ્મિક વિયોગ સે મુજે તો વ્યક્તિગત ક્ષતિ હુઈ હૈ, મૈને જૈસે અપની મમતામયી મા હી ખો દી હૈ. એક એક કરકે વે લોગ ઉઠતે જા રહે હૈ, જિનકા પ્રબળ સંબલ અબતક પ્રાપ્ત રહા હૈ.

વસ્તુઃ બાત તો યહ હૈ, ન એક ન એક દિન હમ સભી કો ઈસ નશ્વર પર્યાય કો છોડના હી હૈ. જીવન કી સાર્થકતા તો ઈસ બાત મેં હૈ કિ હમ સબ ભી નશ્વર પર્યાય કો બિલીન હોને સે પહલે હી પૂજ્ય શાન્તાબેન કે સમાન હી અવિનાશી આત્મતત્ત્વ કો પ્રાપ્ત કર લે.

ઈસ પાવન ભાવના કે સાથ ઈન્હે અપની વિનમ્ર શ્રદ્ધાંજલિ સમર્પિત કરતા હું.

ડો. હુકમચંદ ભારિલ્લ
જયપુર

# પ્રેરક વ્યક્તિત્વ કી ધની : પૂજ્ય શાન્તાબેન

સાધર્મી જનો કે સાથ "ધર્મી સો ગોવચ્છ પ્રીતિસમ" કી ઉક્તિ કો ચરિતાર્થ કરનેવાલી માતૃતુલ્ય સ્નેહદાત્રી પૂજ્ય શાન્તાબેન અત્યન્ત સરલ–સ્વભાવી, મૃદુભાષી, પરમહિતૈષી ઔર તત્ત્વપ્રચાર કે લિયે પૂર્ણ સમર્પિત થીં. ઉનકા સાધર્મી વાત્સલ્ય અભિનંદનીય એવં અનુકરણીય થા.

આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી કે મંગલ પ્રવચનો કા સર્વાધિક લાભ લેનેવાલે પ્રમુખ શ્રોતાઓ મેં આપ અગ્રગણ્ય થીં. ગુરુદેવશ્રી કે સમયસારાદિ ગ્રંથો પર હુએ મંગલ પ્રવચનો સે પ્રભાવિત હોકર આપને અપના શેષ સંપૂર્ણ જીવન અધ્યાત્મ કી અધ્યયન–મનન–ચિંતવન તો ગંભીર થા હી. વ્યાવહારિક જીવન ભી ઉજ્જ્વલ થા જબ આપ જિનાલય મેં સામૂહિક જિનેન્દ્ર–પૂજન ભક્તિ કરતી થી તો સ્વયં તો ભક્તિભાવ મેં ભાવવિભોર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

હો હી જાતી થી. સાથમેં પૂજન–ભક્તિ કરનેવાલે ભક્તજન ભી ઝૂમ ઉઠતે થે. પ્રતિદિન પ્રાતઃ વ મધ્યાન્હ પૂજન વ ભક્તિ કરના આપકી દિનચર્યા કે અભિન્ન અંગ થે. તીર્થયાત્રાઓ, નૈમિત્તિક પૂજન વિધાન કે આયોજનો એવં ધાર્મિક પર્વોં મેં આપકા ધર્મ ઉત્સાહ દેખકર લોગ દાંતો તલે ઉંગલી દબા લેતે થે. સત્કાર્યોં મેં સ્વયં દાન દેને ઔર દૂસરો કો પ્રેરિત કરને મેં આપ કભી પીછે નહીં રહી.

જીવન કે ઉપાન્ત મેં પૂજ્ય બેનને અપના અધિકાંશ સમય શ્રી ટોડરમલ સ્મારક ભવન જયપુર મેં બિતાયા, ક્યોંકિ વે યહાં કી કાર્યપદ્ધતિ ઔર તત્ત્વ પ્રચાર–પ્રસાર કી ગતિવિધિયોં સે અત્યધિક પ્રભાવિત થીં. ઈસ સંસ્થા કી એક–એક ગતિવિધિ મેં ઉનકી હાર્દિક અનુમોદના ઔર શુભકામનાએ થીં. પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ દ્વારા આયોજિત વીતરાગ–વિજ્ઞાન આધ્યાત્મિક શિક્ષણ–પ્રશિક્ષણ શિબિર કી ધ્રુવફંડ યોજના મેં આપને સ્વયં તો ૧૦,૦૦૦ રૂપયે પ્રદાન કર ઉસકી સદસ્યતા સ્વીકાર કી હી થી, સાથ હી સાથ અન્ય તત્ત્વપ્રેમિયોં કો ભી સદસ્યતા ગ્રહણ કરને કે લિયે પ્રેરિત કર રૂપયોં કા આર્થિક યોગદાન કરાયા થા. તત્ત્વજ્ઞાન કે પ્રતિ વિશેષ પ્રેમ હોને કે કારણ પૂજ્ય શાન્તાબેન કો શ્રી ટોડરમલ દિ. જૈન મહાવિદ્યાલય મેં અધ્યયનરત ઔર ભૂતપૂર્વ છાત્રોં કે પ્રતિ અત્યધિક અનુરાગ થા. વે છાત્રો કે પ્રત્યેક ધાર્મિક એવં શિક્ષા સંબંધી નિત્ય–નૈમિત્તિક કાર્યક્રમો મેં સ્વયં ઉપસ્થિત રહકર નજદીકી સે દેખતી થી ઔર હાર્દિક પ્રસન્નતા પ્રગટ કરતે હુએ ઉન્હે સમય સમય પર પ્રોત્સાહન વ પુરસ્કાર પ્રદાન કરકે ઉત્સાહિત કરતી રહતી થી. ઈસ સંસ્થા ચાહે દેશ વિદેશમેં હો રહે તત્ત્વ પ્રચાર વ ધર્મ પ્રચારના કે સમાચાર સુનકર ઉન્હેં બહુત બહુત પ્રમોદ હોતા થા.

ઐસે પ્રેરક વ્યક્તિત્વ કી ધની પૂજ્ય શાન્તાબેન કા પવિત્ર જીવન હમારે લિયે પ્રેરણા કા સ્રોત બની રહે ઔર વે અત્યલ્પ કામ મેં હી અપને મેં પૂર્ણતા વ પવિત્રતા પ્રાપ્ત કર પરમાત્મદશા કો પ્રગટ કરે. યહી ઉનકે પ્રતિ મેરી મંગલ કામના વ વિનમ્ર શ્રદ્ધાંજલિ હૈ.

પંડિત રતનચંદ ભારિલ્લ
(પ્રાચાર્ય શ્રી ટોડરમલ દિ. જૈન સિદ્ધાંત મહાવિદ્યાલય)–જયપુર.

## મોક્ષમાર્ગના યાત્રિક એવા પૂજ્ય શાંતાબેન

અનન્ય ગુરુભક્ત રત્ન પૂજ્ય શાંતાબેનના ઘણા નિકટના પરિચયમાં આવવાનો ઘણા લાંબા સમયથી મને લાભ મળ્યો હતો અને હું જોઈ શક્યો હતો કે તેમને દેહ પ્રત્યે ઘણી જ ઉપેક્ષા વર્તતી હતી એટલું જ નહીં પણ જ્યારે જ્યારે તેમને માંદગી આવતી ત્યારે તેઓ કહેતા હતા કે આવા પ્રસંગોએ તેમની આત્મજાગૃતિ વૃદ્ધિ પામતી હતી.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

તેઓશ્રીના અંતિમ દિવસો દરમ્યાન ડૉક્ટર તરીકે તેમની સેવાનો લાભ મને મળ્યો હતો. આ દિવસો દરમ્યાન તેઓની લાંબા કાળની ભાવના અનુસાર દેહ પ્રત્યેની તેમની ઉદાસીનતા અને આત્મજાગૃતિના ઘણા નિકટથી મને દર્શન થયા હતા. વર્ષો સુધીની તેઓશ્રીની પૂ. ગુરુદેવ પ્રત્યેની ભક્તિ અને આત્મસાધનાનું આ ફળ તેમના અંતિમ દિવસોમાં તેમને પ્રાપ્ત થયું હતું એમ સૌ ત્યારે જોઈ શક્યા હતા.

છેલ્લા ત્રણ દિવસોમાં તેઓશ્રીએ મૌન લઈ આહારાદિકનો ક્રમસર ત્યાગ કરી છેવટ અપૂર્વશાંતિ અને સમાધિ દશામાં દેહ છોડ્યો હતો.

વર્ષો સુધીનું જે તત્ત્વચિંતન તે રૂપ આંતરિક પરિણમન થતું આ દિવસો દરમ્યાન સૌ કોઈ જોઈ શક્યા હતા, આ રીતે આ ભવની તેમની જીવનસાધના સફળ થઈ અને તેના ફળરૂપે તેઓશ્રી પૂ. ગુરુદેવશ્રીની મુક્તિયાત્રામાં જોડાઈ અતિ શીઘ્રતાએ મુક્તદશા પામે એવી ભાવના.

સ્વ. પૂ. શાંતાબેનના જીવનમાંથી તેઓશ્રીનો પૂજ્ય ગુરુદેવ પ્રત્યે સમર્પણભાવ તથા તેમની આત્મસાધનામાંથી પ્રેરણા લઈ આપણે સૌ આપણા સાધનાપંથે આગળ ચાલતા રહીએ એ જ તેઓશ્રી પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ છે.

(ડૉ. ચંદુલાલ તારાચંદ કામદાર)

રાજકોટ

## તીર્થક્ષેત્રોના જિર્ણોદ્ધાર, સુરક્ષા અને પ્રગતિ માટે પ્રેરણા

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના સત્ પ્રભાવના યોગે વીતરાગ શાસનની ચતુર્મુખી વૃદ્ધિ થઈ તેમાં સ્વર્ગીય બહેન શાન્તાબેનનો સક્રિય સહયોગ અથાગ રહ્યો. આત્મ સાધના અને ધર્મ પ્રભાવનાથી શોભતું તેમનું જીવન સાર્થક ગણાશે. તેઓ તીર્થવંદના, પ્રતિષ્ઠાઓ અને અન્ય ધાર્મિક પ્રસંગોએ આગમસંમન માર્ગદર્શક બની રહેતાં.

મારો વ્યક્તિગત પરિચય પૂજ્ય શાન્તાબેનથી છેલ્લા ચારેક વર્ષ બની શક્યો. તેઓ જયપુર પધારતાં ત્યારે પવિત્ર તીર્થક્ષેત્રોનો જિર્ણોદ્ધાર, સુરક્ષા અને પ્રગતિ માટે પ્રેરણા આપતા તેમની વાત્સલ્યયુક્ત દોરવણી તીર્થ સુરક્ષા ટ્રસ્ટની ગતિવિધિઓ ચલાવવામાં મદદરૂપ રહી છે.

પૂજ્ય શાન્તાબેનની છેલ્લી માંદગીના સમાચાર મળતાં શ્રી માણેકભાઈ ગાંધી સાથે હું રાજકોટ પહોંચ્યો. શરીરની સ્થિતિ પ્રતિકૂળ હોવા છતાં તેમના મુખારવિંદ પર શાંતિ, સૌમ્ય અને વૈરાગ્યના ભાવો સ્પષ્ટપણે તરી આવતા હતા. દીર્ઘકાલીન સાધનાનો સરવાળો સુખદ હતો. આથી પ્રેરાઈ ડૉ. ચંદુભાઈ કામદાર તથા શ્રી મુકુન્દભાઈ ખારા વ. સમક્ષ સમાધિવ્રત માટેનો પ્રસ્તાવ



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

મુકવાની હિંમત થઈ. વળી એમ જાણવામાં આવ્યું કે પૂજ્ય બહેને પણ આવી જ ભાવના થોડા સમય પહેલાં વ્યક્ત કરેલી. શ્રી પાટનીજી દ્વારા મંત્રોચ્ચારપૂર્વક સંલ્લેખના વ્રત ધારણ કર્યા પછી તેમણે નશ્વર દેહનો ત્યાગ કયો. આમ એક સાધક મુમુક્ષુનું ''પંડિત–મરણ'' નિરખવાનો લ્હાવો પ્રાપ્ત થયો. પૂજ્ય બહેન સત્‌સાધનાને આગળ વધારી ચીર સુખને પામે તેવી ભાવના છે. તેમના અનેક ઉપકાર મુમુક્ષુ સમાજ માટે પ્રેરણા સ્ત્રોત સ્મારકરૂપ બની રહેશે.

વસંતભાઈ એમ. દોશી
મંત્રી
શ્રી કુંદકુંદ–કહાન દિ. જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ

## જિનેશ્વરના લઘુનંદન પૂ. શાન્તાબેન

પૂ. ગુરુદેવને ગુરુ તરીકે સ્વીકાર્યા બાદ પૂ. બેન શાન્તાબેનના પરિચયમાં આવતાં તેમનામાં જે નિખાલસતા, સરળતા, વાત્સલ્યપણું વગેરે ગુણો હતા તેનો અનુભવ થયો. તેમની જિનેન્દ્રભક્તિ અતિ ઉલ્લાસપૂર્વક હતી. પૂ. બંને બેનો સોનગઢમાં સાથે જિનમંદિરમાં ભક્તિ કરાવતા ત્યારે મંદિર ભક્તિથી ગાજી રહેતું.

તેઓને પોતાના આત્માની વૃદ્ધિની નિરંતર ભાવના હોવાથી સ્વાધ્યાય, ચિંતન, મનન વગેરેમાં રહેતા.

બાહ્ય પ્રતિકૂળતા ગમે તેવી હોય પણ તેઓ શાંતિથી સહન કરતા. કહેતા કે બહારના સંયોગો તો અનુકૂળ–પ્રતિકૂળ આવે તેમાં શું? પણ જીવ તેમાં જેટલો જોડાય તેવી સ્થિતિ બને.

પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં જીવન ગાળ્યું. ગુરુ ભક્તિ ઘણી હતી. તેવી જ જિનેન્દ્ર ભક્તિની ભાવના રહેતી.

દેહની સ્થિતિ ઘણા વખતથી નાજુક હતી છતાં છેલ્લે રાજકોટમાં પૂજા કરાવવા અને કરવામાં ઘણો ઉલ્લાસ દેખાતો. શરીર કામ નહોતું કરતું છતાં જ્ઞાનચક્ર આવતા તેનું સન્માન કરવા બહાર આવ્યા ને ભક્તિ કરાવી. નબળાઈ વધતી ગઈ. પોતાના આત્મા પ્રત્યે દિન પ્રતિદિન વીતરાગતાની વૃદ્ધિ થાય એવી ભાવનાથી જિનેન્દ્ર ભક્તિને પૂ. ગુરુદેવ પ્રત્યે ભક્તિ કરતા અને કરાવતા રહ્યા. માંદગીમાં શરીર ક્ષીણ થઈ જવા છતાં શરીર પ્રત્યે મમતા ન હતી કે ફરિયાદ ન હતી કે મને આમ થાય છે તે થાય છે આવી શરીરની ઉદાસીનતા તેમનામાં દેખાતી હતી. આવેલ સંયોગ ખૂબ શાંતિથી સહન કર્યો. ખબર પૂછવા જાય તેને 'સારું છે' એમ કહે. મનોબળ ઘણું હતું. આગલા વર્ષે જાત્રા કરવા જતા હતા ત્યારે મેં કહ્યું કે બેન! તમારી તબિયત સારી નથી.

હાડમારી પડશે ન જાવ તો સારું. પણ તેઓ હોંશથી ગયા ને આવીને કહ્યું કે ''જુઓ મને કાંઈ થયું નહિ.'' અન્યત્ર જિનદેવના દર્શનની જાત્રાની–બાહુબલી ભગવાનની જાત્રાની હોંશ પુરી થઈ.

છેલ્લા ચાર દિવસ ક્રમે ક્રમે બધું છોડતા ગયા ને શાંતિથી દેહ છોડ્યો.

પૂ. ગુરુદેવના શબ્દો–રૂબરૂ તેમજ ટેઈપમાં સાંભળેલ છે કે ''શાન્તાબેન પણ ભાવિ ગણધર થવાના છે'' એ પ્રમાણે તેઓ પોતાનું કલ્યાણ કરી ઉત્તમ ગતિને પ્રાપ્ત થશે જ.

ઉત્તમ ગતિ પ્રાપ્ત કરાવનાર પૂ. ગુરુદેવને શત શત વંદન.

ડૉ. નવરંગલાલ મોદી
રાજકોટ

## પ્રસન્ન મુદ્રાધારી પૂ. બેન શાન્તાબેન

પૂજ્ય ગુરુદેવ એક મહાન વિખ્યાતિ પ્રાપ્ત મહાપુરુષ હતા. તેમની પ્રવચનરૂપી ઓપરેશન એટલું સૂક્ષ્મ હતું કે દેશ–વિદેશના લોકો તેમનો લાભ ઊઠાવીને આંતરિક નિરોગતાનો અનુભવ કરતા.

એવા પૂ. ગુરુદેવની વાણી સાંભળવા મારા પિતાશ્રી ડૉ. છબીલભાઈ સોનગઢ અવારનવાર જતા તથા પૂ. ગુરુદેવ રાજકોટ પધારતા ત્યારે પણ નિયમિત લાભ લેતા હતા. પૂ. બેનશ્રી બેનના સ્વાસ્થ્ય નિમિત્તે મારા પિતાશ્રી ડૉ. તરીકે સેવા કરતા એટલે અમારા કુટુંબમાં પૂ. બેનશ્રીબેનનો પરિચય તો હતો જ પણ પૂ. શાન્તાબેનનો વિશેષ પરિચય રાજકોટમાં છેલ્લા ત્રણ મહિનાથી તેમનું સ્વાસ્થ્ય નાજુક હોવાથી મને પણ તેમનો નિકટ પરિચય તથા સેવાનો લાભ મળ્યો.

પૂ. બેન શાન્તાબેનની વાણી સાંભળતા તેમના અધ્યાત્મ ઊંડા જ્ઞાનની મારા મન ઉપર ઘેરી છાપ પડી, આત્મા અને શરીરના ભેદની અપૂર્વ વાતો સાંભળવા મળી. આવા આધ્યાત્મિક સંત પુરુષ એ ભારતનું ગૌરવ છે. પ્રથમ દર્શન થયા ત્યારે એ વિભૂતિના દર્શનથી સંતપ્ત હૃદય શાંત થયું બસ ત્યારથી મને ધર્મ પ્રત્યે રૂચિ જાગી. તેમનો દિવ્ય સંદેશ અવાર–નવાર સાંભળવા મળતો. ''ભાઈ ધર્મ ક્યાં છે? આત્માને ઓળખ, બીજે ક્યાંય ધર્મ નથી. બાહ્ય ક્રિયામાં રચ્યાપચ્યા રહેવામાં ધર્મ થતો નથી. પણ સાચો ધર્મ આત્માની ઓળખાણમાં રહેલો છે.'' તેમનો આ અધ્યાત્મ સંદેશ હરેક પળે હૃદયમાં ગુંજ્યા કરે છે, ને જગતના હરેક પ્રસંગમાં ચિત્તને શાંતિ આપે છે. ત્યારે જ મનમાં થયું કે દુનિયામાં આ વ્યક્તિ કોઈ અનેરી જ છે.

છેલ્લા ત્રણ મહિનાથી હું જ્યારે પૂ. બેન પાસે સ્વાસ્થ્ય જોવા જતો ત્યારે તેમનું એવું



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પ્રસન્ન વદન હોય જાણે કાંઈ રોગ જ નથી, પછી જ્યારે પૂ. બેનને પૂછતો ત્યારે હસતી મુદ્રાએ કહેતા કે મને બીજું કાંઈ નથી ફક્ત આ તાવ છે.

દરરોજ અમે ત્રણેય ડૉક્ટરો–ડૉ. ચંદુભાઈ, નવરંગભાઈ તથા હું પૂ. બેનને ત્યાં જતા તે સમયે અમારી સાથે શરીરની વાત ન કરતા આત્મા સંબંધી ચર્ચા કરવામાં એકદમ તેમને ઉલ્લાસ આવી જતો. આ એક સુંદર દશ્ય લાગતું.

એક તરફ બ્રહ્મચર્યનું તેજ અને બીજી તરફ જ્ઞાનનું તેજ જાણે એકબીજાની હરિફાઈ કરતા હોય એમ ઝળકી ઊઠતા. આ મહાન સંતનું જીવન સર્વપ્રકારે ખીલી ઊઠ્યું. આવા સંતના દર્શન થવા દુર્લભ પણ મહાભાગ્યે મને આવો સુયોગ પ્રાપ્ત થયો.

છેલ્લે તેમનું સમાધિ–મરણ જોઈને મસ્તક મારું ઝૂકી ઊઠ્યું કારણ કે ઘણા જ ત્યાગીઓના મરણ મારી નજર સમક્ષ દેખ્યા હતા પરંતુ આ સંતનું શાંતિપૂર્વકનું જે સમાધિ–મરણ જોયું તે મારી જિંદગીમાં પ્રથમ વખત જ જોયું.

હે સંત! મારા અંતરના જ્ઞાન–પ્રકાશ પ્રગટાવો એવી ભાવનાપૂર્વક આ શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

ડૉ. વિનુભાઈ શાહ–રાજકોટ

## ભક્તિ રસિકા–પૂ. શાન્તાબેન

પૂજ્ય શાંતાબેન અતિ જ્ઞાન, વૈરાગ્યવાન વ્યક્તિ હતાં. તેઓની દેવ–ગુરુ શાસ્ત્ર પ્રત્યેની ભક્તિ કોઈ અલૌકિક હતી, તેઓના પરિણામ અત્યંત સરલ હતા. તેઓનો અતિ નિકટના પરિચય જ્યારે તેઓની ઘણી નાદુરસ્ત તબિયત હોવા છતાં પહેલી ઓક્ટોબરના રોજ વિદિશાથી નીકળેલ યાત્રા ટ્રેઈન જે પૂજ્ય શ્રી ગુરુદેવના સ્વર્ગવાસ ઉપલબ્ધ નિમિત્તે નીકળેલ, ત્યારે સાથે આવેલ ઘણાં બ્રહ્મચારી બહેનો પણ આવેલા. તેમનું જ્ઞાન, વૈરાગ્ય અને દેવ–શાસ્ત્ર–ગુરુ ભક્તિ અપાર હતી. રસ્તામાં ટ્રેનમાં પણ ભક્તિ કરાવતા અને સ્ટેશને જ્યારે ગાડી ઉભી રહે ત્યારે સમૂહમાં જિનેન્દ્ર પૂજા તથા ભક્તિ કરાવતા હતા કે ટ્રેનમાં દરેક યાત્રિકો ભેગા થઈ જતાં કે પૂજ્ય બેનની ભક્તિ અને ભક્તિમાં ઉત્સાહી બધાને પણ રંગ ચડી જતો. પૂજ્ય ગુરુદેવનો અપાર મહિમા સમજાવતા હતા. પરિણામ અત્યંત મંદ વૈરાગ્યમય અને સરલ હતા.

રાજકોટ તેઓની તબિયત જોવા ગયેલ ત્યારે એવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તેમની શાંતિ, સમતા અને જ્ઞાન ભક્તિના પરિણામ અતિ ઉજ્વલ જ રહ્યા હતા અને મને પૂજ્ય ગુરુદેવની વાણીનો વીતરાગ ધર્મનો પ્રચાર ગામે ગામે જે રીતે કરો છો તે જોરશોરથી કરશો અને પૂજન

વિધાન પણ ગામો ગામ કરાવી લોકોને જાગૃત રાખજો તેવો આદેશ આપ્યો હતો.

આવા પૂ. શાંતાબેન કે જે પૂજ્ય ગુરુદેવની સભામાં એક ધર્મ–રત્ન હતા અને જેમના અંતર, બાહ્ય જીવનનો સુમેળ હતો. તેઓ પ્રત્યે મારી હાર્દિક શ્રદ્ધાંજલિ હો અને પૂર્ણદશાને પ્રાપ્ત થાય. એ જ ભાવના.......

જ્ઞાનચંદજી, વિદિશા

## પૂ. શાંતાબેનને ભાવભરી શ્રદ્ધાંજલિ

યુવાવસ્થાથી જ, ભૌતિક જીવનની નિરસતા જોઈ, આત્મકલ્યાણ અર્થે પ્રયાણ કરવાનો સંકલ્પ કર્યો અને પુણ્યના ઉદયે, આધ્યાત્મિક સંતપુરુષ પરમ પૂ. કાનજીસ્વામીની કલ્યાણકારી વાણીનો પરિચય થયો. જીવનની દિશા બદલાઈ ગઈ. માનવજીવનનું શ્રેય, આત્મહિતમાં જ સમાયેલું છે એવો મનોમન નિર્ણય કરી પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક સામ્રાજ્યમાં પ્રવેશ કર્યો. આમ પરમ પૂ. ગુરુદેવ...... તેમના જીવન પરિવર્તનમાં અત્યંત ઉપકારી બન્યા.

ભૂતકાળમાં વિલીન થયેલાં વર્ષોની સ્મૃતિઓને સ્મૃતિપટ પર લાવું છું ત્યારે...... તાદશ્યરૂપે, સોનગઢના જિનમંદિરમાં સીમંધર પ્રભુની ભક્તિ કરતાં ને કરાવતાં, પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ ધરાવતા પૂ. શાન્તાબેન પ્રત્યે સહજ આદરભાવ જન્મ્યો. શુભ્રવસ્ત્રોમાં સજ્જ, સૌમ્ય, તેજસ્વી ને વૈરાગ્યરસથી સુશોભિત મુખાકૃતિવાળા ને બુલંદ, મધુર કંઠથી જિનેશ્વરદેવની ભક્તિ કરાવતાં પ્રત્યે અત્યંત અહોભાવ થયો....... હૃદય દ્રવી ઉઠ્યું, પૂજ્ય બેનશ્રીબેન અને પૂ. શાન્તાબેન...... પૂર્વભવનાં મહાવિદેહક્ષેત્રનાં મિત્રો...... ને ભાવિ તીર્થંકરદેવના ગણધરો ને વર્તમાનમાં સોનગઢનાં અણમોલ રત્નો!

જીવનપર્યંત, સોનગઢની ધાર્મિક અને વ્યવહારિક પ્રવૃત્તિઓથી રંગાયેલા પૂ. શાન્તાબેન.......! જેમ કે ગોગીદેવી આશ્રમનો વહીવટ, બ્ર. બહેનો તથા મહિલાઓને ધાર્મિક શિક્ષણ, પૂ. ગુરુદેવના સાનિધ્યમાં યોજાયેલી યાત્રાઓનું સંચાલન, ધાર્મિક સાહિત્યના પ્રકાશન ને પ્રચાર માટેની યોગ્ય દોરવણી, જિનમંદિર તેમજ આગમમંદિરનો યોગ્ય વહીવટ વિ. પ્રવૃત્તિઓમાં તેઓની કુશાગ્ર બુદ્ધિ, કડક શિસ્ત પાલનનાં દર્શન થતાં.

તે ઉપરાંત.......નિયમિત શાસ્ત્રવાંચન, ધ્યાન તેમજ જિનેશ્વરની મંદિરમાં ભક્તિ......ઈત્યાદિ પ્રવૃત્તિઓથી તેઓની જ્ઞાનધારા ને કર્મધારા અસ્ખલિતપણે નિરંતર વહ્યા કરતી અને જીવનની પ્રત્યેક ક્ષણ ઉત્કૃષ્ટ પદની પ્રાપ્તિ અર્થે જાગ્રત રહેતી.

મુંબઈમાં પરમ પૂ. ગુરુદેવના “સમાધિમરણ” ના સમયે તેઓની ઉપસ્થિતિ અત્યંત

આવકારદાયક રહી......અંત સમય સુધી તેઓનો, પૂ. ગુરુદેવ પ્રત્યેનો ભક્તિભાવ જ્વલંત રહ્યો. પૂ. ગુરુદેવે તેમની સમક્ષ...... પોતાની ''સંથારા''ની મનોભાવના વ્યક્ત કરી......!

જેના દેહની વિપરીત પરિસ્થિતિમાં અને અંત સમય સુધી તેઓની સ્વસ્થ પરિણતી...... જ્ઞાયકદેવનું જ માત્ર રટણ...... અને ઉપયોગમાં કેવળ શુદ્ધાત્મા......! હોય તેને ''સમાધિમરણ'' જ કહેવાયને?

સ્વર્ગમાં પૂ. ગુરુદેવના, આચાર્ય કુંદકુંદના ને મહાવિદેહમાં સાક્ષાત્ શ્રી સીમંધર ભગવાનનાં દર્શન કરતાં તેઓ કેવા પ્રફુલ્લિત હશે? તેની કલ્પના કર્યા વિના અમે કરીએ પણ શું?

લિ. શાંતિલાલ ઝવેરીના જય-જિનેન્દ્ર

## ગુરુમાર્ગ પ્રણેતા

હે ગુરુદેવ! કેવળજ્ઞાનીના વિરહમાં આપે આપની અપૂર્વ શક્તિ વડે સ્વયં જ આ માર્ગ શોધી કાઢ્યો છે તે આપના આત્માનો અપાર મહિમા છે. આપે સમ્યક્ પુરુષાર્થ વડે ભવનો અંત કર્યો છે અને આપની વાણીનું જે આરાધન કરે તેને ભવનો અંત થાય છે.

આપના પ્રતાપે જંગલમાં પણ મંગલ વર્તી રહે છે. આપે સુવર્ણપુરીધામને તો સાક્ષાત્ જંગલનું મંગલ બનાવ્યું છે; સુવર્ણપુરીમાં તો આપની શાંતિની છાયા છવાણી છે.

હે કૃપાળુ ગુરુદેવ! આપની જ્ઞાન શક્તિ અગાધ છે, આપનું સમ્યક્ શ્રુતજ્ઞાન અજોડ છે, આપનું સમ્યક્જ્ઞાન ભારતભરમાં ફેલાયેલું છે. આપની ચૈતન્યરસ ઝરતી વાણીમાં એટલી મીઠાશ છે કે સાંભળતાં તૃપ્તિ થતી નથી. આપની વાણીમાં મધુરતા ને દિવ્યતા છે કે જેનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. આપે સમ્યક્ રત્નત્રયનો માર્ગ સ્વયં આરાધીને બીજાને તે માર્ગ ચારે બાજુથી સ્પષ્ટ કરીને બતાવ્યો. આપે નીડર, નિર્ભય થઈને વીરમાર્ગને નિઃશંકપણે પ્રકાશ્યો.

આપના શાસનમાં 'પૂજ્ય બેન' એવા ટૂંકા બહુમાન સૂચક નામથી જેઓ સમસ્ત મુમુક્ષુમંડળમાં પ્રસિદ્ધ હતા.

ગુરુજી એ સત્ય સમજાવીયું

ઉપકાર ગુરુનો ધરજો હૃદય માંહી રે.......

ચેતનજી પ્યારા ચેતનતા તારી તું નિહાળજે......આવું ગાતા

હે માર્ગદર્શક માતા! આપના માર્ગદર્શનથી મેં પૂ. ગુરુદેવને ૧૯૮૦ માં જ્યારે મુંબઈ

પધાર્યા ત્યારે ૪ દિવસ સાહેબ અમારા ઘરે પધારો એવી વિનંતી કરી અને તે વિનંતી પૂ. ગુરુદેવે સ્વીકારી અને અમારા ઘરે પધાર્યા તેનો યશ પૂરેપૂરો આપને જ જાય છે. મેં પૂજ્ય ગુરુદેવને કહ્યું કે સાહેબ આપ ઘરે પધાર્યા તેથી મુકુંદભાઈની દીકરી વર્ષાને ખૂબ જ આનંદ થયો છે, ત્યારે પૂ. ગુરુદેવે પ્રસન્ન વદને મને કહ્યું કે એના ફૈબાની જ ગળહુતી છે ને? એટલે જન્મથી જ ધર્મના સંસ્કાર હોય જ ને!!

ત્યાર પછી બીજે દિવસે આખું મંડળ પૂ. ગુરુદેવની ચર્ચા સાંભળવા ઘરે આવ્યું હતું ત્યારે પૂ. ગુરુદેવે મુકુંદભાઈને ઉદ્દેશીને બે થી ત્રણ વાર કહ્યું કે મુકુંદભાઈ, તમને તો ખબર જ હશે કે અમે ત્રણે જીવ સાથે હતા અને ભવિષ્યમાં પણ સાથે જ મોક્ષમાં જવાના છીએ અને બંને બેનો ચંપાબેન—શાંતાબેન મારા ગણધર થવાના છે એ ભવે અમે મોક્ષ જવાના છીએ.

પૂ. બેન; આપની ભત્રીજી અમારે ત્યાં આવવાથી આપનો પરિચય વિશિષ્ટ પ્રકારે થયો. જ્યારે અમો આપની પાસે આવતા ત્યારે આપ જિનેન્દ્રદેવની મહિમા અને નિત્ય દર્શન કરવા તથા આત્માનું સ્વરૂપ શું છે? તે આ રીતે સમજાવતા કે આત્માનો સ્વભાવ સદા સિદ્ધ જેવો હોવા છતાં તેના અવિશ્વાસને લીધે તે શક્તિ રોકાઈ ગઈ છે. વિશ્વાસ ફેરે જ આ સંસાર ઊભો છે અને પર્યાયમાં પણ તે સ્વભાવની અસાવધાનીથી જ પોતે અજ્ઞાની થયો છે. તે ક્ષણિક અજ્ઞાનભાવ આત્માના ત્રિકાળી સ્વરૂપમાં નથી.....એવું લક્ષ રાખીને સ્વભાવ તરફ જોર આપવું કે પૂર્ણ સ્વભાવના આશ્રયે દોષ ને અપૂર્ણતા ટળીને સિદ્ધપદ પ્રગટે. આમ જેમ મા દીકરાને હેતથી સમજાવતા હોય તેવું જ અમને લાગતું.

હે માતા! આપનો વિરહ તોડી આપના બતાવેલા માર્ગે અમે આવીએ એવી ભાવનાપૂર્વક અમે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

પ્રવિણભાઈ વોરા પરિવાર, મુંબઈ.

## પ્રતિષ્ઠા મહોત્સવમાં પૂજ્ય શાંતાબેનનું યોગદાન

પૂજ્ય શ્રી શાંતાબેનને શ્રદ્ધાંજલિ એટલે પૂજ્ય શ્રી ગુરુદેવને શ્રદ્ધાંજલિ તેમનું જીવન પૂજ્ય ગુરુદેવમય હતું. તેઓના જીવન દરમ્યાન ઘણીવાર મળવાનું બનતું અને કોઈપણ વાતમાં પૂજ્ય ગુરુદેવ અને ભગવાન આત્મા આવ્યા વગર રહે નહિ. કોઈપણ પ્રસંગ હોય, પંચકલ્યાણક હોય કે વૈરાગ્યના પ્રસંગ હોય ઉપરની બે વાત સિવાય ભાગ્યે જ કોઈ વાતમાં રસ લેતા.

૪૫ વર્ષ સુધી પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં રહ્યા, જ્યારથી હું તેમને મળ્યો ત્યારથી તેઓશ્રીના વ્યવસ્થિત શક્તિ અને દ્રઢ સંકલ્પ વિષે મને દર્શન થયા છે. સૌ કોઈ જાણે છે કે પૂ.

ગુરુદેવશ્રીના પ્રતાપે જેટલાં પંચ કલ્યાણિક પ્રતિષ્ઠા મહોત્સવ કે વેદી પ્રતિષ્ઠા મહોત્સવ થયા તેમાં મુખ્ય સલાહકાર—દોરવણી આપનાર પૂ. બેન જ હોય—પૂજ્ય ગુરુદેવશ્રીના યાત્રા સંઘમાં પણ માર્ગદર્શન તેમનું રહેતું.

જાવલમાં પૂ. ગુરુદેવશ્રીનું પાછું ફરવું પડ્યું અને ફરી જ્યારે આખા ગામના વિનંતી કરવા આવ્યા કે જો પૂ. ગુરુદેવશ્રી ફરી ગામમાં નહિ પધારે તો હંમેશ માટે ગામવાળાને મનદુઃખ રહેશે, ત્યારે પણ પૂ. ગુરુદેવશ્રીએ શ્રી પાટનીજી તથા બંને બહેનોને પૂછેલું અને શક્યતા હોય તો જવા કહેલું જેનો અમલ આ ત્રણેએ વિચારી કર્યો ને જાવલ ગામે ફરી પૂ. ગુરુદેવ પધાર્યા પૂ. ગુરુદેવશ્રીની કરૂણાનો કોઈ પાર ન હતો.

જે મહાપુરુષોએ જીવનમાં જ્યાં ભગવાન આત્માના દર્શન કર્યા હોય તેઓને પ્રાણી માત્ર પર દ્વેષ કેવો? એવા પૂ. ગુરુદેવશ્રીની છત્રછાયામાં જેમનું જીવન વીત્યું હોય તેવા પૂ. બેનના જીવનમાં બીજું શું હોય?

બહારની પ્રતિકૂળતા પ્રસંગે પણ સૌમ્યભાવે જ્ઞાતા—દ્રષ્ટાની જેમ પરિસ્થિતિનું અવલોકન કર્યું છે. ધર્મ પ્રચાર—પ્રસારમાં તેઓશ્રીનો ઘણો મોટો ફાળો હતો. કોઈ પણ વિદ્વિજનોને પ્રોત્સાહિત કરવા અને પૂ. ગુરુદેવની વાત ઘરઘર સુધી પહોંચે તેવી સદાને માટે ભાવના રહેતી હતી. વિદ્યાર્થીઓ ને બાળકોને પણ ધર્મ પ્રત્યે ઉત્સાહિત કરવામાં ઘણો પ્રમોદ વ્યક્ત કરતા. કોઈપણ વ્યક્તિ ભલે સામાન્ય હોય અને તત્ત્વના અને પૂ. ગુરુદેવશ્રીના પ્રચાર—પ્રસારનું કાર્ય કરતી હોય તો 'બેન' તેને ઉત્સાહિત કરી, પ્રમોદ વ્યક્ત કરવામાં કંઈ બાકી ન રાખે.

પૂ. ચંપાબેન તથા પૂ. શાંતાબેન તત્ત્વ—સંબંધી અમુક પાંચ પ્રશ્નો પૂછી પરીક્ષા કરી હતી અને ત્યારથી બંનેને સમ્યક્દૃષ્ટિ જાહેર કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના અંતિમ દિવસોમાં પૂ. બેન દરરોજ દર્શન કરવા હોસ્પિટલ આવતા. એક દિવસ પૂ. બેનને જોઈ પોતાનું અંતર ખોલી પૂ. ગુરુદેવશ્રીએ કહ્યું "બેન હવે સંથારો કરવાનું વિચારું છું." પૂ. બેનને સ્વાભાવિક આંચકો લાગ્યો અને ઢીલા થઈ ગયા. સહજ ભૂમિકા અનુસાર સાધર્મીને પણ રાગ તો આવે જ, અંતિમ સમય સુધી પૂ. ગુરુદેવશ્રી સાથે સાથે રહ્યા તેનો સંતોષ હતો પણ પૂ. ગુરુદેવશ્રી આટલા જલ્દી ચાલ્યા જાય તેનો ખેદ પણ હતો.

જયારે જ્યારે મળવા જતો ત્યારે પ્રસન્નચિત્તે પોતાના વિચારો જણાવે; હંમેશા પૂ. ગુરુદેવશ્રીનું રટણ અને તેમને ચિંધેલા—માર્ગ પરનું પ્રયાણ એ જ કર્તવ્ય છે. ભવાટવીમાંથી છૂટવાનો બીજો કોઈ આરો નથી. જ્યારે જ્યારે પૂ. ગુરુદેવશ્રી વિષે પૂછીએ ત્યારે નાદુરસ્ત તબિયતમાં પણ એવી ઉત્સાહિત વાતો કરવી શરૂ કરે.

બે વર્ષ પહેલાં આસો માસમાં મુંબઈ મંડળે દક્ષિણની યાત્રા યોજેલી, યાત્રા કરવાની ખૂબ



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ભાવના હતી, સ્વાસ્થ્ય ખૂબ જ નાજુક છતાં પ્રબળ ભાવનાથી મુમુક્ષુ ભાઈ–બહેનો સાથે જ ટ્રેનમાં મુસાફરી કરી. ટેક્ષીની વ્યવસ્થા હોવા છતાં બેંગલોરથી શ્રવણ બેલગોલા બસમાં જ મુસાફરી કરી. મુડબીદ્રીમાં પણ પૂ. ગુરુદેવ વિષે પહેલેથી તો અંત સુધીના સંસ્મરણોની વાતો કરતા હતા, તે સમયની વાતો સાંભળી રોમાંચ ઉભા થઈ જતા હતા, તે સમયે ખૂબ જ ઉધરસ હતી અને સાથે તાવ પણ હતો છતાં પૂ. ગુરુદેવની વાતો કરતાં બધું ગૌણ થઈ જતું, મારી પાસે તે સંસ્મરણોની કેસેટ પણ છે જેને સાંભળવી હોય તે જરૂર મંગાવે.

એવા આ પવિત્ર સાધક આત્મા જે થોડા જ કાળમાં સિદ્ધ થવાના છે જેની પૂ. ગુરુદેવે પોતે મહોર મારી છે તેને અંતરથી વંદના કરી વિરમું છું.

કાંતિભાઈ રામજી મોટાણી

## જીવન જ્યોત જગાવનાર : પૂ. શાન્તાબેન

ધર્માત્માઓનું જીવન મુમુક્ષુ જીવોને આત્મહિતની અનેકવિધ પ્રેરણાઓ આપે છે. પૂજ્યશ્રી કહાનગુરુદેવ જેવા યુગ પુરુષનો આ કાળે ભેટો થયો એ મહાભાગ્યની વાત છે! તીર્થંકરો, ગણધરો, મુનિવરો, ચક્રવર્તીઓ વગેરે અનેક પ્રકારે આગમમાં ભરેલા આત્મસાધનાનું જે વર્ણન આપે છે. તે વાંચતા–સાંભળતા પણ જ્ઞાન–વૈરાગ્યની કેવી ઉર્મિઓ સ્ફૂરે છે! તો પછી એવા કોઈ ધર્માત્માનું જીવન સાક્ષાત્ નજરે નિહાળતાં મુમુક્ષુ હૃદયમાં કેવા કેવા આત્મહિતના તરંગો ઉલ્લસે!! તે તો જેને અનુભવ થાય તે જ જાણી શકે!

પૂજ્ય બેન શાન્તાબેન પણ સ્રી–રત્ન હતા, જે પૂજ્ય શ્રી ગુરુદેવના શ્રીમુખે સાંભળેલી વાત છે, કે બંને બ્હેનો નિકટ ભવી છે.

પૂજ્ય બેનની અર્પણતા તથા વાત્સલ્ય અને આત્મિક ગુણોથી શોભિત હતા, જે અંતિમ સમય સુધી અમે નજરે જોયું તે અપૂર્વ સમાધિ–સ્વરૂપ પ્રણમેલા હતા.

આવા ધર્માત્માઓના એક પછી એક વિરહ પડવા લાગ્યા તે વિરહ આકરા છે, છતાં પણ આ ધર્માત્માના પંથે ચાલી આવી જીવન–જ્યોત જગાવીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ છે.

માણેકલાલ રામચંદ ગાંધી
મુંબઈ


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# એક ભડવીર જ્ઞાની : પૂજ્ય બેન

પૂજ્ય શ્રી કહાનગુરુદેવ આખા ભારતભરમાં પ્રખ્યાત થઈ ગયા છે, તેઓશ્રીની ગેર ગંભીરતા જગમાં જોતા એની જોડ મળે તેમ નથી. જે ભૂમિ પર વિચરતા તે કણ કણ પવિત્ર બની છે.

આવી પવિત્ર ભૂમિમાં જ્યાં વિચર્યા ત્યાં બંને બહેનોએ પણ આવવાનો સુયોગ થયો, જેથી સોનામાં સુગંધ મળી. આવા પાત્ર જીવો આવે પછી શું ખામી રહે? સોનગઢમાં આવ્યા ત્યારે તો વગડો હતો જ્યાં "જંગલમાં મંગલ કર્યું" એ આ ત્રિપુટી જ્ઞાનીઓનું જ દેણ છે, જ્યાં દિગંબર સત્ય ધર્મના ફુવારા છુટ્યા હતા, અને જ્ઞાયક—આત્માઓના ઢંઢેરા ટીપ્યા, અને ગામોગામ મંદિરો થયા અને બધા દર્શન—પૂજન—ભક્તિ કરતા થયા.

પૂજ્ય શાન્તાબેન પણ ત્રિપુટી સંતોમાં એક ભડવીર જ્ઞાની હતા, તેઓને દેવ—શાસ્ત્ર—ગુરુ પ્રત્યેની ભક્તિ જ કોઈ છાની રહેતી ન હતી. તેઓની ભક્તિ જોવા, સાંભળવા તો અમારા ઘરવાળા ગમે ત્યાંથી પણ તે સમયે પહોંચી જતા. અમારા ઘરમાં પૂજ્ય શાન્તાબેનનો ઘણો જ ઉપકાર વર્તે છે. અમારા ઘરેથી જ્યારે તેની તબિયત સારી ન હતી ત્યારે પોતે ઘરે આવી વારંવાર શરીરથી જીતવા માટે ઉપદેશ આપતા કે "જ્ઞાયકને ગ્રહણ કરવો, જાણનાર ઉપર જ એક લગની લગાવવી તો વિકલ્પ છૂટી જાશે, અને શરીર પ્રત્યે રાગ છૂટશે, શરીરનું તો જે થવાનું છે તે થાશે જ એનાથી ડરવાનું નહિ." આવી હિંમત મળતા પરિણામ ઘણા સારા રહ્યા હતા.

અમારા તો કુટુંબી બેન એટલે વિશેષ પ્રેમ ધરાવતા અમને આ સત્યધર્મમાં લાવનાર તેઓશ્રીનો પરમ ઉપકાર છે. તેઓશ્રીની જીવનદશાને ધન્ય છે!

આવા ભડવીર જ્ઞાની જે અપૂર્વ સમાધિને પામ્યા છે તે અમને પણ હો એ જ ભાવના સાથે શ્રદ્ધાંજલિ હો.

પ્રાણભાઈ ગોડા, મુંબઈ

# આત્માર્થીકે લિયે આદર્શ જીવન

પૂ. શાંતાબેન કા જીવન એક આત્માર્થી કે લિયે આદર્શ જીવન થા. જિનકે અનેક પહલુઓ સેં પ્રેરણા લેકર હમ આત્મ કલ્યાણકી દિશા મેં અપના પુરુષાર્થ જાગૃત કર સકતે હૈ. જૈન સિદ્ધાંત કે પ્રતિ ઉનકી દ્રઢ આસ્થા તથા જૈન આચાર સે અનુપ્રાણિત ઉનકા જીવન હમ સબકો આત્મહિત કી પ્રેરણા દેતા રહતા હૈ.

પૂ. શાંતાબેન કે જીવન કી સબસે બડી વિશેષતા યહ થી કિ ઉનકે હૃદયમેં દેવ—શાસ્ત્ર—



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ગુરુ કે પ્રતિ અપાર ભક્તિ થી. પૂ. ગુરુદેવ કે શાસન પ્રભાવના યોગ મેં નિર્મિત જિન મંદિરો કા મનમોહક, સૌંદર્ય એવં ઉનમેં બિરાજમાન જિનબિંબો કી અંતરમુખી છબિ પૂ. બેન કે આધ્યાત્મિક જીવન કે પૂર્વાર્ધ મેં કિયે ગયે પ્રયત્નો કા સાકારરૂપ હૈ.

અનેક શારીરિક પ્રતિકૂળતાએં હોને પર ભી જિનેન્દ્ર પૂજન કા અતૂટ નિયમ ઉન કી દિનચર્યાકા અંગ બના રહા. વે કેવલ પરંપરા નિર્વાહ કે લિયે જિન પૂજન નહીં કરતી થી, બલ કી વહ તો અનેક આધ્યાત્મિક જીવન કા ખુરાક હી બન ગયા થા, જિસ કે બિના ઉન્હેં ચેન નહીં પડતી થી. જિનેન્દ્ર ભક્તિ કે સમય ઉનકા ઉછલતા હુઆ હૃદય દેખકર અનેક દર્શક ભી ભક્તિ સે ઓતપ્રોત હો જાતે થે.

શાસન પ્રભાવના કી ગતિ વિધિયોં કો પ્રોત્સાહિત કરના ઉનકી દૂસરી મહત્ત્વપૂર્ણ વિશેષતા થી. જો લોગ પૂ. ગુરુદેવશ્રી દ્વારા પ્રચારિત તત્ત્વજ્ઞાન કે પ્રચાર—પ્રસાર મેં જુડે હુએ, પૂ. બેન કા ભરપૂર સમર્થન, અનુમોદન, પ્રોત્સાહન પાકર ઉન લોગોં કા ઉત્સાહ એવં કાર્યક્ષમતા દ્વિગુણી હો જાતી થી. ટોડરમલ સ્મારક દ્વારા સંચાલિત પ્રશિક્ષણ શિબિર કી ગતિવિધિ તો ઈન્હેં ઈતની અધિક પ્રિય થી ઈસકે સ્થાયી વ્યવસ્થા કે લિય સ્વયં ભી ઉન્હોંને અપના યોગદાન દિયા તથા અપને પરિચિતોં કો યોગદાન દેને હેતુ પ્રેરિત કિયા. ઉનકી અનઉપસ્થિતિ મેં ઐસે પ્રેરક વ્યક્તિત્વ કા અભાવ ગહેરાઈ સે મહસૂસ હોતા હૈ.

પ્રચંડ પ્રતિકૂળ સંયોગોં કે બીચ ભી દેવ-શાસ્ત્ર-ગુરુ કી પ્રતિ દ્રઢ આસ્થા બતાયેં રખના ઉનકે પ્રચંડ પૌરૂષ કા પ્રતીક થા. કિતની હી પ્રતિકૂળ બાધાએ આને પર ભી વે અપને માર્ગ સે નહીં ડીગી. જીવન કે અંતિમ સમય મેં કુંદકુંદ જ્ઞાનચક્ર કે પ્રતિ પ્રમોદ, ઉસકે લિયે સ્વાગત ગીત કા નિર્માણ, જિનવાણી કે બહુ મૂલ્ય રત્નો કી પૂજા આદિ ક્રિયાઓંસે ઉનકે હૃદય મેં વિદ્યમાન જિનવાણી કી ભક્તિ કા પરિચય મિલતા હૈ.

અંતિમ સમય મેં પંચપરમેષ્ઠી ભગવંતો કા નિરંતર ગુણ સ્મરણ કરતે હુએ દેહત્યાગ કરના હમ સબકો મૃત્યુ કા વીરતાપૂર્વક સામના કરને કી પ્રેરણા દેતા હૈ.

હમારા જીવન ભી અનેક આદર્શો પર ચલકર પવિત્ર બને એસી કામના સે અપના શ્રદ્ધાસુમન અર્પિત કરતા હૂં.

અભયકુમાર જૈન


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પૂજ્ય શાન્તાબેન પ્રત્યે ભાવભીની શ્રદ્ધાંજલિ

અધ્યાત્મિક પ્રતિભાસમ્પન્ન વીતરાગ શાસનના ઉપાસક–ભાવી તીર્થંકરના ગણધર, સાત્વિક જીવનની સાક્ષાત્ મૂર્તિ પૂ. શાંતાબેનનો પરિચય ટુંકા સમય માત્ર રહ્યો.

પૂજ્ય ગુરુદેવની સાથે જેમણે પોતાના જીવનના ઘણાં વર્ષો વીતાવ્યા. જ્યાં જ્યાં પૂજ્ય ગુરુદેવનો વિહાર હોય. તીર્થક્ષેત્રની મંગલ યાત્રા હો ત્યાં 'બેન' વગર કોઈ પ્રસંગ દેખાશે નહીં. જેઓ એ પૂ. બેનને ભક્તિ કરાવતા જોયા હશે, તેઓ તેમના હૃદયના ઉંડાણમાંથી જે તલ્લીનતા– જે ભાવોથી ભક્તિ કરાવતા તે અનેરા પ્રસંગો ભાગ્યેથી ભૂલી શકાશે.

તેઓની સદાય, નમ્રતા અને એક અદ્ભૂત વીતરાગી જીવન વિરલ હતું. ગમે ત્યારે તેઓશ્રીને મળો. સદાય પ્રેમથી સૌની સાથે એમની એક જ વાત હતી કે આ પંચમકાળમાં મોક્ષમાર્ગ અનુભવ કરવા પૂજ્ય ગુરુદેવના સાનિધ્યમાં આવી અમૃતના ઘુંટડા પીઓ અને તૃપ્ત થાવ.

ભારતના મુમુક્ષુ સમાજમાં કોઈ એવી વ્યક્તિ જોવા નહી મળે કે જે પૂજ્ય શાન્તાબેનના નિકટ પરિચયમાં આવેલ ન હોય અને એમનો ટુંકો પણ માર્મિક બોધ પામેલ ન હોય. જે જે વ્યક્તિ સોનગઢ પૂજ્ય ગુરુદેવના દર્શને આવે અને પ્રવચનોના લાભ લેવા આવે તે અવશ્ય પૂજ્ય શાન્તાબેન પાસે થોડો સમય બેસી તેમનો બોધ મેળવ્યા વગર ન રહે.

પરમાગમ મંદિર જ્યારે બંધાતું હતું ત્યારે પૂ. બેને અથાગ પરિશ્રમ લઈ ઝીણી ઝીણી વિગતો જાણવા રોજ ઉત્સુક રહેતા.

પૂજ્ય ગુરુદેવશ્રીને જ્યારે મુંબઈ હોસ્પિટલમાં લઈ આવ્યા ત્યારે લગભગ રોજ હોસ્પિટલમાં આવતા અને છેલ્લા ત્રણ દિવસો કોઈને મળવાની ડોકટરોએ મનાઈ કરેલી ત્યારે ગદ્ગદ્ કંઠે મારી પાસે આવી જે પૂજ્ય ગુરુદેવ પ્રત્યે તેમના અનન્ય પ્રેમથી જે શબ્દો મળવા માટે મને કહેલ તે આજે પણ યાદ છે ''બલુભાઈ ગુરુદેવ પાસે જવાની મનાઈ છે પણ હું ગુરુદેવના અંતિમ દર્શન વગર રહી જઈશ મને જવું છે.'' ત્યારે હું તેમને પૂ.ગુરુદેવના રૂમમાં લઈ ગયો અને ત્યારે એ બંનેની વાતચીતમાં જે ભાવના પૂ. ગુરુદેવે પૂ. બેન સમક્ષ ભાવી હતી તે તેમની પાત્રતા જોઈને જ આવા ભાવો ''સંથારો કરવાના ભાવ છે.'' એવા ભાવો વ્યક્ત કરેલા હતા.

જ્યારે પૂ. રામજીભાઈનો દેહ વિલય થયો ત્યારે રાજકોટ સ્વાધ્યાય હોલમાં પૂ. બેને પૂ. ગુરુદેવ સાથે રામજીભાઈ ક્યારે આવ્યા? ત્યારથી બધા જીવનના એક એક પ્રસંગો સાલવાર સહિત કહેલા તે સાંભળી હું તો છક થઈ ગયેલ.

પૂ. બેનની અસાધ્ય માંદગી વખતે પણ એક જ રટણ એક જ્ઞાયકભાવનું જ હતું કે છેલ્લાં



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પણ જ્ઞાયક જ્ઞાયક બોલ્યા. આવી વિરલ વ્યક્તિ આ કાળે મળવી દુર્લભ છે. સદ્ગત આત્માને અપૂર્વ શાંતિ મળે અને અલ્પકાળમાં સંસારનો અભાવ કરી સિદ્ધોની શ્રેણીમાં સ્થાન પ્રાપ્ત થાય.

જ્યાંથી આવો ત્યાં જવાનો એ મારો વિશ્રામ
અમરાપુરથી આવ્યો હું તો મારે ગામ જઉં છું અમરધામ
હું તો જઉ છું અમરધામ
અમર હતો ને અમર રહ્યો છું, લીધા અમર નામ
અમૃત જેણે પાયા—પીધા અહીંયા આઠો જામ......
જન્મીને હું બન્યો અજન્મા, પામું છું વિરામ
અનેકમાંથી એક બનું છું, પૂર્ણ કીધું કામ હું તો જઉં છું મારે ગામ
જ્યોતિમાં તો જ્યોતિ મળતી, છૂટ્યા ચંદ્ર સંગ્રામ હું તો જઉં છું મારે ગામ

બલુભાઈ શાહ

મુંબઈ

## સંત જ્ઞાની લાડલી ! બેન શાંતા

પૂજ્ય બેનનો જન્મ ઢસા ઢોલરવા ગામે મોશાળમાં ગાંધી મોહનલાલને ત્યાં થયો હતો. ત્યારબાદ તેઓના માતુશ્રી દિવાળીબા અમુક મહિના પછી ગોખલાણામાં આવ્યા બાદ થોડા સમય પછી કુટુંબ સાથે કલકત્તા ગયા અને પૂ. બેનને પાંચ વર્ષ પછી સ્કૂલમાં અભ્યાસ કરાવવા દાખલ કર્યા, તેઓશ્રી નાનપણી જ ભણવામાં હોંશિયાર અને તીક્ષ્ણ બુદ્ધિવાળા હતા કે સ્કૂલમાં જુદાં તરી આવતા. શ્રી મણિલાલભાઈના ઘરમાં બધાને પહેલેથી જ ધર્મની આસ્થા ઘણી ઉત્તમ હતી તે પ્રમાણે પૂજ્ય બેને પણ નાનપણથી જ ધર્મ ધ્યાનમાં વિશેષ કેળવણી લીધી હતી. પિતાશ્રી તથા માતુશ્રી તેઓ અવારનવાર દેશમાં (મણિલાલભાઈની જન્મભૂમિ ગોખલાણા) આવતા જતા. પૂ. બેનને ચાર બેનો તથા એક ભાઈ મુકુંદભાઈ, બધાને ધર્મની રૂચિ સારી, પૂ. બેનના આશીર્વાદથી મુકુંદભાઈ પણ તેમના જેવી જ દેવ—શાસ્ત્ર—ગુરુ પ્રત્યે સેવા—ભક્તિ કરી રહ્યા છે.

પૂજ્ય બેનને તો મેં દીકરી તુલ્ય પ્રેમ આપ્યો હતો, અમરેલીમાં પણ બંને ભાઈઓના મકાન ઉપર—નીચે હતા જેથી બધાને વિશેષ પ્રેમ હતો. પૂ. બેન નાની વયથી જ સંસારનું સ્વરૂપ અસાર જાણી વિરક્ત થઈ વૈરાગ્યના રંગે ચડી ગયા, જેથી કુટુંબમાં પણ બધાને વૈરાગ્યમય વાતાવરણ છવાઈ ગયું. પૂ. બેન, એકદમ ધર્મધ્યાનમાં ઉતરી ગયા અને ઘણો ધાર્મિક અભ્યાસ કંઠસ્થ કર્યો અને બે વરસ પૂ. બેનના માસીબા સમરતમાસી સાથે રહી અને માસી—ભાણેજ દીક્ષા લેવાના નિર્ણય પર આવ્યા, પરંતુ ઘરના બધાને શોક લાગતો કે ''આ બેન શું વાત કરે છે?''



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પિતાજીને તો એમ જ થયું કે કોઈપણ પ્રકારે જો 'બેન' સમજી જાય તો સારું તે માટે પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ ગઢડા હતું ત્યાં પૂજ્ય બેન સાથે કુટુંબીજનો બધા દર્શન કરવા ગયા ત્યારે પૂ. ગુરુદેવને કહ્યું કે "સાહેબ"! આ બેનને દીક્ષા લેવી છે ત્યારે પૂ. ગુરુદેવે દીક્ષાનું સ્વરૂપ સમજાવ્યું અને કહ્યું દીક્ષા નથી દખ્યા છે માટે તમે પહેલાં 'આત્માનું' સ્વરૂપ સમજો!! પૂ. ગુરુદેવના અમીભર્યા વચનો નીકળ્યા કે 'આત્મ મન—વચન—કાયાથી પેલી પાર છે. તે પેલીપાર એટલે આત્માનું સ્વરૂપ જાણ્યું અનુભવ્યું ત્યારે શાંતિ થઈ.

સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ સાથે બંને બેનો આવ્યા અને પૂજ્ય ગુરુદેવે પરિવર્તન કરી, સોનગઢ, સોનાના ગઢને ઓપ ચડાવી સુવર્ણપુરીની રચના કરી કે જ્યાં જિનમંદિરોની તથા સ્વાધ્યાય મંદિરની પ્રતિષ્ઠા થઈ. ધર્મકાળ શરૂ થયો અને સોનગઢમાં ધીકતી પેઢી શરૂ થઈ કે બધા મૂળ દિગંબર જૈન ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજ્યાં.

અંતિમમાં પણ છેલ્લાં દિવસોમાં અમે બંને પૂ. બેનનું સ્વાસ્થ્ય જોવા રાજકોટ ગયા હતા ત્યાં ઘણી જ કરૂણા તથા પ્રેમથી અમારી સાથે વાતો કરી હતી તે સમયે કુંદકુંદ જ્ઞાનચક્ર આવેલ તે જિનવાણીની મહિમા હીરાથી વધાવ્યા તે બધી એટલા ઉલ્લાસથી અમારી સાથે વાતો કરી, મને પણ ઘણો સંતોષ થયો કે મારે અંતિમદર્શન થયા. આ સ્થિતિમાં પણ તેઓશ્રીનો વાત્સલ્ય પ્રેમ; જોકે મને થયું કે આવો પ્રેમ આપનાર કોઈ નથી, અમારા ખારા કુટુંબનું તો અણમોલ રત્ન હતું અને ઘણું કિંમતવાન હતું. આપની તો ઉંચ ગતિ નિશ્ચિત છે, અમે પણ આપે આપેલ પ્રેરણાદાયક માર્ગ પર ચાલીએ એ જ ભાવના સાથા કોટી વંદન.

(કાકા) મોહનલાલ જેચંદ ખારા પરિવાર, મુંબઈ

## અધ્યાત્મ વિભૂતિ

વિદિશા મુમુક્ષુ મંડળ

જૈન સંસ્થાઓકા ઉક્ત ન્યાસ અધ્યાત્મવિભૂતિ પૂ. શાંતાબેન ઈસ ન્યાય કે સાથ પૂ. બેન કા પૂ. સદ્ગુરુદેવ કાનજીસ્વામી કે સાથ પધારને પર ઔર યાત્રા સંઘ કે સાથ જાને પર સંપર્ક આયા. વે ત્યાગમૂર્તિ, સદ્વિચારક ઔર શાંત મહિલા થી વીતરાગ માર્ગ કા અવલંબન કર ઉનને તત્ત્વમેં રુચિવંત બનકર નિજ કલ્યાણ કા માર્ગ પ્રશસ્ત કિયા વે નિકટ ભવિ હૈ. ન્યાસ ઉન્હેં શ્રદ્ધાંજલિ સમર્પિત કરતા હૈ ઉનકી ભાવના કા આદર કરતે હુએ તત્ત્વ ભાવનામાં સહાયક હોને કા સંકલ્પ કરતા હૈ.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શાંત આત્મરસિક પૂ. બેન

પૂ. ગુરુદેવશ્રીની છત્રછાયામાં પૂ. બેનની જીવનશૈલી આધ્યાત્મિકતા, વ્યવહારિકતાની ઊંડી સૂઝબુઝનો ત્રિવેણી સંગમરૂપ પૂ. શાન્તાબેન હતા.

સોનગઢની ધાર્મિકતા, વિશાળતા તેના પાયામાં અને સૌરાષ્ટ્રના મંદિરોમાં તેમની આગવી સૂઝ અને નાનામાં નાની કળાસૂઝ આપનાર આ ગૌરાંગીની હતા.

પૂ. ગુરુદેવશ્રીના પરિવર્તનકાળથી પૂ. બેનશ્રી—બેન બંને બેનો પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં ધર્મમાં ઓતપ્રોત રહેતા. તેઓની ભક્તિ અને પૂર્વ ભવના સંસ્કાર એવા દીપી ઊઠ્યા હતા કે જાણે તેઓ દિગંબર ધર્મના પુનરુદ્ધાર કરનાર મહાન સંતના એક ઓલીયાઓ હતા.

પૂ. બેનનું યોગદાન અજબ હતું. શાસ્ત્રાભ્યાસ પણ એવો હતો કે જેમની સૂક્ષ્મદષ્ટિ બહુ વિચારવા યોગ્ય હતી. તેમના જ્ઞાન સાથે ઉચ્ચ વર્તન, ચિત્ત પર અંકુશ આત્માના સ્વરૂપને જોવું—જાણવું—અનુભવવું એ એમના મુખારવિંદ પર સૌ નજરે નિહાળતા.

વેદી પ્રતિષ્ઠા, પંચ કલ્યાણક પ્રતિષ્ઠા હોય કે શિખરજી, ગિરનારજી વગેરે યાત્રાઓ પૂ. ગુરુદેવ સાથે સાથે તથા ભક્તિરસથી ભરપૂર બંને બેનોની હાજરી અનોખી તરી આવતી હતી.

શિક્ષણ શિબિરોમાં જેમની ઉત્કંઠા તથા મુમુક્ષુ મંડળો પ્રત્યે વાત્સલ્યપ્રેમ અને શાસન પ્રભાવનામાં તેમનો ઉલ્લાસ અત્યંત હતો.

પૂ. બેનનો સરલ અને શાંત સ્વભાવ, નિરાભિમાનપણું અને સલાહ, સૂચન માટે તેમના તાત્કાલિક નિર્ણયો જોઈને થતું કે આ મહા આધ્યાત્મિક સંત રત્ન જ છે, અધ્યાત્મના એ સંગીની હતા, નિર્ભયતાના વીતરાગી હતા. આવું તેમનું જીવન અમને આદર્શરૂપ હો.

જીવનના છેલ્લા સમય સુધી સમભાવ, સમતા, અધ્યાત્મદષ્ટિ રાખી જે નીંદે તેની પર પણ સમભાવ અને કરૂણા એવું અહોર્નિશ વર્તન એક વિરલ વ્યક્તિને જ હોય છે.

અમારા કુટુંબના માર્ગદ્રષ્ટા, જીવનમાં ધર્મના ઊંડાં સંસ્કાર આપનાર અને સનાતન દિગંબર ધર્મના પાયા રોપાવનારા એવા ધર્મમાતાને અમારા કોટી કોટી વંદન અને શીઘ્ર સિદ્ધદશાને પામો એવી ભક્તિભીની શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

કિરણ જયંતીલાલ કામદાર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# વાત્સલ્યતાની મૂર્તિ–પૂજ્ય શાંતાબેન

હે માતા! તમારો અનંત ઉપકાર છે. પરમ વત્સલતાથી આત્મિક ઉત્સાહ આપ્યો, ધર્મનું અમૃત પીવડાવ્યું, તીર્થંકર ભગવંતોના પરમ મહિમા બતાવ્યો. આજે અમારી પાસે જૈન ધર્મનો જે કાંઈ વૈભવ છે તે બધો આપે જ આપેલો છે અને તેથી જ અમારા ઉપર અનંત–અનંત ઉપકાર છે.

આપનો બધા જીવો પ્રત્યેનો સમભાવ નિરાભિમાનપણું સરળ સ્વભાવ અને અધ્યાત્મમાં રસબોળ રહેવું તે એક મહાનતાના લક્ષણ હતા.

અમે સ્થાનકવાસી હતા પરંતુ આપના દ્વારા પ. પૂ. ગુરુદેવશ્રીનો ભેટો થયો અને શાશ્વત ધર્મ બતાવ્યો, ધર્મના સંસ્કાર રેડ્યા. પ.પૂ. ગુરુદેવશ્રીનો અનંત અનંત ઉપકાર છે કે જેમણે મોક્ષમાર્ગ બતાવ્યો પરંતુ અમારા માટે તો આપ સર્વપ્રથમ વંદનીય છો કારણ કે મોક્ષમાર્ગ બતાવનાર પૂ. ગુરુદેવનો ભેટો આપે જ કરાવ્યો.

અમારા જીવનમાં ઘણાં એવા અટપટા પ્રસંગો આવ્યા કે જ્યારે આપની સલાહ–સૂચન અમારા જીવનના પથપ્રદર્શક બન્યા. પ.પૂ. ગુરુદેવશ્રીની અંતેષ્ઠીમાં ભાગ લેવા અમારું આખું કુટુંબ મોટર માર્ગે સોનગઢ જતા રસ્તામાં કારમો અકસ્માત થતા અમારા બે સ્વજનોનો દેહ વિલાપ થયો અને એ આઘાત અમારા માટે અસહ્ય હતો પરંતુ આપ અમારે ઘેર પધારી ધર્મની વાર્તા કરી ગજપંથાની જાત્રા કરાવી અને આઘાત દૂર કરાવ્યો તે ક્યારેય ભુલાય તેમ નથી અને એ જ આપની અમારા ઉપરની પરમ વત્સલ્યતા હતી.

જ્યારે જ્યારે આપ બંને બહેનો જેતપુર પધાતા અને અમારે ઘેર ઉતરતા ત્યારે અમારા માટે એક મહાન મંગલકારી પ્રસંગ બની જતો આજે પણ એ દિવસો યાદ કરતા મન પ્રફુલ્લિત બની જાય છે. મારી બાને પણ ભક્તિરસ આપે જ રેડ્યો હતો, જેથી મધુર કંઠે ગાતા.

હે માતા આપે અમારી આંગળી પકડી પૂજ્ય ગુરુદેવશ્રીનો ભેટો કરાવ્યો છે તો વચન આપીએ છીએ કે આપ જે માર્ગે પ્રયાણ કરી આત્માના સાચા સ્વરૂપને મેળવ્યું તે જ રીતે અમે અમારા આત્માના સાચા સ્વરૂપને ઓળખશું ત્યારે જ સાચી શ્રદ્ધાંજલિ કહેવાશે. ફરી ફરીને આપને કોટી–કોટી વંદન.

વિક્રમ જયંતિલાલ કામદાર પરિવાર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# વિરલ વિભૂતિ ચેતનવંશી શાન્તાબેન

જન્મ–મરણ તારા ટળી જશે,

આવશે કાંઈ ભવ કેરા અંત રે.....

ચેતનજી પ્યારા ચેતનતા તારી તું નિહાળજે.

અમારા કુળની વિરલ વિભૂતિ પૂ. શાંતાબેન છેલ્લે જ્યારે રાજકોટ પધાર્યા ત્યારે અમે તેમની પાસે વારંવાર જતા, ત્યારે તેમની મુદ્રા ઉપર જ ચૈતન્ય ઝળહળતો જોવામાં આવતો. અમારા કુટુંબને ઉપદેશ દેતા કે આ મનુષ્યભવમાં આપણને કહાન ગુરુ મળ્યા તો આત્માનું કરી જન્મ–મરણના ફેરા ટાળવા તે મનુષ્યભવનું કર્તવ્ય છે.

પૂ. બેન શાન્તાબેનનું સમાધિમરણ દેખી અમને એટલો વૈરાગ્ય થયો કે અમારા કુટુંબ વચ્ચેથી રત્ન–દીપ બૂઝાઈ ગયો. અમને હજી પણ તેમનો વિરહ ખૂબ જ લાગે છે પણ તેમના ગુણોનું સ્મરણ કરીને શાંતિ રાખીએ છીએ અને ભાવના ભાવીએ છીએ કે તેઓ શીઘ્ર સિદ્ધપદને પામે અને અમને પણ સાથે રાખે એવી ભાવનાથી અશ્રુભીના નયને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

પ્રાણલાલ ત્રિભોવનદાસ ખારા પરિવાર–રાજકોટ.

# કુટુંબનો એક ચૈતન્ય ચમત્કારી તારો એવા મારા 'બેન'

પૂજ્ય બેન નાનપણથી જ તેજસ્વી, રૂપવાન, વીર્યવાન હતા, જાણે અમારા ઘરનો એક ચૈતન્ય ચમત્કારી તારો હતો, જેથી અમારું કુટુંબ પણ ધન્ય બન્યું જાણે એક સતી–સમાન પુણ્ય ચમકતા હતા અને કુટુંબમાં પણ શ્રેષ્ઠ વ્યક્તિ હતા, તેઓશ્રીના વચનોની કિંમત કરતાં કે જે 'બેન' કહે તે પ્રમાણ જ હોય. બાળ વયથી જ ત્યાગ, વૈરાગ્ય, નિર્ણયાત્મિક હતા. પૂજ્ય બેનને દીક્ષા લેવાના ભાવ હતા અને હું ઘરમાં મોટી હતી જેથી મને પાત્રામાં ઓરાવવાનું શીખવાડતા હતા. આ વિષે પૂ. બા તથા બાપુજીને ઘણું દુ:ખ થતું હતું. જેથી પૂજ્ય ગુરુદેવના દર્શન કરવા કુટુંબ સહિત પહેલીવાર ગયા, ત્યારે પૂજ્ય ગુરુદેવે દીક્ષાનું સ્વરૂપ સમજાવ્યું ત્યારે ભાવ ફરી ગયા અને પૂ. ગુરુદેવના સહવાસમાં રહેવા લાગ્યા અને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અપૂર્વ ભક્તિ ધરાવી અને ત્યારથી જ નક્કી કર્યું કે આ ગુરુથી જ મારું કલ્યાણ થાશે અને ભેદજ્ઞાનના મંત્રો સાધવામાં તલ્લીન થઈ ગયા અને મંત્ર સાધ્યે જ છૂટકો કર્યો.

પૂજ્ય શ્રી ગુરુદેવના સાનિધ્યમાં આવ્યા ત્યારથી અંતિમ સુધી બધાને સંબોધન કરતાં કે બધા આ સત્યધર્મ શું છે તે સમજો અને પૂજ્ય ગુરુદેવના પ્રવચનોના લાભ લેવા વારંવાર આવવા કહેતા જેથી અમો સોનગઢ પણ આવતા.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

અમારા કુટુંબના પણ અહોભાગ્ય કે આવા ધર્માત્મા બેન જેવા અણમોલ રત્ન પાક્યા.

આબુમાં પૂ. બેનના પગે ફ્રેક્ચર થયેલું ત્યારે હું અમદાવાદ હોસ્પિટલમાં થોડા દિવસ રહી હતી, એ સમયે પણ ઓપરેશનના સમયે તેઓની સમતા–શાંતિ એવી જોયેલી કે જાણે પ્રત્યક્ષ શરીરને આત્મા જુદો દેખાડતા હોય તેવું દ્રશ્ય લાગતું હતું. તે જોઈને અમને પણ પાઠ મળ્યો કે ધન્ય છે આ દશાને!

પિતાશ્રી તથા માતુશ્રીને પણ સોનગઢ વારંવાર બોલાવતા અને જાત્રામાં જવાનું હોય ત્યારે ખાસ કરી કુટુંબના દરેક બહેનોને જાત્રામાં આવવા કહેતા જેથી તેઓશ્રીની આજ્ઞાથી અમો આફ્રિકાથી લગભગ દરેક જાત્રામાં બધા જોડાતા હતા અને તીર્થોની મહિમા બતાવતા હતા.

તેઓશ્રીની દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યેની ભક્તિ જોઈ અમારા હ્રદય પણ ઉછળી જતાં અને દેવ–શાસ્ત્ર–ગુરુના કાર્યોમાં દાન આપવાની પ્રેરણા કરતા.

અમે બધા દૂર દેશમાં હોવાથી સોનગઢથી શ્રી જિનવાણી જે અમારા વાંચવા યોગ્ય હોય તે મોકલતા રહેતા, જેથી વાંચવામાં પણ ઉમંગ રહેતો કે પૂ. બેને પુસ્તકો મોકલ્યા છે માટે જરૂર વાંચન કરવું.

ઘણાં વરસો બાદ આફ્રિકાથી ભારતમાં આવ્યા ત્યાર પહેલાં એ જ સૂચના કરી કે ઘર લેવું હોય તો જિનમંદિર નજીક લેવું જેથી દરરોજ શ્રી જિનેન્દ્ર ભગવાનના દર્શન થાય અને આ સંસ્કાર વૃદ્ધિને પામે જેથી દાદરમાં શ્રી કહાન–નગર સોસાયટી જિનમંદિર નજીકમાં જ લીધું અને શ્રી જિનેન્દ્રના ધામમાં આવ્યા અને મારા પરિવારમાં પણ એટલો ઉમંગ જાગ્યો અને અમે ઉંચ ધર્મના સંસ્કાર પામ્યા, એમાં મારી દીકરી રમાના પરિણામમાં પણ પલટો થયો ત્યારે સોનગઢ; પૂ. બેનનો સહારો લઈ એમના શરણે રહી અને માતા કરતા પણ અનોખો પ્રેમ આપતા જોઈ મને ઘણો જ સંતોષ થયો અને અમારું કુળનું નામ ઉજાળ્યું.

આવા ધર્માત્માની પગદંડીએ સાથે ને સાથે ચાલીએ અને સિદ્ધદશા પણ સાથે જ પામીએ એવી તીવ્ર ઉત્કંઠા સાથે આ શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

કાન્તાબેન મોતીલાલ પારેખ પરિવાર લંડન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# વાત્સલ્યમૂર્તિ પૂજ્ય બેની

પૂજ્ય બેનને અમારા બહેનો પ્રત્યે અગાધ પ્રેમ હતો અને સદાયને માટે અમારું મસ્તક તેમના માટે ઝૂકી જતું. અમે પૂ. બેનના નિમિત્તે સોનગઢ અવારનવાર જતાં અને મહિનો રહેવાથી આત્મધર્મના સંસ્કાર ગાઢા હતા. ધર્માત્માના નિકટ પરિચયથી ઘણો લાભ થતો હતો, જેથી વારંવાર સોનગઢ જવા માટે હૃદય લોહચુંબકની જેમ ખેંચાતું હતું.

રાજકોટમાં શ્રી સિદ્ધચક્ર વિધાન પૂજા કરાવવાનું સમર્થન પૂ. બેને કરેલું હતું અને મારી પણ ઘણી જ ભાવના હતી કે પૂજ્ય બેને જયપુરમાં શ્રી સિદ્ધચક્ર વિધાન ખૂબ જ ઉલ્લસિત ભાવે ધામધૂમથી કરાવી હતી ત્યારે મને પણ એ લાભ લેવા બોલાવેલા પરંતુ સંયોગ વશાત્ જઈ શકી નહિ, જેથી એમ થયું કે આ મહાન પૂજા મારે પણ કરાવવી છે, જેથી રાજકોટમાં શ્રી સિદ્ધોના ગુણગ્રામ ગાતા–ગાતા પૂજા ખૂબ જ ભક્તિભાવે ઉલ્લાસપૂર્વક કરાવી ત્યારે પણ જયપુરના દરેક પંડિતો આવેલા અને પૂ. બેને ભજન–મંડળીને પણ આવવા કહેલું જેથી સિદ્ધોની ભક્તિથી ગુણગ્રામ કરતાં–કરતાં મારી ભાવના પૂરી કરી. કેટલું અશક્ત શરીર છતાં પણ પૂ. બેન નિયમિત પૂજામાં પ્રારંભથી જ પધારતા અને પૂજા પૂર્ણ થાય ત્યાં સુધી બેસતા હતા. આ મહાન પૂજા કરાવી ત્યારથી અમારા કુટુંબમાં પણ બધાને વિશેષ પ્રકારે લાભ થયો.

રાજકોટ શહેર એટલે પૂ. શ્રી ગુરુદેવનું પિયર સ્થાન કહેવાતું તેમ જ પૂ. ગુરુદેવ ચોમાસા કરવા પધારતા હતા અને પછી તો દર વરસે પધારતા. રાજકોટમાં પૂ. ગુરુદેવના ચર્ચા–પ્રશ્ન માટે બહારગામથી પણ ઘણા મહેમાનો આવતા. તેવી જ રીતે પૂ. બેન માટે પણ પિયર સ્થાન હતું કે પૂ. બેન પણ રાજકોટ ઘણીવાર પધારતા હતા. પૂ. બેનનો પુરુષાર્થ પણ રાજકોટમાં એવો ઉપડ્યો હતો કે ભેદજ્ઞાન પણ (નિર્વિકલ્પદશા) અહીં પ્રાપ્ત થયું અને અમારા ભાભુ (સમરતબેન) પણ રાજકોટ રહેવા લાગ્યા ત્યારથી પૂ. બેનને ગરમીના દિવસોમાં સોનગઢ તેડવા આવતા હતા અને કહેતા કે આપનું આ પિયર સ્થાન છે અને પૂ. બેન પ્રત્યે 'મા' સમાન પ્રેમ ધરાવતા હતા અને રાજકોટમાં મુમુક્ષુઓનો વાત્સલ્યપ્રેમ જોઈ પૂ. બેન ખુશી થતાં. પૂ. બેને અંતિમમાં સમાધિ મરણ પણ સંઘ સમક્ષ રાજકોટમાં કહાન–નગર સોસાયટીમાં કરેલ જે એક અમારા જીવનમાં આદર્શ દ્રશ્ય હતું.

અમારી પણ એ જ ભાવના છે કે અમે પણ રાજકોટમાં સમાધિ મરણ આવું કરીએ એ જ ખરી શ્રદ્ધાંજલિ છે.

સવિતાબેન રસિકલાલ પરિવાર રાજકોટ.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# મોક્ષગામીની પૂજ્ય બેની

અમે પણ પૂર્વમાં કોઈ પુણ્ય કર્યા હશે કે અમારા કુટુંબમાં બેન જેવા 'બેન'નો ઉદય થયો, તેનો ઉદય થતાં આવા મહાન ગુરુદેવનો યોગ થયો અને શ્રી જિનેન્દ્રદેવ–ગુરુ–શાસ્ત્રની મહિમાનું સ્વરૂપ સમજાયું અને દરેકને ધર્મ પ્રત્યે રૂચિ વધે તેવા સંસ્કાર આપ્યા.

જલગાંવમાં પણ જિનમંદિર હતું નહીં. જેથી જલગાંવના મુમુક્ષુઓને વારંવાર જિનમંદિરની જગ્યા લેવા સૂચિત કરતા હતા અને અંતે તેઓશ્રીની તીવ્ર ભાવનાથી મારા જ ઘરની સામે શ્રી જિનમંદિરની જગ્યા લેવાણી અને મંદિર જલ્દી બંધાવવા માટે પણ ખૂબ જ સલાહસૂચન આપી. ટૂંક સમયમાં શ્રી જિનમંદિરની પ્રતિષ્ઠા પૂજ્ય શ્રી ગુરુદેવ તથા બંને બહેનોના સાનિધ્યમાં ખૂબ ઉત્સાહથી થઈ અને બધાને શ્રી જિન–મંદિરે નિયમિત દર્શન–પૂજા માટે પ્રતિજ્ઞા આપતા હતા. આ રીતે પૂ. બેનને શ્રી જિનેન્દ્ર મહિમા જ એવી અનોખી હતી એ જોઈને એમ થતું કે નક્કી આ મોક્ષગામી જીવ છે.

છેલ્લાં ચાર–પાંચ વરસથી તેઓશ્રી રાજકોટમાં ગરમીના કારણે પધારતા હતા અને ત્યાંના મુમુક્ષુઓનો પ્રેમ જોઈ પૂ. બેન ખૂબ જ આનંદમાં રહેતા, જેથી મને ભાવ થયા કે મંદિરજીની બાજુમાં જ જગ્યા લેવી અને નજીકમાં જ શ્રી કહાન–નગર સોસાયટીમાં નીચે ફ્લેટ લીધો અને જિનમંદિર નજીક હોવાથી ઘરેથી પણ ઉઠીને શિખરના દર્શન કરતાં ઘણો જ આનંદ પામતા અને છેલ્લાં બે વરસથી તેઓશ્રી ઉનાળામાં ત્રણ ત્રણ મહિના ખુબ આરાધનાપૂર્વક અને શાંતિથી રહેતા હતા, અંતિમ સમાધિ પહેલા મને પંદર દિવસ ત્યાં પૂજ્ય બેન સાથે રહેવાનો અવસર મળ્યો અને અંતિમ સમાધિ ખૂબ જ શાંત અને આરાધનાપૂર્વક કરી તે પણ મને એક અલૌકિક લાભ મળ્યો કે મારું મકાન પણ સદાયને માટે સમાધિ–યાદગીરીરૂપ બની ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રીના ચોમાસામાં પૂ. બેન ઘણીવાર જતા હતા ત્યારે હું તેઓશ્રી સાથે જતી અને છેલ્લાં ચોમાસામાં પણ રાજકોટમાં જ્યાં પૂ. બેનશ્રી બેન ઉતર્યા હતા તે મકાનમાં હું પણ સાથે હતી અને ઘણીવાર નાની વયમાં પૂજ્ય બેને જે આરાધના કરી સમ્યક્દર્શન પ્રાપ્ય કર્યું ત્યારે તે સમયે પણ હું હાજર હતી, પરંતુ કાંઈ સમજણ ન હતી, પૂ. બેનનો વૈરાગ્ય જોઈ મને પણ એમ થયું કે પૂ. બેન આમ કેમ? આટલા ઉદાસીન રહે છે પરંતુ તે તો સમ્યક્દર્શન પ્રાપ્ત કરવાનો સમય નજીક આવી ગયો હતો; ત્યાર પછી તે વસ્તુ સમ્યક્દર્શન શું છે? તે પૂ. બેને સમજાવ્યું. તેઓશ્રીની કૃપાદૃષ્ટિથી અમે પણ આવી આરાધના કરી તેમના પંથે વિચરીએ એ જ હાર્દિક શ્રદ્ધાંજલિ છે.

મંજુલાબેન નાનાલાલ, જલગાંવ



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શુદ્ધાત્માના આરાધક મારા બેની

અમારા માતા પણ ધન્ય કે જેમના કૂંખે આ રત્ન પૂર્વના સંસ્કારના બળે અમારા ઘરે જન્મ લીધો. પિતાજી પણ ધન્ય બન્યા અને અમારા 'બહેન' એટલે અમે પણ એક ગૌરવતા અનુભવીએ છીએ કે અહો આવા 'બહેન' અમારા કુટુંબમાં! જેણે ધર્મના પાયા રોપ્યા અને ધર્મનું વસ્તુ સ્વરૂપ શું છે? તે સમજાવી અમને ન્યાલ કર્યા.

અમો દિલ્હીથી વરસમાં એક–બે વાર સોનગઢ આવીએ ત્યારે એક માસ રહેતા અને પૂ. ગુરુદેવની વાણીનો લાભ વારંવાર લેવા આવવા પ્રોત્સાહિત કરતા અને તેઓશ્રી સાથે પણ ચર્ચા–પ્રશ્નોનો સારો લાભ લેતા. ત્યારે ઘણીવાર કહેતા "હું શુદ્ધાત્મા છું" એની જ ભાવના કરવા જેવી છે, શુદ્ધાત્માનો ઘણો જ મહિમા છે, જેને આત્માની–અંતરની સાચી રૂચિ લાગે, લગની જાગે અને રાત–દિવસ "હું જ્ઞાયક છું, જ્ઞાયક છું, મારે બહારનું કાંઈપણ જોઈતું નથી. રાગ મારું સ્વરૂપ નથી, હું તો સિદ્ધની નાતનો છું" બીજું બધું તો અનંતકાળ કર્યું, એકવાર આત્માની ધૂન જગવવા જેવી છે તેવું વારંવાર સમજાવતા હતા અને શ્રી જિનેન્દ્રદેવના પ્રતિદિન દર્શન–પૂજન–ભક્તિમાં રૂચિ વધારવા આદેશ આપતા જે કારણે અમારા ઘરમાં બધાની દષ્ટિએ સત્યતા પર ઝૂકાવ કરેલ અને બધાને પૂ. બેન પ્રત્યે અહોભાવ આવતો.

અંતિમમાં પણ શ્રી કુંદકુંદજ્ઞાનચક્ર રાજકોટમાં આવેલ ત્યારે પૂ.બેને ખાસ મને કુંદકુંદજ્ઞાનચક્રના સ્વાગત માટે રોકાવા માટે આગ્રહ કર્યો જેથી હું રોકાઈ ગઈ અને સ્વાગતનો સારો લાભ મળ્યો. સ્વાગતમાં પૂ. બેને શ્રી જિનવાણીને હીરા–મોતીથી વધાવ્યા તે પણ એક આશ્ચર્યકારી દ્રશ્ય હતું કે એ સમયે તબિયત ઘણી નરમ હતી છતાં ત્યારે તેઓશ્રીએ ગીત રચેલું ગાયું અને બધાને માંગલિક સંભળાવ્યું. શરીર ઘણું અશક્ત પરંતુ તેઓશ્રીનું મનોબળ જાણે આત્મબળથી જ ટકી રહ્યું હતું.

પૂ. બેનની અજોડ ભક્તિ એ તો અમારા હૃદયમાં આજે પણ ગુંજી રહી છે. પૂ. બેનનો ઉપકાર તો કેમ કરી ભૂલાય! ખરેખર તેઓશ્રી જેવા પરિણમી જઈએ ત્યારે જ ખરેખરો ઉપકાર મનાશે ને ત્યારે જ ખરેખરી શ્રદ્ધાંજલિ કહેવાશે. પૂ. બેનનો આત્મા સંપૂર્ણદશાને શીઘ્ર પ્રાપ્ત થાય. એ જ ભાવના.

લાભુબેન જગજીવનદાસ પરિવાર, દિલ્હી



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# અમર પ્રકાશ સ્વરૂપી પૂજ્ય માસીબા

અમે પૂજ્ય માસીબાના ખરા સહવાસમાં ૧૯૬૩ મા આવ્યા. અમે તે વખતે આફ્રિકાથી પહેલીવાર સોનગઢ આવેલા. પહેલાં જ સહવાસમાં અમારા ઉપર એટલી બધી ધર્મની લાગણી અમારા મન ઉપર ઉત્પન્ન કરેલ કે આજ સુધી અમને પૂ. માસીબાની યાદ ભૂલાતી નથી.

પૂ. માસીબાને ધર્મ પ્રત્યે લાગણી હોવાથી તેઓ પૂ. ગુરુદેવની છત્રછાયામાં આવ્યા અને ધર્મનું સાચું જ્ઞાન તેમના પાસેથી મેળવ્યું તેઓએ છેલ્લે સુધી ધર્મનો પ્રચાર કર્યો.

તેમની દીર્ઘદૃષ્ટિ ધર્મ પ્રત્યેની જાણ અને સર્વે તરફથી લાગણી અજોડ હતી. અમે તેમના નિકટ પરિચયમાં આવ્યા ત્યારે સાચો ખ્યાલ આવ્યો કે ધર્મ શું છે? ધર્મ પ્રત્યેનું અજોડ જ્ઞાન હતું, સાથે સાથે તેમને બધા જીવો પ્રત્યે અને પ્રાણીઓ પ્રત્યે કરૂણાભાવ હતો. અમે અવારનવાર સોનગઢ જતાં તે વખતે તેઓ ગામ માટે ખૂબ જ કરતા. સાથે સાથે તેઓ બધા પશુ–પ્રાણીઓ માટે પણ વિશેષ કરતા. દુકાળમાં ગામની નજર હંમેશાં પૂ. માસીબા તરફ જતી અને પૂ. માસીબા તેમને મદદરૂપ થતા. આમ જોતાં ખ્યાલ આવ્યો કે પૂ. માસીબાને દરેક જીવો પ્રત્યે કૂણી લાગણી હતી અને બધા જીવોને ધર્મનું જ્ઞાન આપતા.

અમને એમ લાગે છે કે ધર્મસ્નેહી રમાબેને જાણે પૂ. માસીબા માટે જ જન્મ લીધો હોય તેવી રીતે તેમને તન–મન–ધનથી સાચી સેવા કરી, રમાબેને સર્વસ્વ પૂ. માસીબાને સોંપી દીધેલ.

પૂ. માસીબાના અમુક પ્રસંગો અમારા જીવનમાં કોતરાઈ ગયા અને તે પ્રસંગે અમારા જીવનને સાચો મોડ આપ્યો છે. પૂ. માસીબા બિમાર હોવાથી બોમ્બે આવેલ તે વખતે અમે દરરોજ તેમની સાથે કલાકો સુધી ધર્મચર્ચા કરતા હતા. આવા પ્રસંગો અમને જીવનમાં ધર્મ પ્રત્યેની સાચી લાગણી થઈ. એમને તીર્થયાત્રા તથા ભક્તિ ખૂબ જ પ્રિય હતા.

ખારા કુટુંબનો દીવડો બુઝાઈ ગયો પરંતુ તેનો પ્રકાશ હંમેશા ઝળકી રહેશે. તેમનો પ્રકાશ અમર છે. તેઓશ્રીનો અમારામાં પણ ઝળકે એ જ ભાવના સાથે શ્રદ્ધાંજલિ પુષ્પો અર્પીએ છીએ.

ઈન્દુબેન નગીનદાસ શેઠ પરિવાર,
ઘાટકોપર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# સહનશીલતાની મૂર્તિ–એવા જ્ઞાની માસીબા

પૂ. માસીબાનું જીવન ગંભીર અને એક સુંદર શાંત સાગર જેવું સ્થિર દીપતું અને તેમના મુખમુદ્રા પર ખાનદાનનો ખજાનો દિપતો હતો, પૂ. શ્રીનું જીવન સર્વત્ર સુવાસિત અમીરસભર્યું હતું. તેઓશ્રીના સાહસ પરિશ્રમમાં જ્યાં દેહનું ભાન ભૂલી જતાં અને તેઓના આશીર્વાદથી અમારા કુટુંબનો બાગ–બગીચો હરિયાળો, સુવ્યવસ્થિત, સુવાસિત બન્યો કે જેમની સુગંધીતાથી ભરેલી સુવાસ આજે પણ મહેંકે છે, તેઓશ્રીની વાણી શીતળ વડલાની છાયામાં અમે ગૌરવતા જ્ઞાની સંતના આશીર્વાદ પામી ધન્ય બન્યા, તેઓશ્રી અમારા શિરછત્ર તથા દીવાદાંડી સમાન હતા.

જેના નેણ વેણ અને ચાલમાં ચારિત્રનો ચળકાટ ચમકી રહ્યો હતો અને રગેરગમાં ચારિત્રનું ઝનૂન નિતરતું હતું અને આત્મિક ગુણો મહેકી ઉઠતાં અને હજી પણ મહેંકી ઉઠશે.

સહનશીલતાનો અજોડ જોટો–નાની વયથી જ ઘણું સહન કરતા આવ્યા છે અને ઘણી ભયંકર બિમારીઓમાં પસાર થયા, છતાં મુખ પર પ્રસન્નતા જ દેખાય. રોગમાં અખંડ સમતા ક્યારે રહી શકે? આત્મીયબળ ઘણું મજબૂત હતું કે તે જોઈ લોકો સ્તબ્ધ થઈ જતાં કે આ સમતા અને શાંતિ ક્યારે હોય? કોને હોય?

વાત્સલ્યની મીઠી વીરડી સમાન હતા, એમના હૃદયમાં એવું જોરદાર વાત્સલ્ય વહેતુ અને લોહીના બુંદેબુંદમાં શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ તથા વાત્સલ્યની સરિતા એવી વહેતી કે હરપળે–હરસમયે બધાની પુરેપુરી સંભાળ રાખતા, ચાહે શ્રીમંત હોય કે રંક હોય, અમીર હોય કે ગરીબ હોય બધા પ્રત્યે વાત્સલ્ય ધરાવતા.

અમારા જીવનમાં ધર્મના ઉંડા બિજડા રોપનાર હો તો ''પૂજ્ય જ્ઞાની માસીબા'' બાળપણથી જ અમોને જે ધાર્મિક સંસ્કાર પડ્યા હતા તે અહો ભાગ્ય છે કે અમારો જન્મ આફ્રિકામાં થયો, પરંતુ અમો નાનપણથી પૂજ્ય માસીબાના કારણે સોનગઢ આવતા અને અમે જે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું તે અમો આફિકામાં મોટા થયા ત્યાં સુધી, ઉંડા બિજડા રોપ્યા હતા તે ફાલવા લાગ્યા અને આફ્રિકા કાયમ માટે છોડી ભારતમાં આવ્યા કે જ્યાં અવારનવાર પૂજ્યશ્રી ગુરુદેવ તથા પૂ. માસીબાના દર્શન થતા.

અમારા જીવનના મહત્વાકાંક્ષી દિવસો જ્યારે અમો આફ્રિકાથી ભારતમાં આવ્યા ત્યારે તો અલૌકિક પ્રસંગો હતા, પંચ કલ્યાણક મહોત્સવ તથા પૂજ્ય ગુરુદેવશ્રીની હિરક જયંતિ મહોત્સવ અને શાશ્વતધામ શિખરજીની મહાન યાત્રા જેવા અવનવા પ્રસંગો માણ્યા ત્યારથી પૂ. શ્રી માસીબાના વધારે નિકટ પરિચયમાં પણ આવ્યા ને અમારા હૈયા થનગની ઉઠ્યા કે આ તો અમારા જીવનનો અનેરો પ્રસંગ અને પૂજ્ય માસીબાની સાતિશય લાગણી કે અમોને સોનગઢ

આવવા તરફ આકર્ષણ કરતી કે વેકેશન આવતાં અમારા ઘરના બધાને ધાર્મિક સંસ્કાર દ્રઢ કરાવતા, બાળકોને પણ ધાર્મિક વાર્તા કહેતા જેથી પૂ. માસીબા પાસે લાભ લેવાનો આગ્રહ રાખતા અને ખૂબ આનંદ માણતા, અમારી સાથે પાલીતાણાની યાત્રાએ પણ આવતા અને પૂજા—ભક્તિમાં તેઓશ્રીનો ઉછાળો બધાને રંગી નાખતા હતા, કે થોડીવાર તો બધા એ રંગે એવા ચડી જતાં અને તીર્થોની મહિમા સમજાવતા.

શારીરિક દર્દમાં પણ અજબ ગજબનો આત્મવિશ્વાસ હતો એ જે અંતિમ સમય સુધી શાંતિ—સમતા—સમાધિ જે એક મૃત્યુ—મહોત્સવ બની ગયો હતો, એ જેને નજરે જોયું છે તેને પણ યાદ આવતું હશે.

આવા જ્ઞાની માસીબાનું પીઠ—બળ પણ અમને જીવનપર્યંત મળો. એજ ભાવના સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આવા મહા સંતના ચરણોમાં વારંવાર નમસ્કાર હો.

સુધાબેન શાંતિલાલ મોટાણી પરિવાર મુંબઈ

## પવિત્ર આત્મજ્ઞ પૂજ્ય શાન્તાબેન

પવિત્ર શાંતાબેનનું જીવન ચરિત્ર એક ઐતિહાસિક બની ગયું છે કે પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશથી અને પોતાના પુરુષાર્થથી આત્મિકજ્ઞાન પ્રાપ્ત કરી પોતાનું જીવન સાર્થક બનાવ્યું.

મારા પિતાશ્રી નાનચંદ ભગવાનજી ખારા પૂજ્ય ગુરુદેવશ્રી સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા ત્યારથી પૂ. ગુરુદેવના પરમ ભકત હતા. પૂજ્ય શાંતાબેનના કાકા હતા અને પૂજ્ય બેનને ઘણી સહાયતા આપી છે, ચોમાસામાં પણ કોઈવાર સાથે જતા. પૂજ્ય ગુરુદેવને જ્યારે સંપ્રદાયનું ચિહ્‌ન મુહપત્તિનો ત્યાગ કરવાના હતા ત્યારે પહેલાં મારા પિતાશ્રી નાનચંદ ભગવાનજીને રાજકોટમાં વાત કરેલી કે ક્યાં છે શાંતાબેન!! તેમનાથી આ સહન નહિ થાય, એટલે પિતાજીએ ઘરે આવીને પૂ. બેનને વાત કરી અને પૂજ્ય બેન પિતાજી સાથે ફરીથી પૂજ્ય ગુરુદેવ પાસે ગયા ત્યારે પૂજ્ય ગુરુદેવે કહ્યું કે બેન મારે આ ચાર આંગળની મુહપત્તિનો ત્યાગ કરવો છે હું તો શુદ્ધ દિગંબર બ્રહ્મચારી છું અને ક્યાંય જંગલમાં પણ ચાલ્યો જાવ તો વિચાર કરશો. ત્યારે પૂ. બેનને કહ્યું કે ''સાહેબ'' આપના વગર મારું કલ્યાણ નથી માટે આપની વાણી જ અમારા માટે હિતરૂપ છે. ''સાહેબ'' આવું ન કરશો ત્યારે પૂજ્ય ગુરુદેવે ઘણી જ કરૂણાથી કહ્યું કે ''જ્યાં અમે ત્યાં તમે'' આવા મધુર શબ્દો સાંભળતા ઘણાં જ પ્રસન્ન થયા અને શાંતિ થઈ.

સોનગઢમાં પણ દિ. જૈન સ્વાધ્યાય મંદિરનું ઉદ્ઘાટન વિ.સં. ૧૯૯૪ વૈશાખ વદ—૮ના મારા પિતાશ્રી હસ્તે થયું હતું ત્યારથી મારા પિતાશ્રી તથા માતુશ્રી સોનગઢ વધારે સમય રહી

પૂજ્ય ગુરુદેવની વાણીનો તથા પૂ. શાંતાબેનના સમાગમનો લાભ લેતા.

આવા પવિત્ર આત્મા ત્વરાથી પૂર્ણદશાને પ્રાપ્ત થાય અને અમોને પણ એ રસ્તે દોરી જાય એ જ ખરેખરી અંજલિ છે.

હિંમતભાઈ નાનચંદ ભગવાનજી ખારા તથા
હસુભાઈ નાનચંદ ભગવાનજી ખારા

## દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે યોગદાન

પૂજ્યશ્રી ગુરુદેવ સંપ્રદાયમાં હતા ત્યારથી જ મારા પિતાશ્રી (નાનચંદ ભગવાનજી ખારા) એ તેઓને 'ગુરુ' સ્વીકારેલા હતા જેથી પૂજ્ય ગુરુદેવના પરમ ભક્ત હતા. તેઓની સાથે મારે સૌ પ્રથમ સન ૧૯૪૮ માં જવાનું થયું ત્યારે પૂ. ગુરુદેવના વ્યાખ્યાન અને પૂજ્ય બેનશ્રી બેનની ભક્તિ સાંભળતા અને પૂજ્ય શાંતાબેનનો ભક્તિનો ઉછાળો જોઈ હું એકીટશે જોઈ રહી ત્યારથી જ્યારે સોનગઢ આવીએ ત્યારે ભક્તિની જ ઉત્સુકતા રહે.

પૂ. બેનને આબુમાં પગે ફેક્ચર થયેલું ત્યારે અમદાવાદમાં હતા જેથી મને સારો લાભ મળતો, એ સમયે પગની પીડા ઘણી છતાં સમતાભાવે શાંતિથી સહન કરેલી તે જોઈ ડોક્ટર અને નર્સો આશ્ચર્ય અનુભવતા ત્યારે મુમુક્ષુઓ કહેતા કે "પૂ. બેને દેહથી ભિન્ન આત્માની વાત" પુરી સમજીને ચરિત્રમાં ઉતારી છે.

પૂ. ગુરુદેવના વ્યાખ્યાન સાંભળવામાં કે યાત્રા કરવામાં એમની નાજુક તબિયતને કારણે ગમે તેટલી મુશ્કેલી પડે તો પણ પ્રમાદ સેવતા નહીં અને ઉત્સુક રહેતા.

રોજ–રોજ ખાદ્ય વસ્તુઓમાં કેટલી બધી હિંસક વસ્તુઓ હોય છે કે તેનો આપણને ખ્યાલ પણ ન આવે. પૂ. બેનને ખ્યાલ આવે કે કોઈ વસ્તુમાં દોષ છે તો તેમના આરોગ્યમાં ગમે તેટલી જરૂર હોય તો પણ તે વસ્તુનો ત્યાગ કરતા અને અમને પણ સૂચના કરતા.

તત્ત્વની બાબતમાં કંઈ શંકા થાય તો તેનું સમાધાન ઘણી સરસ રીતે અને સુગમતાથી કરતા અને એમની વાણી સાંભળીને લાગતું કે જે જીવ અનાદિની યાત્રા શાન્ત કરવાનો પુરુષાર્થ કરે છે અને એક ડગલુ આગળ ભરવામાં પૂ. બેનની વાત એક નિમિત્ત બને છે.

પૂ. ગુરુદેવના પરિવર્તનના સમયે પૂ. બેને સક્રિય સેવાઓ આપી હતી. બ્રહ્મચારી બેનો માટે આશ્રમ સ્થપાયો ત્યારે આશ્રમની વ્યવસ્થામાં તેઓએ ઘણું યોગદાન આપેલ. તેવી રીતે યાત્રાઓ, જિન મંદિરોની પ્રતિષ્ઠા વગેરેમાં ઘણો મોટો હિસ્સો રાખતા, રહેણી–કરણીમાં પણ ખૂબ જ ચોકસાઈ સાથે ઉદારતા જેવાગુણો ખૂબ જ અનુકરણીય હતા. ખારા કુટુંબની દીકરી



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

હોવાને કારણે મને તેઓના સહવાસનો તથા તત્ત્વ વિષેની વાર્તા સાંભળવાનો ઘણો લ્હાવો મળ્યો હતો.

પોતાનું જીવન સાર્થક કર્યું તેવી જ રીતે બીજા જીવો પણ આ અનુકરણીય કરી સાચી શ્રદ્ધા અને સાચું જ્ઞાન અને સચારિત્ર મેળવીને આ દુર્લભ મનુષ્ય ભવમાં બને એટલા આગળ વધે એવી તેઓશ્રીની તીવ્ર ભાવના સદાય રહેતી. એ ભાવના હવે અલ્પકાળમાં સાકાર કરીએ એ જ સહૃદયથી શ્રદ્ધાંજલિ છે.

પુષ્પાબેન હરિલાલ
અમદાવાદ

## જગત તારણહારી માતા

દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત
તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત.

વર્તમાન આ કાળમાં પરમ પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાંતાબેનનો યોગ એટલે પૂર્વેના પ્રબળ પુણ્યનો યોગ, જીવન કૃતાર્થ કરવાની ઘડી, તેઓ સમાન બની જવાનો સુવર્ણ અવસર, જેની તુલનામાં વિશ્વની સમસ્ત સમૃદ્ધિ તુચ્છ લાગે. આ સુવર્ણપુરીના ત્રિપુટી સંતોને વિનમ્રતાપૂર્વક સવિનય ભક્તિભાવે કોટી કોટી વંદન.

પૂજ્ય બેન શાંતાબેન એટલે જીવંત તીર્થ. અતિ સમીપતાથી અવલોકન કરતા સમજાય તેઓશ્રીનું પવિત્ર જીવન. ચિદ્રૂપ આત્માની સતત ધુન, આત્માને હાથમાં આંબળાની જેમ અત્યંત સ્પષ્ટ બતાવવાની અત્યંત સરળ રીત, તીર્થવંદનમાં એવું લાગે સિદ્ધ ભગવંતો સાથે વાત કરતા હોય, આચાર્ય ભગવંતો—મુનિઓનો મહિમા ગાતા હોય ત્યારે એવું લાગે કે આ ભમવાં પુરુષ હોત તો જંગલમાં જઈ મુનિ બની જ્ઞાનવનમાં તીવ્રપણે કેલી કરવા લાગત, જિનેન્દ્ર ભગવાનનો મહિમા યશગાન ગાતા કદી ન થાકે, દેવ—શાસ્ત્ર—ગુરુ પ્રત્યે અનન્ય ભક્તિ, ભક્તિ—પૂજાની અપૂર્વતા એવી કે ચતુર્થ કાળ યાદ આવે, પૂજ્ય ગુરુદેવના જીવનની વાત કરતા, પ્રસંગોની ચર્ચા કરતા, ગુરુ મહિમા ગાતા, તેઓશ્રીના રૂવાટે રૂવાટેથી ગુરુદેવનો જયઘોષ નીકળતો દેખાય, પૂજ્ય બેનશ્રીનો ઉપકાર વર્ણવતા, શરૂઆતમાં બનેલ પ્રસંગોનું વર્ણન કરતાં ભાવવિભોર થઈ જાય. આવા પરમ વહાલા પરમ પૂજ્ય બેન એટલે ભવ્ય જીવોની તારણહાર માતા. જગતમાતા, તેમનો ઉપકાર, મહિમા કઈ રીતે કહું?

તેઓશ્રીનું સમસ્ત જીવન જ એક આદર્શ જીવન હતું. અંદરમાં આત્મા અને બહારમાં

વિશેષપણે જિનમંદિરમાં પૂજા–ભક્તિ, સ્વાધ્યાય, ચિંતવન, મનન કરતા અંતરમાં ઉતરી જવું તે જ આપનું વાસ્તવિક જીવન હતું. જિનમંદિરમાં સવારે પ્રવચન પછી ને સાંજે ભક્તિ પછી જ્ઞાનધ્યાનમાં મગ્ન થઈ જતા.

પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન અને તેઓશ્રીની અમૃત ઝરતી વાણીનું શ્રવણ થતા જ કૃતકૃત્ય થઈ જતા. પરમ પૂજ્ય ગુરુદેવની મંગલ તીર્થયાત્રાની વ્યવસ્થા, ગામે ગામ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીમાં, જિનવાણીના પ્રચારપ્રસારમાં, દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ–પૂજામાં, જિનમંદિરમાં પ્રશમ રસ ઝરતી ભાવભીની ભક્તિ કરાવતા, પૂજ્ય ગુરુદેવના આહારદાન વગેરે ભક્તિના કાર્યોમાં અત્યંત ઉલ્લાસ, ઉત્સાહપૂર્વક ભાગ લેતા. ઘણા વર્ષો સુધી રાત્રે મુમુક્ષુ બહેનો સમક્ષ પૂજ્ય બેનશ્રી સાથે પ્રવચન આપતા.

આમ બાળકોને વાંચન–શ્રવણની રીત, વિચાર–પ્રયોગની રીત, અનુભૂતિ પહેલાં ને પછી ચાલતી ધારાનું સ્વરૂપ, જ્ઞાનીની જ્ઞાનની આરાધનાનું સ્વરૂપ, એવું સુંદર રીતે સમજાવતા કે પુરુષાર્થી જીવ સત્ માર્ગે ચાલી અવશ્ય નિજ કલ્યાણ કરી લે.

પૂજ્ય ગુરુદેવના નિકટ પરિચયમાં આવ્યા અને જ્યારે અંતરંગમાં અનુભૂતિ થઈ ત્યારે સમજાણું કે ગુરુદેવ ખરેખર કેવા છે, બેનશ્રી ખરેખર કેવા છે, સિદ્ધ ભગવાન ખરેખર શું કરે છે. માટે આપણે પણ સિદ્ધ ભગવંત, પંચ પરમેષ્ઠી, ગુરુદેવ, બેનશ્રી અને બેનને અંદરથી ઓળખવા માટે ઉપકાર વર્ણવવા માટે એક જ રીત છે કે આપણે આપણા આત્માને સ્વ સંવેદન વડે અનુભવીએ તે જ ખરા અર્થમાં પરમ પૂજ્ય બેનને સાચી શ્રદ્ધાંજલિ લેખાશે.

પ્રકાશ જેકુંવરબેન પરિવાર

## સૂક્ષ્મ દૃષ્ટિવંત પૂજ્ય શાન્તાબેન પ્રત્યે શ્રદ્ધાંજલિ

પૂજ્ય અધ્યાત્મ યોગી શ્રી ગુરુદેવ પ્રત્યે દિગંબર ધર્મનું મૂળ સ્વરૂપ શું છે તે સમજાવી અનંત અનંત ઉપકાર કર્યો છે.

આવા કળિકાળમાં પૂ. ગુરુદેવનો અવતાર તે અમારા જન્મ–મરણ ટાળવાનો મહામંત્ર આપ્યો કે રાગાદિથી–શરીરાદિથી તદન જુદો જ્ઞાયકદેવ તારા જ દેહમંદિરમાં બિરાજે છે તેના દર્શન કરે તો જન્મ–મરણ ટળી જાય.

પૂ. ગુરુદેવના અપૂર્વ સંદેશથી પૂ. બેને પણ આ સંદેશ સાંભળી પ્રયોગ કરી અપૂર્વ મંથન–પુરુષાર્થ વડે આ મહામંત્ર સાધ્યો અને તેઓના જન્મ–મરણના ફેરા ટળી ગયા. જેઓ શાંતમૂર્તિ, સ્વરૂપજ્ઞાનધારી, સૂક્ષ્મ દૃષ્ટિ ગ્રાહક, વાત્સલ્યયુત, નિખાલસતા, તીર્થયાત્રા, પ્રતિષ્ઠા


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

પ્રસંગે તથા દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે તન–મન–ધનથી અત્યંત ભક્તિ ધરાવતા અને દરેકને આ પ્રમાણે ભક્તિ શીખવાડતા હતા. તેઓશ્રીની ભક્તિ તો મુમુક્ષુઓને ભક્તિ રંગ ચડાવતા.

અમો બધા પણ ભાગ્યવાન કે આવા ''બેન'' જેવા બેને અમારા કુટુંબમાં જન્મ લીધો, જે જન્મ અનંતા જન્મો ટાળી હવે તો સિદ્ધદશા પૂર્ણદશાને પ્રાપ્ત થાશે, પૂ. બેન પણ બોલતા કે હવે ''અમારા મોક્ષના દ્વાર ખુલ્લી ગયા.''

તેઓશ્રીનો વાત્સલ્ય પ્રેમ એવો હતો કે અમારા 'માતા' તુલ્ય હતા કે બધાની વાત પ્રેમથી સાંભળતા અને સારાંશ ધર્મની રૂચિ વધારવા તરફ પ્રેરણા આપતા. જેથી ઘરમાં બધાને સારી રૂચિ છે.

પૂ. બેનના અંતિમ સમાચાર સાંભળીને તો અમો બધા રવાના જ થઈ ગયા કે તેઓશ્રીની સમાધિ અગાઉ પહોંચી ગયા કે જે પ્રસંગ ધન્ય હતો, એ જોવાનો પણ અમૂલ્ય લ્હાવો હતો. શાંત થયા પછી પણ તેઓશ્રીની મુખમુદ્રા પર ઘણું તેજ હતું કે જાણે હમણાં બોલશે. મહાપુરુષના લક્ષણો બહારથી જ ઓળખાય જાય છે.

હે માતા! આપે જે અંતિમ સુધી શાંતિથી આરાધના–સમાધિ કરી તે વારસો અમને પણ હોજો. એ જ આપના ચરણોમાં નમીએ છીએ.

રેવાબેન ટીંબડિયા પરિવાર
કલકત્તા

## પૂજ્ય ગુરુદેવના અનન્ય ભક્ત–પૂજ્ય બેન

હે પૂજ્ય બેન! આપના વિરહે અમોએ આપની શીતળ છાંયડી ગુમાવી છે, પરંતુ અમારા હૃદયમાં એવા 'આપ' વસી ગયા છો કે આપને યાદ કરતાં તો થોડા સમય માટે વિરહ ભૂલાય જાય છે. આપના જીવનમાંથી અપૂર્વ પ્રેરણા લઈને એક વાત નિશ્ચિતપણે સમજ્યા છીએ કે આત્માનુભૂતિ–ચૈતન્યમય માત્ર આ જીવનનું ધ્યેય હોવું જોઈએ.

આપ તો ભવ સમુદ્ર તારણહાર નૌકા હતા, આપ પૂજ્ય ગુરુદેવની સમાધિ પછી તુરત પાવાગઢ તીર્થની યાત્રા કરવા બરોડા પહેલાં અમારા ઘરે પધાર્યા હતા અને ત્યાંથી મુમુક્ષુ મંડળ સહિત બધા સાથે યાત્રા ખૂબ જ આનંદથી કરી અને તે પ્રસંગે પ્રેરણા આપતા કે જેવા સિદ્ધોનું સ્વરૂપ છે એવું જ તારું છે માટે સિદ્ધોના ગુણો ગાતા તીર્થોની યાત્રા કરવાનો હેતુ છે. ત્યાર પછી ૧૯૮૭ માં પણ આપે શાશ્વત તીર્થધામની યાત્રાએ ૧૨ દિવસ રહી ખૂબ જ આરાધના કરી ત્યારે વળતા ફરી બરોડા અમારે ઘરે પધાર્યા ત્યારે પણ સિદ્ધિધામમાં આપે જે આરાધના કરી તેનો

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org
ઘણો રંગ હતો જેથી અમોને આરાધનાની વાતો કરતા ઘણો જ ઉલ્લાસ કરતા જે ભાવો સાંભળી અમોને પણ ઘણો જ આનંદ થતો. તીર્થો પ્રત્યે તો ઉછળી જતા અને વારી જતા.

પૂજ્ય ગુરુદેવના અનન્ય ભક્ત શાસનની અપૂર્વ સેવા તન-મન-ધનપૂર્વક કરતા, જિનવાણીના પ્રસાર–પ્રચારની સુવ્યવસ્થિત વ્યવસ્થા કરી એટલું જ નહીં સમયસાર–ગ્રંથ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો આપ બંને બેનોએ સાંભળી, અતિ ઝીણવટપૂર્વક સંકલન કરી ''કર્તાકર્મ અધિકાર'' પ્રસિદ્ધ કરાવ્યો, તેમાં સાંભળવામાં કેટલી એકાગ્રતા હશે?

આપ જેવા બેન અમોને મળ્યા તે અમારું પરમ સૌભાગ્ય છે કે ઘરમાં પણ બધાને આપના સંસ્કારના છાંટા પડ્યા છે આપના પુનિત પંથે ચાલીને અમો આત્મહિત પામીએ એજ ભાવનાપૂર્વક આપને અભિનંદીએ છીએ, અભિવંદીએ છીએ.

મંછાબેન જયંતિલાલ ભાયાણી પરિવાર,
બરોડા

## મને લાગે સંસાર અસાર : પૂજ્ય બેન

પૂજ્ય બેન તો મારા કાકાના દીકરી હતા, જેથી નાનપણથી મને તેઓશ્રીનો સમાગમ મળ્યો અને ત્યારે ઉપાસરે જતા ત્યારે હું પણ તેઓની સાથે સાથે જતી. તેઓના વિચાર અને ભાષામાં વૈરાગ્ય જ નિતરતો હતો અને ધર્મ પ્રત્યેના સંસ્કાર કોઈ અનોખા હતા. કુટુંબમાં બધાને તેઓશ્રી પ્રત્યે બહુમાન આવતું.

કુટુંબીજનો પ્રત્યે વાત્સલ્ય પ્રેમ ધરાવી દરેકને ધર્મમાં આગળ વધવા તરફ પ્રોત્સાહિત કરતા.

નાની વયથી જ સંસારના અનેક દુઃખોનો સામનો કરી શાંતિથી પસાર કરતા અને સંસારનું અસાર સ્વરૂપ જાણી વૈરાગ્ય કરતા. દીક્ષા લેવાની ભાવના હતી પરંતુ પિતાજી વગેરે બધા નારાજ હોવાથી પૂજ્ય ગુરુદેવના દર્શન કરવા કુટુંબ સાથે ગયા અને પૂજ્ય ગુરુદેવના દર્શન કરી નિર્ણય લીધો કે આ ગુરુથી જ મારું કલ્યાણ થાશે. પૂજ્ય ગુરુદેવે ઉપદેશમાં દીક્ષાનું સ્વરૂપ સમજાવ્યું કે દીક્ષા લેવી એ દખ્યા છે, આત્મ સ્વરૂપને ઓળખો એ જ ખરી દીક્ષા છે, તે મહા મંગલમય શબ્દો આત્મામાં પેસી ગયા અને આત્માનો પુરુષાર્થ સતતપણે શરૂ થયો ત્યારે ગાતાઃ

મને લાગે સંસાર અસાર
એરે સંસારમાં નહી જાવું નહીં જાવું.....


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ખારા કુટુંબને પૂજ્ય ગુરુદેવના વધારે પરિચયમાં લાવનાર તથા આખા કુટુંબને ઉજાળનાર બન્યા હોય તો પૂજ્ય બેન છે!!

પૂ. ગુરુદેવનુ ચોમાસુ અમરેલીમાં થયું ત્યારે પૂ. બેન ખૂબ લાભ લેતા અને વ્યાખ્યાનની નોંધ કરતા હતા અને ચર્ચા પણ કરતા.

બાલુબેન કામદાર પરિવાર
મુંબઈ

## સમાધિ સ્વરૂપે પ્રણમેલા : પૂજ્ય બેન

પૂજ્ય ગુરુદેવનું પરિવર્તન થવું અને દિગંબર સત્યધર્મમાં સૂર્ય ઉગ્યો કે જ્યાં ચૈતન્યદેવનું પ્રકાશ સારાય દેશ–વિદેશમાં ફેલાય ગયું કે લોકોને તત્ત્વજ્ઞાનનો પ્રેમ જાગ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રીના પરિવર્તનમાં મોટો ફાળો પૂજ્ય બેન શાન્તાબેનનો છે કે પૂ. ગુરુદેવશ્રીના પરિવર્તન પહેલાં પણ પૂજ્ય ગુરુદેવના ચાતુર્માસ સાથે કરતા હતા, એટલે પૂજ્ય ગુરુદેવના આત્માને ઓળખીને પોતાના આત્માનો સાક્ષાત્કાર કરી જીવન સફળ બનાવ્યું છે.

પૂજ્ય બેન સોનગઢમાં ૪૫ વર્ષો સુધી રહ્યા અને જે દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની ભક્તિ હતી જે આજે જોવા મળે તેમ નથી. શું તેમની સરળતા, શું તેમની વાત્સલ્યતા, શું તેમની નમ્રતા, શું તેમની કરૂણા શું? તેઓશ્રીના ગુણોનું વર્ણન આ અજ્ઞાની અલ્પમતી ક્યાંથી કરી શકે!

તેઓશ્રી વારંવાર સંબોધતા હતા કે એક શ્રી જિન મંદિરે નિયમિત જવું અને બીજું થોડું થોડું સ્વાધ્યાયમાં મન લગાવવું અને તેમાં રૂચિ વધારવી અને શ્રી જિનમંદિરમાં શું ખામી છે? તે અમને કહી તુરત ખામીની પૂરતી કરાવતા.

અહો ભાગ્ય! કે તેઓશ્રીની અંતિમ સમાધિ જોવાનો લ્હાવો મળ્યો, કે હું એક દિવસ પહેલાં પહોંચી ગયો, આ અવસર તો યાદ કરતાં રોમાંચ ખડા થઈ જાય છે, કે બધાને આ રસ્તે જવાનું નિશ્ચિત છે, પરંતુ આવી સમાધિ થાય તે અહો ભાગ્ય.

આવા જ્ઞાની સંતના ચરણમાં મસ્તક નમાવતા શ્રદ્ધાંજલિ અર્પુ છું.

મનમોહન ગાંધી
ઘાટકોપર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# અહોર્નિશ જ્ઞાનીઓનો સમાગમ હો

પૂજ્ય બેન નાની વયથી જ પૂજ્ય ગુરુદેવશ્રીના પરિચયમાં આવ્યા હતા, તેઓ પૂ. ગુરુદેવનું ચાતુર્માસ જ્યાં હોય ત્યાં પુરો લાભ લેવા જતા હતા, પૂજ્ય ગુરુદેવ તથા પૂ. બેનશ્રીના સમાગમમાં આવ્યા, પૂજ્ય ગુરુદેવની વાણીમાં ભેદજ્ઞાનનો શબ્દ સાંભળતા જ પોતાને સ્વાનુભવ (ભેદજ્ઞાન)ની ધૂન જાગી અંતરમાં ઉગ્ર પુરુષાર્થ જાગ્યો અને આસો વદ ચોથના સંવત ૧૯૯૦ માં પોતાના જ્ઞાયકદેવના દર્શન કર્યાં.

પૂજય બેનની અમારા ઉપર ઘણી જ કરૂણા હતી. તેઓની પ્રેરણાથી જ અમોને પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમમાં આવ્યા અને પૂ. ગુરુદેવની વાણીનો અમૂલ્ય લાભ મળ્યો. પૂ. બેન મને ઘણી જ કરુણાથી કહેતા હતા કે ભાઈ પૂજ્ય ગુરુદેવશ્રી જે તત્ત્વ સમજાવી રહ્યા છે તેને સમજીને પોતાનું હિત કરી લેવા જેવું છે, આ પંચમકાળમાં આપણને પૂ. ગુરુદેવનો અપૂર્વ યોગ મળ્યો છે. તો અવારનવાર પૂ. ગુરુદેવના સાનિધ્યમાં રહીને તત્ત્વને સમજીને પોતાનું હિત કરી લેવાનો આ કાળ છે, આવી પ્રેરણા તેઓ આપતા જ રહ્યા.

સત્તદેવ–ગુરુ ધર્મ પ્રત્યેની તેઓની બેહદ ભક્તિ સૌને માટે ખૂબ જ આદર્શરૂપ હતી. પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બેનશ્રી પ્રત્યે તેમને અપાર ભક્તિ હતી. તેઓ વારંવાર કહેતા હતા જેટલો બને તેટલો સમય નિવૃત્તિ લઈ જ્ઞાનીઓના સાન્નિધ્યમાં રહીને તત્ત્વનો અભ્યાસ કરવો, બહારમાં ગમે તેવી પરિસ્થિતિ કે યોગ એવા હોય તો પણ ધર્માત્મા પ્રત્યે મનમાં અવિનયભાવ વિરોધભાવ કે અભક્તિભાવ જરા પણ ઉત્પન્ન થવા ન દેતા અને સમર્પણભાવે તેના સાન્નિધ્યમાં રહી પોતાનું હિત કરી લેવા જેવું છે, આવી પ્રેરણા ઘણી જ કરૂણાથી આપતા હતા.

પૂ. ગુરુદેવશ્રીનો વિરહ પડ્યો અને મને થયું કે વધારે વધારે સમય સોનગઢમાં રહીને પોતાનું હિત કરી લેવાની અંતરમાં ભાવના જાગી અને તેવો યોગ પણ બન્યો ત્યાં તો થોડા જ સમયમાં પૂ. બેનનો પણ વિરહ પડ્યો, પરંતુ તેઓએ આપેલી પ્રેરણા અંતરમાં જાગૃત રહી છે. હવે ધર્માત્મા સંતના ચરણોમાં સર્વસ્વભાવે સમર્પણ કરી પોતાનું આત્મહિત કરી લેવું તે જ પૂજ્ય બેન પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ છે.

ધર્માત્મા સંતોના ચરણોમાં કોટી કોટી વંદન
જ્ઞાની ધર્માત્મા સદા જયવંત વર્તો.

વૃજલાલ તારાચંદ ખારા
કલકત્તા



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# વાત્સલ્યમૂર્તિ પૂ. બહેન શ્રી શાન્તાબેન

હે, પૂ. બહેન શ્રી આમ તો હું મારા પરિવાર સહિત ઘણાં લાંબા સમયથી સોનગઢ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સંપર્કમાં આવેલ હોવા છતાં જ્યારે મારા પુત્ર કિશોરના લગ્ન થયા ત્યારથી આપના પરિચયમાં વિશેષપણે આવવાનું થયું. આપની અમારા પ્રત્યે અતિ અતિ વીતરાગી કરૂણા થઈ. અમારી અનેક ભૂલોને સુલઝાવી સીધા રાહે આવવાનો આપનો અનુગ્રહપૂર્વક ઉપદેશ મળતા આત્મસ્વરૂપ સમજવા માટેના અમારા ઉત્સાહમાં ઘણી વૃદ્ધિ થઈ તે આપનો અનુપમ ઉપકાર વર્તે છે.

આપની ૬૮ મી જન્મ જયંતિ ઉત્સાહપૂર્વક ઉજવવાનો પ્રસંગ અમોને પ્રાપ્ત થયો હતો તે વખતે ભાવનગરના મુમુક્ષુ ભાઈ–બહેનો પણ આપની ઉત્સાહભરી ભક્તિ સ્વાધ્યાયનો લાભ પ્રાપ્ત થતા ઘણા પ્રભાવિત થયા હતા. ૭૯ મી જન્મ જયંતિ પાલીતાણા ઉજવવામાં આવી તે પ્રસંગે અમે ભાવના ભાવેલી કે આપની ૮૦ મી જન્મ જયંતિ ભાવનગરમાં અમારે આંગણે ''મધુકુંજ'' માં ધામધુમથી ઉજવવી–પરંતુ આ પ્રસંગ પ્રાપ્ત થતાં પહેલાં તો આપ સ્વર્ગે સિધાવ્યા–અમારી ભાવના અધુરી રહી છે અમે આપના ગુણો સંભારી ભાવ જયંતિ ઉજવીએ છીએ.

આ બધો ઉપકાર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો અને પૂજ્ય બેનનો છે તેવા આપના ઉપકાર અમોને પણ સત્ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની વિશેષ વિશેષ ભાવના જગાવે છે. આપના સ્વર્ગવાસથી અમારું ભક્તિ–સ્વાધ્યાયનું સાધન સુનું પડ્યું. આપ જવાથી અમો ગરીબ થઈ ગયા. છેલ્લે રાજકોટમાં આપની સમાધિ સમયે હાજરી આપેલ. અતિ અતિ તીવ્ર વેદન વખતે પણ સત્‌દેવ શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની અપાર ભક્તિ અને શાંત સમાધિસ્થ દશા પ્રત્યક્ષ નિહાળીને અમો સર્વને જે દિલગીરી સાથે પણ પ્રમોદ અને આનંદ થયો તે અવર્ણનીય હતો.

અંતમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તીર્થંકરપદે બિરાજે ત્યારે તેઓશ્રીના અનુગ્રહથી આપે તેમના સાન્નિધ્યમાં આદરેલું આત્મિક સુખ પ્રાપ્તિનું કાર્ય, સમોશરણમાં તેઓશ્રીના ગણધરપદની પ્રાપ્તિ કરી, સંપૂર્ણ મોક્ષ સુખની પ્રાપ્તિ શીઘ્ર શીઘ્ર કરો અને અમે પણ આપની સાથે સાથે જ સ્વ–સ્વરૂપને પામીએ તેવી ભાવના ભાવી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

(નગીનદાસ હીરાલાલ ભાયાણી અને પરિવાર, ભાવનગર)ના કોટી કોટી વંદન.

# વસમી એ જ્ઞાનીની વિદાય

પૂજ્ય શ્રી ગુરુદેવનો વિરહ તો હલકો પડ્યો ન પડ્યો, ત્યાં તો હે માતા! આપે તો પૂ. ગુરુદેવનો વિરહ તોડ્યો અને પૂજ્ય ગુરુદેવ સાથે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાનની સાક્ષાત્ વાણી સાંભળવા જતા હશો, અમોને તો આપના વિરહા બહુ આકરા લાગે છે, જાણે કેટલા વર્ષો વીતી ગયા હોય તેવું લાગે છે.

વાત્સલ્યથી ભરપૂર લાગણીશીલ અને તત્ત્વ ચિંતવનમાં મગ્ન એ ચહેરાના દર્શન અમને ક્યાં ને ક્યારે થશે? સોનગઢ ગઈ ત્યારે એ સૂનકાર ઓરડો ત્યાં આપશ્રીની અનઉપસ્થિતિ બહુ સાલતી હતી, આપના ભણકારા વાગ્યા કરતા હતા, એ મધુરો મીઠો રણકાર ક્યાં હવે સાંભળવાનો કાનમાં એ મીઠો સુરીલા શ્વરોનો ગુંજારવ જાણે થતો હોય તેવું લાગે છે; પણ ના એ તો આભાસ છે. હે માતા આપના તો દૂર દૂર રહેઠાણ થયા એ મૂર્તિ તો દૂર દૂર થઈ ગઈ. જ્ઞાનીની વિદાય સહેવી સહેલી નથી.

આપનું જીવન તત્ત્વમય જ બનાવી દીધેલ. ૪૫ વર્ષો સુધી શ્રી ગુરુદેવશ્રીની છત્રછાયામાં રહી તત્ત્વનું જ પાન કર્યું ને જીવનને ધન્ય કરી દીધું.

અહો ડગલે ડગલે શબ્દ ને શ્વાસે શ્વાસે જ્ઞાયકનો જ રણકાર રણક્યો "હું જ્ઞાયક છું" એ વસ્તુને જીવનમાં વણી અનુભવ કરીને જ્ઞાયકનો આનંદ લૂંટ્યો ને મનુષ્યભવને જ્વલંત બનાવ્યો.

વરસો પહેલા જ્યારે સોનગઢમાં શ્રી જિન મંદિર થતું હતું ત્યારે મંદિરજીના ગભારામાં આપ બંને બહેનો માથે તગારામાં સીમેન્ટ ભરી અંદર લઈ જતા છતમાં નાખતા, સાથે બધી બ્ર– બહેનો ગરબા લે તે દ્રશ્ય યાદ આવતા આંખમાં આંસુ આવી જાય છે. જે બહેનોને તાલીમ આપી છે તે સોનગઢમાં રહેનાર વ્યક્તિ કદી ન ભૂલી શકે. આપની કાર્ય શક્તિના તો શ્રી ગુરુદેવે પણ સ્વમુખે વખાણ કરેલ. આપની કાર્ય શક્તિનાતો શ્રી ગુરુદેવે પણ સાથે સાથે તત્વભરપૂર આપનું જીવન.

આવી વિભૂતિ અમારાથી છૂટી પડી ગઈ, ગમે તેવા કસોટીના સમયમાં આપશ્રીએ ધૈર્ય અને શાણપણથી હિંમત રાખી ઉભા રહી જીવનને અમૃત પાયું–ધન્ય બન્યા.

ધન્ય છે એ વિભૂતિને! ધન્ય છે તે આત્માને!

વંદાબેન અરૂણભાઈ તથા જયાબેન રાયચંદ
લંડન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## અમરેલી ગામનો ચમકતો હીરો પૂ. બેન

પૂજ્ય શાંતાબેન! એક અનોખી મહિલા રત્ન હતા. તેઓશ્રીનું મૂળ ગામ અમરેલી હતું. જેથી અમારા ગામ પ્રત્યે તેઓશ્રીને વિશેષ લાગણી હતી. જ્યારે આકળીયા ગામે પંચકલ્યાણીક પ્રતિષ્ઠાનું નક્કી થયું તો તુરત તેઓશ્રીએ અમને ચમકાવ્યા કે અહા! આ તો આપણા ગામના પાડોશમાં જ પંચકલ્યાણીક થાશે તો આપણે પણ જયપુરથી ત્રણ ભગવાન લયાવીએ અને સાથે સાથે પ્રતિષ્ઠા થઈ જાય પછી વેદી પ્રતિષ્ઠા કરીશું. જેથી તેઓશ્રીની ભાવનાથી જ મૂળનાયક શ્રી શાંતિનાથ તથા શ્રી નેમિનાથ તથા શ્રી પારસનાથ ભગવાનની પ્રતિષ્ઠા થઈ જેથી અવારનવાર અમારા ગામે તેઓશ્રી પધારતા હતા અને દરેકને સાચો દિગંબર જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા જગાડી અને શ્રી જિનેન્દ્રદેવની મહિમા સમજાવી અને પૂજાભક્તિ સ્વાધ્યાય વગેરે બધું શીખડાવ્યું. અમારા માટે તેઓશ્રીનો ઘણો ઉપકાર હતો.

પૂ. શાંતાબેને ઘણાં વર્ષોથી પૂજ્ય ગુરુદેવની સાથે સોનગઢમાં રહી નિર્ગ્રંથતાના પંથ પર ગાઢ શ્રદ્ધા અને અપૂર્વ ભક્તિ—સેવા કરેલી. શ્રી દેવ—ગુરુ—શાસ્ત્ર પ્રત્યે તેઓએ ઉત્કર્ષ અને પ્રભાવના માટે તનતોડ પરિશ્રમ અને બધાને ધર્મ પ્રત્યે વાળવાની અજબની શક્તિ બતાવી.

વીતરાગીધર્મ પ્રત્યે અથાગ પ્રેમ અને પ્રભાવના માટે નાજુક સ્વાસ્થ્ય હોવા છતાં બહારગામ જતા અને તેઓશ્રીની વાણીની મધુરતાથી મુગ્ધ કરતા.

હે માતા! આપનો આત્મા વીતરાગ દેવ—ગુરુ—ધર્મના આશ્રયે પ્રાપ્ત કરેલા સમ્યક્ સંસ્કારો વૃદ્ધિ પામીને શીઘ્ર પૂર્ણદશા પામો તેવી ભાવના ભાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

હે માતા આપની દશાને ધન્ય હો.

શ્રી દિગંબર જૈન મુમુક્ષ મંડળ—અમરેલી

## શ્રી ગોગીદેવી બ્રહ્મચર્ય આશ્રમના
## પૂજ્ય શ્રદ્ધેય આદરણીય માતા શાન્તાબેનજી પ્રતિ શ્રદ્ધાંજલિ

સં. ૨૦૦૭મેં હમ જભી સોનગઢમેં પહેલી બાર આયે જબ પૂજ્ય આધ્યાત્મિક સંત ગુરુદેવકા પરિચય હુઆ તબ ચાર દિન સોનગઢ રહેં ઔર સ્વામીજી કી અમૃતરસ ઝરતી અદ્‌ભૂત વાણી સુનકર હમ બહુત પ્રભાવિત હુએ.

પૂ. બેનશ્રી—બેનજી કા ભી સમાગમ હુઆ. ઉનકા ત્યાગ—વૈરાગ્યમય જીવન દેખકર બહુત હૃદય પ્રસન્ન હુઆ ઔર ઉનકી વાણીને તો હમારા મન હર લિયા. ઉસ સમય શેઠજીને

દોનોં બહેનો ઔર બ્રહ્મચારી બહેનોકો દેખકર તત્ક્ષણ નિર્ણય કિયા કે ઉન લોંગો કો આવાસ કે લિયે બ્રહ્મચર્ય આશ્રમ હોના ચાહિયે. યોગાનુયોગ જિનમંદિર કે સામને હી જગા ખાલી પડી થી વો દેખકર શેઠજીને તુરન્ત હી લે લિયા. ફિર શેઠજીને પૂ. બેનશ્રી—બેનજીકો કહા કે યે આશ્રમ કા આપ દોનોં અધિષ્ઠાતા હી રહેંગે. તબ દોનોં બહનજીને શેઠજીકી વિનંતી કા બહુત પ્રમોદ સે સ્વીકાર કિયા. ઔર દોનોં બહેનો બોલી હમ તો ભગવાનકે પડોશી હો ગયે. યહ બાત સુનકર શેઠજી ઔર હમકો બહુત પ્રસન્નતા હુઈ.

સં. ૨૦૦૮ કી સાલમેં શ્રી ગોગીદેવી દિ. જૈન શ્રાવિકા—બ્રહ્મચર્યાશ્રમ કા ભવ્ય ઉદ્ઘાટન શેઠકી કા હસ્તે હુઆ ઔર દોનો બેનજી તથા બ્ર. બેનોકા મન લગ ગયા.

ભારત કે અનૂઠે અધ્યાત્મ સંત શ્રી કાનજી સ્વામી ઈસ યુગમેં મહાન પરમોપકાર હુએ હૈં. જો ઉપકાર આપને અપની અદ્વિતીય પ્રતિભા દ્વારા ભૌતિક યુગ કે અન્ધકારમય જગમેં વિલુપ્ત પ્રાય હો જાનેવાલી અધ્યાત્મધારા કો પુનઃ નવજીવન પ્રદાન કરને કે લિયે કિયા હૈ. આપકા વહ મહાન ઉપકાર કદાપિ ભૂલાયા નહિ જા સકતા. જિસ પ્રકાર યહ અધ્યાત્મધારા અનાદિકાલસે તીર્થંકરો દ્વારા પ્રભાવિત હોકર અન્ય જ્ઞાની ગણધર આદિ પુરુષોં દ્વારા પ્રચારિત હોતી આ રહી હૈ, ઉસી પ્રકાર આપને ઈસ કલિયુગમેં ભી તીર્થંકરો ઔર ગણધરોં કે ઉસી મહાન કાર્ય કો કરકે જગમેં ભવ્ય જીવો કા ઉપકાર કિયા હૈ.

હે ચૈતન્યમેં આરૂઢ માતા!

આપકે ગુણો કી મહિમા ક્યા કરે, આપ સત્યમાર્ગ કે પ્રકાશક થે, ચૈતન્યરત્નો કે પારખી—જૌહરી થે, વસ્તુસ્વરૂપ કે સમ્યક્ જ્ઞાતા થે, પરમાર્થપથમેં આરૂઢ શાશ્વત સુખ કે માર્ગપ્રદર્શક થે, અનેકાનેક પ્રતિકૂળ સંયોગો પર વિજયી થે, આપશ્રી કે દ્વારા યુગયુગાન્તર સત્ય—શાંતિ કે પથ એવં શાશ્વતસુખ કા પ્રસાર અધિકાઅધિક રૂપમેં નિરંતર હોતા રહે યહી ભાવના કે સાથ આપકે ચરણોંમેં શ્રદ્ધા સુમન ચઢાતી હૂઁ.

મનફુલાદેવી ગંગવાલ પરિવાર
કલકત્તા


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## બ્રહ્મચર્યના ભડવીર પૂજ્ય ધર્મમાતા પ્રત્યે શ્રદ્ધાંજલિ

હે પરમ ઉપકારી પૂજ્ય અધ્યાત્મવેત્તા સદ્‌ગુરુદેવ!

સમર્થ પૂર્વાચાર્યોના વીતરાગી વૈભવથી ભરપૂર ગ્રન્થ રત્નોનો વારસો મળવા છતાં તેના રહસ્યવેત્તાના અભાવે, અમે અજ્ઞાન અંધકારની ઘેરી છાયામાં અટવાયેલા હતા ત્યારે જ આપનો જન્મ થયો અને અમારા જેવા અજ્ઞાનસમુદ્રમાં ડૂબતા જીવોને એક દીવાદાંડી સમાન કિનારાનો માર્ગ બોધિ રહ્યા છો. એ ભવ્યાત્માઓના અહોભાગ્ય છે. આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવી એ જ આપના ઉપદેશનો મુખ્ય સૂત્ર છે. જૈનદર્શન વીતરાગ દર્શન છે, સમ્યગ્દર્શન તેનું મૂળિયું છે અને તેના વિના ધર્મવૃક્ષ ઊગી શકે નહિ; તે મોક્ષમાર્ગનું પ્રથમ પગથિયું આવા સમ્યગ્દર્શનનો મહિમા અને તેની પ્રાપ્તિ કેમ થાય તે જ વાત અનેક પ્રકારથી ભવ્ય ભાવિકોને પીરસી.

પૂ. ગુરુદેવનો સિંહનાદ ઝીલનાર સભામાં મુખ્ય પાત્ર અમારા ધર્માત્માઓ હતા.

સાધક સખીની અનુપમ જોડી

અમારા અતિ પુણ્યોદયે આવા ધર્મમાતાઓની શીતળ છાંયડીમાં બ્રહ્મચર્ય જીવન ગાળવાનો સુઅવસર પ્રાપ્ત થયો. અમારા માતા–પિતાનો વિરહ ભૂલી જવાય એવો વાત્સલ્યપ્રેમ અમને ધર્મમાતાઓ આપતા કદાચ કોઈ કારણસર ઘરે જવાનું થતું તો દુઃખ થઈ જતું કે માતાઓનો સંગ છોડીને ક્યાં જવું?

આશ્રમમાં આવ્યા પછી અમારા જીવનના ઘડતરરૂપ નિત્યક્રમ તેઓએ ગોઠવી દીધો હતો. એમની આજ્ઞાનુસાર અમારો નિત્યક્રમ વ્યવસ્થિત રીતે ચાલતો હતો. અમે બધા બેનો સાથે મળીને હંમેશ સ્વાધ્યાય કરતા હતા. તેની પરીક્ષા લેવા ધર્મમાતાઓ ૮–૧૦ દિવસે પધારતા અને દરેક બેનોને જે સ્વાધ્યાય કરી હોય તેમાંથી પ્રશ્નો પૂછતા એટલે અમને સ્વાધ્યાયનો ઉમંગ વિશેષ પ્રકારે રહેતો હતો.

દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યેની તેઓની કોઈ અદ્‌ભૂત ભક્તિ હતી. તે ભક્તિ નિશ્ચય અને વ્યવહારથી બતાવતા હતા, આત્મામાં સમ્યગ્દર્શનરૂપી પરિણતિ પ્રગટ કરવી તે આત્માની ભક્તિ–નિશ્ચયભક્તિ અને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે બહુમાન, વિનય અને સેવા તન–મન–ધનથી અર્પણતા કરવી તે વ્યવહાર ભક્તિ.

પૂ. ગુરુદેવ પ્રત્યેની ભક્તિ એવી હતી કે સહજ હૃદયોદ્‌ગાર નીકળતા કે આપણા જીવન આધાર કહો, મોક્ષમાર્ગ દાતા કહો, આત્મા આપનાર કહો કે જે કંઈ કહો તે આપણા ગુરુદેવ જ છે. તેમનું બહુમાન જેટલું કરીએ તેટલું ઓછું જ છે. તેમના ગુણગ્રામ ગાયા કરીએ તો પણ શબ્દો ઓછા પડે છે. ત્યારે અમને બોલાવીને કહેતાં કે–“આ શરીરની શીવડાવું ખોળ કે બદલો નવી વળે રે લોલ.” આવી શિખામણ આપ અમને પૂ. ગુરુદેવ પ્રત્યે અર્પણતા માટે સંબોધતા.

મુક્તિપુરીને તું તો પ્રાપ્ત થા
ત્યાં સુધી રાખજે દેવ–ગુરુનો સાથ રે......
ચેતનજી પ્યારા ચેતનજી તારી તું નિહાળજે.

બ્રહ્મચર્ય જીવન જીવવા માટેની શિક્ષા

અમને, બ્રહ્મચર્ય જીવન અખંડ કેમ પાળી શકાય તેવી વારંવાર મીઠી શિખામણ આપતા કે બ્રહ્મચર્યવ્રતની રક્ષા કરવી જોઈએ, કેમ કે શિયળ એ સ્ત્રીઓનું આભૂષણ છે. બ્રહ્મચર્યનો રંગ અને તેની સાથે સ્વભાવની દૃષ્ટિનું લક્ષ રાખવું જોઈએ. દરેક આત્મા ચૈતન્યમૂર્તિ સોનાની લગડી જેવો છે; તેના ઉપર સ્ત્રીઓનું શરીર છે, પણ આત્મા તો તેનાથી જુદો ચૈતન્યમૂર્તિ છે, માટે ''હું તો જ્ઞાનમૂર્તિ આત્મા છું'' એવી સમજણ કરવી જોઈએ. તેની સાથે પાંચ ઈન્દ્રિયોનો સંયમ, સત્યતા, સરળતા, કષાયની મંદતા, વૈરાગીપણું અને સાદુ જીવન આવા અનેક ગુણો હોય ત્યારે બ્રહ્મચર્ય વ્રત શોભે છે. માન માટે કે દુનિયાને દેખાડવા માટે કાંઈ બ્રહ્મચર્ય વ્રત નથી, પણ બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા તો આત્માને સંસારમાંથી નિવૃત્તિ મળે અને ભવનો અભાવ થાય તેવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો હેતુ છે. આવું માતૃત્વભાવે વાત્સલ્યતાથી બોધ આપી અમારું જીવન ઘડતા અને આગળ વધવાની પ્રેરણા આપતા આવી પ્રેરણાથી તેઓશ્રીના સાન્નિધ્યમાં અમારું જીવન ગાઢ બની ગયું.

યાત્રામાં કે ક્યાંય બહારગામ જવાનું થાય તે પહેલાં આગલે દિવસે ખાસ શિખામણ બધા બેનોને બોલાવીને આપતા કે બ્રહ્મચર્યની પુરી રક્ષા જળવાઈ રહે તેનો ખાસ ખ્યાલ રાખવો અને જ્યાં પણ જાવ તો બે બેનોએ સાથે જ રહેવું એકલા જવું નહિ.

હે સમાધિ પ્રાપ્ત માતા!

આપ જ્યારે અમારી વચમાં બિરાજતા હતા ત્યારે પૂ. ગુરુદેવની સમાધિ પછી આપની જે ઉગ્ર સમાધિની ભાવના ઉપડી તે ભાવો 'ભગવતી આરાધના'માંથી સમાધિમરણનું જે આપની વાણી દ્વારા મુનિરાજનું આદર્શ જીવન ખડું કરી દેતા જેથી અમોને પણ આપની આરાધના જોવાનો સુઅવસર પ્રાપ્ત થયો હતો. તે પણ દ્રશ્ય અજબગજબનું હતું. આપની આવી શૂરવીરતા દેખીને અમને પણ આરાધનાનો રંગ ચડી જતો.

આપનું અશક્ત શરીર હોવા છતાં હે માતા! આપની ભાવના સશક્ત હતી, અને ગમે તેવા અંતર–બાહ્ય પ્રતિકૂળ સંયોગમાં આપની નીડરતા, નિર્ભયતા, સહનશીલતા, ક્ષમાભાવ, માર્ગસૂઝ, કુદરત પરનો દ્રઢ વિશ્વાસ, આત્મબળ તે આપનામાં વિશિષ્ટ ગુણો દેખીને અમારું મસ્તક આપના ચરણોમાં વારંવાર ઝૂકી પડે છે.

હે વાત્સલ્યમૂર્તિ માત! આપનો પરમ ઉપકાર અમારા જીવન ઉપર અસીમ છે. અમે

આપના બાળકો આપનાં ગુણોનું તથા ઉપકારનું શું ગુણગાન કરી શકીએ? માટે અમારા જીવનશિલ્પી, ધર્મમાતા, આપના પવિત્ર ચરણોમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

—બ્રહ્મચારી બેનો, સોનગઢ

## શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુના અનન્ય ભક્ત–પૂજ્ય શાંતાબેન

પૂજ્ય શાન્તાબેનની અપૂર્વ જિનેન્દ્ર ભક્તિ વર્ષો પૂર્વે જેણે જોઈ હશે તેમને ખ્યાલ હશે જ કે તેમને અર્પણતા તથા ભક્તિનો ઉછાળો કોઈ અનેરો હતો. તેઓની ભાવનાપૂર્ણ ભક્તિ અજોડ હતી. તીર્થયાત્રામાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે જે ભક્તિ થતી તે જોઈને પ્રત્યેક મુમુક્ષુ યાત્રિકો ઝૂમી ઉઠતા. તેઓશ્રીનો પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણકારી વાણીના પ્રભાવે જ્યાં જ્યાં જિન મંદિરોના નિર્માણ થયા ત્યાં પૂજ્ય શાન્તાબેનના માર્ગદર્શન મુજબ શિલાન્યાસ પ્રસંગો તથા પંચકલ્યાણક, વેદી પ્રતિષ્ઠા વગેરેનું ઝીણવટથી નિરીક્ષણ કરીને સલાહસૂચના ઘણાં ઉપયોગી થતા હતા. તેમનું દૂરગામી સૂચન અને અનુભવથી આવા શુભ પ્રસંગો અત્યંત શોભાયમાન બનતા હતા તેઓ શ્રી સ્વયં સ્ફુરણા અને વિધાન–પૂજન આદિના પ્રસંગે તેઓશ્રીની હાજરી તથા સલાહસૂચનાથી સાક્ષાત્ સમવસરણ જેવો પ્રભાવિત થતા તે નોંધનીય છે.

પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં ઘણાં લાંબા સમય સુધી રહીને આધ્યાત્મિક ચારે અનુયોગોનું શ્રવણ મનન ચિંતન કરીને સોનગઢ બ્ર. આશ્રમમાં બ્ર. બહેનોના ઘડવૈયા તરીકે બ્ર. બહેનોને ધાર્મિક શિક્ષા દૈનિક પૂજા ભક્તિ સ્વાધ્યાય પ્રત્યે વિશિષ્ટ ધ્યાન આપી બ્ર. બહેનોને પણ તૈયાર કર્યા હતા અને ભેદ વિજ્ઞાન ઉપર વિશેષ લક્ષ આપવા તથા પૂ. ગુરુદેવશ્રીના માર્ગે ચાલવા અને તેઓશ્રીની નિયમિત સ્વાધ્યાય કરવાની પ્રેરણા આપતા.

શ્રી ટોડરમલ સ્મારક ટ્રસ્ટ તરફથી ઉજવાતી શિક્ષણ શિબિરોમાં નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ હાજરી અચુક આપતા હતા અને ઘણીવાર જયપુર રહીને મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને અધ્યાત્મપ્રધાન પ્રેરણા આપી. શુદ્ધ દિગંબર જૈનધર્મની સાતિશય પ્રભાવનામાં અસાધારણ નિમિત્ત થયા હતા, આમ શ્રી ટોડરમલ સ્મારક ટ્રસ્ટમાં પોતે ઘણા ઉપયોગી થઈ. દિગંબર વીતરાગ જૈનધર્મની પુનિત પ્રભાવના મંગળ સ્થંભ સમાન હતા. જયપુર વિદ્યાલયમાંથી વિદ્વાનો તૈયાર થઈ બહાર પ્રચાર પ્રસારમાં આશીર્વાદ લેવા પૂ. શાંતાબેન પાસે જતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની ભૂતકાળના સંપ્રદાય પરિવર્તનનો ઈતિહાસ કહેતા હતા. સૌરાષ્ટ્રમાં સંપ્રદાયનો વિરોધ, પ્રચંડ વિરોધ છતાં અડગ રહેનાર આ પુરુષની કહાની તેઓ શ્રીમુખે વિદ્વાનોને પણ કહી સંભળાવી મહિમા બતાવતા હતા.

સ્વ. શ્રી બાબુભાઈ ફતેપુરવાળા જયપુર રહેતા હતા અને અસ્વસ્થતાને કારણે જયપુર લાંબા સમય રહ્યા તે દરમ્યાન દરરોજ શ્રી બાબુભાઈ પાસે જતાં અને તેમની આત્મ–ખુમારી જોઈ બહુ જ આનંદ વ્યક્ત કરતા હતા અને કહેતા કે પૂ. ગુરુદેવશ્રીના અનુયાયીઓ આવા જ હોવા જોઈએ. એ પ્રમાણે અવારનવાર ભક્તિભીના હૃદયોદ્ગાર દ્વારા પૂ. ગુરુદેવશ્રીને વારંવાર યાદ કરતા હતા.

છેલ્લાં છેલ્લાં તેઓશ્રી રાજકોટ–સોનગઢ વચ્ચે રહેતા હતા પણ છેલ્લે તબિયત વધુ ઘેરો પલ્ટો લીધો ત્યારે રાજકોટ ખાતે સ્થિર હતા તે સમયે તેઓની અંતિમ સ્થિતિ સમતાભાવ અંતરંગમાં સમાધાનપૂર્વક દેહ છોડ્યો તે સમયે સમસ્ત રાજકોટના મુમુક્ષુ ભાઈ–બહેનો સ્તબ્ધ થઈ ગયા હતા, તેઓએ શાંતિથી વેદની ઉપર વિજય મેળવીને બધાને શાંતિ રાખવા તથા સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવા અંતિમ સલાહ આપી હતી તે સમયનું દ્રશ્ય કોઈ અનેરું હતું છેલ્લે ટાઈમની ખુમારી જોઈ કોઈ પણ કહી શકે કે તેઓશ્રીએ પૂ. ગુરુદેવશ્રીનો અધ્યાત્મ–સંદેશ પચાવ્યો છે.

નવરંગપુરા દિ. જિન મંદિર પ્રત્યે તેઓશ્રીનો પ્રેમ તથા લાગણી અસાધારણ હતા. નવરંગપુરા જિન મંદિરની પ્રતિષ્ઠા ભવ્ય અને અનુપમ થાય તે માટે અવારનવાર તેઓ પત્રો દ્વારા અમારા હર્ષ તથા ઉલ્લાસને વધારતા હતા. તેઓની ઈચ્છા મુજબ નવરંગપુરા જિન મંદિરની પ્રતિષ્ઠા પણ એવી જ થઈ હતી, પૂ. બેને નવરંગપુરા જિન મંદિર માટે જે ભોગ આપ્યો છે તેને શબ્દોથી વર્ણવી શકાય તેમ નથી, મંદિરની પ્રતિષ્ઠા થઈ ગયા પછી પણ જિન મંદિરમાં શોભા તથા ઉપકરણો વસાવવા માટે આર્થિક સહયોગ પોતે તથા અન્ય દ્વારા આપતા જિન મંદિર સંપૂર્ણ કરાવ્યું તે પછી તેઓશ્રીને પુરો સંતોષ થયો અને ઘણી ખુશી વ્યક્ત કરતા, આમ તેઓને દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યેત અત્યંત ભક્તિ હતી, તેઓશ્રી નિખાલસ, શાંત વિશાળ હૃદય, ગુરુદેવ પ્રત્યે અખુટ શ્રદ્ધાવાન, માન–અપમાન જેવું કદાપિ લાગ્યું નથી. શ્રી જિનેન્દ્ર ભક્તિ સમયે ખુમારી તથા તેમની મુદ્રા જોઈને સર્વ કોઈના હૃદયમાં તેમના પ્રત્યે સન્માન જાગે તેવી હૃદયપૂર્વકની ખરી શ્રદ્ધાંજલિ છે.

પ્રભાકર કામદાર
અમદાવાદ.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

## મહિલા મંડળના સ્થાપક પૂ. બેન શાન્તાબેન

પૂ. બેનના ગુણોથી જ ઓળખીએ તો!! ધર્મ વત્સલતા, દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યેની અનન્ય ભક્તિ, પૂ. ગુરુદેવ પ્રત્યેની સમર્પણતા અને જિનવાણી પ્રત્યે ન્યોચ્છાવરતા આવા અનેક ગુણોનો સંગમ એટલે પૂ. બેન શાન્તાબેન.

પૂ. બેનની મુખ મુદ્રા જોતાં તેમની નિખાલસતા, ધૈર્યતા, હિંમત અને સ્ત્રી પર્યાયને પડકાર આપતી શાંતમૂર્તિ સ્મરતાં જ સહજ વંદન થઈ જાય છે.

ભક્તિ તથા પ્રેરણા આપનાર અમે કઈ રીતે આપના અનંત ઉપકારનું ઋણ અદા કરી શકીએ. પૂ. ધર્મપિતા પૂ. ગુરુદેવશ્રી ઉપર આપને ઘણો જ ભક્તિભાવ હતો. આવા વિષમ કાળમાં સંત મહાત્માઓનો યોગ અમારા મહાભાગ્યે થયો અને આપનો પરિચય થયો તેથી અમારા જીવનનો રાહ જ બદલાઈ ગયો. હવે અમે સર્વે પૂ. ગુરુદેવશ્રી તથા આપે બતાવેલ માર્ગે ચાલીને અમારી જીવન સાધના પૂરી કરીને જીવન સફળ બનાવશું. પૂ. ગુરુદેવશ્રી તથા આપે આપેલ અધ્યાત્મ રસની વાણી તથા દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિથી અમે અમારું જીવન સાર્થક કરીને આપની સાથે ભવનો અભાવ કરીને મોક્ષપુરીને વરીએ.

પૂ. બેનના ભવતાપશામક પ્રવચનો આપણા સૌનો સર્વ પ્રકારે જ્ઞાનોદય કરે એવી આંતરિક ભાવના સાથે આપના ચરણારવિંદમાં નમસ્કાર હો. આપને નિરંતર આશીર્વાદ માગતા મહિલામંડળની શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

મહિલા મંડળ–રાજકોટ

કળિકાળમાં આપ પવિત્ર ઉત્તમ રત્નત્રયની જે આરાધના કરી મુક્તિપુરીના પ્રવાસી બની રહ્યા છો અને અમને જે આરાધનાનો સત્યપંથ દર્શાવી રહ્યા છો, તે જ આરાધના કરી સત્યપંથના પ્રવાસી બનીએ એવા અમ બાળકોને સત્યપાત્ર બનાવો, એ જ આશીર્વાદ માગીએ છીએ.

અંતર–બાહ્ય આત્મ ઉદ્ધારક, તારા શરણે આવ્યા બાળક

અમને છોડીને માતા ચાલ્યા, લીધી ચિર વિદાય.....

માત વિહોણી બ્રહ્મચારી બહેનો

સમતા આદિ ગુણોના ભંડારી–પૂજ્યબેન

શ્રી જેતપુર દિગંબર જૈન મુમુક્ષુ મંડળમાં પૂજ્ય શાંતાબેનના તા. ૨૪-૬-૮૮ જેઠ સુદ દસમના રાત્રિએ રાજકોટ મુકામે સમાધિ–પૂર્વક દેહત્યાગ કર્યાના સમાચાર સાંભળીને બધાના



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

હૃદયમાં ઊંડા ઘા પડી ગયા કે ''બસ આ સંત જ્ઞાની ધર્માત્માના એક પછી એક વિરહ પડવા લાગ્યા''.

અમારા મંડળમાં પૂ. બેનનો અમૂલ્ય ફાળો છે, તેઓશ્રીની કાર્યશૈલી, આત્મિકજ્ઞાન, સમ્યક્‌વંત અધ્યાત્મની પૂર્ણ શૈલી એવા ઉપાર્જક હતા, જે આજે પણ ભૂલી શકાય તેમ નથી. અમારા મંદિરમાં પૂજા વિધાનની ઉપાસના કરાવતા તથા બાળકો માટે શિબીર–ક્લાસની પ્રેરણાઆપતા.

આપશ્રી સરળતા, સમતા, કરૂણા, વાત્સલ્ય, ભક્તિ, અર્પણતા વગેરે ગુણોના ભંડારી હતા. પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત હતા કે પૂજ્ય ગુરુદેવશ્રી સાથે ૪૫ વર્ષ રહી આપે પૂર્ણ સાધના પ્રાપ્ત કરી, પૂજ્ય ગુરુદેવશ્રીના પંથે ચાલી ગયા.

આપના સર્વ ગુણોને અનંત અનંત ભક્તિભાવે વંદન હો અને એ દરેક ગુણો અમારા હૃદયમાં બિરાજે એ અહોર્નિશ ભાવના.

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
જેતપુર

## દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ભક્તિ બતાવનાર–પૂજ્ય બેન

પૂજ્ય બેન! પૂજ્ય ગુરુદેવશ્રી સાથે સુપ્રસિદ્ધ હતા, આજે ગામેગામ તેઓશ્રીનો ફાળો વિશેષ પ્રકારે દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે હતો, અને ભક્તિથી દિપી ઊઠતો.

અમો પણ ઘણા ભાગ્યવંત કે શ્રી કુંદકુંદ આચાર્યદેવની તપોભૂમિ પોનૂરધામના પાડોશી જેથી પૂજ્ય શ્રી ગુરુદેવ તથા બેનશ્રીબેન સાથે આ યાત્રા ઘણીવાર થતી અને છેલ્લા પણ પૂજ્ય શ્રી ગુરુદેવની વાર્ષિક તિથી કારતક વદ સાતમ પોનૂરમાં પૂજ્ય બેન સાથે સારાયે મુમુક્ષુ સમાજ સાથે શ્રી કુંદકુંદ આચાર્યદેવના તથા ગુરુદેવના ગુણો ગાતા ગાતા કરેલી તે પણ એક અમૂલ્ય તક હતી, શરીર ઘણું નબળું છતાં ભક્તિમાં તો સબળાઈ જ દેખાય, ત્યાં પણ ઉપર ઘણી પ્રેરણા આપી હતી જે હવે જરૂર પૂર્ણ કરીશું.

આપ પૂર્ણદશાને પ્રાપ્ત કરો એ જ અભિલાષા સાથે ભક્તિભાવે વંદન.

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
મદ્રાસ

## અધ્યાત્મ વિભૂતિ

જૈન સંસ્થાઓં કા ઉક્ત ન્યાસ અધ્યાત્મવિભૂતિ પૂ. શાંતાબેન ઈસ ન્યાય કે સાથ પૂ. બેન કા સદ્‌ગુરુદેવ કાનજી સ્વામી કે સાથ પધારને પર ઔર યાત્રા સંઘ કે સાથ જાને પર સંપર્ક આયા. વે ત્યાગમૂર્તિ, સદ્‌વિચારક ઔર શાંત મહિલા થી. વીતરાગ માર્ગ કા અવલંબન ર ઉનને તત્ત્વ મેં રુચિવંત બનકર નિજ કલ્યાણ કા માર્ગ પ્રશસ્ત કિયા. વે નિકટ ભવિ હૈ. ન્યાસ ઉન્હેં શ્રદ્ધાંજલિ સમર્પિત કરતા હૈ ઉનકી ભાવના કા આદર કરતે હુએ તત્ત્વ ભાવનામાં સહાયક હોને કા સંકલ્પ કરતા હૈ.

## તત્ત્વજ્ઞાન સુબોધ

પૂ. ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં તેમની છત્રછાયામાં વરસો સુધી તત્ત્વજ્ઞાન સુબોધ અમૃત વચનોને શીરસા–હૃદયગત ધારણ કરી પુરુષાર્થપૂર્વક આ ભવમાં ભવનો અભાવ કરવાના આ દુર્લભ અવસરે બીજા નંબરના પાત્રતા પામેલા પૂ. શાન્તાબેન હતા.

મૃત્યુમહોત્સવની જેમ પરિણામની મંદતરતા તથા ચેતનાની જાગૃતિ અને દેવ–શાસ્ત્ર–ગુરુની અનન્ય ભક્તિ અંતિમ શ્વાસોચ્છ્‌વાસ સુધી ચાલુ રહી પોતાના જીવનને ધન્ય કર્યું છે.

પૂ. શાન્તાબેન પૂ. ગુરુદેવના વિહાર વખતે પંચકલ્યાણક મહોત્સવ પ્રસંગે વગેરે ધર્મપ્રભાવના પ્રસંગે, પૂ. ગુરુદેવની જન્મ જયંતિ આદિ પ્રસંગે પૂ. બેનશ્રી ચંપાબેન સાથે વરસો સુધી સાથે બધા મંગલ કાર્યો વખતે અનન્ય ભક્તિપૂર્વક જયજયકાર કરી, સત્‌ધર્મનો ડંકો બજાવનાર પૂ. ગુરુદેવશ્રીના અનુમોદનીય તેમજ અનુકરણીય હતા. પૂ. ગુરુદેવે આપેલા જ્ઞાન દાન હૃદયગત કરી દ્રઢ સંસ્કારને પ્રાપ્ત થઈ ગમે તેવી શારીરિક સ્વાસ્થ્યની નાદુરસ્તી વખતે તથા વિકટ પરિસ્થતિ વખતે પણ સમાધાન કરી પોતાના ચૈતન્ય જીવવાની ભાવના દ્રઢતર કરતા હતા. તેમની દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિ હતી.

બ્ર. બેનોના જીવનને પ્રોત્સાહન આપતા. તેમના જીવનને પૂ. ગુરુદેવશ્રીએ બોધેલા અમૃત વચનો દ્વારા સ્વરૂપ પંથે જવા દોરવણી આપી પ્રોત્સાહિત કરતા હતા.

અનેક રીતે અનેક પ્રસંગોએ પોતાના મળેલા સુવર્ણને સાર્થક કરવા ભાવનાશીલ હતા. જ્યાં જ્યાં ધર્મ પ્રભાવના કાર્ય થતા હોય ત્યાં પોતાની અનુમોદના વિશિષ્ટ પ્રકારે રહેતી હતી.

છેલ્લે બે માસ આસપાસથી રાજકોટમાં નિવાસ કરી સ્વાસ્થ્યની દિન પ્રતિદિન વ્યાધિ વૃદ્ધિગત થતી જતી હતી છતાં દ્રઢ મક્કમતા પૂર્ણ પોતાના જીવનને જાગૃત ચેતના વડે ચેતાવતા રહ્યા હતા.

પૂ. શાન્તાબેનનો આત્મા સત્‌ધર્મ દેવ–શાસ્ત્ર–ગુરુનો યોગ તત્કાળ પામી સ્વરૂપપંથે વિચરી શીઘ્ર સિદ્ધપદ પામે તેવી ભાવના સાથે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ–જામનગર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# કરૂણા મૂર્તિ પૂજ્ય શાંતાબેન

પૂજ્ય શ્રી શાંતાબેન કા ખેરાગઢ મુમુક્ષુ મંડલ કે સભી ભાઈ—બહેનો કે પર વિશેષ કરુણા થી! આપ એપ્રિલ કે સમ્મેદ શિખરજી કી યાત્રા કે વાપસી મેં અધિકતમ ગર્મી હોતે હુએ ભી ખેરાગઢ કો પાંચ રોજકા ૧૬.૪.૮૬ સે ૨૦.૪.૮૬ મેં અમૂલ્ય સમય દિયા થા! આપ અનેક ગુણો કે ધની થે. આપકી એક વિશેષતા યહ થી જો ભી ભાઈ—બહેન કુછ ભી શંકા યા પ્રશ્ન કરતે થે, ઉનકા સુંદર સમાધાન કર દેતે થે, પ્રશ્નકાર બિલકુલ સંતુષ્ટ હો જાતા થા. આપ કે સમજાને કી શૈલી અદ્ભુત થી.

આપકે હૃદય મેં વીતરાગ દેવ—ગુરુ—શાસ્ત્ર કે પ્રતિ અગાધ ભક્તિ થી. આપકે દ્વારા હોતી હુઈ પૂજા—ભક્તિ તથા તીર્થયાત્રા મેં આપકા અદ્ભુત ઉત્સાહ વગેરે દેખને મેં આતા થા. આપ હંમેશા કહા કરતે કિ સર્વ પ્રથમ અરિહંત દેવ કા બહુમાન, વીતરાગી ગુરુ વ જિનવાણી કા બહુમાન હોના ચાહિયે તભી વહ જ્ઞાયક આત્મા કા અનુભવ વ આનંદ પ્રાપ્ત કરને કે લિયે પાત્ર હોગા.

આપ કી મહિમા વ ગુણ—ગાન કરને કી શક્તિ હમેં નહીં હૈ. આપ કા સમાધિ—મરણ કા સમાચાર સુનકર સારા હિન્દુસ્તાન સ્તબ્ધ રહ ગયા થા. સોનગઢ મેં તો ક્યા જૈન—અજૈન સભી કે હૃદય શોકાકુલ સે વ નયન અશ્રુધારા સે વ્યાપ્ત થે, સભી કો એસા મહસૂસ હો રહા થા કિ હમારી ધર્મમાતા કો નિયતિને હમસે અલગ કર દિયા હૈ......અબ હમ છોટે અજ્ઞાની બાલક કિસકે સહારે જિએંગે તથા આગે બઢેંગે.

અહા! જૈસા આપકા નામ થા ઉસી કે અનુરૂપ આપને અપને જીવન મેં અનેક પ્રતિકૂળતાઓ મેં ભી શાંતિ કો બરાબર બનાએ રખા આપને ચોવિસ વર્ષ કી અલ્પ આયુ મેં હી 'આત્માનુભૂતિ' પ્રાપ્ત કર લી થી. જિસે અંતિમ સમય તક દિખાકર રહે ઔર સદૈવ અપને પુરુષાર્થ વ સાધના મેં આગે બઢતે હી રહે.

હમ સભી અપને જૈસા પુરુષાર્થ કર આત્માનુભૂતિ પ્રાપ્ત કરે.....યહી ઉનકે પ્રતિ સચ્ચી શ્રદ્ધાંજલિ હોગી.

હમ હૈ સબ આપ કે ચિર ઋણી.......

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
ખેરાગઢ



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# વૈરાગ્યમૂર્તિ

પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામી કે સમીપ દીર્ઘકાલ તક આત્માર્થિતા, તત્ત્વ–નિર્ણય, સ્વાનુભૂતિ ભૂષિત ઔર જ્ઞાનીઓં પ્રત્યે સમર્પિત વૃત્તિ ઉપલબ્ધ કરી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે અગાધ ભક્તિ સે પ્રેરિત હોકર વીતરાગ માર્ગ કી પ્રભાવના પ્રચાર મેં પૂ. ગુરુદેવ કે સાથ તીન તીનવાર તીર્થ વંદનાર્થે ભ્રમણકર સારી વ્યવસ્થા કો ઉત્તમ રીતિસે નિભાયા. ઉનકે વિયોગ સે આજ સારા મુમુક્ષુ સમાજ અત્યંત મર્મહત હુઆ હૈ.

ધીરે ધીરે જ્ઞાની ધર્મી જીવોં કા વિચ્છેદ હોતા જા રહા હૈ આપ છોટી વય સે હી સંસાર–શરીર–ભોગોંસે ઉદાસીન જીવન જી રહી થી પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામી કે સાન્નિધ્ય મેં રહકર આત્માર્થિતા, વૈરાગ્યતા વ આત્મ સાધનામયી જીવન ઉપલબ્ધ કીયા હૈ. આપ શાંત સ્વભાવી સરલ કોમલ પરિણામી એવં વીતરાગ ધર્મ કી પ્રભાવના પ્રચાર મેં હી સારા જીવન સમર્પણ કીયા હૈ. માન–અપમાન કી વૃત્તિ સે આપ સદા દૂર રહી હૈ.

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ કલકત્તા યહ ભાવના ભાતા હૈ કિ સ્વર્ગીય આત્મા નિજ જ્ઞાયક સ્વભાવ કા આરાધનાપૂર્વક પૂર્ણાનંદ કો શીઘ્ર પ્રાપ્ત હો.

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
કલકત્તા

# સૌમ્યતા સ્વરૂપી : પૂજ્ય બેન

ભારત ભૂમિ એટલે મહાત્મા સંતોની અજોડ ભૂમિમાં અનેક વીરરત્નો પાક્યા છે અને જૈન શાસનને ઉજ્જ્વળ અને પ્રભાવિત બનાવ્યું. જે ભૂમિ સંતોની તીર્થ ભૂમિ સુવર્ણમય બની છે સુવર્ણમય ચૈતન્ય આત્મિક શબ્દોના ઝણકારથી રણકી ઉઠી કે દિગંબર સમાજના અનેક પંડિતો તથા ત્યાગીઓ તેમ જ મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીના ઝણકાર સાંભળીને સુવર્ણધામ આવતા અને વાણીનું અમૃતમય પાન કરતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનું ખરેખર પાન કરનારા તો પૂજ્ય બેનશ્રીબેન જ હતા, કે જેઓએ અમૃતમય વાણી ઝીલીને પોતે અમૃતમય રસના પાન કર્યા. આ બંને બેનોથી એક સભાનું દ્રશ્ય જ કોઈ અનોખું હતું.

તેમાં પૂ. બેન શાન્તાબેનનું જીવન વૈરાગ્યમય, સૌમ્યતા તથા ચારિત્રથી પ્રભાવશાળી હતું. તેઓના જીવનમાં ક્ષમા–સમતા આદિ અજબની શાંતિ હતી જે કે એક અનુકરણીય હતી.

પૂજ્ય શ્રી ગુરુદેવની મહિમા જ્યારે પૂ. બેન પોતાના સ્વમુખે જે ગાતા હતા તે અજબ–

ગજબ વિસ્તારણીય હતી. અને અમારા પૂ. પિતાશ્રીને પણ પૂ. બેન પ્રત્યે વિશેષ પ્રેમ હતો કે યાત્રા પ્રસંગે પૂજ્ય ગુરુદેવની સેવામાં પૂ. બેન ઘણા પ્રકારે સૂચના આપતા જેથી તેઓશ્રીના નિકટ સમાગમમાં રહેતા અને હિતશિક્ષાઓ જીવનમાં જડી આપતા ચીંધેલા રાહે ચાલી આત્મબોધ પામીએ એ જ ભવ્ય ભાવના.

રશ્મી વૃજલાલ મોદીના વંદન.....

## આત્મ જાગૃતિ સ્વરૂપ પામેલા પૂ. શાન્તાબેન

સ્વ. પૂ. શાંતાબેનનું વ્યક્તિત્વ અલૌકિક હતું. અનન્ય ભક્તિપૂર્વક પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે સંપૂર્ણ સમર્પણભાવ એ પૂજ્ય શાંતાબેનના જીવનનો સાર હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી પાસેથી પામેલ તત્ત્વ અનુસાર આંતરિક પરિણમન એ તેઓશ્રીનું ધ્યેય હતું.

આવી ભાવનામાં દેહ પ્રત્યે ઉપેક્ષા અને આત્મ જાગૃતિ સહજ જ હોય જેના દર્શન તેમના અંતિમ દિવસો દરમ્યાન સૌને થવા પામ્યા હતા.

આહારાદિનો ત્યાગ, મૌન અને આત્મલીનતા અને અપૂર્વ શાંતિપૂર્વક દેહનો ત્યાગ, એ તેમની જીવનસાધનાનું ફળ હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી સાથે મુક્તિયાત્રામાં જોડાઈ અતિ શીઘ્રતાએ અંતિમ ધ્યેયને સ્વ. પૂ. શાંતાબેન પ્રાપ્ત કરે એવી ભાવના.

તેઓશ્રીની જીવનસાધના આપણી આત્મસાધનામાં પ્રેરણા આપતી રહો.

(શાંતિલાલ રાયચંદ દફ્તરી, રાજકોટ)

## પૂજ્ય ગુરુદેવના શાસનયુગમાં : પૂજ્ય બેન શાન્તાબેન

સૌરાષ્ટ્ર એ તો એક દેવભૂમિ છે જેણે અનેક સંત મહાત્મા અને મહાન વિભૂતિઓને જન્મ આપીને દેશના ચરણે ધરેલ છે. પૂજ્ય સંત શ્રી કાનજીસ્વામી જેવા દેદીપ્યમાન, જ્ઞાનપિપાસુ જીવોના માર્ગદર્શક સત્પુરુષ જ્ઞાનનો ધોધ વહેવડાવવાને પ્રગટ થયા અને સમયસારની બંસરી બજાવી, લોકોને ન્યાલ કર્યા.

પૂજ્ય શ્રી ગુરુદેવના સમાગમમાં આવેલા પૂજ્ય શાન્તાબેન પણ એક અનોખી વ્યક્તિ

હતા, જેમનો વૈરાગ્યમય ચહેરો, જ્ઞાન, ધ્યાન, પૂજા—ભક્તિ કોઈ અભૂતપૂર્વ હતા, તે જોઈને જ બહુમાન આવતું કે આ કાળે આ જીવ કોઈ નિકટ મોક્ષગામી છે. જો કે પૂર્વના પણ સંસ્કાર લઈને આવેલા, એ પાત્રતા ઝળકતી હતી. તેઓશ્રી પંચ કલ્યાણિક પ્રતિષ્ઠામાં તથા તીર્થયાત્રા સમયે જે ઉછળતા તે સૌ કોઈ તેમની સામુ જોઈને અર્પાઈ જતા. તેઓશ્રીની વાણીમાં મધુરતા હતી અને બધાને વાત્સલ્યભાવે બોલાવતા જેથી સામી વ્યક્તિને પણ આનંદ થતો.

પૂજ્ય ગુરુદેવના શાસનયુગમાં પણ પૂ. બેન એક પ્રચારક હતા. દેવ—શાસ્ત્ર—ગુરુ પ્રત્યે તેમને તન—મન—ધનથી અર્પણતા એક મહત્વકાંક્ષી હતી.

આવા આત્મા પૂર્ણદશાને શીઘ્રતાએ પામે એ ભાવભરી શ્રદ્ધાંજલિ સાથે.

હિંમતલાલ હરિલાલ, દાદર

## જ્ઞાયકદેવનું યત્નપૂર્વક જતન કરનાર : પૂ. બેન

આ પંચમકાળે આવા ધર્માત્માઓનો જે યોગ મળ્યો તે પણ મહાભાગ્યની વાત છે. જ્ઞાયક આત્માની વાત જે પૂજ્ય શ્રી ગુરુદેવની જ કોઈ અનોખી હતી, તે મુમુક્ષુ—શ્રોતાઓને અંતરના ઊંડાણમાં લઈ જઈને ચૈતન્યનો સ્પર્શ કરાવે છે. પછી ગમે તે શાસ્ત્રજી પર પ્રવચન ચાલે પણ આત્મા તરફ સ્પર્શીને તેના ભાવો ખોલે તે અદ્‌ભુત હતા. આજે પણ ટેપ—પ્રવચનો સાંભળતા એટલો જ આનંદ આવે છે. આ પણ એક શ્રુત—લબ્ધિ હતી.

આ શ્રુત—લબ્ધિ અંશે પૂજ્ય શાનતાબેનને પણ હતી, જેમની વાતોમાં પણ જ્ઞાયક તરી આવતો, દેવ—ગુરુ—શાસ્ત્ર, નૂતન જિનાલયો, યાત્રાઓ પ્રસંગે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

અમોને આત્મ—મંત્ર અર્પીને દિવ્યપંથે ગયા

તારણહાર બની અમીદૃષ્ટિ કરી ગયા

વાત્સલ્ય—પ્રેમ વરસાવી હૃદય જીતી ગયા

કરૂણા કરી કોમળતા આપતા ગયા

તિમિરનો નાશ કરી પ્રકાશ પ્રગટાવી ગયા

આવો ઉગ્ર પુરુષાર્થ કરી સંયમરૂપી જ્ઞાયકદેવનું યત્નપૂર્વક જતન કર્યું છે. જે સમાધિમહોત્સવ બધાને નજરે બતાવ્યો. આવા સમાધિના પાલક આત્માસિદ્ધિમાં માણો એ ભાવના સાથે શ્રદ્ધાંજલિ.

સુરેન્દ્ર તલાટી, મુંબઈ



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## કહાનનગર સોસાયટીમાં પૂજ્ય બેનના આવાગમનથી મારા જીવનમાં પલટો

કહાનનગર સોસાયટીમાં પૂ. બેન પધાર્યા ત્યારે મને તો એમ જ થયું કે મારા આંગણે જ આવા સંત પધાર્યા, જેથી ઘણો જ આનંદ થયો અને તેઓશ્રીના નિકટ સેવાનો જે લાભ લેવાથી તેમાં આત્મા જ મુખ્ય તરવરતો હતો, જે તેમની દશા જોઈને અમારા ભાઈ–બહેનના જીવનમાં ઘણો જ પલટો થઈ ગયો અને જીવનમાં સારો લાભ થયો. અમારા ઉપર માતા જેવી કૃપા દૃષ્ટિ રાખતા.

પૂ. બેન દરરોજ રાત્રે વાંચન કરવા બેસતા ત્યારે અમોએ ઘણીવાર તેઓશ્રીનું વાંચન સાંભળ્યું હતું. બહુ જ સરળ ભાષા, મીઠીવાણી અને મધુરતાથી એવા સરસ ન્યાયો સમજાવતા કે જ્ઞાનમાં સચોટ બેસી જતા. ઘણીવાર પૂ. શ્રી ગુરુદેવની પુરાની વાતો કરે ત્યારે મલાવી–મલાવીને એવી વાતો કરતા જાણે કે સાંભળ્યા જ કરીએ તેઓશ્રી પાસેથી ઊઠવાનુંમન થતું નહિ. ઘણું ઘણું નવું જાણવામાં આવતું. પૂ. ગુરુદેવના ગુણગ્રામ કરતા થાકતા નહિ.

તેઓશ્રીનું સુકોમળ હૃદય, વાત્સલ્ય પ્રેમ તથા દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિથી અમારું હૃદય રંગાય ગયું અને તેઓશ્રીની યાદ તો જીવનભર ભૂલાય તેમ નથી.

પૂ. બેનની અંતિમ સમાધિ સુધી સેવાનો જે મોકો મળ્યો છે તેપણ એક અમૂલ્ય તક હતી કે જે અહોર્નિશ અમારા આત્મામાં વસે અને તેઓશ્રીના જેવી જ આરાધનામાં તત્પર રહીએ એ જ ભાવના સાથે શ્રદ્ધાંજલિ પુષ્પ અર્પિત કરીએ છીએ.

બ્ર. ચંદુભાઈ મહેતા તથા પુષ્પાબેન
રાજકોટ

## પૂ. બેન સાથે શિખરજીની યાત્રાના પ્રસંગ પરથી

પૂ. બેન શાન્તાબેનનો પરિચય તો મને તથા મારા કુટુંબને સોનગઢથી ઘણા વખતથી હતો જ. પણ તેમના ભક્તિભાવનો પરિચય મને શિખરજી છેલ્લા જાત્રા કરવા આવેલ ત્યારે થયેલ. મને કલકત્તા ખબર પડી કે પૂ. શાન્તાબેન વગેરે મે ૧૯૮૭ માં ગરમીના દિવસોમાં શિખરજી પધારેલ છે, ત્યારે મને પણ સ્વાભાવિક આશ્ચર્ય પણ થયું કે પૂ. બેન આવી દુબળી પાતળી કાયા અને કમજોરી પણ ઘણી જ હોય, તે શિખરજી કેવી રીતે આવ્યા હશે? બે દિવસ માટે પૂ. બેનના દર્શન કરવા અને શિખરજી જાત્રા કરવા રવાના થઈ ગયા. પૂ. બેનના દર્શન કરી કહ્યું કે આવી ગરમીમાં અને આવી શરીરની નાજુક સ્થિતિમાં તમો શિખરજી આવ્યા તે આપનું આત્મબળ જ ઘણું દેખાડે છે. તેમણે પણ કહ્યું કે મને પણ આશ્ચર્ય થાય છે કે હું કેવી રીતે આ શાશ્વત



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

તીર્થધામમાં આવી પહોંચી પણ મારી તીવ્ર ભાવના આ જાત્રા કરવાની હતી તે ફળી ગઈ.

શિખરજીમાં અમો બે દિવસને બદલે છ દિવસ પૂ. બેન અને બ્ર. બેનો સાથે રહ્યા. કારણ કે પૂ. બેન સાથે રોજ પૂજા—ભક્તિ કરવાનો ઘણો લાભ મળતો હતો. પૂ. બેન ભક્તિમાં તો એવા લીન થઈ જતા કે તેને આજુબાજુનું વાતાવરણ ભૂલાઈ જતું અને સિદ્ધ ભગવાનની—મુનિરાજની ભક્તિની ખુમારી ચડી જતી. સિદ્ધ ભગવાનને જાણે હમણાં નીચે ઉતારશે એવું દ્રશ્ય દેખીને અમારા ઉલ્લાસનો પાર ન રહેતો અને સિદ્ધપ્રભુના ગુણગ્રામ રાત્રે ચર્ચામાં એવા તો મલાવી મલાવીને કરતા કે અમને બે દિવસને બદલે છ દિવસ રહેવાનું મન થઈ ગયું અને એટલેથી પણ સંતોષ ન થયો એટલે કલકત્તા પધારવાની વિનંતી કરી જો કે તેમનો તો કલકત્તાનો પ્રોગ્રામ હતો જ નહિ. પણ ખૂબ જ આગ્રહ કર્યો ત્યારે માંડ માંડ હા પાડી અને કલકત્તા અમારે ત્યાં પધાર્યા.

કલકત્તા મુમુક્ષુ મંડળના સભ્યો પણ પૂ. બેનના દર્શન કરવા સવાર—બપોર સાંજના આવવા લાગ્યા. પછી સવારના મંદિરે પૂજા થતી, બપોરના ઘરે ભક્તિ અને રાતના પૂ. બેનનું વાંચન થતું હતું. ઘણા ભાઈ—બહેનો લાભ લેતા અને મને પણ ઘણો જ આનંદ થતો કે જાણે મારા ઘરે કોઈ મહાન માંગલિક પ્રસંગ ઉજવાય રહ્યો હોય તેમ હું આનંદવિભોર બની જતો. મારું હૃદય પણ ભક્તિથી તરબોળ થઈ જતું.

પૂ. બેન શિખરજીથી પધાર્યા હતા એટલે સિદ્ધિધામને જ વારંવાર યાદ કરીને અમને કહેતા કે શિખરજી શાશ્વતધામ છે. તેની નીચે સોનાનો સાથિયો છે આવું ઘણુ સમજાવતા હતા. ઘણા જીવો આ સિદ્ધિધામથી સિદ્ધ થયા છે. તેમને પૂ. કહાનગુરુ દેવની ઘણી જ ભક્તિ હતી અને કહેતા કે આ રસ્તો દેખાડનાર પૂ. ગરૂદેવ જ છે. આજે પૂ. ગુરુદેવ અને પૂ. શાન્તાબેન બંનેની છત્રછાયા નથી. બંને તો પોતાનું કરીને ગયા છે. આપણે સર્વે એ જ રસ્તો લઈ આપણું હિત કરવાનું છે અને તે પ્રમાણે કરીએ તો જ સાચી શ્રદ્ધાંજલિ ગણાય.

રમણીકભાઈ મોટાણીના સદ્‌ગુરુવંદન
કલકત્તા

## ''સ્વરૂપસ્થ શ્રી ભગવતી માતા પૂ. શાન્તાબેન''

જેમણે શારીરિક, માનસિક અને સંયોગિક અનેક પ્રતિકુળતા હોવા છતાં, પોતાના હૃદયમાં નિજ કારણશુદ્ધ પરમાત્માનું લક્ષ રાખી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા સત્‌દેવ—શાસ્ત્ર—ગુરુ પ્રત્યે સંપૂર્ણ અર્પણતા સહિત શ્રદ્ધા; વિનય, બહુમાન અંતિમ પળો સુધી સાવધાનીથી સાચવી રાખી તેમનું જ સ્મરણ, ચિંતન, મનન કરતા કરતા સમાધિમરણે આ નશ્વર દેહનો ત્યાગ કર્યો તેમને કોટી કોટી વંદન.

આજથી ૮૮ વર્ષ પહેલાં જ્યાં કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી સમાધિસ્થ થઈ સ્વર્ગવાસ પામ્યા. મુમુક્ષુઓના અહોભાગ્ય કે તે જ રાજકોટમાં પૂ. શાન્તાબેનનું સમાધિમરણ પ્રત્યક્ષ નિહાળી આ અતિ દુઃષમકાળે પણ સમાધિસ્થ કેવી રીતે થઈ શકાય તે પ્રત્યક્ષ પ્રસંગ જોઈને ત્યાગ/વૈરાગ્ય ભાવની સાચી પ્રેરણા મેળવી શક્યા.

હે પૂજ્ય શાન્તાબેન, અમોએ આપને અનેકવાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સાથે, વીતરાગ પરમાત્મા સન્મુખ ઉપશમ રસભરી ભક્તિ કરતા/કરાવતા નિહાળ્યા છે. સદા ઉત્સાહિત અને આનંદિત વાત્સલ્યભરી આપની મુખમુદ્રા, વીતરાગ પ્રત્યેની આપની અંતરંગ શ્રદ્ધા/ભક્તિ/વિનય આજે પણ નજર સમક્ષ તરવરતા અમો સર્વેને સત્ દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિમાં અતિ ઉત્સાહિત કરે છે.

આપ ધર્મ પ્રભાવનામાં અતિ ઉત્સાહી તથા પ્રભાવશાળી વાત્સલ્યમૂર્તિ હતા. પૂજ્ય ગુરુદેવશ્રી તરફથી આપને સમ્યક્ત્વ પ્રાપ્તિની મહોર તો ઘણા લાંબા સમયથી મળી ચૂકી. આપના માર્ગદર્શન નીચે અનેક પંચકલ્યાણિક પ્રસંગો અતિ ઉત્સાહથી ઉજવાતા નિહાળ્યાનો આજે પણ અમને ઘણો આનંદ આવે છે. આપના ગુણ અમે તો શું ગાઈ શકીએ? પૂજ્ય ગુરુદેવશ્રીના નીચે મુજબના હૃદયોદ્ગારમાં બધુ સમાવેશ થઈ જાય છે.

"પૂર્વે બધા મિત્રો હતા–મહાવિદેહક્ષેત્રમાં રાજકુમાર તરીકે મારો અવતાર હતો–ગામના શેઠીયાના દીકરા બે હતા–બેન ચંપાબેન અને શાન્તાબેન.

ભગવાનના શ્રીમુખેથી દિવ્ય ધ્વનિમાં આવ્યું છે કે આ રાજકુમાર ભવિષ્યમાં તીર્થંકર થશે સાથે બંને બેનો ગણધર થવાના છે. બે બહેનો હો."

ત્રણે મહાત્માઓને ભક્તિપૂર્વક નમસ્કાર.

આપણા પૂજ્ય ગુરુદેવશ્રી તીર્થંકર પદે હશે ત્યારે આ બન્ને પવિત્ર બહેનો ગણધરપદની પ્રાપ્તિ કરી મોક્ષદશાએ પરિણમશે. હે ભગવંતો! હું પણ આપનો સત્સંગ પામ્યો છું. અમારા પ્રત્યે આપની વીતરાગી કરૂણા પણ વર્તે છે. વીતરાગી સાથ પામ્યો છું. તે સદાય રહે અને આપના સમોસરણમાં જ અંતિમ મોક્ષ દશા સુધી રહેવાની/મોક્ષરૂપ પરિણમવાની ભાવના ભાવી પરમ પૂજ્ય શાન્તાબેનને મારા હાર્દિક શ્રદ્ધા સુમન અર્પણ કરું છું.

શ્રી મનસુખલાલ જે. કોઠારી, ભાવનગરના કોટી કોટી વંદન.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પૂજ્ય શાંતાબેન પ્રત્યે શ્રદ્ધાંજલિ

આંધી શમે પણ ધૂળ શમતા વાર લાગે, પુષ્પ કરમાઈ પણ સુગંધ જતા વાર લાગે......મહાપુરુષ જાય પણ તેની સુવાસ ચિર સ્મરણીય બની રહે છે.

પૂ. બેન વિષે શું લખવું? શું ના લખવું? મનના ભાવો વ્યક્ત કરવા જાણે શબ્દો પણ ઓછા પડે છે!

પૂજ્ય ગુરુદેવ તથા પૂ. બેનશ્રી બેન.....સુવર્ણપુરીનો એ સ્વર્ણીમ કાળ હતો. જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિનો એ ત્રિવેણી સંગમ હતો.

પૂ.બેનશ્રી બેનની ભક્તિથી સુવર્ણપુરીની દશે દિશાઓ ગુંજી ઉઠતી......પૂ. બેનશ્રી પ્રથમ જ મીતભાષી હતા. તેઓના વિકલ્પને અનુરૂપ જ પૂ. બેનનું પરિણમન હતું, તેથી ઘણીવાર તો પૂ. બેનશ્રીને આશ્ચર્ય થતું! પૂ. બેનનું દ્રવ્ય જ કોઈ એવા પ્રકારનું હતું કે પૂ. બેનશ્રીનો વિચાર અને એમનું પરિણમન.

દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે આપને અસીમ ભક્તિ હતી. તીર્થયાત્રાનો પણ ઉમંગ આપનો વિશિષ્ટ પ્રકારનો જ હતો....... તબિયત નાજુક હોવા છતાં સંયમની ભાવના પણ પ્રબળપણે રહેતી.....પૂજ્ય ગુરુદેવ પ્રત્યે તો તેના રોમ રોમમાં અસીમ ભક્તિ હતી. તબિયત નરમ હોયને પૂ. ગુરુદેવના જીવન–ચરિત્ર વિષે કોઈ પૂછે તો આપની તબિયત સારી થઈ જતી અને કલાકો પૂ. ગુરુદેવના જીવન પર પ્રકાશ પાથરતા......મુનિરાજના નામ માત્રથી આપ ઉછળી પડતાં અને મુનિદશાની અવાર–નવાર ભાવના ભાવતા.

સમાધિ–મરણની તેઓને ઉત્કૃષ્ટ ભાવના હતી. તેઓએ જગતને બતાવી આપ્યું કે શરીરમાં વેદના હોવા છતાં શરીરથી ભિન્ન આત્માની ભાવના કરી શકાય છે.

“ચેતનાને જાગૃત કરવા સહુ જગાઓ આતમરામ
તમે તો જાગતા સોહો.......
કરી કરીને કરવાનું છે એક જ તારે કામ
તમે તો જાગતા સોહો”......

આવો દિવ્ય સંદેશ આપનાર માતાજી અલ્પકાળમાં આરાધના કરી સિદ્ધદશાને પામે તેવી ભાવના

હિંમતલાલ હ. શાહ, ભાવનગર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શુદ્ધાત્માનો પડકાર કરનાર—પૂજ્ય બેન

અમોને સ્વપ્નેય પણ નહીં કલ્પના કે આવો વિયોગીકાળ અમારે માટે આવશે, પૂજ્ય શ્રી ગુરુદેવનો તો વજ્રપાત થયો એ વિયોગ તો ભૂલાતો નથી એમાં આ સંતનો પણ વિયોગ થયો આકરો છે. અમારા જેવા પામર આપના શું ગુણગ્રામ કરીએ?

ધન્ય છે આપનું જીવન કે આપે ૪૫ વર્ષ સુધી પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં રહી આત્મ—સાધના કરી, આપે જીવન સફળ બનાવ્યું છે. સાધર્મીઓ પ્રત્યે આપનો વાત્સલ્યભાવ આપનો હંમેશા હસતો ચહેરો નજર સામેથી ખસતો નથી. અમો તો સોનગઢમાં ઘણા વરસો સુધી આપશ્રીના નિકટ પરિચયમાં આવ્યા છીએ. જિન મંદિરમાં આપ બંને (બેનશ્રી બેન) જ્યારે ભક્તિની ધૂન મચાવતા હતા ત્યારે જિન મંદિર આખું ગુંજી ઉઠતું હતું. ભારતના દરેક જિન મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ સમયે આપનો હર્ષોલ્લાસ આજે પણ અમારી નજર સમક્ષ તરે છે. આપશ્રીના વાંચન સમયે આપશ્રીનો શુદ્ધાત્માનો પડકાર અને પ્રમોદભાવે દેખાતો હતો અને ''શુદ્ધાત્માનો જય હો'' એ રણકાર હજી આજે પણ અમારા કાનમાં ગુંજે છે.

ભગવાન સીમંધરનાથના પ્રરૂપેલા માર્ગ સાક્ષાત્ ભેટા કર્યા અને પૂ. ગુરુદેવશ્રીના પંથે આપ તો ચાલ્યા ગયા અને અમે પણ આપના માર્ગે ચાલ્યા આવીએ તેવી શુભ ભાવના સાથે આપને હૃદયપૂર્વક વંદન કરી શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

કાંતિભાઈ હરીલાલ ભાયાણી પરિવાર
ભાવનગર

# જ્ઞાનામૃત પાન કરાવનારા અને અમારા શિરતાજ પૂજ્ય બેન શાન્તાબેન પ્રત્યે શ્રદ્ધાંજલિ

'અહો પ્રભો વીરનાથ! કેવળજ્ઞાન પામીને આપે જે મોક્ષમાર્ગ પ્રકાશ્યો તે માર્ગ આજે પણ શ્રી કહાનગુરુ પ્રતાપે જીવંત છે. જ્ઞાનની સ્વાનુભૂતિ વડે આપના માર્ગે ચાલનારા જીવોને આપનો વિરહ નથી. જેમ રત્નત્રયથી મોક્ષમાર્ગ શોભે છે તેમ એક કાળે સુવર્ણપુરી પણ આ સંત ત્રિપુટીથી શોભી રહી હતી.

પૂ. ગુરુદેવે આ પંચમકાળમાં અનેક ભવ્યજીવોના આત્મોન્નતિના પ્રયાસમાં નિમિત્તભૂત થઈ અમારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. આપે અપૂર્વ, સરળ અને રસપૂર્ણ શૈલીથી અધ્યાત્મની પ્રરુપણા વડે સંતોના હાર્દ ખોલીને જૈન ધર્મને ફરી જાજ્વલ્યમાન કર્યો.

આપણા સૌ ઉપર પૂ. ગુરુદેવનો તો મહાન ઉપકાર છે પણ તેમની શાસનની પ્રભાવનામાં પૂ. બેનશ્રી–બેનનો પણ અમૂલ્ય ફાળો છે કે જ્યારે પૂ. ગુરુદેવે દિગંબર ધર્મ અંગીકાર કરવાનું બહાર પાડ્યું ત્યારે બંને બેનોએ જે અજોડ હિંમત, શાંતિ ને અર્પણતા બતાવી છે તેની કથની આજેય ભક્તોના હૈયામાં ભક્તિના અને આત્માર્થતાના રોમાંચ જગાડે છે.

પૂ. ગુરુદેવને આ બંને બેનો પ્રત્યે પુત્રીવત્ અપાર વાત્સલ્ય હતું અને બંને બેનોના રોમરોમમાં પૂ. ગુરુદેવ પ્રત્યે અપાર ઉપકારની ભક્તિ ભરેલી હતી. પૂ. ગુરુદેવના આત્મસ્પર્શી અધ્યાત્મોપદેશને યથાર્થપણે મુખ્ય શ્રોતારૂપે પૂ. બંને બેનોએ આત્મામાં ઝીલીને, પવિત્ર જ્ઞાનથી અને વૈરાગ્યથી, વિનયથી ને અર્પણતાથી, ભક્તિથી અને પ્રભાવનાથી સર્વ પ્રકારે તેઓએ પૂ. ગુરુદેવની ને જિનશાસનની શોભા વધારી છે. અહા! આ કાળે આપણા મહાભાગ્ય કે આવા ધર્મમાતાનું પવિત્ર જ્ઞાન, એમનો વૈરાગ્ય, એમનો અનુભવ, એમની અર્પણતા, એમની નિખાલસતા, એમનો વાત્સલ્ય પ્રેમ જોવાનો એક અમૂલ્ય લહાવો મળ્યો.

આવા ધર્મમાતાનો યોગ મળ્યો તે તો મહાભાગ્ય પણ તેનાથી વિશેષ તો તેમની શીળી છત્રછાયામાં નિરંતર વસવાનો સુયોગ પ્રાપ્ત થયો તે તો મહા ભાગ્યની વાત છે. જેમ મા–બાપની હાજરી માત્ર પણ બાળકને પ્રસન્નકારી ને હિતકારી છે તેમ ધર્મમાતાનો યોગ અમને પ્રસન્નકારી અને હિતકારી છે.

અમારી સદાય નજર સમક્ષ ધર્મમાતાને દેખી–દેખીને અમારા આત્માનું પોષણ કરાવતા હોય એમ લાગતું. આપની મીઠી નજર અને મધુરી વાણી કે 'જ્ઞાનવતારી, જાજ્વલ્યમાન જ્યોતિ' જેવા શબ્દો તો આત્માને એવા આહ્લાદિત કરતા કે જાણે સંતોના અતીન્દ્રિય આનંદની જ પ્રસાદી મળી હોય! આવી આપની મંગળ છત્રછાયા તે અમારું રક્ષણ કરનારી અને સદાય સન્માર્ગે દોરનારી અમને જગતની ચિંતા સતાવી શકતી નથી કેમકે સંતોના દર્શન માત્ર પણ સંસાર સંબંધી સમસ્ત ચિંતાઓને ભૂલાવીને આત્માને મોક્ષમાર્ગ પ્રત્યે ઉત્તેજિત કરે છે.

અહા, આવા ધર્માત્માઓ જગતમાં સદા જયવંત વર્તે છે.

પૂ. બેન સાથે અમારા માતુશ્રીને સાથે રહેવાના અનેકવાર પ્રસંગ બન્યા હતા. તેમાંથી એકદમ નિકટના સંબંધની વાત તેઓ ઘણીવાર અમને કરતા કે જ્યાં જ્યાં પૂ. શાન્તાબેન પૂ. ગુરુદેવના ચાતુર્માસ કરવા જે ગામ જતાં ત્યાં હું પણ જતી અને પૂ. બેન પૂ. ગુરુદેવનું પ્રવચન સાંભળીને આવે અને અક્ષરે અક્ષર ઘરે આવીને લખી લ્યે. આવી તીક્ષ્ણબુદ્ધિ હતી આ વાતની પૂ. ગુરુદેવને ખબર પડી ત્યારે પૂ. ગુરુદેવના શ્રીમુખે સાંભળેલું કે 'ભલ ભલી સાધ્વી પણ આવી જોવા ન મળે.' એવા પૂ. બેન પ્રત્યે ઉદ્‌ગારો નીકળ્યા. પછી મુંબઈમાં પૂ. બેન પધાર્યા ત્યારે અમારા ઘરે પધારતા અને શ્રીમદ્ રાજચંદ્રનું વાંચન મારી બા અને પૂ. બેન પાંચથી છ કલાક કરતા.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

જયારે પૂ. બેનશ્રી રાજકોટ પધાર્યા ત્યારે પણ મારી બા ત્યાં અપાસરામાં હતા અને પૂ. બેનશ્રીએ પૂછ્યું કે શાન્તાબેન છે? અને તેઓ તરત જ પૂ. બેનને બોલાવી લાવ્યા કે ચાલો ચાલો બેન પૂ. ગુરુદેવે કહ્યું હતું તે ચંપાબેન આવ્યા. પૂ. બેન તો એકદમ આનંદપૂર્વક બહાર આવ્યા અને બંને બેનોનું મિલન તેમણે નજરે જોયેલું તે ઉલ્લાસપૂર્વક અમને કહેતા.

સોનગઢમાં પૂ. ગુરુદેવના પરિવર્તન પછી મારી બા આવ્યા ત્યારે સમિતિ જેવું કંઈ નહોતું ત્યારે રહેવાની ભાવના હતી. ભાવના કદી અફળ જતી જ નથી તે મહા પુણ્યોદયે પૂ. બેનશ્રી–બેનની સાથે ૨ાા મહિના રહેવાનો તથા આવા સંતોની જે સેવાનો લાભ મળ્યો હતો તેનું વર્ણન કરતા તો તેઓ થાકતા જ નહિ અને હજી અત્યારે પણ અમારા કુટુંબ પ્રત્યે પૂ. બેનશ્રીની ખૂબ જ કૃપા છે અને પૂ. બેનની પણ હતી.

પૂ. બેનની જે 'મુનિપદ ક્યારે પ્રાપ્ત કરશું એવી નિરંતર ભાવના દેખીને કવિ ''દૌલતરાયજી''નું પદ યાદ આવી જાય છે કે :—

સદન નિવાસૌ તદપિ ઉદાસી

તાતૈં આશ્રવ છટાછટી,

સંયમ ધર ન સકૈ પૈ

સંયમ ધારન કી ઉર ચટાચટી.

આપનું જીવન જોતાં એ બધું વર્ણન તાદૃશ થાય છે જગતથી ઉદાસ અને જિન ભગવંતોના દાસપણે આપનું ઉત્તમ આત્માર્થ જીવન અન્ય જીવોને પણ આત્મહિતની પ્રેરણા આપતું શોભી રહ્યું હતું. ને મુનિરાજ પ્રત્યે તો આપને અપાર પ્રીતિ અને પરમભક્તિ હતી.

હે સમતાના ધારક માતા!

આપને જ્યારે અંતર–બાહ્ય પ્રતિકૂળ સંયોગો આવતા ત્યારે પૂછતા કે આવા પ્રતિકૂળ સંયોગોમાં પણ આટલી શાંતિ કઈ રીતે રાખી શકો છો?

ત્યારે પ્રસન્ન વદને આપ કહેતા કે શાંતિ અને સમતારૂપ જ સ્વભાવ છે. (સમતારૂપી કુળદેવી આપનો ઘણો જ પ્રિય શબ્દ હતો.) મને તો કોઈ પ્રતિકૂળ સંયોગ જ દેખાતો નથી કારણ કે આવા પ્રસંગ દેખીને ઘણો જ વૈરાગ્ય થઈ જાય છે અને શીઘ્ર–શીઘ્ર સમતા સ્વભાવમાં ઉપયોગ લીન થાય છે ત્યારે કર્મની નિર્જરા થતી જાય છે અને પ્રતિકૂળ સંયોગ મને આત્મવૃદ્ધિમાં જે નિમિત્ત થાય તેને ભલા હું પ્રતિકૂળ કેમ માનું?

આવો આપનો જવાબ સાંભળી અમને તો એમ જ થયુ કે જેમ સોનું કસોટીએ ચડ્યા પછી તેજોમય બને છે તેમ આપ પણ પ્રતિકૂળતાની કસોટીએ ચડીને વધુ તેજોમય દેખાયા ત્યારે



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

મસ્તક ચરણોમાં ઝૂકી ગયું અને હૃદયોદ્‌ગાર નીકળી પડ્યા કે ધન્ય માત તારી દશા!!! તારા ચરણોમાં અમારા કોટી કોટી વંદન.

હે આત્મજીવન શિલ્પી માત!

આપ ક્ષમાસાગર હોવા છતાં ક્રોધાદિશત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરનારા છો, નિર્માની હોવા છતાં ત્રિભુવનનું માન જેમને મળે એવા અપૂર્વ સિદ્ધપદના આરાધક છો.

નિર્લોભી છતાં ચૈતન્ય સંપદાના સંગ્રાહક છો.

કોમળ સ્વભાવના ધારક છતાં કષાય પ્રત્યે કઠોર છો.

નિશ્ચયે વિકારના અકર્તા હોવા છતાં શુદ્ધાત્મ–પરિણતિના કર્તા છો.

આપ અલૌકિક જ્ઞાનના દાતાર છો અખંડ પ્રતાપવંત એવા હે માતા!

આપ અમારા ઉપર એવી કૃપા કરો કે જેથી અમારા ભવનો અંત આવે.

આપના વિરહને, શીઘ્ર આત્માની આરાધના વડે તોડીને આપના જેવા બનીએ તેવા હે ગુરુઓ! અમને આશીર્વાદ આપો.

હે આત્મજીવન ઘડવૈયા સંત!

આપે અમારા જીવનનું એવું આશ્ચર્યકારી ઘડતર ઘડ્યું છે કે આત્મિક અને આનંદથી ભરપૂર છે એવા આપના ઘડતરથી અમોને શીઘ્ર સિદ્ધિપદની પ્રાપ્ત થઈ જાય એવી હાર્દિક પ્રાર્થનાપૂર્વક આપને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

જગદીશભાઈ લોદરીયા પરિવાર્
મુંબઈ

## પૂજ્ય ભગવતી બહેન શ્રી શાંતાબેન

પૂજ્ય શાંતાબેન વિષે જેટલું કહીએ તેટલું ઓછું. તેઓશ્રીએ સોનગઢને પોતાની કર્મભૂમિ બનાવી હતી.

પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં રહીને પૂ. ચંપાબેન તથા પૂ. શાંતાબેને મુમુક્ષુ પદે રહીને સોનગઢ ગામની જનતાને પોતાના કુટુંબીજનો જેમ આપ્તજનો જેવા ગણીને લાગણી બતાવેલ છે.

સૌરાષ્ટ્રમાં છેલ્લાં ૩ વર્ષોથી પાણીનો દુષ્કાળ હતો ત્યારે મુંગા પ્રાણીઓ ઘાસ વગર ટળવળતાં હતા તે સમયે પૂ. શાન્તાબેના હૃદયમાં ખૂબ જ કરૂણા ઉપજી અને પોતે જાતે ઘર સામે



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ઉભા રહીને મુંગા પ્રાણીઓને ઘાસ નખાવતા તથા મંડળમાંથી ફાળો ઉઘરાવી અમારા પંચાયતમાં મોકલવામાં સૌ પ્રથમ ફાળો તેઓશ્રીનો હતો.

જેના ફળ–સ્વરૂપ પૂ. ભગવતી બેન શાંતાબેનના નિર્વાણ દિને સોનગઢની જનતાએ નાત–જાતના ભેદ ભૂલીને સ્વેચ્છાથી બજાર બંધ કરી મોટી સંખ્યામાં સ્મશાન–યાત્રામાં જોડાયેલા હતા. પૂ. બેનશ્રી શાંતાબેન તરફ લોકોની લાગણી અને ભાવ બતાવે છે.

પૂ. બેનશ્રી શાંતાબેનના વિચારોને સાકાર કરીએ અને તેમની સ્મૃતિ માટે કાયમી ધોરણે સમાધિ ઉભી કરીને ભવિષ્યની ભાવી પ્રજાને પ્રેરણાદાયી બને તે લાગણી અને ભાવ સાથે હું અને પંચાયત બોડીના સભ્યો શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

રતનસિંહ વ. ગોહિલ
સરપંચ અને પંચાયતના સભ્યો–સોનગઢ

## શ્રી પૂજ્ય ભગવતી–બહેનશ્રી શાન્તાબેન

શાંતાબેને સોનગઢ ગામની જનતાને માતૃતુલ્ય પ્રેમ આપીને દરેકના દિલ જીતી લીધા હતા. તેની પ્રતીતિ–તેમના અંતિમ દર્શન માટે, સોનગઢની જનતા યુવાન વૃદ્ધ તથા સ્ત્રી–પુરુષોએ જાતિ ભેદ ભુલીને જે શ્રદ્ધાંજલિરૂપે બહેનશ્રીની સ્મશાનયાત્રામાં જોડાઈને–સાથ આપીને કરાવેલ હતા. પોતાના જ કુટુંબના આત્મજન ગુમાવ્યાનો ભાવ તથા દુઃખ જણાતા હતા.

બહેનશ્રી મીતભાષી–સૌમ્ય તથા સાચા બ્રહ્મચારી મુમુક્ષુ બહેન હતા. પૂ. કાનજીસ્વામીના અનન્ય ભક્ત હતા. તેથી બહેનશ્રીએ સોનગઢને પોતાનું માનીને પૂ. ગુરુદેવની સાન્નિધ્યમાં રહીને પૂ. શ્રી ગુરુદેવનું નામ ઉજાળેલ છે.

બહેનશ્રી શાંતાબેન ખૂબ જ સરળ હૃદયના અને પરોપકારી વૃત્તિના હતા. લોકોની નિષ્કામ ભાવે સેવા કરતા હતા.

મહાત્મા તુલસીદાસના શબ્દોમાં કહીએ તો મુમુક્ષુ અથવા સંતના હૃદય એવા હોય છે કે—

“સંત હૃદય નવનીત સમાના, કહા કવિ પર કહૈ ન જાના.
નિજ પરતાપ દ્રવ હી નવનીતા, પરદુઃખ દ્રવ હી સંત પુનિતા.”

અર્થાત્ કવિઓએ મુમુક્ષુ–સંતના હૃદયને માખણ સાથે સરખાવેલ છે. પણ માખણને તાપ લાગે ત્યારે જ દ્રવે છે. પણ સંતનું હૃદય બીજાનું દુઃખ જોઈને જ દ્રવી જાય છે. દુઃખ અનુભવે છે.


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

તે રીતે પૂ. બહેનશ્રી શાંતાબેન ખૂબ જ સરળ હૃદયના સેવાભાવી—મુમુક્ષુ બહેન હતા. તેઓશ્રીને મારી હૃદયના ભાવથી નત—મસ્તકે શ્રદ્ધાંજલિ આપું છું.

લિ. નટવરસિંહ કે ગોહિલ
ઉપ—સરપંચ
સોનગઢ ગ્રા. પંચાયત
સોનગઢ

## પૂજ્ય બેનશ્રી શાંતાબેન પ્રત્યે શ્રદ્ધાંજલિ

પૂજ્ય કાનજી સ્વામી સોનગઢ પધાર્યા ત્યારથી જ પૂ. શાંતાબેન નિરંતર સોનગઢમાં જ હતા અને બહેનશ્રી ચંપાબેન તથા આપ સાથે જ રહેતા હતા. આપની દેખરેખમાં જ બ્ર. બહેનોનું જીવન શોભતું હતું. આપનો મિલનસાર સ્વભાવ યાદ આવે છે. બાળક હો કે વૃદ્ધ હો દરેક સાથે આપ વાત્સલ્યતાથી જ બોલતા હતા. આવા આપના ગુણો અમને યાદ આવે છે.

સતસંગ એટલે સંતોનો સંગ, ભક્તિનો એ એક માર્ગ છે. જ્યારે સતસંગ અને સંત—સાન્નિધ્ય એ પ્રભુની પ્રસાદી છે—કૃપા છે. પૂર્વભવના અનેક પુણ્યના પ્રતાપે તે પ્રાપ્ત થાય છે.

પાણીરૂપી કષાય અને વિકાર છોડી; હંસની પેઠે દૂધરૂપી ગુણ ગ્રહણ કરવાની જેનામાં યોગ્યતા છે તેને જ તે પ્રાપ્ત થાય છે.

સદ્ગત બહેનશ્રી શાન્તાબેને જ્ઞાન, ગુણ, ચારિત્ર અને અધ્યાત્મયોગી પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સાન્નિધ્યમાં તેઓએ ભરપૂર માત્રામાં દીર્ઘકાળ પર્યંત પ્રાપ્ત થયા છે.

સદ્ગત તપસ્વીનીને મારી વંદના.

ભોથાભાઈ ભ. ખસિયા
સોનગઢ

# સ્વાનુભૂતિ સંપન્ન વૈરાગ્ય મૂર્તિ

સ્વાનુભૂતિ સંપન્ન વૈરાગ્ય મૂર્તિ વાત્સલ્ય સ્વભાવી શાંત સ્વભાવી કરુણાનિધાન પૂજ્ય શાંતાબેન!! આપના ચરણકમલમાં ભક્તિભાવે વંદન હો.

આપ લઘુવયથી જ અપૂર્વ વિશિષ્ટ સંસ્કારી હતા આ ભવમાં કાંઈક નવીન કરવું છે એ આપશ્રીની ઉંડેથી જિજ્ઞાસા હતી એ આપે આ ભવમાં જિજ્ઞાસા સાકાર બનાવી.

લઘુવયમાં પૂજ્ય કૃપાળુ સદ્‌ગુરુદેવશ્રી મળ્યા 'આત્મા' શબ્દ સાંભળતા સોંસરવટ કાળજામાં આપને ચમક લાગતી એ કોઈ અપૂર્વ આપની પહેલાથી જ પાત્રતા હતી.

ખૂબ વાંચન વિચાર ચાલતા, આપ કહેતા હતા કે વાંચન તો થોડું ચાલે પણ અંદર વિચાર ઘણા ચાલે એટલું પહેલાં મંથન હતું. પૂ. ગુરુદેવશ્રીના વ્યાખ્યાન અક્ષરે અક્ષર યાદ રાખતાં, પછી ઊંડે જતાં જ્ઞાયકને ગ્રહણનો પુરુષાર્થ ચાલતા યાદ રાખવું એ બોજો લાગતો. અંદર દશા વધી રૂચિમાં ઇંદ્રિય—વિષયોના રસ ફીક્કા થઈ ગયેલા પછી સવિકલ્પ જ્ઞાનમાં જ્ઞાયક ગ્રહણ થતાં પરિણતિ અંદર ઢળવા વિશેષ માંડી. એવો ધારા બંધ ભેદજ્ઞાનનો અથાગ પુરુષાર્થ હોતા નિર્વિકલ્પ—જ્ઞાનમાં જ્ઞાયકદેવ અતીન્દ્રિય આનંદના વેદનમાં આવ્યો, શુદ્ધ પરિણતી થઈ બસ આ ભવમાં ભવનો અભાવ થયો, ભેદજ્ઞાનની ધારા અપ્રતિહત સમાધિમરણ સુધી ધારા વધતી રહી અંદરની દશા બહારમાં દેખાતી. પ્રતિકૂળતામાં રોગાદિમાં આપશ્રીની દશા તરવરતી જ્ઞાયક ધ્રુવ શુદ્ધાત્માના બળે આપ ગમે તેવા પ્રસંગમાં અલિપ્ત રહી આપે અપૂર્વ વિશિષ્ટ આરાધના કરી છે. આપની જ્યારે પૂર્વ દશાની વાત કરતા ત્યારે અમારા રોમાંચ ખડા થઈ જતા.

ખરેખર સ્વાનુભૂતિથી પરિણત જ્ઞાનીઓ પાસે પામવાની દશા પામ્યા પછીની દશા જે સાંભળવા મળે એક અહોભાગ્ય છે. રોગાદિ પ્રસંગે કેવા આપ છૂટા રહેતા એ બહારમાં અમારા જેવા અજ્ઞાનીને દેખાતું હતું એટલી અંદરની દશા ગાઢ હતી કે બહાર બધા જોઈ શકતા.

સમાધિના છેલ્લે ટાઈમે જે આપની દશા નજરે જોઈ તે એક મહોત્સવ સમાધિનો હતો, ક્રમસર બધું છોડી સંથારો ધારણ કરી વિધિસર સમાધિ—મરણ થયું. સારી જનતાએ આપની અંતિમ દશા જોઈ સૌ ભાગ્યવંત બન્યા. અમ બાળકોને આપનો વિરહ થયો એ દુઃખ લાગે છે. પુનઃ પુનઃ બધા પ્રસંગો યાદ આવે છે.

આપશ્રીને નિયમસાર, સમયસાર આદિ અધ્યાત્મ શાસ્ત્રનું વાંચન બહુ પ્રિય હતું. જયસેન આચાર્યની ટીકા વારંવાર વાંચતા અધ્યાત્મથી રંગાયેલા અધ્યાત્મથી તરબોળ જ્યારે મુનિરાજનું આવતું ત્યારે આપ જાણે મુનિદશારૂપે હો એવું લાગતું આપના કેટલા ગુણોનું વર્ણન કરીએ.

બસ આપના જેવી દશા હો ભક્તિ ભાવે આપશ્રીના ચરણકમલમાં વંદન.

શુશીલાશ્રી સોનગઢ

# વીતરાગતા કી અપૂર્વ ભાવનાવાલી પૂ. બેન શાન્તાબેનજી કો શ્રદ્ધાંજલિ

આપને અપને પવિત્ર જીવન કી સાધનામેં શ્રદ્ધેય આધ્યાત્મિક સંત પૂજ્ય ગુરુદેવશ્રીકા સાન્નિધ્ય કા મહા યોગ પ્રાપ્ત હુઆ, કી આપને લઘુવયસે જીવન સાધના કી ઓર મોડા ઔર તત્ત્વજ્ઞાનકા અપૂર્વ લાભ લેકર પુરુષાર્થ દ્વારા તત્ત્વજ્ઞાન કો અપને હૃદયમેં અંકિત કિયા.

મહાન પુણ્યોદયસે પવિત્ર આત્મા પૂ. બેનશ્રી ચંપાબેન કા યોગ ‘‘મણિ કાંચન કા સહયોગ જૈસા હુવા.’’ ઈસ તરહ યે ત્રિપુટીને સારા દિગંબર જૈન સમાજ કો આકર્ષિત કર દિયા. પૂ. બેનશ્રીબેન!! એ શબ્દ કી જોડી, પ્રત્યક્ષ ગુરુ શિષ્ય ઔર દોનોં સખીયોંકી જોડી; ઈન ત્રિપુટી ગુંથી હુઈ થી જ સબકે મન કો મોહિત કરતી થી.

આપ દોનો કા હમારે ઉપર પુત્રીવત્ તથા બેનવત્ સ્નેહ વાત્સલ્ય રહા. આધ્યાત્મિક તત્ત્વો કા મંથન સ્વાધ્યાય તથા ચર્ચા આદિકા સબકો અપૂર્વ લાભ દિયા યે આપ કી હી દૈન હૈ કિ હમ સબ ઈસીમેં જુડે હુયે હૈ. આપ મુનિરાજ કી મહિમા બહુત કરતે થે ઔર આપ કો નિયમસાર શાસ્ત્ર બહુત પ્રિય થા જિસમેંસે આધ્યાત્મિક બોધ મિલતા; અંતિમ સમય મેં ભી આપ નિયમસાર સ્વયં સ્વાધ્યાય કરતે થે ઔર કહેતે થે આચાર્યને પંચાસ્તિકાય શાસ્ત્રમેં કહા હૈ! ‘‘શાસ્ત્ર સ્વાધ્યાય કા તાત્પર્ય એક વીતરાગતા હૈ’’ યે વીતરાગતા જ્ઞાયક હી હૈ.

આપ કી વહ હસમુખ મુદ્રા, પ્રસન્ન મૂર્તિ હમારે હૃદય પર ટંકોત્કીર્ણ હૈ. આપની શારીરિક વ્યાધિ, સંયોગો કી પ્રતિકૂળતા હોને પર ભી તત્ત્વજ્ઞાન કે બલ સે હી ધૈર્ય ઔર સાહસ રખા હૈ. આપશ્રીને તીર્થયાત્રા પંચકલ્યાણિક પ્રતિષ્ઠાઓમેં પૂર્ણ સહયોગ, સ્નેહ ઔર માર્ગદર્શન દેકર જનતા કો આકર્ષિત કિયા.

હે માતા! આપને અપને જીવનમેં કિયા સંકલ્પ સમાધિ—મરણ કી ભાવના કી સાધના કો સાર્થક કિયા હૈ. કહા હૈ ‘‘કિ જાકી રહી ભાવના જૈસી તિન મુરત દેખી પ્રભુ તૈસી.’’ આપને આત્મિક બલકી સાધના કા ઉદાહરણ સમાજ કી સમક્ષ સફલ કિયા હૈ. ઐસે અપૂર્વ પુરુષાર્થ કી મહોર છાપ હમકો પુરુષાર્થ કી પ્રેરણા દેતી હુઈ હમારે હૃદયપટલ પર અંકિત રહેગી.

પૂજ્ય બેન! આપકે ગુણો કા યશગાન જિતના હમારે હૃદયમેં હૈ ઉસે યહ અજીવ જડવાણી તથા લેખની કૈસે લીખ સકતી હૈ, આપકે ગુણો કી સ્મૃતિપૂર્વક અશ્રુ પુરીત હૃદયસે શ્રદ્ધાંજલિ અર્પિત કરતે હૈ ઔર યહ ભાવના હૈ કિ આપકી પૂર્ણ સાધના શીઘ્ર પૂરી હોવે.

આપ કી હીરાબેન, વિદ્યાબેન
ઈંદોર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## જ્ઞાની સંતના જન્મવધાઈના મીઠા સંભારણા

પૂજ્ય બેન વિષે આ પામર શું લખે? એ લેખનમાં ન આવી શકે, પરંતુ પ્રત્યક્ષ તેમના જેવી દશા પ્રાપ્ત કરી અનુભવીએ ત્યારે જ પૂજ્ય બેનની દશા જણાય. જ્ઞાનીના સહવાસના સંભારણા સદાયે પ્રફુલ્લિત રાખે છે.

નવરંગપુરાના જિન મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ સમયે તેઓશ્રી મારે ત્યાં આઠ દિવસ રહ્યા અને બીજી વાર પ્રશિક્ષણ શિબિરના સમયે દસેક દિવસ રહ્યા, ઘરમાં તો વાતાવરણ જ કાંઈ જુદું બન્યું હતું અને જ્ઞાનધારાના ધોધ વરસ્યા હતા, કંઈક નાની મોટી વાતોમાં જરાય ઉપદેશ નહિ પણ નિખાલસતાથી અંતરનો આદેશ, એક દિવસ શિબિરના ટાઈમે શ્રી નેમીચંદજી પાટની અને પંડિત હુકમચંદજી ભારિલને જમવા બોલાવ્યા અને કહે આ તો આપણા જૈન સમાજના સ્થંભ છે. જેટલો આદર કરીએ તેટલો ઓછો છે. કેવો ભક્તિ વાત્સલ્યનો પ્રકાર!

ક્યારેક સાંજના હું પાસે બેસી જાઉં અને કંઈક તેઓના જીવન સંબંધી વાતો પૂછતી તો ઉલ્લાસથી કહેતા. ત્યારે તેઓના બધા બેનો તથા મુકુંદભાઈ બધાને સાથે જોઈ હર્ષ થતો કે આ બધા પૂ. બેનના બેનો તથા ભાઈ કેવા ભાગ્યશાળી છે.

પ્રતિષ્ઠાના સમયે તેઓશ્રીનો ૭૭ મો જન્મદિન મારે ઘરે ઉજવવાનો સહજ અવસર મળ્યો હતો. ભક્તને ભેટવા ભક્તોના ટોળાઓ આવતા મન ઘણું આનંદ વિભોરીત થતું. મને કહેતા અહીં ઘર જેવું લાગે છે. આ લખતાં યાદ કરીને મંગળમયી 'મા' યાદ આવે છે કે હે! મંગળમયી મા મને આપનો મંગળમય સથવારો સદાય હોજો. એ જ અહોર્નિશ અભિલાષા સાથે શ્રદ્ધાંજલિ અર્પું છું.

દમયંતીબેન જ. દોશી
અમદાવાદ

## અનોખા અડગ વ્યક્તિ પૂ. શાન્તાબેન

પરમ ઉપકારી કૃપાળુ પૂ. શ્રી કહાન ગુરુદેવના પ્રભાવે આ કાળમાં ચોથા આરાની જેમ ધર્મધારાના ધોધ વહેડાવ્યા છે. ગુજરાતી અને હિંદી સમાજના ઘણા જ ભાગ્યના ઉદયે હજારો વરસોથી જે ચોખવટ નથી થઈ તેવી પૂ. ગુરુદેવશ્રીથી મોક્ષમાર્ગની સૂક્ષ્મ તત્ત્વચર્ચા ૪૫ વરસ સુધી એકધારી સુગમ–સરળ ભાષામાં સહેલી રીતે અનુભવની કળા મુખ્યપણે બતાવી છે માટે દરેક મુમુક્ષુઓ ઉપર પૂ. ગુરુદેવશ્રીનો મહાન ઉપકાર વર્તે છે.

આપણે બધા પૂ. શ્રીએ બતાવેલા માર્ગે દ્રઢ પુરુષાર્થ ઉપાડી જાગૃતિપૂર્વક મનુષ્યભવની

કિંમતી ક્ષણોમાં મતિ–શ્રુતજ્ઞાનને બહારથી પાછું વાળી સ્વભાવને ગ્રહણ કરવામાં રોકીએ, અને ભેદજ્ઞાન વડે સ્વ. પરથી ભિન્નતાપૂર્વક સ્વનો આશ્રય કરીને સ્વાનુભવ પ્રગટ કરીએ, એવી ભાવના દરેકે મુખ્ય રાખીને ઉગ્ર પુરુષાર્થ ઉપાડવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

પૂ. ગુરુદેવશ્રીની હાજરીમાં બંને બેનો પ્રત્યે પૂ. ગુરુદેવને ઘણો જ પ્રમોદભાવ વર્તતો હતો અને તેમની વાણીમાં આવ્યું હતું કે પોતે તીર્થંકર થશે ત્યારે બેનો તેમના ગણધરપદે બિરાજશે અને મહાવિદેહમાં પણ તેઓ મિત્રપણે સાથે હતા તેમ કહેતા હતા. બંને બહેનોનો આત્મા બળવાન હોવાથી, પૂર્વના દ્રઢ સંસ્કાર હોવાથી અહીં પૂ. ગુરુદેવના સમાગમે આત્મ પ્રાપ્તિ કરીને ભવનો છેદ કર્યો. પૂ. શાંતાબેન આયુ પૂર્ણ થતાં દેહત્યાગ કરીને પૂ. ગુરુદેવ પાસે સ્વર્ગમાં ચાલ્યા ગયા. ઘણો જ પુરુષાર્થી અને અડગ જીવ હતો. પોતાની જીવનની છેલ્લી ઘડી સુધી આત્માહિતમાં જ લગાડી દીધી અને જીવન દેવ–ગુરુ–ધર્મના શરણે રાખી આત્મવૃદ્ધિ તરફના પુરુષાર્થમાં જ રોકાયેલા રહેતા હતા.

માન–અપમાનની દરકાર કર્યા વિના પોતાનો પુરુષાર્થ સતત ચાલુ રાખેલ હતો. તેઓ વિરલ, ગંભીર, શાંત, ધીરજવાળા હતા. તેથી મનને શાંત રાખીને ક્યાંય વાદ–વિવાદમાં પડતા ન હતા. હાથી જેમ દરકાર વિના પોતાના પ્રયોજનમાં ચાલ્યો જાય છે, તેમ જ્ઞાનીઓ પણ પોતાના ધ્યેયમાં અડગતાથી ચાલ્યા જાય છે. પૂ. શાંતાબેનનો આત્મા જે સંસ્કાર લઈને ગયેલ છે તે આગળ વધીને પૂર્ણ સુખમાં બિરાજશે. એ ભવિક આત્માને ભાવભર્યા વંદનપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

લક્ષ્મીબેન પ્રેમચંદભાઈ, લંડન

## સ્મરણાંજલિ

પવિત્ર આત્મા બહેનશ્રી શાન્તાબેને પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સાન્નિધ્યમાં ઘણાં વર્ષ તત્ત્વ અભ્યાસ કર્યો હતો.

તેઓશ્રીએ બહેનોના બ્રહ્મચર્ય આશ્રમ શ્રી ગોગીદેવી બ્રહ્મચર્ય આશ્રમમાં અંગત રસ લઈ બ્રહ્મચારી બહેનોના શિસ્તપાલન વિષે ઘણું ધ્યાન આપતા હતા અને તે કારણે બ્રહ્મચારી બહેનો પણ ચુસ્ત રીતે શિસ્તનું પાલન કરતાં.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ એક વખત એમ કહેલ હતું કે, ‘‘આ શાન્તાબેન તીવ્ર બુદ્ધિવાન છે. મંદિરોની સ્થાપત્ય કલા વિષે ઈજનેરો પણ કબૂલ કરે તેવું માર્ગદર્શન તેઓ આપે છે.’’

શ્રી શાન્તાબેન ભક્તિ અને પૂજનમાં સૌથી અધિક હતા.

—પંડિત શ્રી ચીમનભાઈ તારાચંદ કામદાર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# જ્ઞાની જ્ઞાન દશાનો દોર કદી ચૂકે નહીં

વીતરાગી તત્ત્વજ્ઞાનના પ્રચાર–પ્રસારક સારાય ભારતભરમાં તત્ત્વજ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર એક અલૌકિક સંત શ્રી કહાનગુરુ જાગ્યા તે મહાન મહાન ભાગ્યનો સુયોગ પ્રાપ્ત થયો છે. શ્રી જિનેન્દ્ર દેવ–ગુરુ તથા સત્ય શાસ્ત્રની મહિમા બતાવી બધાને સત્યને પંથે ચડાવ્યા. આ પંચમકાળે આવા ગુરુના યોગે જાણે ચોથો આરો વર્તી રહ્યો છે.

અમારા પણ મહા પુણ્યોદયે અમારા જ ખારા કુટુંબમાં પૂ. બેન શાન્તાબેનનો જન્મ થયો. જેથી અમારા કુટુંબીજનોને સત્ય દિગંબર ધર્મનું ભાન થયું અને સાચા દેવ–શાસ્ત્ર–ગુરુનું જ્ઞાન થતાં અમો બધા ભાગ્યવંત બન્યા. મારા પિતાજીને તો પૂ. બેન પ્રત્યે ઘણું જ માન હતું, માતુશ્રીને પણ દીકરીવત પ્રેમ હતો.

માતુશ્રી તો ઘણો સમય સોનગઢ રહ્યા હતા ત્યારે પૂજ્ય શ્રી ગુરુદેવ તથા પૂજ્ય બેનશ્રી બેનનો લાભ સારો લેતા તેમાં પૂજ્ય બેનને માતુશ્રી પ્રત્યે જે વાત્સલ્ય પ્રેમ હતો તે કોઈ અનેરો હતો. થોડો સમય માતુશ્રી રાજકોટ પણ રહ્યા ત્યારે પૂજ્ય બેનને હસતા હસતા કહેતા કે ચાલો પિયર હું આપને તેડવા આવી છું આટલી રોગની પીડામાં અહીં નથી રહેવું. તે સમયે પૂ. બેનને ચહેરા ઉપર હર્પીસ ખૂબ જ ભારે નીકળ્યું હતું કે પીડા જોતા મારી આંખમાં આંસુ આવી ગયા પરંતુ પૂજ્ય બેન તો ખૂબ જ શાંતિથી ભોગવી રહ્યા હતા. ત્યારે મારા માતુશ્રી બોલ્યા કે,

'જ્ઞાની જ્ઞાન દશાનો દોર કદી ચૂકે નહીં'

વિધ વિધ વ્યવહારો છો કરતા, સઘળું કરતાં છતાં અકર્તા

દોર ઉપર સૂરતા ચૂકે નહીં,

વિધ વિધ વ્યવહારો કરતાં હેલ, નજરથી યુવતી ચૂકે નહીં.

આવી રીતે જ્ઞાનીની સઘળી ક્રિયા દેખાય છતાં અકર્તા હોવાથી પોતાનો દોર ચૂકતા નથી એ પ્રત્યક્ષ જોયેલી વાત છે. અમારે માટે પૂજય બેનનો ઉપકાર તો ભવોભવ સુધી ભૂલાય તેમ નથી.

પૂજ્ય બેન સાથે ઘણીવાર ચર્ચા–પ્રશ્નો પણ થતાં ત્યારે એકવાર મેં પૂછેલું કે બેન!

સમ્યક્દર્શનની પર્યાય શું કાર્ય કરે છે? ત્યારે પૂ. બેને ઉત્તર આપ્યો :—

પૂજ્ય ગુરુદેવના પ્રતાપે, મારા આત્મામાં સમયક્દર્શન અને સમ્યક્જ્ઞાનની જે શુદ્ધ ધર્મરૂપ પર્યાય પ્રગટી છે તે નિરંતર ધર્મનું કાર્ય કરે છે, રાગાદિના વિકલ્પ સાથે આવે પણ ઉપર ઉપર તરે છે. જેમ તેલનું બિંદુ શુદ્ધ પાણીમાં ઉપર ઉપર તરે છે તેમ શુદ્ધ ધર્મ પ્રગટ્યો છે તેમાં



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

તે રાગાદિ વિકલ્પ પ્રવેશ કરતાં જ નથી. કુટુંબ પ્રત્યે હજુ રાગ છે જેથી વિકલ્પ આવી જાય છે, બાકી ખાતા–પીતા, બોલતા–ચાલતા કે બધી બહારની પ્રવૃત્તિમાં મારો પ્રગટેલો શુદ્ધ–ધર્મ તો નિરંતર પ્રણમી રહ્યો છે ને તે નિરંતર વૃદ્ધિગત છે ને વિકલ્પ આવે કુટુંબ પ્રત્યે રાગાદિના તે પણ રસ વગરના તે તુચ્છ હોય છે, બીજાને તેનો ખ્યાલ આવવો મુશ્કેલ પડે.

આ જવાબ ઉપરથી અમને ખ્યાલ આવ્યો કે અહો! સમ્યક્દૃષ્ટિની પરિણતી શું કાર્ય કરે છે.

અહો ધન્ય છે આ દશાને કે જેમના થકી અમો એક ગૌરવતા અનુભવીએ છીએ.

આ દશાને પ્રાપ્ત કરીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ છે. 'હે માતા ધન્ય હો આપની દશા.'

મનુભાઈ મુળજીભાઈ ખારા તથા
શીશીભાઈ ખારા પરિવાર

## વૈરાગ્ય પ્રેરક પૂ. શાન્તાબેન

અમારા અમરેલી ગામના પૂ. શાન્તાબેન હોવાથી નાનપણથી જ તેમનો પરિચય હતો. તેમના બેન કાન્તાબેન અમારા કુટુંબમાં આવવાથી મને વિશેષ પરિચય થયો.

અમારા ઘરમાં વૈરાગ્ય પ્રસંગ ભજતા ત્યારે પૂ. બેન મુંબઈ હોવાથી તેમની પાસે ગયા. આ પ્રસંગ અનુસાર શ્રીમદ્ રાજચંદ્રના પુસ્તકો વાંચવાની પ્રેરણા આપી ત્યારથી અમારા કુટુંબમાં અધ્યાત્મની રુચિ જાગી અને ભાવનગરમાં અમે રહેતા હતા. સોનગઢ નજીક હોવાથી અવારનવાર પૂ. બેન પાસે આવવાનો પ્રસંગ બનતો અને મારા ઉપર તેમની ઘણી જ વાત્સલ્યતા હતી. તેમની ભક્તિનો રંગ જોઈને મારું પણ હૃદય ભક્તિથી ઊછળી જતું.

આવા વૈરાગી અને વાત્સલ્યમૂર્તિ પૂ. શાન્તાબેનને ભક્તિભાવે શ્રદ્ધાંજલિ અર્પું છું.

લાભુબેન મોહનલાલ પારેખ પરિવાર
ભાવનગર


Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# પૂ. બેન શાંતાબેન પ્રતિ શ્રદ્ધાંજલિ

હે પૂજનીય વાત્સલ્યમયી અમ બાળકોની સત્ય જીવન આધારમાતા.

અમે બાળ વયથી સોનગઢ અધ્યાત્મ મૂર્તિ કલ્યાણકારી ગુરુદેવશ્રી (કાનજી સ્વામી)ની વાણી સુણવા આવ્યા અને આપના સમાગમનો યોગ મળ્યો. આપશ્રીની કૃપાદષ્ટિ અમ બાળકો પર ઘણી હતી. કયા શબ્દો દ્વારા વર્ણન કરું! બાળકો કાલી ઘેલી ભાષા દ્વારા પોતાના મા–બાપ પાસે ભાવ વ્યક્ત કરે છે.

તેમ હે માતાજી આપ અમારા જીવન સુકાન છો. આપ અમારા પર પુત્રવત પ્રેમ દર્શાવતા અમારું જીવન ધર્મ સંસ્કારી બને એવી શિખામણ વારંવાર આપતા.

આપની દેવ, શાસ્ત્ર, ગુરુની અપૂર્વ ભક્તિ રગરગમાં છવાયેલી અમને બાળવયથી જોવા મળી હતી. આપ જ્યારે અંતર અનુભવેલી પૂર્વદશા, વર્તમાન દશાની વાત કરતાં ત્યારે અમે ઉલ્લસિત થઈ જતાં અને એમ ભાવ આવતો કે અમારા કેવા અહોભાગ્ય કે જ્ઞાનીઓની હૃદયની વાતો જ્ઞાનીઓના મુખે સાંભળવા મળે છે. દરેક પ્રસંગે ધ્રુવ આત્માનું બળ મધ્યસ્થતા જ્ઞાતાપણું તરવરતું દેખાતું હતું.

નામ જન્મનું શાંતાબેન હતું, તે નામ સાર્થક હતું. ભવ અંતનું કાર્ય કરી સમાધિ મરણ કર્યું જે જીંદગીનો સરવાળો જીવનની આરાધનાનું ધ્યેય તે નજર સમક્ષ જોયું.

ભેદજ્ઞાન દ્વારા જીવન જીવાય એ જીવન ખરું છે, એમ અમને સદ્‌બોધ આપતા ને કહેતા કે આ કાળે મહાન પુણ્યે મળેલા ગુરુદેવ તેની વાણી સુણી નિજ કલ્યાણ સાધવું. વળી આપના હૃદયમાં જે વાત્સલ્યતા તે અંતરંગ દશાની ખાસ વિશિષ્ટતા કે જે સમાજને આકર્ષિતરૂપ હતી અંતરનું પ્રતિબિંબ બાહ્યમાં સૌ જીવો પર વાત્સલ્યતા ને સાધર્મી ભાવ દેખાતો હતો.

જ્ઞાન માર્ગ, ભક્તિ માર્ગ દેખાડનાર સંસાર સાગર તારવી, આપના વિષે શું લખવું, મહાપુરુષોનું અમે બાળકો લખીએ એ તો સૂર્ય પાસે દીપક લઈ જોવાની ક્રિયા છે. આપના જેવી સાધક દશા અમને પ્રાપ્ત થાઓ એવી ભાવના આપના ચરણની સેવા ઈચ્છુક.

રજનીકાંત તથા હસમુખરાય શાહ પરિવાર
મુંબઈ.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# જ્ઞાની ધર્માત્મા પૂજ્ય શાંતાબેન

આ પંચમકાળે શ્રી કહાનગુરુદેવનો યોગ એક આચાર્યકલ્પ સમાન બની ગયો. વરસોથી જે સમયસારાદિ શાસ્ત્રો ભંડારમાં પડેલા હતા તેના સંશોધન કરી ભવ્ય જીવોને સમયસારનો સાર બતાવી ઘણો જ ઉપકાર કર્યો છે, અશરીરીદશા પ્રાપ્ત કરવાનો મંત્ર બતાવ્યો.

એમાં મહાન પુણ્યના ઉદયે પૂજ્ય બંને ભગવતી માતાઓનો પણ યોગ એક પ્રભાવનામાં ડાબો–જમણો હાથ હતો, આવો યોગ પણ મળ્યો.

પૂજ્ય બેન શાંતાબેનના પરિચયમાં અમારે વિશેષ આવવાનો પ્રસંગ બનતો ત્યારે તેઓશ્રીની શ્રી જિનેન્દ્રદેવની તથા દેવ–ગુરુ પ્રત્યેની અજબ–ગજબની ભક્તિ જોતા તેમના પર વારી જવાતું.

એકવાર પર્યુષણ પર્વ માટે કહેલું કે આ પર્યુષણ પર્વનું બંધારણ તો આચાર્યદેવે શ્રાવકો માટે કરેલું છે કે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લઈ આટલા દિવસ વિશેષ આત્મસાધન, દાન, પૂજાદિ કરે બાકી મુનિવરો તો નિરંતર દસ ધર્મનું સેવન આરાધના જ કરે છે. શ્રાવકોએ પણ અંશો અંશ ક્ષમા, નિર્માનતા, સરલતા, નિર્લોભતા આદિ દસ ધર્મનું સેવન નિરંતર કરવા યોગ્ય છે તેમ આચાર્યનું કથન છે તેમ કહેતા જ્યારે પરિણામમાં પણ જોર ચડતું હતું.

આવા જ્ઞાની ધર્માત્માના નિર્દોષ જીવનથી પણ ઘણો લાભ થાય છે અને આપ સદા જયવંત વર્તો એ જ શ્રદ્ધાંજલિ હો.

વકીલ નટુભાઈ અજમેરા પરિવાર
પાલીતાણા





Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## વિરહ—ગીત

સોનગઢનો સિતારો આજે સ્વર્ગપુરીમાં સોહાય......
મણિભાઈનું મોતી આ તો
દિવાળીબાનું દીપક જગમાં
દીવાદાંડી થાય........
રાજવંશી સ્વભાવ એનો
વાત્સલ્યતાની મૂર્તિ આ તો
શાસન મંગલ થાય.......
જિનવર દેવનાં દર્શન પૂજન
દેવ—ગુરુની અપૂર્વ ભક્તિ
એના રગેરગમાં છલકાય......
બોધિબીજ આ રાજપુરીમાં
આરાધના સર્વ ગુરુચરણમાં
સુવર્ણપુરીમાં થાય......
કુંદ કુંદદેવની અપાર મહિમા
જ્ઞાનચક્રને વધાવ્યા ભાવે
એમની ભાવના પૂરી થાય.......
સીમંધર પ્રભુનો વિરહ તોડ્યો
કહાનગુરુનો સાથ જ જોડ્યો
એણે સ્વર્ગપુરીને મોઝાર........
ક્ષમા શાંતિના સંદેશા દીધા
સમતા રસના પાઠ પઢાવ્યા
આ તો સહનશીલ શણગાર.......
અંતર—બાહ્ય આત્મ ઉદ્ધારક
તારા શરણે આવ્યા બાળક
માત છોડીને ચાલ્યા જાય......
વૈરાગ્યભાવે અંતિમ સમાધિ
જ્ઞાયકદેવના ઉલ્લસિત વીર્યે
આ રાજનગરે સોહાય......
મૃત્યુ મહોત્સવ ક્ષમા ભાવે
સર્વે સંઘ સમક્ષ લીધી
માતા ચિરકાળની વિદાય.......
સોનગઢનો સિતારો આજે સ્વર્ગપુરીમાં સોહાય......



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ધન્ય છે અરિહંત સિદ્ધ ભગવાનને જેણે પોતાની પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરીને કૃત્ય કૃત્ય થયા તેમને વારંવાર નમસ્કાર હો. આચાર્ય ઉપાધ્યાય સાધુ ભગવંતો પણ પોતાની પૂર્ણ શુદ્ધતાને નજીક પહોંચી ગયા છે. તેમને પણ વારંવાર નમસ્કાર હો. આ આત્મા પણ પોતાના શુદ્ધ સ્વરૂપની આરાધના કરે છે. પોતાના ચૈતન્યદેવની શુદ્ધતાની પૂર્ણતા તરફ ઝૂકી રહ્યા છે. પોતાનો જ્ઞાયકદેવ જ્ઞાનમાં તરવરે છે, ઝળકી રહ્યો છે, જ્ઞાયક પોતે જ છે. પોતાના સામે મોજુદ છે. સાક્ષાત્ પોતે ઝળકી રહ્યો છે. નિરંતર જ્ઞાયકદેવનું જ્ઞાયક પરિણમન વેદાય છે તે જ આનંદ છે.

આત્માર્થી જીવે આટલું કરવા યોગ્ય છે. શ્રી સિદ્ધ ભગવાન તથા અરિહંત ભગવાનની ભક્તિ અંતરંગમાં વિશેષપણે પ્રાપ્ત કરવા યોગ્ય છે. આચાર્ય–ઉપાધ્યાય મુનિરાજ પંચ પરમેષ્ઠી ભગવંતોની ભક્તિ આત્માર્થતાપૂર્વક વિશેષપણે વધારવા યોગ્ય છે.

કષાયની મંદતાપૂર્વક ઈન્દ્રિય વિજેતા થઈ સાધર્મી વાત્સલ્ય ભાવ વધારવા યોગ્ય છે. આત્માની રૂચિ વધારવા યોગ્ય છે, જ્ઞાન આનંદ આદિ અનંત ગુણોનો પિંડ આત્મા છે તે આત્માને જ્ઞાનમાં ગ્રહણ કરવા વિશેષ પ્રયત્ન કરવા યોગ્ય છે.

આત્મા જ્ઞાનનો પિંડ વસ્તુ છે તે આત્માને પરથી ભિન્ન અસ્તિત્વને એકલા શુદ્ધ ચૈતન્ય માત્ર આત્માને જ્ઞાનમાં ગ્રહણ કરવા માટે ખાસ પ્રયત્ન કરવા યોગ્ય છે.

જ્ઞાયક મન–વચન કાયાની ક્રિયામાં દર સમયે તે મન–વચન–કાયાથી જુદો જ્ઞાયકપણે પરિણમન કરે છે. રાગ–દ્વેષના ભાવો વિભાવ પરિણમન આત્માની અશુદ્ધ પરિણતિમાં છે પણ તે ગૌણપણે વેદાય છે–જ્ઞાયકનું પરિણમન મુખ્યપણે વેદાય છે.

પૂજ્ય બેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# વૈરાગ્ય મૂર્તિ

## પૂજ્ય શાન્તાબેનનું જીવન–દર્શન : પુસ્તકમાં આવેલી કુટુંબીજનોની રકમની નામાવલી

| | |
|---|---|
| પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ–દેવલાલી | રૂા. ૨૫,૦૦૦ |
| મુકુંદરાય મણિલાલ ખારા–મુંબઈ | રૂા. ૧૧,૦૦૦ |
| કાંતાબેન મોતીલાલ પારેખ–લંડન | રૂા. ૧૧,૦૦૦ |
| પ્રાણભાઈ ગોડા–માટુંગા | રૂા. ૧૧,૦૦૦ |
| સવિતાબેન રસિકલાલ મહેતા–રાજકોટ | રૂા. ૫,૦૦૦ |
| મંજુલાબેન નાનાલાલ જૈન–જલગાંવ | રૂા. ૫,૦૦૦ |
| લાભુબેન જગજીવનદાસ જૈન–દિલ્હી | રૂા. ૫,૦૦૦ |
| રમાબેન સુરેશભાઈ મહેતા–સાયન | રૂા. ૫,૦૦૦ |
| ઈન્દુબેન નગીનદાસ શેઠ–ઘાટકોપર | રૂા. ૫,૦૦૦ |
| સુધાબેન શાંતિલાલ મોટાણી–મુંબઈ | રૂા. ૫,૦૦૦ |
| વર્ષાબેન કિરણભાઈ વોરા–મુંબઈ | રૂા. ૫,૦૦૦ |
| મોહનલાલ જેચંદ ખારા–મુંબઈ | રૂા. ૫,૦૦૦ |
| હીરાબેન વજુભાઈ ભાયાણી–મુંબઈ | રૂા. ૧,૦૦૦ |
| શીલાબેન ધીરેનભાઈ દોશી–પાર્લા | રૂા. ૫,૦૦૦ |
| શશીભાઈ મુળજીભાઈ ખારા તથા | |
| મનુભાઈ મુળજીભાઈ ખારા–રાજકોટ | રૂા. ૫,૦૦૦ |
| બાલુબેન પ્રભુદાસ કામદાર–પાર્લા | રૂા. ૫,૦૦૦ |
| સવિતાબેન મનમોહનભાઈ ગાંધી–ઘાટકોપર | રૂા. ૨,૦૦૦ |
| રેવાબેન ટીંબડીયા જૈન–કલકત્તા | રૂા. ૫,૦૦૦ |
| મંછાબેન જયંતીલાલ ભાયાણી–બરોડા | રૂા. ૫,૦૦૦ |
| પુનિતબેન અરૂણભાઈ જૈન–લંડન | રૂા. ૫,૦૦૦ |
| વિક્રમભાઈ જયંતીભાઈ કામદાર–પાર્લા | રૂા. ૫,૦૦૦ |
| રતીભાઈ મોહનલાલ ધીયા–રાજકોટ | રૂા. ૫,૦૦૦ |
| નગીનભાઈ એચ. ભાયાણી–ભાવનગર | રૂા. ૫,૦૦૦ |
| બ્ર. ઈન્દુબેન લોદરીયા–સોનગઢ તથા | રૂા. ૫,૦૦૦ |
| અન્ય આવેલી રકમો. | |



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



# સુવર્ણપુરીનો સાથ છોડયો
# સીમંધર પ્રભુનો સાથ
# જોડયો

PRINTRITE Tel : 213544

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com